સાપ્તાહિક
મુંબઈ સમાચાર
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 15
■ વિક્રમ સંવત ૨૦૮૦ ■ ચૈત્ર સુદ - ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૧૪ એપ્રિલ, ૨૦૨૪, (૧૮ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૬ થી ૧૩
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ઈરાને ૧૭ ભારતીય સાથેનું જહાજ કબજે કર્યું

કમાન્ડોએ કરેલા હુમલાથી અખાતમાં યુદ્ધ ભડકવાની ભીતિ

દુબઇઃ અરબી સમુદ્રમાં ઇરાનના અખાત અને ઓમાનના અખાતની વચ્ચે આવેલી હોરમઝ સામુદ્રધુનીમાં ઇઝરાયલના એક અબજોપતિ શ્રીમંતની માલિકીના ગ્રૂપના જહાજ પર ઇરાનના કમાંડોએ હેલિકૉપ્ટરમાંથી હુમલો કરતા અખાતનું યુદ્ધ વધવાની શક્યતા છે. આ જહાજ પર ૧૭ ભારતીય નાગરિક છે અને તેઓને ઉગારવા માટે ભારતીય સત્તાવાળાઓએ તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી હતી. દિલ્હીમાંના સરકારી અધિકારીઓ તહેરાનમાંના સંબંધિત સત્તાવાળાઓના સંપર્કમાં છે.

પોર્ટુગીઝ ધ્વજવાળું માલવાહક જહાજ 'એમએસસી એરિસ' દુબઇથી હોરમઝ સામુદ્રધુની જતું હતું ત્યારે તેના પર પણ હુમલો થયો હતો. આ જહાજે પોતાનો ટ્રેકિંગ ડેટા બંધ કરી દીધો હતો. આ જહાજ લંડનમાંના 'ઝોડિઆક મેરીટાઇમ'નું હોવાનું કહેવાય છે અને 'ઝોડિઆક મેરીટાઇમ' ઇઝરાયલના અબજોપતિ આઇયાલ ઑફરના ઝોડિઆક ગ્રૂપનું છે.

કન્ટેનર લઇ જતાં જહાજ પર ઇરાનના અર્ધલશ્કરી રિવોલ્યુશનરી ગાર્ડ્સ કમાંડો દ્વારા હેલિકૉપ્ટરમાંથી હુમલો કરવામાં આવતા પરિસ્થિતિ વધુ વણસવાની ભીતિ ઊભી થઇ છે.

કમાંડોએ કરેલા હુમલામાં જહાજ પરના અનેક કન્ટેનર નાશ પામ્યા હતા. ઘણાં કમાંડો હેલિકૉપ્ટરમાંથી જહાજના ડેક પર ઊતર્યા હતા અને ગોળીબાર થયો હતો.

ઇઝરાયલે ચાલુ મહિનાની શરૂઆતમાં સિરિયામાંની ઇરાનની એલચી કચેરી પર કરેલા હુમલામાં ૧૨ જણ માર્યા ગયા હતા અને તેનો બદલો લેવા ઇરાને આ કાર્યવાહી કરી હોવાનું કહેવાય છે.

સંરક્ષણ વિભાગના એક અધિકારીએ પોતાનું નામ જાહેર નહિ કરવાની શરતે આ ઘટનાની વીડિયો ક્લિપિંગ્સ આપી હતી. આ હુમલામાં ઇરાનના અર્ધલશ્કરી રિવોલ્યુશનરી ગાર્ડ્સ સંડોવાયા હોવાનો દાવો કરાય છે.

અગાઉ, પ્રાથમિક અહેવાલમાં જણાવાયું હતું કે હુમલો કરનારું હેલિકૉપ્ટર અને જેના પર હુમલો કરાયો હતો, તે જહાજ કોનું હતું, તે તાત્કાલિક જાણી નહોતું શકાયું. બ્રિટિશ લશ્કરના યુનાઇટેડ કિંગડમ મેરીટાઇમ ટ્રેડ ઓપરેશન્સે આપેલી માહિતી મુજબ ફુજૈરાહ શહેરના અમીરાતી બંદરની નજીક જહાજ પર હુમલો કરાયો હોવાનું કહેવાય છે, પરંતુ શનિવારે તાત્કાલિક વધુ વિગત કે સમર્થન નહોતા (જુઓ પાનું ૨) ▶▶

magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.

જેલમાંથી છૂટવા કેજરીવાલના હવાતિયાં ૨

ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 66,960/-
PER 10 GRAMS OF
22KT BIS HALLMARKED
JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

ઈલેક્ટરોલ બૉન્ડના સૌથી મોટા ખરીદદાર વિરુદ્ધ ગુનો દાખલ

નવી દિલ્હીઃ સીબીઆઈએ કથિત લાંચ કેસને મામલે ઈલેક્ટરોલ બૉન્ડના બીજા ક્રમાંકના સૌથી મોટા ખરીદદાર હૈદરાબાદસ્થિત મેઘા ઍન્જિનિયરિંગ ઍન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ. વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

જગદાલપુર ઈન્ટીગ્રેટેડ સ્ટીલ પ્લાન્ટ સંબંધિત કામ માટે મેઘા ઍન્જિનિયરિંગનું રૂ. ૧૭૪ કરોડનું બિલ ક્લિયર કરવા મળેલી કથિત રૂ. ૭૮ લાખની લાંચને મામલે (જુઓ પાનું ૨) ▶▶

રૂપાલાના વિરોધમાં રાજકોટમાં આજે ક્ષત્રિયોનું મહાસંમેલન યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં લોકસભાના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાના વિરોધના પગલે ૧૪મી એપ્રિલ રવિવારે રાજકોટથી ૧૪ કિલોમીટર દૂર આવેલા રતનપર ગામે ક્ષત્રિય સમાજનું મહાસંમેલન યોજાવાનું છે. સંમેલનમાં રાજકોટ ઉપરાંત સુરેન્દ્રનગર, ભાવનગર, જામનગર અને મોરબી સહિતના જિલ્લાઓમાંથી કાર અને બસોમાં ક્ષત્રિય સમાજના યુવાનો, મહિલાઓ અને વડીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવાના છે. સંમેલનમાં કરણી સેનાના રાજ શેખાવત અને મહિપાલસિંહ મકરાણા તેમજ રાજ્યના અલગ-અલગ સ્ટેટના રાજવીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે.

આ અંગે આગેવાન પી. ટી. જાડેજાએ જણાવ્યું હતું કે, ભાજપના લોકસભાના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે જે નિવેદન કર્યું છે, તેના વિરોધમાં ૧૪મી (જુઓ પાનું ૨) ▶▶

ભાજપ આજે ચૂંટણીઢંઢેરો બહાર પાડશે

નવી દિલ્હી : ભાજપ રવિવારે લોકસભા ચૂંટણી માટે એનો ચૂંટણીઢંઢેરો એટલે કે સંકલ્પપત્ર બહાર પાડશે. આ ઢંઢેરાનું હાર્દ કલ્યાણ અને વિકાસ હશે અને એમાં વિકસિત ભારત પર ભાર મુકાશે.

દલિતોના વિરાટ નેતા અને ભારતીય બંધારણના ઘડવૈયા બી. આર. આંબેડકરની જન્મજયંતીએ પક્ષના વડા મથકમાં ઢંઢેરો બહાર પડાશે અને એમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને બીજા વરિષ્ઠ નેતાઓ હાજર રહેશે. ભાજપ સરકારે તેના અયોધ્યામાં રામમંદિર બાધવાનું અને કલમ ૩૭૦ને રદ કરવા જેવા પાયાના વચનો પાળ્યા હોવાથી હવે એ જોવાનું રહેશે કે ઢંઢેરામાં કયા સાંસ્કૃતિક અને હિન્દુત્વના મુદ્દાઓને સ્થાન મળે છે. પક્ષના સાધનાએ કહ્યું હતું કે સંકલ્પપત્રમાં મોદી જે ચાર જ્ઞાતિની વારંવાર વાત કરે છે એ યુવાન, મહિલા, ખેડૂત અને ગરીબના કલ્યાણના પગલાંની રૂપરેખા હશે. ભાજપે સંરક્ષણપ્રધાન રાજનાથ સિંહની આગેવાની હેઠળ ઢંઢેરો તૈયાર કરવા એક સમિતિની રચના કરી હતી. આ સમિતિની બેઠક બે વાર મળી હતી. (એજન્સી)

આતંકવાદીઓએ પાક.માં ૧૧ને મોતને ઘાટ ઉતાર્યા

કરાચીઃ પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં શુક્રવારે આતંકવાદીઓએ અલગ-અલગ ઘટનાઓમાં નવ બસ મુસાફરો સહિત ૧૧ લોકોની હત્યા કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર પ્રથમ ઘટનામાં હથિયારધારીઓએ નોશકી જિલ્લામાં હાઇવે પર બસ રોકી હતી અને બંદૂકની અણીએ નવ માણસોનું અપહરણ કર્યું હતું. આ નવ માણસોના મૃતદેહો પાછળથી એક પુલ નજીક નજીકના પર્વતીય વિસ્તારમાં ગોળીઓના નિશાન સાથે મળી આવ્યા હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું. બસ ક્વેટાથી તફ્તાન જઇ રહી હતી. અન્ય એક ઘટનામાં એ જ હાઇવે પર એક કાર પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું. જેમાં બે મુસાફરોના મોત થયા હતા અને બે (જુઓ પાનું ૨) ▶▶

સિડનીમાં ચાકુના ઘા મારી છ જણની હત્યા

સિડનીઃ સિડનીના વ્યસ્ત શૉપિંગ સેન્ટરમાં એક વ્યક્તિએ શનિવારે ચાકુના ઓડેધડ ઘા મારી છ જણની હત્યા કરી હોવાનું પોલીસે કહ્યું હતું. આ ઘટનામાં અનેક ઘાયલ થયા હોવાનું પોલીસે કહ્યું હતું. પોલીસે શંકાસ્પદ વ્યક્તિને ઠાર મારી તે અગાઉ તેણે બૉન્ડી જંક્શન સ્થિત વેસ્ટફિલ્ડ શૉપિંગ સેન્ટરમાં ચાકુથી નવ જણ પર હુમલો કર્યો હતો. ન્યૂ સાઉથ વેલ્સના સહાયક પોલીસ કમિશનર ઍન્થની કૂકે પત્રકારોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે હુમલાનો ભોગ બનેલી છ વ્યક્તિ તેમ જ હુમલાખોરનું મોત થયું હતું. ઈજાગ્રસ્તોને હૉસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. હુમલાનો આશય જાણી શકાયો નહોતો તેમ જ મૃત્યુ પામેલા હુમલાખોરની ઓળખ થઈ ન શકી હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

તા. ૧૪-૪-૨૦૨૪ થી તા. ૨૦-૪-૨૦૨૪

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સમગ્ર સપ્તાહમાં મેષ રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી મંગળ સમગતિએ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. વક્રીબુધ મીન રાશિમાં મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. ગુરુ મેષ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર મીન રાશિમાં સમગતિએ માર્ગીભ્રમણ કરે છે. શનિ કુંભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે મિથુન રાશિમાં રહે છે. તા. ૧૫મીએ કર્કમાં, તા. ૧૮મીએ સિંહમાં, તા. ૨૦મીએ કન્યા રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા કામકાજ, નવી કાર્યપદ્ધતિ અપનાવવા માટે ગોચરફળ શુભ છે. નોકરીના સહકાર્યકરો સાથે વિવાદ થાય. તા. ૧૪, ૧૫, ૨૦, ૨૧ સફળતાસૂચક છે. નવા કામકાજ પ્રારંભી શકશો. નાણાં આવક જળવાઈ રહેશે. મહિલાઓનો પ્રાસંગિક કામકાજ માટે પ્રવાસ જણાય છે. વિદ્યાર્થીઓએ અભ્યાસમાં સાવધાની રાખવી જરૂરી છે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણાં રોકાણ શક્ય છે. નોકરીમાં યશ મેળવશો. નોકરીના સહકાર્યકરોમાં સુલેહ, સંપ જળવાઈ રહેશે. જૂનાં ઉઘરાણીનાં નાણાં મેળવશો. રાજકારણ, જાહેરજીવનના કામકાજ માટે ગોચરફળ શુભ નથી. મહિલાઓ કુટુંબમાં માન વૃદ્ધિ અનુભવશે. વિદ્યાર્થીઓ નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. તા. ૧૪, ૧૮, ૧૯, ૨૦ નોકરી માટે શુભ ફળદાયી છે. પ્રવાસ દ્વારા કારોબારના કામકાજ સફળ બની રહેશે. મહિલાઓને સંતાનના શૈક્ષણિક કામકાજમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓનો નિત્ય અધ્યયનનો નિર્ણય પણ સફળ બની રહેશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના વાયદાના વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. તા. ૧૬, ૧૭મીએ કારોબાર માટે જરૂરી સાધનો સગવડતા મેળવશો. વાહન, મિલકતના નિર્ણયો લેશો. ગૃહિણીઓને સંતાનની જવાબદારીમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓ અભ્યાસ સિવાયની પ્રવૃત્તિમાં પણ સફળતા અનુભવશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણાં રોકાણ, દૈનિક સાપ્તાહિક વેપાર શુભ પુરવાર થશે. તા. ૧૪, ૧૫, ૧૮મીએ કુટુંબના સભ્યો કારોબારમાં ભાગીદાર ઉપયોગી થશે. મહિલાઓનો સહપરિવાર પ્રવાસ સફળ જણાય છે. વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવૃત્તિમાં યશસ્વી અનુભવ થાય.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના નાણાંના વ્યવહાર સફળ બની રહેશે. મિત્રોમાં યશ મેળવશો. નોકરીમાં પ્રગતિ જળવાશે. તા. ૧૪, ૧૫, ૧૭મી કુટુંબના કારોબારમાં પ્રગતિ દર્શાવે છે. વેપાર વધશે. નાણાં આવક વધશે. મહિલાઓ પરિવાર સહિત મુસાફરીનું આયોજન કરી શકશે. વિદ્યાર્થીઓને સહઅધ્યાયીઓનો સહયોગ પ્રાપ્ત થશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. તા. ૧૫, ૧૭, ૧૮ના કામકાજ અનુકૂળ બની રહેશે. સપ્તાહની નાણાં ઉઘરાણીનાં કામકાજ સફળ બની રહેશે. મુસાફરી એકંદરે સફળ બનશે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ સફળ પુરવાર થશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણ તથા દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. તા. ૧૬, ૧૭, ૧૮, ૧૯ના કામકાજમાં યશ મેળવશો. વેપારના મિત્રોથી લાભ મેળવશો. જૂનાં ઉઘરાણીનાં નાણાં મેળવશો. ગૃહિણીઓને પરિવારજનો સાથેના વ્યવહારમાં અનુકૂળતા જણાશે. પ્રવાસ દ્વારા વિદ્યાર્થીઓના અધ્યયનના કામ પૂર્ણ થશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ સફળ પુરવાર થશે. નવા કામકાજનો પ્રારંભ થાય. મુસાફરીઓ દ્વારા નવા વ્યવસાયના સંબંધો નિર્માણ થશે. મહિલાઓને તા. ૧૫, ૧૭, ૧૮મીએ નોકરીના ક્ષેત્રે અનુકૂળ તકો પ્રાપ્ત થતી જણાશે. અનારોગ્યમાં રાહત જણાશે. વિદ્યાર્થીઓને અધ્યયનમાં સફળ તકો પ્રાપ્ત થતી જણાશે.

મકર (ખ. જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું રોકાણ શક્ય છે. નોકરી અર્થે સ્થળાંતર થાય. તા. ૧૪, ૧૫, ૧૭ના કામકાજના નિર્ણયો અનુકૂળ બની રહેશે. મિલકત – વાહન સગવડતાનાં સાધનો મેળવી શકશો. વ્યાપાર વધશે. અધૂરા આર્થિક વ્યવહારો પૂર્ણ કરી શકશો. સહોદરોની પ્રગતિ જણાય છે. મહિલાઓને પતિનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. પ્રસંગોમાં પૂર્ણપણે સફળતા મેળવશો. વિદ્યાર્થીઓ વાંચન–અભ્યાસમાં પૂર્ણપણે ધ્યાન પરોવી શકશે. અધ્યયનના આયોજનોમાં સફળ રહેશો.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ રહેશે. કારોબારની નાણાં આવક વધશે. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ પૂર્ણ કરી શકશો. સહોદરોમાં મતભેદો હળવા થશે. વડીલો ઉપયોગી થાય. નાણાં વ્યવસ્થા વધુ સક્ષમ બનશે. વિદ્યાર્થીઓને સપ્તાહમાં શિક્ષકનું માર્ગદર્શન સરળ બનતું જણાશે. કઠીન અભ્યાસ સરળ બનશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાં રોકાણ શક્ય છે. નોકરીમાં તા. ૧૪, ૧૬, ૧૮ સફળ રહેશે. પ્રવાસમાં નવી ઓળખાણો, નવા કામકાજ મેળવશો. નાણાં વ્યવસ્થા વધુ સબળ બનશે. મુસાફરીઓ આ સપ્તાહમાં સફળ નીવડશે. નાણાંઆવક વધશે. ગૃહિણીઓના સંતાનના અભ્યાસના કામકાજ સફળ થતાં જણાશે. વિદ્યાર્થીઓ અધ્યયનની પ્રવૃત્તિમાં નિયમિતતા જાળવી શકશે.

આજનું પંચાંગ

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), રવિવાર, તા. ૧૪–૪–૨૦૨૪ સૂર્ય છઠ્ઠ, સ્કંદ છઠ્ઠ, ડો. બાબાસાહેબ આંબેડકર જયંતી.

ભારતીય દિનાંક ૨૫,માહે ચૈત્ર, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૦,શા. શકે ૧૯૪૬, ચૈત્ર સુદ–૬
જૈન વીર સંવત ૨૫૫૦, માહે ચૈત્ર, તિથિ સુદ–૬
પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૯મો આદર, સને ૧૩૯૩
પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૪થો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
મીસરી રોજ ૬ઠ્ઠો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
નક્ષત્ર આર્દ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૫–૩૪ સુધી (તા. ૧૫મી), પછી પુનર્વસુ.
ચંદ્ર મિથુનમાં.
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૦, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૦, સ્ટા. ટા.

–: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–

ભરતી :બપોરે ક.૧૬–૨૫,મધ્યરાત્રિ પછી ક.૦૩–૫૫(તા.૧૫)
ઓટઃ સવારે ક.૦૯–૦૩,રાત્રે ક.૨૨–૪૫
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ચૈત્ર શુક્લ – ષષ્ઠી. સૂર્ય છઠ્ઠ, સ્કંદ છઠ્ઠ, ડો. બાબાસાહેબ આંબેડકર જયંતી. શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ શિવ પરિવાર પૂજા, રાહુ ગ્રદેવતાનું પૂજન,અગરનાં ઔષધીય પ્રયોગો,ભગવાન સૂર્યનારાયણ વ્રત ઉપવાસ, સૂર્યનારાયણ પૂજા ગાયત્રીમાતાનું પૂજન,જાપ, હવન, વિદ્યારંભ, બાળકને અન્નપ્રાશન.નામ કરણ, દેવદર્શન, રાજ્યાભિષેક, મંદિરોમા અભિષેક પૂજા, ધજા,કળશ પતાકા ચઢાવવી,ખેતીવાડી,ધાન્ય ભરવું,પશુ લે–વડ દેવડ, ઘર, ખેતર, જમીન , મકાન લેવડ–દેવડ,પ્રાણી પાળવા.નવરાત્રિ મહિમાઃ આજે મા કાત્યાયની દેવીની પૂજા – અર્ચના ભક્તિ કરવામાં આવે છે. આ દિવસે સાધકે મન 'આજ્ઞાચક્ર'માં સ્થિર કરવાનું હોય છે. યોગસાધનામાં આજ્ઞાચક્રનું બહુ જ મહત્ત્વ છે. સ્થિર મનવાળા સાધક માતાજીને ભક્તિભાવે સર્વસ્વ સોંપી દે છે. તેવા ભક્તોને માના સહજભાવે માતાના દર્શન થતાં હોય છે..
ભારતીય સંસ્કૃતિમાં જગન્નમાતાના રૂપમાં શક્તિની સ્તુતિ, ભક્તિ અનેકરૂપે કરવામાં આવે છે.''યા દેવી સર્વભૂષેતુ, માતૃરૂપેણ સંસ્થિતા। નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ।।'' આ સ્તુતિનું શક્તિ ઉપાસકોમાં સતત રટણ થતું રહે છે. નવરાત્રિ પર્વમાં માતૃરૂપે શક્તિની પૂજાનું આયોજન, સાધકો દ્વારા જાહેરમાં તથા વ્યક્તિગત રૂપે પણ થતું હોય છે. ઉપાસનાના માધ્યમથી દૈવીશક્તિ રૂપે શક્તિના સંચયનનું અનુષ્ઠાન છે.
આચમનઃચંદ્ર–શુક્ર ચતુષ્કોણ અવ્યવહારુ, ચંદ્ર–શનિ ત્રિકોણ દ્રઢ નિશ્ચયી, ચંદ્ર–રાહુ વ્યવસ્થા જાળવવામાં સાવચેતી જરૂરી.ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર–શનિ ત્રિકોણ (તા. ૧૫), ચંદ્ર–રાહુ ચતુષ્કોણ (તા. ૧૫)
ગ્રહગોચરઃ સૂર્ય–મેષ , મંગળ–કુંભ,વક્રી બુધ–મીન, ગુરુ–મેષ, શુક્ર–મીન, શનિ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, હર્ષલ–મેષ, નેપ્ચૂન–મીન, પ્લુટો–મકર.

સાપ્તાહિક દૈનંદિની

તા. ૧૪-૪-૨૦૨૪ થી તા. ૨૦-૪-૨૦૨૪

રવિવાર, ચૈત્ર સુદ–૬, વિ. સં. ૨૦૮૦, તા. ૧૪મી એપ્રિલ, ઈ. સ. ૨૦૨૪. નક્ષત્ર આર્દ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૫–૩૪ સુધી (તા. ૧૫મી), પછી પુનર્વસુ. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. સૂર્ય છઠ્ઠ, સ્કંદ છઠ્ઠ, ડો. બાબાસાહેબ આંબેડકર જયંતી. યમુના જયંતી, શુભ દિવસ.

સોમવાર, ચૈત્ર સુદ–૭, તા. ૧૫મી, નક્ષત્ર પુનર્વસુ મધ્યરાત્રિ પછી ક. ૨૭–૦૪ સુધી (તા. ૧૬), પછી પુષ્ય. ચંદ્ર મિથુનમાં રાત્રે ક. ૨૦–૩૮ સુધી, પછી કર્ક રાશિ પર જન્માક્ષર. અશોકકલિકા પ્રાશન, જૈન શાશ્વતી આયંબિલ ઓળી, અઠ્ઠાઈ પ્રારંભ, વિષ્ટિ ક. ૧૨–૧૧ થી ૨૪–૪૧. સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા. (બપોરે ક. ૧૨–૧૨ સુધી શુભ).

મંગળવાર, ચૈત્ર સુદ–૮, તા. ૧૬મી, નક્ષત્ર પુષ્ય મધ્યરાત્રિ પછી ૨૯–૧૫ સુધી (તા. ૧૭મી) પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. દુર્ગાષ્ટમી, ભવાની ઉત્પતિ, અશોકાષ્ટમી. શ્રી અન્નપૂર્ણા અષ્ટમી. શુભ દિવસ.

બુધવાર, ચૈત્ર સુદ–૯, તા. ૧૭મી, નક્ષત્ર આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. શ્રી રામનવમી, શ્રી સ્વામીનારાયણ જયંતી, ચૈત્રી નવરાત્રિ સમાપ્તિ. સામાન્ય દિવસ.

ગુરુવાર, ચૈત્ર સુદ–૧૦, તા. ૧૮મી, નક્ષત્ર આશ્લેષા સવારે ક. ૦૭–૫૬ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં સવારે ક. ૦૭–૫૬ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર. ધર્મરાજ દસમી. લગ્ન, વાસ્તુકળશ, ભૂમિ ખાત. શુભ દિવસ.

શુક્રવાર, ચૈત્ર સુદ–૧૧, તા. ૧૯મી, નક્ષત્ર મઘા સવારે ક. ૧૦–૫૬ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. કામિકા એકાદશી, શ્રી કૃષ્ણ ડોલોત્સવ, સૂર્ય સાર્યન વૃષભ રાશિ પ્રવેશ, સૌર ગ્રીષ્મઋતુ પ્રારંભ.વિષ્ટિ ક. ૦૬–૪૬ થી ૨૦–૦૪. વાસ્તુકળશ, શુભ દિવસ.

શનિવાર, ચૈત્ર સુદ–૧૨, તા. ૨૦મી, નક્ષત્ર પૂર્વાફાલ્ગુની બપોરે ક. ૧૪–૦૩ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહમાં રાત્રે ક. ૨૦–૫૦ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. વામન દ્વાદશી, મદન દ્વાદશી વિષ્ણુ દમનોત્સવ. લગ્ન, શુભ દિવસ.

આપ સૌથી વધુ અપ્રમાણિક પક્ષ, કૉંગ્રેસ અબકી બાર, ૪૦ પાર માટે લડે છેઃ અનુરાગ ઠાકુરના પ્રહારો

પાંઢુરનાઃ કેન્દ્રીય પ્રધાન અનુરાગ ઠાકુરે શનિવારે આમ આદમી પાર્ટી (આપ)ને 'સૌથી અપ્રમાણિક પાર્ટી' ગણાવી હતી અને એવો દાવો કર્યો હતો કે કૉંગ્રેસ આગામી લોકસભા ચૂંટણી 'અબકી બાર, ૪૦ પાર' માટે લડી રહી છે, જ્યારે ભાજપ ૪૦૦ બેઠકોનું લક્ષ્યાંક ધરાવે છે.

કૉંગ્રેસના નેતાઓ છેલ્લા દસ વર્ષના ભાજપના નેતૃત્વ હેઠળની એનડીએ સરકારનો દેખાવ જોઈને ભાજપમાં આવી રહ્યા છે એમ તેમણે મધ્ય પ્રદેશના પાંઢુરના જિલ્લામાં કહ્યું હતું. લોકસભાની છિંદવાડા બેઠકનો આ એક ભાગ છે.

મધ્ય પ્રદેશની ૨૯ બેઠકો પર ૧૯ એપ્રિલથી ૧૩ એપ્રિલ સુધીમાં ચાર તબક્કામાં મતદાન થવાનું છે.

સચ્ચાઈ એ છે કે આપ સૌથી અપ્રમાણિક પાર્ટી છે. તે જુઠાણાં બોલવામાં સૌથી ટોચ પર છે. જો સંપૂર્ણ અપ્રમાણિક વ્યક્તિ કોઈ હોય તો તે દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ છે, એમ કેન્દ્રીય પ્રધાને આપના ભાજપ દ્વારા ઈડીનો દુરુપયોગ કરવામાં આવતો હોવાના આરોપ પર કહ્યું હતું.

કેજરીવાલ રાજકારણમાં ભ્રષ્ટાચારને ખતમ કરવા માટે આવ્યા હતા અને એવું લાગે છે કે તેઓ પોતે જ ભ્રષ્ટાચારમાં ડૂબી ગયા છે. તેમના આરોગ્ય પ્રધાન, જેલ પ્રધાન, એક્સાઈઝ પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન બધા જ જેલમાં છે અને અપ્રમાણિક મુખ્ય પ્રધાન કેજરીવાલ પણ જેલમાં છે. આપે અપ્રમાણિકતામાં નવો વિક્રમ નોંધાવ્યો છે અને ભ્રષ્ટાચારના બધા જ વિક્રમો તોડી નાખ્યા છે. હવે લોકોએ કેજરીવાલમાંથી વિશ્વાસ ગુમાવી દીધો છે.

છીંદવાડા બેઠક પર કૉંગ્રેસના પ્રભાવના મુદ્દે બોલતાં તેમણે કહ્યું હતું કે તેઓ કૉંગ્રેસ કેમ છોડી રહ્યા છે? અહીં ઉલ્લેખનીય છે કે ૨૦૧૯માં મધ્ય પ્રદેશની ૨૯માંથી ૨૮ બેઠક પર ભાજપનો વિજય થયો હતો, જ્યારે છીંદવાડાની બેઠક પરથી કમલનાથના પુત્ર નકુલ નાથનો વિજય થયો હતો. આ વખતે પણ નકુલનાથ મેદાનમાં છે. ભાજપ એવો દાવો કરી રહ્યો છે કે કૉંગ્રેસના ઘણા કાર્યકર્તાઓ આ વખતે ભાજપમાં જોડાઈ ગયા છે, ખાસ કરીને છીંદવાડામાંથી.

કૉંગ્રેસે રામ સેતુને કાલ્પનિક કહ્યો હતો, તેમણે રામન જન્મ સ્થાન અંગે પ્રશ્ન ઊભો કર્યો હતો અને રામ મંદિરનો પણ વિરોધ કર્યો હતો. આ બધું કૉંગ્રેસની વિરુદ્ધ જઈ રહ્યું છે અને તેના નેતાઓ પાર્ટી છોડીને જઈ રહ્યા છે, એવો દાવો ભાજપ દ્વારા કરવામાં આવી રહ્યો છે. (પીટીઆઈ)

જેલમાંથી છૂટવા કેજરીવાલનાં હવાતિયાંઃ સુપ્રિમમાં અરજી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટ સોમવારે દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની હાઇ કોર્ટના આદેશ સામેની અરજી પર સુનાવણી કરશે. હાઇ કોર્ટે એક્સાઇઝ પોલિસી કૌભાંડમાં તેમની ધરપકડને સમર્થન આપ્યું છે.

સર્વોચ્ચ અદાલતની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવેલી કારણ સૂચિ અનુસાર, ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેન્ચ ૧૫ એપ્રિલે દિલ્હી હાઈ કોર્ટના નવ એપ્રિલના આદેશને પડકારતી કેજરીવાલની અરજી પર સુનાવણી કરશે.

હાઇ કોર્ટે મની-લોન્ડરિંગ કેસમાં કેજરીવાલની ધરપકડને સમર્થન આપ્યું છે, એમ કહીને કે કેજરીવાલે વારંવારના સમન્સને નકાર્યા હતા અને તપાસમાં જોડાવાનો ઇનકાર કર્યો હોવાથી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પાસે ''થોડો વિકલ્પ'' બચ્યો હતો.

હાઈ કોર્ટે કેજરીવાલની ધરપકડ અને ત્યારબાદ ફેડરલ એજન્સીની કસ્ટડીમાં રિમાન્ડને પડકારતી અરજીને ફગાવી દીધી હતી.

આ મામલો ૨૦૨૦-૨૧ માટે દિલ્હી સરકારની આબકારી નીતિની રચના અને અમલીકરણમાં કથિત ભ્રષ્ટાચાર અને મની લોન્ડરિંગ સાથે સંબંધિત છે જે પછીથી રદ કરવામાં આવી હતી.

હાઇ કોર્ટે ફેડરલ એન્ટી મની લોન્ડરિંગ એજન્સી દ્વારા બળજબરીથી રક્ષણ આપવાનો ઇનકાર કર્યા બાદ કેજરીવાલની ૨૧ માર્ચે ઇડી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે કર્યો હતો. કેજરીવાલ ૧૫ એપ્રિલ સુધી ન્યાયિક કસ્ટડીમાં છે અને હાલમાં તિહાર જેલમાં કેદ છે.

પંજાબ અને હરિયાણામાં ભક્તોએ બૈસાખી પ્રસંગે ગુરુદ્વારામાં પ્રાર્થના કરી

ચંદીગઢઃ પંજાબ અને હરિયાણાના ભક્તોએ શનિવારે બૈશાખી ઉત્સવના પ્રસંગે ગુરુદ્વારાઓમાં પ્રાર્થના કરી હતી. પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માને 'ખાલસા પંથ'ના 'સજના દિવસ' અને 'બૈશાખી'ના અવસર પર લોકોને શુભેચ્છા પાઠવી હતી. હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબ સૈનીએ પણ લોકોને બૈશાખીની શુભેચ્છા પાઠવી હતી.

અમૃતસરનું સુર્વણ મંદિર, આનંદપુર સાહિબમાં કેસગઢ સાહિબ, ભટિંડામાં દમદમા સાહિબ અને હરિયાણાના પંચકુલામાં નાડા સાહિબ સહિતના ગુરુદ્વારાઓમાં ભક્તોની ભીડ ઉમટી પડી હતી અને પૂજા અર્ચના કરી હતી. 'ખાલસા પંથ'(શીખ સંપ્રદાય)ની સ્થાપના દસમા શીખ ગુરુ ગોવિંદ સિંહ દ્વારા કરવામાં આવી હતી, જેના પ્રતિક રૂપે બૈશાખી તહેવાર ઉજવવામાં આવે છે. વર્ષ ૧૬૯૯માં આ શુભ દિવસે ગુરુ ગોવિંદ સિંહે પવિત્ર શહેર આનંદપુર સાહિબ ખાતે વિવિધ જાતિના 'પંજ પ્યારે'(પ્રિયજનો)ને જળસંસ્કાર આપીને 'ઓર્ડર ઓફ ખાલસા'ની રચના કરી હતી. બૈશાખી લણણીની મોસમની શરૂઆત પણ છે.

સંદેશખાલીમાં માનવ અધિકારનો 'ભંગ' થયોઃ એનએચઆરસી

નવી દિલ્હીઃ પશ્ચિમ બંગાળમાં સંદેશખાલી કેસની તપાસમાં, નેશનલ હ્યુમન રાઇટ્સ કમિશનને જાણવા મળ્યું હતું કે ત્યાં ''અત્યાચારના ઘણા કિસ્સાઓ'' બન્યા છે, જે દર્શાવે છે કે આવી ઘટનાઓને રોકવામાં ''બેદરકારી'' ને કારણે ''માનવ અધિકારોનું ઉલ્લંઘન'' થયું હતું.

કમિશને શનિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અધિકાર પેનલે ઘણી ભલામણો કરી છે અને પશ્ચિમ બંગાળ સરકાર પાસેથી તેમાં કરાયેલી દરેક ભલામણો પર આઠ અઠવાડિયાની અંદર એકશન ટેકન રિપોર્ટ માંગ્યો છે.

પંચે એટીઆર સબમિટ કરવા માટે પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવ અને ડીજીપીને તેનો સ્પોટ ઇન્ક્વાયરી રિપોર્ટ મોકલ્યો છે. નેશનલ હ્યુમન રાઇટ્સ કમિશને તેના અહેવાલમાં એ પણ અવલોકન કર્યું હતું કે પ્રતિશોધનો વ્યાપક ડર વ્યક્તિઓને તેમની ફરિયાદો ઉઠાવતા અટકાવે છે.

''કમિશનની સ્પોટ ઇન્ક્વાયરીએ પીડિતો પર કરવામાં આવેલા અત્યાચારના ઘણા કિસ્સાઓ જાહેર કર્યા છે, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે, પ્રથમ દૃષ્ટીએ, જાહેર સેવક દ્વારા આવા ઉલ્લંઘનને રોકવા અથવા તેને ઘટાડવામાં બેદરકારીને કારણે માનવ અધિકારોનું ઉલ્લંઘન થયું હતું,'' તેવું કમિશને જણાવ્યું હતું.

નિવેદનમાં જણાવાયું છે કે ''માહિતીના વ્યાપક પ્રસાર માટે અહેવાલ કમિશનની વેબસાઇટ પર અપલોડ કરવામાં આવ્યો છે.''

કમિશનના અહેવાલમાં એક અવલોકન કરવામાં આવ્યું હતું કે ''કથિત આરોપી વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલા અત્યાચારને કારણે અને ધાકધમકી અને આતંક તેમને'' ન્યાય મેળવવાથી વંચિત બનાવે છે.

આરજેડીના ચૂંટણી ઢંઢેરામાં એક કરોડ સરકારી નોકરી અને ગરીબ બહેનોને ₹ એક લાખ

પટનાઃ બિહારના મહાગઠબંધનની સૌથી મોટી પાર્ટી આરજેડીએ શનિવારે લોકસભાની ચૂંટણી માટે પોતાનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો હતો અને તેમાં યુવાનો માટે એક કરોડ સરકારી નોકરીઓ અને ગરીબ ઘરની છોકરીઓને દરવર્ષે રૂ. એક લાખ રક્ષાબંધન પેટે આપવાની વાત કરવામાં આવી છે.

ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન તેજસ્વી યાદવે આરજેડીનો ચૂંટણી ઢંઢેરો 'પરિવર્તન પત્ર' બહાર પાડતાં કહ્યું હતું કે પાર્ટી ૨૦૨૪ની ચૂંટણી માટે ૨૪ જન વચન આપી રહી છે અને આ બધા વચનો પૂરા કરવામાં આવશે.

જો ઈન્ડી ગઠબંધન કેન્દ્રમાં સત્તામાં આવશે તો આરજેડી સુનિશ્ચિત કરશે કે દેશના બેરોજગાર યુવાનો માટે એક કરોડ સરકારી નોકરીઓ ઊભી કરવી અને આની પ્રક્રિયા સ્વાતંત્ર્ય દિનથી શરૂઆત કરવામાં આવશે અને આ ઝુંબેશનું નામ બેરોજગારી સે આઝાદી આપવામાં આવશે.

બેરોજગારી આપણો સૌથી મોટો શત્રુ છે, પરંતુ ભાજપના નેતાઓ તેના પર ક્યારેય બોલતા નથી. તેમણે બે કરોડ રોજગાર આપવાની વાત કરી હતી, પરંતુ અમે અમારું વચન પૂર્ણ કરીશું.

આ વર્ષે રક્ષા બંધન નિમિત્તે ગરીબ પરિવારની બહેનોને વાર્ષિક રૂ. એક લાખ આપવામાં આવશે, એમ પણ તેમણે કહ્યું હતું. (પીટીઆઈ)

લોકો સમાવેશક વિકાસ માટે આંબેડકરના આદર્શોને અપનાવે : રાષ્ટ્રપતિ મુર્મૂ

નવી દિલ્હી : રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ભારતના બંધારણના ઘડવૈયા ડૉક્ટર બી. આર. આંબેડકરની જન્મજયંતી નિમિત્તે લોકોને અભિવાદન સંદેશો મોકલાવ્યો હતો. તેમણે લોકોને દેશમાં સમાવેશક વિકાસ થાય એ માટે આંબેડકરના આદર્શોનું પાલન કરવાનો અનુરોધ કર્યો હતો.

તેમણે કહ્યું હતું કે સામાજિક પરિવર્તનની પહેલ કરનાર અને બહુમુખી પ્રતિભા ધરાવતા આંબેડકરે કાયદાશાસ્ત્રી, શિક્ષણશાસ્ત્રી, અર્થશાસ્ત્રી , સમાજ સુધારક અને રાજકારણી તરીકે દેશ અને સમાજને વિરલ યોગદાન આપ્યું હતું. આજે પણ બંધારણીય સિસ્ટમમાં તેમની આસ્થા લોકશાહી અને સુવહીવટનો પાયો છે. તેમણે તેમનું આખું જીવન સમતાવાદી સમાજની રચના કરવા સમર્પિત કર્યું અને તેમણે વંચિતોના ઉદ્ધાર માટે સંઘર્ષ કર્યો.

મણિપુરમાં ઝઘડતી બન્ને કોમ દ્વારા ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી

ઇમ્ફાલઃ મણિપુરમાં આપસમાં ઝઘડતી બે કોમ – કુકી અને મૈતેઇના લોકોનો એક જ સરખો સવાલ છે કે મણિપુરમાં હાલમાં ચૂંટણી શું કામ યોજાઇ રહી છે? અને તેનાથી શું ફરક પડશે?

મણિપુરમાંની લોકસભાની બે બેઠક માટે ૧૯ એપ્રિલ અને ૨૬ એપ્રિલે ચૂંટણી યોજાવાની છે, પરંતુ રાજ્યમાં જે બે કોમ વચ્ચે હિંસક અથડામણ થઇ રહી છે, તેઓને મતદાનમાં ખાસ રસ નથી જણાતો. કુકી અને મૈતેઇ કોમના અનેક નેતાએ મતદાનનો બહિષ્કાર કરવાની ચીમકી પણ આપી છે. મણિપુરના પર્વત પર આવેલા વિસ્તારોમાં કુકી કોમના લોકોની અને ખીણ વિસ્તારમાં મૈતેઇ કોમના લોકોની બહુમતી છે. તેઓની વચ્ચે અંદાજે છેલ્લા એક વર્ષથી ચાલી રહેલી હિંસક અથડામણમાં ઓછામાં ઓછા ૨૦૦ જણ માર્યા ગયા હતા અને આશરે પચાસ હજાર લોકોએ હિજરત કરી હતી.

કુકી લોકોએ લોકસભાની ચૂંટણીમાં પોતાનો ઉમેદવાર ઊભો નહિ રાખવાની અને મતદાનનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી હતી.

ચુરાચાંદપુર જિલ્લામાંની રાહત છાવણીના સંકલનકાર અને કુકી નેતા લ્હાઇનીલમે જણાવ્યું હતું કે અમે કુકી કોમ માટે અલગ વહીવટીતંત્રની માગણી કરી રહ્યા છીએ. રાજ્યમાં માત્ર ખીણ વિસ્તારમાં જ વિકાસ કરાઇ રહ્યો છે. અમે વિરોધી કોમની સાથે હવે રહી નહિ શકીએ. ચૂંટણીના આયોજનની જાહેરાત કરતા પહેલાં સ્થાનિક લોકોનો અભિપ્રાય પણ જાણવો જોઇતો હતો. (એજન્સી)

કાશ્મીરમાં ગુજરાતી

કર્ણાક બ્રિજનો ખર્ચ ₹ ૧૦૮ કરોડ પર પહોંચ્યો

એક્સેસ રોડના પુનર્બાંધકામને કારણે ખર્ચ વધ્યો

મુંબઈઃ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) અને મસ્જિદ બંદર સ્ટેશન વચ્ચેના કર્ણાક બ્રિજના ખર્ચમાં ધરખમ વધારો થયો છે. બ્રિજના એક્સેસ રોડનું પુનર્બાંધકામ કરવામાં આવવાનું હોવાથી તેમાં અંદાજે રૂ. ૫૫.૮૬ કરોડનો ખર્ચ અપેક્ષિત છે. આને કારણે પુલના કામનો ખર્ચ રૂ. ૧૦૮ કરોડ પહોંચી ગયો છે. મસ્જિદ બંદર રેલવે સ્ટેશનથી નજીક આવેલા અને પી. ડિમેલો રોડને જોડતા ૧૫૪ વર્ષ જૂના કર્ણાક બ્રિજને પાલિકા દ્વારા પુનર્વિકાસ કરવામાં આવી રહ્યો છે. દક્ષિણ મુંબઈના નાગરિક તેમ જ મસ્જિદ, સીએસએમટી અને મોહંમદ અલી રોડ વિસ્તારના વેપારીઓ માટે આ પુલ ટ્રાફિક માટે ખૂબ જ મહત્ત્વનો છે. પુલના સ્ટીલના સ્ટ્રક્ચરમાં મોટા પ્રમાણમાં ઘસારો થયો હોવાને કારણે નવેમ્બર, ૨૦૨૩થી બ્રિજ પરથી ભારે વાહનોના ટ્રાફિકને બંધ કરવામાં આવ્યો હતો. ૨૦૧૮માં આઈઆઈટીએ કરેલા સુરક્ષા ઓડિટ બાદ આ પુલને જોખમી જાહેર કરીને પુનર્બાંધકામ કરવાની ભલામણ કરવામાં આવી હતી. ■

ત્રણ ઓવરહેડ વાયરનું થશે સ્થળાંતર

સીએસએમટીથી મસ્જિદ બંદર સ્ટેશન વચ્ચેના ત્રણ ઓવરહેડ વાયરના સ્થળાંતરનું કામ મધ્ય રેલવે કરવાની છે. આ માટે નજીકના સમયમાં જ મેગા બ્લોક હાથ ધરવામાં આવવાનો હોવાની માહિતી સૂત્રો આપી હતી. દરમિયાન પાલિકા તરફથી કર્ણાક બ્રિજ પર ૫૦૦ મેટ્રિક ટન વજનનું ગર્ડર બેસાડવામાં આવવાનું હોવાથી એ માટે એપ્રિલના અંતમાં કે પછી મેની શરૂઆતમાં હાથ ધરવામાં આવશે. ■

જોઈએ છે – ગુજરાતી કેટરર

શ્રી દિલ્હી ગુજરાતી સમાજ (રજિ.)ના લગભગ ૯૮ રૂમ અને ૮ ડોરમેટરીવાળા અતિથિગૃહના પરિસરમાં જ સ્થિત ગુજરાતી કેન્ટીન ચલાવવા માટે અનુભવી અને વિશ્વસનીય કેટરર્સ તરફથી પ્રસ્તાવો આમંત્રિત છે. પ્રસ્તાવ ફોર્મ રૂા.૩,૦૦૦/– રોકડા/ડ્રાફ્ટ દ્વારા નીચેના સરનામેથી તા.૧૮–૦૪–૨૦૨૪ થી તા.૩૦–૦૪–૨૦૨૪ સુધી બપોરે ૦૧:૦૦ વાગ્યાથી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી કામકાજના દિવસોમાં મેળવી શકાશે. ભરેલા પ્રસ્તાવો તા.૩૦–૦૪–૨૦૨૪ ના સાંજે ૫:૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે અને તે જ દિવસ સાંજે ૫:૩૦ વાગ્યે હાજર પ્રસ્તાવકોની હાજરીમાં જાહેરમાં ખોલવામાં આવશે.

માનદ્ મુખ્ય મંત્રી–શ્રી દિલ્હી ગુજરાતી સમાજ (રજિ.)
૨, રાજનિવાસ માર્ગ, સિવિલ લાઈન્સ, દિલ્હી – ૧૧૦૦૫૪
ફોન : ૦૧૧–૨૩૯૮૩૦૭૭, ૨૩૯૮૩૦૫૫

થાણે જિલ્લામાં રસ્તાના બાંધકામ વખતે ક્રેન તૂટી પડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે જિલ્લામાં એક્સપ્રેસવે પર રસ્તાનું કામ ચાલી રહ્યું હતું એ દરમિયાન શનિવારે ભીષણ ક્રેન તૂટી પડી હતી. સદ્નસીબે કોઈ જખમી થયું નહોતું. અંબરનાથ તાલુકાના અધિકારીના જણાવ્યા મુજબ ચામટોલીમાં મુંબઈ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર રસ્તાનું કામ ચાલી રહ્યું છે એ દરમિયાન આ દુર્ઘટના બની હતી.

અંબરનાથ તહેસીલદાર પ્રશાંતી માનેના જણાવ્યા મુજબ ક્રેન તૂટી પડી ત્યારે તેનો ડ્રાઈવર સમયસૂચકતા વાપરીને તેમાથી કૂદી પડ્યો હતો, તેને કારણે તે બચી ગયો હતો. શનિવારે મોડે સુધી ક્રેનને હટાવવાના પ્રયાસ ચાલ્યા હતા. ■

મહાદેવ બૅટિંગ ઍપઃ ઍક્ટર સાહિલ ખાનનું નિવેદન નોંધાયું

મુંબઈઃ મહાદેવ બૅટિંગ ઍપ કેસમાં કથિત સંડોવણી મામલે પોતાનું નિવેદન નોંધાવવા માટે ફિલ્મ અભિનેતા સાહિલ ખાન શનિવારે મુંબઈ પોલીસ સમક્ષ હાજર થયો હતો.

મુંબઈ સાયબર સેલની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે (એસઆઈટી) અગાઉ ડિસેમ્બર, ૨૦૨૩માં સાહિલ ખાન અને અન્ય ત્રણ જણને સમન્સ મોકલાવ્યા હતા. જોકે અભિનેતા પૂછપરછ માટે એસઆઈટી સમક્ષ હાજર થયો નહોતો.

એફઆઈઆર અનુસાર આ સ્કૅમ અંદાજે ૧૫ હજાર કરોડ રૂપિયાનું છે. આ કેસના મુખ્ય આરોપીઓમાંના એક રવિ ઉપ્પલને ગયા વર્ષે દુબઈમાં સ્થાનિક એજન્સીએ પકડી પાડ્યો હતો. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની રજૂઆત પછી ઈન્ટરપોલે જારી કરેલી રેડ કૉર્નર નોટિસને આધારે દુબઈ પોલીસે તેની ધરપકડ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

'સ્ટાઈલ' અને 'એક્સક્યુઝ મી' ફિલ્મથી જાણીતા બનેલો અભિનેતા ફિટનેસ એક્સપર્ટ તરીકે પણ કામ કરે છે. થોડાં વર્ષ અગાઉ તેણે પોતાની એક કંપની પણ શરૂ કરી હતી. ■

જુનિયર કૉલેજની પરવાનગી મેળવી આપવાને નામે શૈક્ષણિક સંસ્થા સાથે ₹ ૧૦.૬૦ લાખની છેતરપિંડી

થાણેઃ બે સ્કૂલમાં જુનિયર કૉલેજ શરૂ કરવાની સરકાર પાસે પરવાનગી મેળવી આપવાને બહાને થાણે જિલ્લાની શૈક્ષણિક સંસ્થા સાથે ૧૦ લાખથી વધુ રૂપિયાની કથિત છેતરપિંડી કરવામાં આવી હતી.

માનપાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ડોમ્બિવલીમાં આવેલી શૈક્ષણિક સંસ્થા દ્વારા બે શાળા ચલાવવામાં આવે છે, જેમાંથી એક ડોમ્બિવલીના સાગાંવ અને બીજી દીવામાં છે. આ શાળાઓ ૧૦મા ધોરણ સુધી ભણાવે છે અને તે જુનિયર કૉલેજ (૧૧મું અને ૧૨મું ધોરણ) શરૂ કરવા માગે છે. આ માટે સ્ટેટ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટમાં અરજી કરવામાં આવી હતી. શૈક્ષણિક સંસ્થા આ પ્રક્રિયાને સારી રીતે પાર પાડવામાં મદદ કરી શકે એવી વ્યક્તિની શોધમાં હતી. સરકાર પાસેથી પરવાનગી મેળવી આપવાની ખાતરી ધનજી જાનરાવે આપી હતી અને આ કામ માટે તેણે ૧૬ લાખ રૂપિયા માગ્યા હતા. માર્ચ, ૨૦૨૧થી જૂન, ૨૦૨૨ દરમિયાન આરોપીને ૧૦.૬૨ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. જોકે રૂપિયા લીધા પછી આરોપી ઉડાઉ જવાબ આપવા લાગ્યો હતો. આખરે શૈક્ષણિક સંસ્થાના એક ટ્રસ્ટીએ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદને આધારે માનપાડા પોલીસે એફઆઈઆર નોંધી તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ)■

ગુજરાત મોકલેલા સવા કરોડના ૨૪.૬૩ મેટ્રિક ટન કાજુ ગેરવલ્લેઃ મુંબઈ નજીક જપ્ત

પાલઘરઃ કર્ણાટકથી ગુજરાત મોકલવામાં આવેલા ૧.૨૧ કરોડ રૂપિયાની કિંમતના કાજુ માર્ગમાં ગેરવલ્લે થયાની ફરિયાદ મળતા મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં પોલીસે રવાના કરવામાં આવેલ માલનો મોટો હિસ્સો જપ્ત કર્યો હોવાની માહિતી સંબંધિત અધિકારીએ શનિવારે આપી હતી. કર્ણાટકના ઉડુપી જિલ્લાના એક સપ્લાયરે બીજી એપ્રિલે ૨૪.૬૩ મેટ્રિક ટન કાજુ સુરત અને અમદાવાદ ડિલિવરી માટે મોકલ્યા હતા. ૨,૪૬૯ બોક્સમાં પેક કરવામાં આવેલા ૧.૨૧ કરોડ રૂપિયાની કિંમતના કાજુ નિયત સ્થળે નહીં પહોંચતા સપ્લાયરે પોલીસમાં ફરિયાદ કરી હતી. માહિતી મળતા કર્ણાટક પોલીસે મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના પોલીસ તંત્રની મદદ લીધી અને પાલઘર પોલીસે નાલાસોપારા અને નવી મુંબઈના બે ગોડાઉનમાં મોટાભાગના માલનું પગેરું પકડી પાડ્યું હતું. મીરા – ભાયંદર, વસઈ – વિરાર પોલીસ એકમના વરિષ્ઠ ઇન્સ્પેક્ટર રાહુલ રખાએ આપેલી જાણકારી અનુસાર પકડાયેલા કાજુની કિંમત ૯૨.૭ લાખ રૂપિયા છે. (પીટીઆઈ)■

બાલાજી મંદિર પ્લોટ સામેની અરજીઃ ૨૫ એપ્રિલે સુનાવણી

ઉરણઃ ઉલવે નોડના કિનારે તિરુપતિ વેંકટેશ્વર સ્વામી મંદિર માટે સિડકો દ્વારા ફાળવવામાં આવેલા પ્લોટની કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (સીઆરઝેડ) મંજૂરીને પડકારતી અરજી પર્યાવરણવાદીઓએ ગ્રીન કોર્ટમાં કરી છે. આ અરજી પર ૨૫ એપ્રિલે સુનાવણી થશે. અરજી સ્વીકારવામાં આવશે કે નહીં એ ત્યારે સ્પષ્ટ થશે. જોકે, પિટિશન દાખલ કરવામાં આવ્યા બાદ સિડકોએ સમય મર્યાદામાં વાંધો ન નોંધાવવાનો ટેકનિકલ મુદ્દો ઉઠાવ્યો હતો. એ મુદ્દો કોર્ટે ફગાવી દીધો હોવાનો દાવો સિડકો દ્વારા કરવામાં આવ્યો છે. સિડકોએ મંદિર માટે આપેલો ૪૦ હજાર ચોરસ મીટરનો પ્લોટ સીઆરઝેડ પ્રતિબંધિત ક્ષેત્રમાં આવે છે. મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટીએ સિડકોને ભાડે આપેલા પ્લોટની મહત્ત્વની માહિતી ધ્યાનમાં ન લીધી હોવાનો આક્ષેપ કરી નેટકનેક્ટના સંચાલક બી. એન. કુમારએ સિડકોને મળેલી સીઆરઝેડ મંજૂરીને અદાલતમાં પડકારી છે.■



(ROC-D10)

વિવિધ યુક્તિઓ અજમાવી દાગીના તફડાવનારા બે રીઢા આરોપી ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ વિવિધ યુક્તિઓ અજમાવી રસ્તા પરથી પસાર થનારા લોકોને છેતરીને સોનાના દાગીના તફડાવનારા બે રીઢા આરોપીને થાણે ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડ્યા હતા.

ઉલ્હાસનગર ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરેલા બન્ને આરોપીની ઓળખ અનિલ કૃષ્ણ શેટ્ટી (૪૩) અને રમેશ વિજયકુમાર જયસ્વાલ (૪૭) તરીકે થઈ હતી. મળેલી માહિતીને આધારે બન્નેને ઉલ્હાસનગરમાં છટકું ગોઠવી તાબામાં લેવાયા હતા, એવું ડેપ્યુટી પોલીસ કમિશનર શિવરાજ પાટીલે જણાવ્યું હતું.

અંબરનાથના બાલગાંવમાં રહેતા બન્ને આરોપીની અગાઉ પણ પોલીસે લૂંટના કેસમાં ધરપકડ કરી હતી. ત્રણ મહિના પહેલાં જ બન્ને જેલમાંથી બહાર આવ્યા હતા. આરોપીઓ પાસેથી અંદાજે ૧૭ લાખ રૂપિયાના સોનાના દાગીના જપ્ત કરવામાં આવ્યા હતા.

આરોપીઓ રસ્તા પરથી પસાર થનારા લોકોને રોકીને એક શેઠ ચોખા વહેંચી રહ્યા હોવાનું કહેતા હતા. ક્યારેક આગળ હત્યાની ઘટના બની હોવાનું કહીને ડરાવતા હતા. પહેરેલા સોનાના દાગીના કાઢીને થેલી અથવા પર્સમાં સુરક્ષિત મૂકવાનું કહીને આરોપી હાથચાલાકીથી એ દાગીના તફડાવી ફરાર થઈ જતા હતા.

પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં અંબરનાથ, વિઠ્ઠલવાડી, શિવાજીનગર, ઉલ્હાસનગર, ડોમ્બિવલી અને નૌપાડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ૧૧ ગુના ઉકેલાયા હોવાનો દાવો પોલીસે કર્યો હતો. એ સિવાય મુંબઈના દહિસર, કાંદિવલી અને દિંડોશીમાં નોંધાયેલા પાંચ ગુનામાં પણ આરોપીની સંડોવણી હોવાનું સામે આવ્યું હતું. ■

ટાસ્ક ફ્રોડમાં ૧૫ મિનિટમાં ૩૦ ટકા વળતરની લાલચે છેતરપિંડીઃ પુણેનો યુવક પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના બ્રિચ કેન્ડી પરિસરમાં રહેતા આઈટી કંપનીના કર્મચારી પાસેથી ટાસ્ક ફ્રોડમાં ૧૫ મિનિટમાં ૩૦ ટકા વળતરની લાલચે લાખો રૂપિયા પડાવનારા યુવકની પુણેથી ધરપકડ કરવામાં આવી હતી.

ગામદેવી પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ મહેશ શિવાજી મોહિતે (૨૧) તરીકે થઈ હતી. મૂળ સોલાપુરના મોહોળનો વતની મોહિતે હાલમાં પુણેને બેલેકર વસતિના શિવતિર્થ નિવાસમાં રહેતો હતો. તેની પાસેથી મોબાઈલ ફોન, પાંચ ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ વિવિધ બૅન્કની ૧૫ ચેકબુક જપ્ત કરવામાં આવી હતી.

આ પ્રકરણે બ્રિચ કેન્ડી ખાતે રહેતા અનિકેશ જૈને (૩૫) પોલીસ ફરિયાદ નોંધાવી હતી. નવેમ્બર, ૨૦૨૩માં ફરિયાદીના મોબાઈલ ફોન પર એક વ્હૉટ્સઍપ મેસેજ આવ્યો હતો, જેમાં યુટ્યૂબ પર સબસ્ક્રિપ્શન કરી દરેક ટાસ્ક પૂરી કર્યા પછી ૫૦ રૂપિયા આપવાની માહિતી હતી. ફરિયાદીએ ટાસ્ક પૂર્ણ કરતાં તેના બૅન્ક ખાતામાં દોઢસો રૂપિયા જમા કરાવવામાં આવ્યા હતા.

ફરિયાદીનો વિશ્વાસ સંપાદન કરી રોકાણ કરેલી રકમ ૧૫ મિનિટમાં ૩૦ ટકા વધુ આપવાની લાલચ આરોપીએ આપી હતી. લાલચમાં આવી ફરિયાદીએ ૫.૨૮ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. જોકે બાદમાં ફરિયાદીને કોઈ વળતર મળ્યું નહોતું અને મૂળ રકમ પણ તેણે ગુમાવી હતી.

આ પ્રકરણે ગુનો નોંધી પોલીસે સંબંધિત બૅન્ક ખાતાની વિગતો મેળવી હતી. આરોપી પુણેમાં હોવાની માહિતી મળતાં પોલીસની એક ટીમ પુણે પહોંચી હતી. હડપસર પોલીસની મદદથી આરોપીને તાબામાં લઈ મુંબઈ લાવવામાં આવ્યો હતો. આરોપીએ ગુનાની કબૂલાત કરી હોવાનો દાવો પોલીસે કર્યો હતો. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

લોકસભાની ચૂંટણીઃ મિત્રો શત્રુ અને દોસ્ત દુશ્મન બની ગયા

મુંબઈઃ રાજકીય પક્ષોમાં 'એક બટે દો' જેવો માહોલ છે અને છેડાછેડી તૂટે છે અને નવા બંધન બંધાય છે એ વાતાવરણમાં મહારાષ્ટ્રના રાજકીય સમરાંગણમાં દિમાગ ચકરાવે ચડી જાય એવા સમીકરણો જોવા મળી રહ્યા છે. આ વર્ષની લોકસભા ચૂંટણી નિમિત્તે એક સમયના ગોઠિયા એકબીજા સામે લડવા સજ્જ થઈ રહ્યા છે તો એક સમયની દુશ્મનાવટ રંગ બદલી દોસ્તારીનું સ્વરૂપ ધારણ કરી રહી છે. ગુરુવારે રાજ્યના નાંદેડ શહેરમાં આયોજિત કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની સભામાં આનું એક સેમ્પલ જોવા મળ્યું. એ સભામાં મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અશોક ચવાણ અને ભારતીય જનતા પક્ષના ઉમેદવાર પ્રતાપ પાટીલ ચિખલકર મંચ પર સાથે બેઠા હતા. અભંગ શિવસેનાના લાતુર જિલ્લાના લોહા વિસ્તારના વિધાનસભ્ય ચિખલકર ૨૦૧૯માં ભાજપમાં જોડાયા હતા. ગઈ લોકસભાની ચૂંટણીમાં તેમણે નાંદેડની બેઠક પર કૉંગ્રેસના સંસદ સભ્ય અશોક ચવાણને પરાજિત કર્યા હતા. એ સમયની ચૂંટણી સભામાં મોદીએ આદર્શ સોસાયટી કૌભાંડ બદલ ચવાણ પર નિશાન તાક્યું હતું. તત્કાલીન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ચવાણ 'લીડર નહીં ડીલર છે' એમ કહ્યું હતું. આ વર્ષે ચવાણ ભાજપમાં જોડાઈ ગયા અને રાજ્યસભાના સભ્ય પણ બની ગયા. હવે તેઓ ચિખલકર અને અન્ય ભાજપ ઉમેદવારો માટે મરાઠવાડામાં પ્રચાર કરી રહ્યા છે. ૨૦૧૯માં અજિત પવારના પુત્ર પાર્થ પવારને હરાવનાર શિવસેનાના શ્રીરંગ બર્ને હવે એકનાથ શિંદે સાથે છે અને અજિત પવાર એકનાથ શિંદેના પ્રધાનમંડળમાં નાયબ મુખ્ય પ્રધાન હોવાથી તેમના પક્ષના સમર્થકો બન્ને માટે ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. દક્ષિણ - મધ્ય મુંબઈમાં અભંગ શિવસેનાના રાહુલ શેવાળે હવે શિંદે જૂથ સાથે છે અને એમનો મુકાબલો એક સમયના સાથી અને હવે શિવસેના (યુબીટી)ના અનિલ દેસાઈ સાથે થવાનો છે. (પીટીઆઈ)

પાંચ વર્ષની બાળકીની જાતીય સતામણી

થાણેઃ નવી મુંબઈમાં પાંચ વર્ષની બાળકીની કથિત જાતીય સતામણી બદલ અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. અધિકારીના જણાવ્યા મુજબ બાળકીની માતાની ફરિયાદને આધારે પોલીસે શુક્રવારે ભારતીય દંડ સંહિતાની સુસંગત કલમો અને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. રમકડાની લાલચે આરોપી બાળકીને નેરુળના ધારાવે પરિસરમાં આવેલી એક બિલ્ડિંગના દાદર પાસે લઈ ગયો હતો અને તેની સાથે કથિત દુષ્કર્મ કર્યું હતું. આ પ્રકરણે નેરુળ પોલીસ વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ)

સુરતના વેપારી વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો

થાણેઃ નવી મુંબઈની એપીએમસી મસાલા માર્કેટના ડ્રાય ફ્રૂટના બે વેપારી સાથે ૨૩ લાખ રૂપિયાની કથિત છેતરપિંડી કરવા બદલ સુરતના વેપારી વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો.

બે વેપારીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર આરોપી અતુલ શાહે ૩.૩ ટન બદામ અને ૫૦ કિલો અખરોટના ૧૮.૪૦ લાખ રૂપિયા તેમ જ ૮૧૦ કિલો કાજુના ૫.૩૧ લાખ રૂપિયા ચૂકવ્યા નહોતા, એમ એપીએમસી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.સુરતના વેપારી શાહે ડિસેમ્બર, ૨૦૨૩થી જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન માલ મગાવ્યો હતો અને તેની કિંમત ચૂકવી નહોતી. (પીટીઆઈ)

બીકેસીમાં સાત માળની બિલ્ડિંગના ત્રીજા અને ચોથા માળા પર આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બાંદ્રા (પૂર્વ)માં બીકેસી રોડ પર ગ્રાઉન્ડ પ્લસ સાત માળની સરકારી બિલ્ડિંગના ત્રીજા અને ચોથા માળા પર શનિવારે બપોરના ૩.૩૦ વાગે અચાનક આગ ફાટી નીકળી હતી.

સદ્નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી.ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ બીકેસી રોડ પર ફેમિલી કોર્ટની સામે બલરામ બિલ્ડિંગ નજીક ગ્રાઉન્ડ પ્લસ સાત માળની બિલ્ડિંગ આવેલી છે. શનિવારે બપોરના ૩.૨૫ વાગે બિલ્ડિંગના ત્રીજા અને ચોથા માળા પર અચાનક આગ ફાટી નીકળી હતી.

પિયરે જવાથી નારાજ પતિએ પત્ની-નવ મહિનાની દીકરીનું ગળું કાપ્યું

પોતે પણ કરી આત્મહત્યા

મુંબઈઃ મહારાષ્ટ્રના જળગાવમાં પતિએ તેની પત્ની અને નવ મહિનાની છોકરી પર હુમલો કરી તેમની હત્યા કર્યા બાદ પોતે પર આત્મહત્યા કરી લીધી હોવાની ચોંકાવનારી ઘટના બની છે. આરોપી પતિ તેની પત્નીના પિયરે જવાથી નારાજ હતો જેને લઈને તેને કાળજાને કપાવી દેનારું પગલું ભર્યું હોવાનું કહેવામાં આવી રહ્યું છે. આ મામલે પોલીસે પતિ, પત્ની અને નવ વર્ષની બાળકીના મૃત દેહને તાબામાં લઈને તેને પોસ્ટમાર્ટમ માટે મોકલાવ્યા હતા.

વિશાલ ઝાંકે નામના વ્યક્તિના લગ્ન પ્રતિભા સાથે થયા હતા. વિશાલ અને પ્રતિભા જળગાવ જિલ્લાના દૂધાલગામમાં રહેતા હતા અને બંનેને એક દીકરી પણ હતી. જોકે વિશાલ અને પ્રતિભા વચ્ચે ઘણા સમયથી કોઈ વાતને લઈને અનેક વખત ઝઘડો ચાલતો હતો. આ વાતને લીધે પ્રતિભા નવ મહિનાની દીકરીને લઈને તેના પિયરે ગઈ હતી.

પત્ની પિયરે જવાની વાતને લઈને વિશાલ ગુસ્સે ભરાયો હતો, જોકે વિશાલે તેની પત્નીને લેવા ગયો હતો પણ ત્યાં પણ તેનો ઝઘડો થયો હતો અને પ્રતિભાએ વિશાલ સાથે આવવાની મનાઈ કરી હતી. વિશાલ બીજા દિવસે પણ પ્રતિભાને મનાવવા તેના ઘરે ગયો હતો.

જોકે તે દરમિયાન માત્ર પ્રતિભા અને તેની દીકરી જ ત્યાં હતા. આ મોકાનો ફાયદો ઉઠાવી વિશાલે પ્રતિભા પર ધારદાર શસ્ત્ર વડે હુમલો કર્યો હતો.

પ્રતિભાના ગાળા પર વિશાલે ધારદાર શસ્ત્ર વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં પ્રતિભાને ગંભીર ઇજા થતાં તેનું મૃત્યુ થયું હતું. આ બાદ વિશાલે પલંગ પર સૂતેલી તેની નવ મહિનાની દીકરી દિવ્યાનું પણ ગળું કાપી તેની હત્યા કરી કરીને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ પ્રતિભાના પિતાએ આ દૃશ્ય જોઈને તરત જ પોલીસને ફોન કર્યો હતો. પોલીસે ઘટના સ્થળે પહોંચી ત્યારે પ્રતિભાના પિતાએ આરોપી વિશાલનું નામ આપ્યું હતું, તે પછી પોલીસે માં-દીકરીના મૃતદેહને તાબામાં લઈને વિશાલની તપાસ શરૂ કરી હતી.

નાટ્ય દર્પણ

ડેથ વૉરન્ટ

તરોનીશ આર્ટસ્ અને કૌસ્તુભ ત્રિવેદી પ્રસ્તુત. શો. રવિ. તા. ૧૪ એપ્રિલ બપોરે ૩.૩૦ કલાકે નહેરૂ, વર્લી અને રાતે ૯.૦૦ કલાકે પ્રબોધન ઠાકરે, બોરિવલી.

કાકા લાવે કેશ બધાં કરે એશ

રંગમંચ પ્રોડક્ષન પ્રસ્તુત 'કાકા લાવે કેશ, બધાં કરે એશ'. આ રવિવાર તા. ૧૪ એપ્રિલ બપોરે ૩.૩૦ ક. ભારતીય વિદ્યા ભવન ઓડિટોરિયમ, ચોપાટી ખાતે અને આવતો રવિવાર તા. ૨૧ એપ્રિલ રાત્રે ૯.૦૦ ક. અસ્પી ઓડિટોરિયમ, મલાડ (વેસ્ટ) ખાતે ભજવાશે.

હાઉસ વાઇફની હુતુતુ

રંગમંચ પ્રોડક્ષન્સ પિપલ એન્ટરટેઇનમેન્ટનું પ્રસ્તુતકર્તાઃ આ રવિવાર તા. ૧૪ એપ્રિલ સાંજે ૭.૩૦ ક. ભારતીય વિદ્યાભવન ઓડિટોરિયમ, ચોપાટી ખાતે ભજવાશે.

આર યા પાર

અવની આર્ટસ થિયેટર પ્રા. લિ. આ રવિવારઃ તા. ૧૪ એપ્રિલ સાંજે ૭.૩૦ ક. નહેરુ ઓડિટોરિયમ, વર્લી ખાતે ભજવાશે.

છેલ્લાં પાનાનું ચાલુ

મારે એટલે ટાંગો

પહેલાં બળવો કરવાની હિંમત કરી અને આખી દુનિયાએ તે હિંમત જોઈ. અમે શિવસેનાને બચાવવા અને સામાન્ય લોકોના જીવનમાં ખુશી લાવવા માટે આ સરકાર બનાવી છે. હિંદુ હૃદય સમ્રાટ બાળાસાહેબ ઠાકરેના વિચાર અને શિવસેના-ભાજપ ગઠબંધનની સરકાર બની. હકીકતમાં આવું ૨૦૧૯માં જ થવું જોઈતું હતું, પરંતુ પોતાના સ્વાર્થ માટે અને મુખ્યમંત્રી પદ માટે તેમણે બાળાસાહેબ ઠાકરેના વિચારો છોડી દીધા હતા, એમ મુખ્ય પ્રધાન શિંદેએ ટીકા કરતાં કહ્યું હતું.

હિંદુ હૃદય સમ્રાટ બાળાસાહેબ ઠાકરે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ફોટાને દેખાડીને મતો માગવામાં આવ્યા હતા. તો સરકાર કોની સાથે રચવી જોઈએ? અને સરકાર કોની સાથે બની હતી?, એવા સવાલ શિંદેએ પૂછ્યા હતા. તેમણે વધુમાં એમ પણ કહ્યું હતું કે, હવે અજિત પવાર પણ મહાયુતિમાં સાથે આવ્યા છે. મનસે પણ અમારી સાથે આવી છે. જેથી સરકાર હવે વધુ મજબૂત બની છે. તેઓ (ઠાકરે જૂથ) કહેતા હતા કે આજે સરકાર પડી જશે, સરકાર કાલે પડી જશે. પણ તેઓનો જ્યોતિષ કચરો નીકળ્યો. અમારી સરકાર સામાન્ય લોકોના સુખ-દુઃખમાં મદદ કરવા પહોંચી જાય છે. તેથી, મારે તેમનો ટાંગો ઉલટાવી દેવાની ફરજ પડી હતી, મારે સરકારને બદલવી પડી હતી, એમ મુખ્યમંત્રી શિંદેએ ઉદ્ધવ ઠાકરેની ટીકા કરતાં કહ્યું હતું.

ફડણવીસ મારી પાછળ

સમર્થન કરતા કામ પર લાગી જવાની વિનંતી કરી હતી.

દેવેન્દ્ર ફડણવીસ મારી પાછળ પડી ગયા હતા કે તમે ભાજપમાં જોડાવો. એક વાર જ્યારે હું રસ્તા પર ચાલી રહ્યો હતો ત્યારે ફડણવીસ મને મળ્યા. તેમણે કહ્યું કે તેઓ એક મિનિટ વાત કરવા માગે છે. તેમણે મને કહ્યું કે, 'દાદા, પાર્ટીમાં આવી જાવ.' મેં તેમને જણાવ્યું કે આમ રસ્તા પર કેવી રીતે વાત થઇ શકે. તમે મને બોલાવો , આપણે મળીએ, પછી આ બાબતે ચર્ચા કરીશું. ત્યાર બાદ અમે મળ્યા, ચર્ચા કરી અને હું ભાજપમાં જોડાયો. હું બધું સમજી વિચારીને કરું છું. મેં બધું વિચારીને જ ભાજપમાં જોડાવાનું નક્કી કર્યું અને જોડાઇ ગયો. હું બધું સમજી વિચારીને કરું છું.

નારાયણ રાણે ભાજપમાં જોડાયા બાદ તેમને કેન્દ્રીય પ્રધાન પદ આપવામાં આવ્યું હતું. તેઓ તેમના આક્રમક સ્વભાવ માટે જાણીતા છે. મહા વિકાસ આઘાડીની સરકાર સમયે તેમણે ઉદ્ધવની જોરદાર ટીકા કરી હતી. તેઓ ઉદ્ધવ ઠાકરેના પ્રખર વિરોધી છે. નારાયણ રાણે અને ઉદ્ધવ ઠાકરે વચ્ચેની દુશ્મનાવટ જાણીતી છે. ઉદ્ધવના કારણે જ રાણેએ શિવસેના છોડી હતી અને કૉંગ્રેસમાં જોડાયા હતા, પણ પછી ફડણવીસના આગ્રહને કારણે ભાજપમાં આવ્યા હતા.

ભાજપે સ્ટાર

આવેલા સમયમાં સુધારા કરેલી યાદી મોકલવામાં નહીં આવે.'

ભાજપની ચૂંટણી પ્રચારકોની યાદીમાં એનસીપી અને શિવસેનાના નેતાનું નામ સામેલ કરવામાં આવ્યું છે જેને લઈને શરદ પવાર જૂથે ચૂંટણી પંચ સમક્ષ આ અંગે ફરિયાદ કરી હતી. શરદ પવાર જૂથે કહ્યું હતું કે ભાજપ, શિવસેના અને એનસીપીએ એકબીજાના પક્ષના નેતાઓના નામ તેમની પાર્ટીના સ્ટાર પ્રચારકોની યાદીમાં સામેલ કર્યા છે. જે લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૭૭નો ઉલ્લંઘન છે.

શરદ પવાર જૂથની ફરિયાદ બાદ ચૂંટણી પંચે ભાજપને પત્ર લખીને બીજા પક્ષોના નેતાઓના નામને તેમની યાદીમાંથી હટાવવાનો આદેશ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે શિવસેના અને એનસીપીએ પણ ભાજપના નરેન્દ્ર મોદી, અમિત શાહ અને દેવેન્દ્ર ફડણવીસનું નામ તેમના સ્ટાર પ્રચારકોની યાદીમાં સામેલ કર્યા હતા.

પ્રદૂષણને લગતા

રીતે રસ્તા પર બિલ્ડિંગનો કાટમાળ ફેંકવાને લગતી નોંધવામાં આવી હતી. પાલિકાએ આ સમયગાળા દરમિયાન ૭૧૫ ફરિયાદ નોંધીને તેમની પાસેથી ૪૨.૫૪ લાખ રૂપિયાનો દંડ વસૂલ્યો હતો.

નોંધનીય છે કે પાલિકાએ કાટમાળ લઈ જવા માટે 'ડેબરી ઓન-કોલ' સેવા પણ ચાલુ કરી છે, જેના દ્વારા પાલિકા ૩૦૦ મેટ્રિક ટન જેટલો કાટમાળ નજીવી ફી પર ઉપાડી જાય છે અને તેનો નિકાલ કરે છે. તેમ છતા રસ્તા પર કાટમાળ નાખવાના અનેક કેસ જુદા જુદા વોર્ડમાં નોંધાતા હોય છે, કારણકે મોટાભાગનો કાટમાળ રાતના સમયે જાહેર સ્થળ પર ફેંકવામાં આવતો હોય છે. પાલિકાએ હવે એવા કૉન્ટ્રેક્ટરો સામે પણ કાર્યવાહી ચાલુ કરી છે, જેઓ કાટમાળ અને રો મટિરિયલ ભરેલા વાહનોને ઢાંકતા નથી.

પાલિકાએ આપેલા આંકડા મુજબ વાયુ પ્રદૂષણની સૌથી વધુ ફરિયાદ એચ-વેસ્ટ વોર્ડ એટલે બાંદ્રા પશ્ચિમથી સાંતાક્રુઝ પશ્ચિમમાં તો બીજા નંબરે એચ-પૂર્વ વોર્ડ એટલે કે ખાર પૂર્વથી બાંદ્રા પૂર્વમાં આવી છે.

સોમવારથી થાણેમાં

છે. છેલ્લા ૧૫ મહિનામાં દિવા ખાતે ૨૭૩ અનધિકૃત બાંધકામો સામે કાર્યવાહી કરવામાં આવી છે. જેમાંથી ૧૮૭ બિલ્ડિંગો પર હજુ કબજો છે. ૩૨ ઇમારતો તોડી પાડવામાં આવી છે. તો, ૫૪ બિન કબજા વગરની ઇમારતો ખાલી કરાવવાની પ્રક્રિયા ચાલી રહી છે. દીવમાં એક પણ બિલ્ડિંગ એવી નથી કે જે અત્યંત જોખમી હાલતમાં હોય. અધિકારીઓએ મિટિંગમાં કમિશનરને માહિતી આપી હતી કે ૬૭ બિલ્ડિંગોને મોટી રિપેરીંગની નોટીસ આપવામાં આવી છે અને ૫૮૫ બિલ્ડિંગોને નાની રિપેરીંગની નોટીસ આપવામાં આવી છે.

પાલિકાએ રેલવેને

રીતે વિઝિટ કરી હતી. આ દરમિયાન રેલવે પરિસરમાં રહેલા નાળાઓમાંથી કાઢેલા કાદવ, ગાળ અને કાટમાળને તાત્કાલિક હટાવવાની સૂચના પાલિકા દ્વારા આપવામાં આવી હતી. તેમ જ ઈમરજન્સી માટે કંટ્રોલ રૂમને સજ્જ રહેવાની સૂચના પણ આપવામાં આવી હતી. તો મધ્ય રેલવેના સૅન્ડહર્સ્ટ રોડ રેલવે સ્ટેશનને લાગીને આવેલી બિલ્ડિંગોનું ઈન્સ્પેકશન કરીને ચોમાસાની દૃષ્ટિએ યોગ્ય ઉપાયયોજના કરવાની સૂચના પાલિકાએ આપી હતી.

બોર્નવિટા, હોર્લિક્સ

અને બીજા અનેક પીણાંને હેલ્થ ડ્રિંક્સની શ્રેણીમાંથી બહાર કાઢવામાં આવે એવો પણ આદેશ આપવામાં આવ્યો હતો.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા વેબસાઇટ પરથી બોર્નવિટા, હોર્લિક્સ અને કોમ્પ્લાન જેવા અનેક કંપનીના દૂધના પીણાંને 'હેલ્થ ડ્રિંક્સ'ની શ્રેણીમાંથી બાકાત કરી વેચાણ કરવાનો આદેશ આપ્યો છે. ઓનલાઇન અનેક વેબસાઇટ પર આ પીણાંઓને 'હેલ્થ ડ્રિંક્સ'ના નામે વહેંચવામાં આવી રહ્યા છે. નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (એનસીપીસીઆર)એ કરેલી તપાસમાં જાણવા મળ્યું કે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ 'હેલ્થ ડ્રિંક્સ'ની કોઈપણ વ્યાખ્યા નથી, જેથી આ પીણાંનું હેલ્થ ડ્રિંક્સના નામે વેચાણ ન કરવાનો આદેશ કેન્દ્ર સરકારે આપ્યો છે.

એનસીપીસીઆરએ પત્ર લખીને કહ્યું હતું કે બોર્નવિટા જેવા તમામ હેલ્થ ડ્રિંક્સ અને પીણાં બાળકોના સ્વાસ્થ્ય માટે હાનિકારક છે, જેથી તેના હેલ્થ ડ્રિંક્સ તરીકે થતાં વેચાણ પણ પ્રતિબંધ મૂકવામાં આવે એવી અરજી કરી હતી.

આપખુદશાહી દેશ

અને વંચિત બહુજન આઘાડી (વીબીએ)ના જળગાંવ જિલ્લાના કાર્યકર્તાઓએ શિવસેના (યુબીટી)માં પ્રવેશ કર્યો તે પ્રસંગે બોલતાં તેમણે કહ્યું હતું કે છેલ્લા ૧૦ વર્ષમાં પહેલી વખત આટલા મોટા પ્રમાણમાં નારાજગી જોવા મળી રહી છે. દેશ માટે આપખુદશાહી ઘાતક છે. દેશમાં એક સમય એવો આવ્યો હતો કે લોકોને લાગતું હતું કે ગઠબંધનની સરકાર ન હોવી જોઈએ, પરંતુ પી. વી. નરસિંહ રાવ, અટલ બિહારી વાજપેયી અને મનમોહન સિંહે ગઠબંધનની સરકારો ઘણી સારી રીતે ચલાવી હતી, એમ રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને કહ્યું હતું.

કેટલાક અપવાદોને બાદ કરતાં દેશમાં ગઠબંધનની સરકાર સારી રીતે ચાલી હતી. આપણને એક મજબૂત દેશ જોઈએ છે અને એક ગઠબંધનની સરકાર જોઈએ છે. આપણને એક મજબૂત નેતાની આવશ્યકતા છે, પરંતુ તે નેતા એવો હોવો જોઈએ કે બધાને સાથે લઈને ચાલી શકે, એમ ઠાકરેએ કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે વિપક્ષી ઈન્ડી ગઠબંધન દેશને ગઠબંધનની સરકાર આપી શકે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે મહાવિકાસ આઘાડી સરકારના ઘટકપક્ષો રાજ્યમાં સંયુક્ત રેલીઓ યોજશે.

જૈન મરણ

દિગમ્બર જૈન

પુષ્પાબેન પ્રેમચંદ પાલીવાલ શુક્રવાર, તા. ૧૨-૪-૨૦૨૪ના રોજ અરિહંતશરણ પામ્યા છે. તે સુજાતા, અર્ચના, અવિનાશના માતા. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૪-૪-૨૦૨૪ના રોજ સાંજે ૫ થી ૭. ઠે.: અચલગચ્છ જૈન ઉપાશ્રય, લક્ષ્મી-પૂજા બિલ્ડિંગ, દેરાસર ગલી, સાંઈબાબા મંદિરની પાસે, કેબિન ક્રોસ રોડ, ભાયંદર (પૂર્વ).

કચ્છી વિશા ઓશવાળ જૈન

વડાલાના હાલે કાંદાવાડીની કું. વિધી નીશર (ઉ. વ. ૩૦) તા. ૧૨/૪/૨૪ના અવસાન પામેલ છે. ઝવેરબેન શાંતીલાલ (મગન) ગાંગજી નીશરની પૌત્રી. રસીલા હિતેશની સુપુત્રી. જીગર, પપ્પુ, નિધીની બહેન. ભુજપુરના હેમલતા વેરશી હધ્ધુ દેઢિયાની દોહિત્રી. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. એડ્રેસ : ઝવેરબેન શાંતીલાલ શાહ (નીશર), ૭/૪, કલ્યાણ બિલ્ડીંગ, ખાડીલકર રોડ, ગીરગામ, મુંબઇ.

મોટી ખાખર હાલે થાણાના ચુનીલાલ વલભજી વિકમ (ઉ. વ. ૮૪) તા. ૧૧-૪-૨૪ના અવસાન પામેલ છે. ભચીબેન વલભજી ટોકરશીના સુપુત્ર. પાનબાઇના પતિ. કલ્પના/જ્યોતિના પિતા. રાઘવજી, રતીલાલ, નાના આસંબીયા કસ્તુરબેન વશનજી, કાંડાગરા મણીબેન ધરમશી, પાર્શ્વચંદ્રગચ્છ પ.પૂ. અનંતગુણાશ્રી મ.સા.ના ભાઇ. બિદડા હાંસબાઇ માલશી ગોસરના જમાઇ. ચક્ષુદાન-ત્વચાદાન કરેલ છે. પ્રા. ટીપટોપ પ્લાઝા, પહેલે માળે, એલ.બી.એસ. માર્ગ, થાણા. ટા. ૪ થી ૫.૩૦. ઠે. ધીરેન સોની, ૧૧ શિતલ નિવાસ, ખારકર આળી, થાણા (વે.) ૬૦૧.

નાની ખાખર (હાલે ચેમ્બુર)ના અ.સૌ. લક્ષ્મીબેન હરખચંદ દેઢીયા (ઉ. વ. ૮૩) તા. ૧૧-૪-૨૪ના દેહત્યાગ કરેલ છે. હરખચંદ રવજી ખીમજીના ધર્મપત્ની. મક્કાંબેન રવજીના પુત્રવધુ. મોટી ખાખરના વેજબાઇ કુંવરજી મોનજીના સુપુત્રી. પ્રફુલ, ભાવનાના માતુશ્રી. શાંતીલાલ, જયંતીલાલ, સુરેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રફુલ દેઢીયા, ૩૦૧, શિવમ હાઇટસ, શિવપુરી કોલોની, ચેમ્બુર, મું. ૭૧.

વિઢના મણીબેન (હીરબાઇ) મેઘજી ગોસર (ઉ. ૮૫) તા. ૧૨-૪-૨૦૨૪ના ટુંકી માંદગીથી અવસાન પામેલ છે. મેઘજી લખમશી ગોસરના ધર્મપત્ની. માતુશ્રી વેજબાઇ લખમશી ગોસરના પુત્રવધુ. કોટડી મહાદેવપુરીના માતુશ્રી ભચીબાઇ કરમશી ઉમરશી દેઢીયાના સુપુત્રી. હરશી, રવજી, દામજી, આણંદજી, ભોજાયના હંસાબેન હંસરાજ નાગડા, સાભરાઇના મણીબેન નાનજી વિસરીયાના બેન. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : આણંદજી કરમશી દેઢીયા, એ/ડી-૧, સ્માઇલ કોમ્પલેક્ષ, બાલાજીનગર, રેલ્વે સ્ટેશનની બાજુમાં, ભાયંદર (વેસ્ટ).

દેશલપુર (કંઠી)ના હસમુખ રાઘવજી શામજી ગાલા (ઉ. વ. ૭૧) ૧૨/૪ના અવસાન પામેલ છે. સાકરબેન રાઘવજીના પુત્ર. જયવંતીના પતિ. કુંજલ, નીલમના પિતા. રતાડિયા (ગ.) લક્ષ્મીબેન લખમશી લધુ સાલિયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. હસમુખ ગાલા, ૩એ/૧૭૩, કલ્પતરૂ ઔરા, એલ.બી.એસ. માર્ગ, આર સીટી મોલની સામે, ઘાટકોપર (વેસ્ટ).

ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

મોટી વડાળ નિવાસી હાલ ઘાટકોપર રામચંદ કાળીદાસ દોશીના સુપુત્ર મહેન્દ્રભાઈ (ઉ. વ. ૭૪) તા. ૧૩.૪.૨૦૨૪ના સ્વર્ગવાસ પામેલ છે. તે વિલાસબેનના પતિ. દર્શિતા ભાવિન કુમાર, કેજલ હાર્દિક કુમાર, શીતલ સ્નેહલ કુમાર, ખુશ્બુ પ્રશાંતકુમારના પિતાશ્રી. તે સ્વ લક્ષ્મીચંદભાઈ, મધુબેન, રસીલાબેન. ગુણીબેન, ભાનુબેન, હંસાબેનના ભાઈ. અંકુર ,ગુંજન, વૈશાલી ચેતનકુમારના કાકા. સાસરાપક્ષે સ્વ. હઠીચંદ ગોરધનદાસ શાહ જસપરાવાળાના જમાઈ સાદડી તા.૧૪ .૪.૨૪ રવિવારના ૩થી ૬ બાલકનજીની બારી, રાજાવાડી ગાર્ડનની સામે, ઘાટકોપર ઇસ્ટ.

પ્રભાસ પાટણ વીસા ઓશવાલ જૈન

પ્રભાસ પાટણ નિવાસી હાલ સાયન મનસુખભાઇ પ્રેમજી સુંદરજી (ઉ. વ. ૮૯) તા. ૧૨-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સુભદ્રાબેનના પતિ. સુખ્મા તથા પ્રીતીના પિતા. તે સ્વ. પ્રવીણભાઇ, સ્વ. જીનદાસભાઇ, ચંપકભાઇ ચંદ્રકાંતભાઇ, જગદીશભાઇ, મહેન્દ્રભાઇ, સ્વ. ચંદ્રાબેન, વીમળાબેન, સ્વ. પ્રેમુબેનના ભાઇ. તે સ્વ. બાબુલાલ જાદવજી (સુદાનવાલા)ના જમાઇ. તથા પરેશભાઇ, અભયભાઇના સસરા. તે ભાવેશ, ભાવીક, ધ્રુવીલના નાના. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

કચ્છી દશા ઓશવાલ જૈન

મા. કાંતાબેન ઝવેરચંદ શાહ (ઉ. વ. ૯૧) ગામ વારાપધર હાલ ઘાટકોપર તા. ૧૦-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ડુંગરશી પૂંજાભાઇ લાલકાના પુત્રવધૂ. સ્વ. લક્ષ્મીબાઇ સુધાકર શિવજી લાપસીયા (ગામ-નલિયા)ના

હિન્દુ મરણ

અગાશીના વિજય શાંતિલાલ ચૌહાણના પત્ની ઉષા (ઉં. વ. ૫૭) રવિવાર, તા. ૭-૪-૨૪ના અવસાન પામ્યા છે. તે મયૂરી પટેલનાં માતા. વિવેક પટેલનાં સાસુ. ટ્વીશાના નાની. સંગીતા પ્રકાશ ચૌહાણના દેરાણી. કવિતા જિતેન્દ્ર ચૌહાણના જેઠાણી. તેમનું બારમું અને બેસણું તા. ૧૮-૪-૨૪ના રોજ સાંજે ૫ થી ૭. નિવાસસ્થાનઃ પ્રથમેશ એપાર્ટમેન્ટ, એ-વિંગ, રૂમ નં. ૪૧૬, વીર સાવરકર માર્ગ, કાચ બંગલા પરિસર, વિરાર (પૂર્વ).

ઔ. પિ. જ્ઞાતિ બ્રાહ્મણ

ગામ બડોલી, હાલ કાંદિવલી અ. સૌ. દક્ષા જાની (ઉં. વ. ૬૯) તા. ૧૨-૪-૨૪ના દેવલોક પામ્યા છે. તે મહેશ ચંદ્રશંકર જાનીના ધર્મપત્ની. રૂચિત (તેજુ)ના માતુશ્રી. બિજલના સાસુ. શનાયાના દાદી. તે ગં. સ્વ. સુશિલાબેન કિશોરભાઇ જાની, ગં. સ્વ. રંજનબેન ઘનશ્યામભાઇ જાનીના દેરાણી. ગામ વસઇ નિવાસી સ્વ. શાંતાબેન જયદેવ દવેના દીકરી. પ્રાર્થનાસભા તા. ૧૫-૪-૨૪ના સોમવારના સાંજે ૫થી ૭. ઠે. પી-૫, કોમ્યુનિટી હોલ, અલ્પાઇન, સમતાનગર, ઠાકુર કૉલેજ પાસે, કાંદિવલી (ઇસ્ટ).

લુહાર સુથાર

ગામ લાલપુર નિવાસી હાલ વિરાર ગં.સ્વ. લાભુબેન અમૃતલાલ ડોડીયાના પુત્રવધૂ. અ.સૌ નયનાબેન દિનેશભાઇ ડોડીયા (ઉં. વ. ૬૦) તે ૧૦/૪/૨૪ના રામશરણ પામેલ છે. તે જીજ્ઞેશ, સાગરના માતુશ્રી. હસમુખભાઈ, અભયભાઈ, નીતાબેન અનીલકુમાર ગોહિલના ભાભી. સ્વ. અરજણભાઈ દયાળભાઈ પરમારના દીકરી. પ્રવીણભાઈ, મનીષભાઈ, સ્વ.સવિતાબેન, સ્વ.મધુબેન, દેવીબેનના બહેન. પ્રાર્થનાસભા ૧૫/૪/૨૪ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, ક્વાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

ઘોઘારી દશા શ્રીમાળી વણિક

મહુવા નિવાસી હાલ બોરીવલી સ્વ. પદમાબેન નંદલાલ વલ્લભદાસ મોદીના પુત્ર હિતેષભાઇના પત્ની અ.સૌ માધુરી (માધવી) બેન (ઉં. વ. ૬૧) તા ૧૨.૦૪.૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. સરોજ નાથુભાઈ, આરતી કમલેશભાઈ, સ્વ.કુસુમબેન સુરેશકુમાર મહેતા, ચેતનાબેન ચેતનકુમાર શાહ, ભાવનાબેન સુરેન્દ્રકુમારના ભાભી. પિયરપક્ષે સ્વ.અનસુયાબેન મનસુખલાલ શાહના દીકરી. ચંદ્રિકાબેન-કૃષ્ણકાંત શાહ, મંજુલાબેન સુભાષચંદ્ર શેઠ, મીનાબેન ભરતભાઇના બહેન. પ્રાર્થનાસભા તા ૧૬.૦૪.૨૪ મંગળવારના ૪:૦૦ થી ૬:૦૦ સ્વામિનારાયણ મંદિર, અજમેરા ગ્લોબલ સ્કુલની સામે, યોગીનગર, બોરીવલી (વેસ્ટ).

નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ

કથીવદર હાલ સુરત નિવાસી સવિતાબેન નાથાલાલ ઓઝા (ઉં. વ. ૮૨) તા ૮.૪.૨૪ સોમવાર કૈલાસવાસી થયેલ છે. તેઓ વિજય, રી

લોકસભાની આગામી ચૂંટણી બે વિચારધારાની લડાઈઃ રાહુલ ગાંધી

જગદલપુર (છત્તીસગઢ) : કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ શનિવારે કહ્યું હતું કે આગામી લોકસભાની ચૂંટણી બંધારણ અને લોકશાહીની રક્ષા કરવા માટેની વિચારધારા અને તેને ખતમ કરવા માગતી વિચારધારાની વચ્ચેની લડાઈ છે. છત્તીસગઢના બસ્તર જિલ્લામાં બસ્તર બેઠક માટે પ્રચાર કરતાં તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે ભાજપ અને આરએસએસ દેશના આદિવાસીઓના ધર્મ, વિચારધારા અને ઈતિહાસ પર હુમલો કરી રહ્યા છે. તેમણે જાતિ આધારિત વસ્તી ગણતરી કરાવવાની વાતનું પુનરાવર્તન કર્યું હતું.

રાષ્ટ્ર પ્રમુખ દ્રૌપદી મુર્મૂને અયોધ્યાના રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં હાજર રહેવાની પરવાનગી આપવામાં આવી નહોતી, કેમ કે તેઓ આદિવાસી છે. આમાંથી ભગવી પાર્ટીની માનસિકતા સ્પષ્ટ થાય છે એવો આક્ષેપ રાહુલ ગાંધીએ કર્યો હતો.

રાહુલ ગાંધી બસ્તરની અનુસૂચિત જનજાતિ માટે અનામત રાખવામાં આવેલી બેઠક પરથી કૉંગ્રેસના ઉમેદવાર કવાસી લખમા માટે પ્રચાર કરવા આવ્યા હતા.

તેમણે કહ્યું હતું કે ચૂંટણીઓ આવી ગઈ છે. આ વખતે ચૂંટણી બે વિચારધારાઓ વચ્ચે છે. એક તરફ કૉંગ્રેસ અને ઈન્ડી અલાયન્સ છે જેઓ લોકશાહી અને બંધારણને બચાવવા માટે લડી રહ્યા છે અને બીજી તરફ નરેન્દ્ર મોદી, અદાણી, આરએસએસ છે જેઓ બંધારણ અને લોકશાહી પર હુમલો કરી રહ્યા છે અને તેઓ બંધારણને ખતમ કરવા માગે છે, એમ ગાંધીએ કહ્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ફક્ત ૨૨ બિઝનેસમેન પાસે દેશના ૭૦ કરોડ લોકો જેટલી સંપત્તિ એકઠી થઈ ગઈ છે, એમ તેમણે કહ્યું હતું.

મોદી આ ૨૨-૨૫ બિઝનેસમેનને ચોવીસ કલાક ટેકો આપે છે. બેરોજગારી વધી રહી છે. કોઈપણ રાજ્યમાં જાઓ અને પૂછો કે તેમની સમસ્યા શું છે? બધા લોકો તમને કહેશે કે બેરોજગારી, મોંઘવારી અને ભાગીદારી (વિકાસમાં સહભાગીતા) સૌથી મહત્ત્વના છે, પરંતુ મીડિયા આ બધું દેખાડતી નથી. તેઓ મોદીને વિમાન ઉડાવતા દેખાડે, દરિયાની અંદર જતા દેખાડે, ક્યારેક મંદિરમાં પૂજા કરતા દેખાડે છે, એવી ટીકા તેમણે કરી હતી.

તેમણે એવો આક્ષેપ કર્યો હતો વડા પ્રધાન મોદી આદિવાસી શબ્દ ભૂંસી નાખવા માગે છે. અમે તમને આદિવાસી કહીએ છીએ, તેઓ તમને વનવાસી કહેવા માગે છે. આદિવાસી શબ્દના ગૂઢ અર્થ છે. આ શબ્દ તમારા જળ, જંગલ, જમીન પરના અધિકારોનો સૂચક છે. વનવાસી એટલે જે લોકો વનમાં રહે છે. આદિવાસી શબ્દ દ્વારા આદિવાસીઓના ધર્મ, ભાષા, જીવન પદ્ધતિ અને ઈતિહાસનું સન્માન થાય છે, જ્યારે જે લોકોને વનવાસી શબ્દ ગમે છે તેમને મતે તમારા કોઈ અધિકાર નથી. (પીટીઆઈ) ■

આગઃ ઉત્તર ૨૪ પરગણા જિલ્લામાં શનિવારે ડમડમ વિસ્તારના ચાટાકોલસ્થિત ઝૂંપડપટ્ટી વિસ્તારમાં આગ ફાટી નીકળ્યા બાદ ધુમાડાના ગોટેગોટા. (એજન્સી)

દિલ્હી અને તેની આસપાસના વિસ્તારમાં ધૂળનાં તોફાન બાદ માવઠું

૨૨ વિમાનને બીજા શહેરોમાં વાળવામાં આવ્યાં

નવી દિલ્હીઃ દેશની રાજધાની અને તેની આસપાસના વિસ્તારમાં શનિવારે મોસમમાં પરિવર્તન આવ્યું હતું અને ધૂળના તોફાન બાદ ભારે કમોસમી વરસાદ પડ્યો હતો.

દિલ્હીમાંના ખરાબ હવામાનને લીધે અંદાજે ૨૨ વિમાનને બીજી દિશામાં વાળવામાં આવ્યા હતા. તેમાંના નવ વિમાનને જયપુર, આઠને લખનઊ, બેને ચંડીગઢ, એકને અમદાવાદ, એકને વારાણસી અને એકને અમૃતસર લઇ જવાયું હતું.

ઇન્ડિગોની નવ, ઍર ઇન્ડિયાની આઠ અને વિસ્તારાની ત્રણ ફ્લાઇટને બપોરે ત્રણથી સાંજના ૬.૩૦ વાગ્યા દરમિયાન બીજા શહેરમાં લઇ જવાઇ હતી.

વરસાદને લીધે તાપમાનમાં અંદાજે ચારથી પાંચ અંશ સેલ્સિયસ જેટલો ઘટાડો થતાં દિલ્હી અને એનસીઆરના લોકોને ઉનાળાની ગરમીમાં રાહત મળી હતી.

દિલ્હી, ગુરુગ્રામ અને ગાઝિયાબાદમાં તેમ જ આસપાસના કેટલાક વિસ્તારમાં શનિવારે વાદળિયું વાતાવરણ રહ્યું હતું અને મહત્તમ ઉષ્ણાતામાન ૩૯ અંશ સેલ્સિયસથી ઘટીને ૩૩ અંશ સેલ્સિયસ જેટલું થઇ ગયું હતું.

પ્રાદેશિક મોસમ વિભાગના કેન્દ્રના પ્રમુખ કુલદીપ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે આગામી બે દિવસમાં મહત્તમ તાપમાન ચાર અંશથી પાંચ અંશ સેલ્સિયસ જેટલું ઘટવાની આશા છે.

ઉત્તર ભારતમાં અનેક સ્થળે હાલમાં ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે અને ઘણી જગ્યાએ મહત્તમ તાપમાન ૪૦ અંશ સેલ્સિયસથી વધુ રહે છે તેમ જ લૂ લાગવાથી ઘણાં લોકો બીમાર પડ્યા છે, પરંતુ કમોસમી વરસાદને લીધે ગરમીમાં થોડો ઘટાડો થયો છે.

અગાઉ, ગુજરાતમાં એક દિવસ પહેલાં કેટલાક વિસ્તારમાં કાળઝાળ ગરમી વચ્ચે કમોસમી વરસાદ થયો હતો, પરંતુ તેને લીધે પાકને નુકસાન થયું હતું. ■

મોદીએ દેશના ટોચના ગેમર સાથે સંવાદ કર્યો

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ગેમિંગ ઈન્ડસ્ટ્રી સંબંધિત બાબતોની ટોચના ભારતીય ગેમર સાથે ચર્ચા કરી હતી.

ઈ-ગેમિંગ ઈન્ડસ્ટ્રીના ભવિષ્ય અને તેની સામેના પડકારો વિશે મોદીએ મુકતપણે ગેમર સાથે સંવાદ કર્યો. તેમણે ગેમરને જીજ્ઞાષાપૂર્વક સવાલો પૂછ્યા હતા અને અમુક ગેમ રમ્યા પણ હતા.

મોદીએ સંવાદ દરમિયાન ગેમરને કહ્યું હતું કે લોકો વિવિધ ઉકેલો સૂચવતા હોય છે. મારી પાસે વૈકલ્પિક ઉકેલ નામે મિશન લાઈફ છે જે પર્યાવરણને લાભ થાય એવી રીતે દૈનિક જીવનશૈલીની હિમાયત કરે છે.

હવે વૈશ્વિક તાપમાનની બાબતને ઉજાગર કરે એવી રમતની કલ્પના કરો જેમાં ગેમર વિવિધ રીતો અને ઉકેલો અજમાવે જેથી સૌથી ટકાઉ અભિગમ શોધી શકાય. ■

બેંગલૂરુના રામેશ્વરમ કૅફે બોમ્બ બ્લાસ્ટના આરોપીની ધરપકડને લઈને બંગાળમાં રાજકીય વિવાદ

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના કાંઠીમાંથી રામેશ્વરમ કાફે બ્લાસ્ટ કેસના બે મુખ્ય આરોપીઓની ધરપકડને લઈને બંગાળમાં રાજકીય વાવાઝોડું ઊભું થઇ ગયું છે.

એક તરફ ભારતીય જનતા પાર્ટીએ આરોપ લગાવ્યો છે કે પશ્ચિમ બંગાળ આતંકવાદીઓ માટે સૌથી સુરક્ષિત આશ્રય બની ગયું છે, તો બીજી તરફ મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ તેમની ધરપકડનો શ્રેય લેવાનો પ્રયાસ કર્યો છે. કૂચ બિહારમાં એક જનસભાને સંબોધિત કરતી વખતે મમતાએ આ બંનેની ધરપકડનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે બે લોકો બંગાળમાં છુપાઈને આવ્યા હતા, પરંતુ બે કલાકમાં અમે તેમની ધરપકડ કરી લીધી છે. તેમણે કહ્યું હતું કે પશ્ચિમ બંગાળ પોલીસે સાથે મળીને બંનેની ધરપકડ કરી છે. પ.બંગાળમાં છુપાયેલા લોકોને પોલીસે બે કલાકમાં શોધી કાઢ્યા હતા અને ધરપકડ કરી હતી. મુખ્ય પ્રધાને કહ્યું હતું કે બેંગલૂરુમાં બોમ્બ બ્લાસ્ટ થયો હતો. આ બંને કર્ણાટકના રહેવાસી છે. બંગાળના લોકો નહીં. તેઓ બંગાળમાં છુપાયેલા હતા. આ પછી ભાજપ પર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે અમે બંનેને પકડ્યા છે અને તેઓ (ભાજપ) કહી રહ્યા છે કે બંગાળ સુરક્ષિત નથી. તો પછી શું ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર સુરક્ષિત છે? સત્ય એ છે કે બંગાળના લોકો શાંતિથી જીવે છે જે ભાજપ સહન કરી શકતી નથી. ■

દુકાળના ઓછાયાઃ નાગાંવ જિલ્લાના કાથિઅઆટોલી નજીક સૂકાઈ ગયેલા તળાવમાંથી ગાયને લઈને પસાર થઈ રહેલી મહિલા. (એજન્સી)

ગોપી થોટાકૂરા બનશે પ્રથમ ભારતીય અવકાશી પર્યટક

વૉશિંગ્ટનઃ ઉદ્યોગપતિ અને પાઈલટ ગોપી થોટાકૂરા પ્રથમ ભારતીય અવકાશી પર્યટક બનશે. ઍમેઝોનના સ્થાપક જેફ બેઝોસના બ્લ્યૂ ઑરિજિન્સ એનએસ-૨૫ મિશનમાં ગોપી થોટાકૂરા જોડાશે અને પ્રથમ ભારતીય અવકાશી પર્યટક બનશે. મિશન માટે પસંદ કરવામાં આવેલા છ ક્રૂ મેમ્બરમાં ગોપી થોટાકૂરાનો સમાવેશ થાય છે.

ભારતીય સેનાના વિન્ગ કમાન્ડર રાકેશ શર્મા વર્ષ ૧૯૮૪માં અવકાશયાત્રા કરનાર પ્રથમ ભારતીય બન્યા હતા. જોકે અવકાશમાં પર્યટક તરીકે જનાર ગોપી થોટાકૂરા પ્રથમ ભારતીય હશે. જોકે અવકાશયાત્રા ક્યારે શરૂ થશે તેની જાહેરાત હજુ સુધી કરવામાં આવી ન હોવાનું ઍરોસ્પેસ કંપનીએ કહ્યું હતું.

અવકાશના ઈતિહાસનું આ પચીસમું અને સાતમું સમાનવ મિશન હશે. અત્યાર સુધીમાં ૩૧ જણે અવકાશયાત્રા કરી છે. સ્પેસ ટૂરિઝમ માટે વિકસાવવામાં આવેલું આ યાન ફરી ફરી ઉપયોગમાં લઈ શકાય તેવું હશે. આંધ્ર પ્રદેશમાં જન્મેલો ગોપી થોટાકૂરા ઍમ્બ્રી રિડલ ઍરોનોટિકલ યુનિવર્સિટીનો સ્નાતક છે. (એજન્સી) ■

ની પ્રેમાળ સ્મૃતિમાં...



અનલિકુમાર બોલે

1935 - 2024

પ્રાર્થના સભા

સોમવાર, 15મી એપ્રલિ,

સાંજે 4:30 - સાંજે 5:30 વાગ્યા સુધી

આર્ય સમાજ હૉલ, લૅમિંગ્ટન રોડ, સાંતાક્રુઝ (પ)

અમે તમને યાદ કરીએ છીએ...

રેખા, મેધના, વનિય, યશ અને પરિવાર

કે કવિતાએ 'આપ'ને ₹૨૫ કરોડ ચૂકવવા શરથ રેડ્ડી પર દબાણ કર્યું હતુંઃ સીબીઆઇ

નવી દિલ્હીઃ સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશન સીબીઆઇએ દિલ્હી એક્સાઇઝ પોલિસી કૌભાંડ કેસમાં આરોપી ભારત રાષ્ટ્ર સમિતિ બીઆરએસના નેતા કે કવિતા પર ગંભીર આરોપ લગાવ્યા છે. શુક્રવારે સ્પેશિયલ કોર્ટ પાસે કે કવિતાની કસ્ટડી માગતી વખતે સીબીઆઇએ જણાવ્યું કે કે કવિતા એ કથિત રૂપે ઓરોબિંદો ફાર્માના પ્રમોટર શરથ ચંદ્ર રેડ્ડીને દિલ્હીમાં પાંચ રિટેલ ઝોનના ખોલવાની મંજુરી આપવાના બદલામાં આમ આદમી પાર્ટીને ₹૨૫ કરોડ આપવા દબાણ કર્યું હતું. કોર્ટે કે કવિતાની ૧૫ એપ્રિલ સુધીની કસ્ટડી મંજૂર કરી છે.

સીબીઆઇએ કે કવિતા પર આરોપ લગાવ્યો હતો કે તેણે શરથચંદ્ર રેડ્ડીને ધમકી આપી હતી કે તે આમ આદમી પાર્ટીને કથિત કિકબેક માટે પૈસા નહીં ચૂકવે તેના બિઝનેસને નુકસાન પહોંચાડશે. દિલ્હી લિકર પૉલિસી કેસમાં સહ આરોપી શરથ ચંદ્ર રેડ્ડી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટનો અપ્રુવર બની ગયો છે. સીબીઆઇએ વિશેષ કોર્ટના ન્યાયાધીશ કાવેરી બાવેજાને જણાવ્યું હતું કે રેડ્ડીએ તેલંગાણાના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન કે ચંદ્રશેખર રાવની પુત્રી કે કવિતાના આગ્રહ અને ખાતરી પર જ દિલ્હીમાં દારૂના બીઝનેસમાં ભાગ લીધો હતો.

સીબીઆઇએ આક્ષેપ કર્યો છે કે ''દિલ્હીમાં દારૂના હોલસેલ બિઝનેસ માટે કે કવિતાએ શરથચંદ્ર રેડ્ડીને ₹૨૫ કરોડની અપફ્રન્ટ મની અને દરેક રિટેલ ઝોન માટે ₹૫ કરોડની ચુકવણી દિલ્હી સરકારમાં આમ આદમી પાર્ટીને આપવા દબાણ કર્યું હતું. ■

દુઃખદ અવસાન

સ્વ. નિહારિકા દિલીપભાઇ મહેતા

14/08/1948 - 12/04/2024

તમે હંમેશા અમારા હૃદયમાં અને અમારી પ્રાર્થનામાં અમારા ભાગ બનશો
અમે તમને યાદ કરીશું અને અમારા જીવનની દરેક પળમાં તમને પ્રેમથી યાદ કરીશું.

સ્વ. દિલીપભાઇ હીરજીભાઇ મહેતાના પત્ની
પુત્રો : કાર્તિક ડી. મહેતા અને કેવલ ડી. મહેતા
પૌત્રી : દિવ્યતા કે. મહેતા
98701 50090

મહેતા પરિવારના જય શ્રી કૃષ્ણ

ઈરાને ઈઝરાયલ પર હુમલાની ચેતવણી આપ્યા બાદ એર ઈન્ડિયાએ પોતાનો રૂટ બદલ્યો

નવી દિલ્હીઃ મિડલ ઈસ્ટના દેશોમાં ઈરાન અને ઈઝરાયલ વચ્ચે તણાવ ઉભો થયો છે, જેની અસર આખી દુનિયામાં જોવા મળી રહી છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધતા તણાવની અસર ભારતીય હવાઈ મુસાફરી પર પણ થવા લાગી છે. ઇરાને ઇઝરાયલ પર જવાબી હુમલાની ચેતવણી આપ્યા બાદ મધ્ય પૂર્વમાં તણાવ વધતાં એર ઇન્ડિયાની ફ્લાઇટ્સે આજે ઇરાની એરસ્પેસ પરથી ઉડ્યન કરવાનું ટાળ્યું હતું. સૂત્રોનું કહેવું છે કે યુરોપ જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ્સે ઈરાની એરસ્પેસ ટાળવા માટે લાંબો રુટ લીધો હતો. ભારત, ફ્રાન્સ અને રશિયા સહિતના દેશોએ તેમના નાગરિકોને આ પ્રદેશમાં મુસાફરી કરવા સામે ચેતવણી આપી છે,

ઇઝરાયલ-ગાઝા વચ્ચે છેલ્લા કેટલાક મહિનાથી સંઘર્ષ ચાલી રહ્યો છે. આ મહિનાની શરૂઆતમાં દમાસ્કસમાં ઈરાનના વાણિજ્ય દૂતાવાસ પર ઈઝરાયલના હવાઈ હુમલામાં બે સેનાપતિઓ સહિત સાત લોકો માર્યા ગયા બાદ મધ્ય પૂર્વના બે દેશો વચ્ચેનું 'શેડો વોર' ગરમાયું હતું. હવે ઇરાને પણ તેમાં ઝુકાવ્યું છે. ઇરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખમેનીએ આ સપ્તાહની શરૂઆતમાં ચેતવણી આપી હતી કે ઈઝરાયલને ''સજા થવી જ જોઈએ અને તેને સજા કરવામાં આવશે જ.'' તેમના એક સલાહકારે કહ્યું હતું કે ઇઝરાયલી દૂતાવાસ ''હવે સુરક્ષિત નથી''. ઇઝરાયલી સૈન્યએ કહ્યું હતું કે તેણે નાગરિકોને નવી સૂચનાઓ જારી કરી નથી, પરંતુ તેના દળો કોઇ પણ કટોકટીની પરિસ્થિતિનો સામનો કરવા સજ્જ છે. ભારત, ફ્રાન્સ અને રશિયા સહિતના દેશોએ તેમના નાગરિકોને આ પ્રદેશમાં મુસાફરી કરવા સામે ચેતવણી આપી છે.

અમેરિકન અને અન્ય ગુપ્તચર એજન્સીઓએ ઇરાન તરફથી ઇઝરાયલ પર જવાબી કાર્યવાહીનો ભય વ્યક્ત કરવામાં આવ્યો છે અને જણાવવામાં આવ્યું છે કે ઇરાન દ્વારા ઇઝરાયલ પર રવિવાર સુધીમાં હુમલો કરવામાં આવી શકે છે.

આ પહેલા શુક્રવારે ભારતે તેના નાગરિકોને ઇરાન અને ઇઝરાયલની યાત્રા ન કરવા કહ્યું હતું. એમ પણ જાણવા મળ્યું છે કે હવે ભારતીયોને કન્સ્ટ્રક્શન સેક્ટરમાં કામ કરવા માટે ઇઝરાયલ જવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ મહિનામાં ૬૪ ભારતીય કામદારોનો પ્રથમ બેચ ઇઝરાયલ જવા રવાના થયો હતો અને આગામી સમયમાં બીજા ૬,૦૦૦ ભારતીય કામદારો ઇઝરાયલ જવાના હતા. વિદેશ મંત્રાલયે ઇરાન અને ઇઝરાયલમાં રહેતા ભારતીયોને તેમની સુરક્ષાને લઇને અત્યંત સાવધ રહેવા અને ઓછામાં ઓછી હિલચાલ કરવાની સલાહ આપી છે. ભારતીયોને આગામી સૂચના સુધી ઇરાન અને ઇઝરાયલની મુસાફરી નહીં કરવાની પણ સલાહ આપવામાં આવી છે. ■

માર્ચમાં ગરમીના તમામ રેકોર્ડ તૂટી ગયા, સામાન્ય કરતા વધુ તાપમાન

નવી દિલ્હીઃ ક્લાઈમેટ ચેન્જની અસરને કારણે પૃથ્વીનું સરેરાશ તાપમાન સતત વધી રહ્યું છે. એવામાં તાજેતરમાં જાહેર થયેલા એક અહેવાલ મુજબ ગત માર્ચ મહિનામાં તાપમાનના અગાઉના તમામ રેકોર્ડ તૂટી ગયા છે. જો ઔદ્યોગિક કાળ પહેલાની સ્થિતિ સાથે સરખામણી કરવામાં આવે તો, આ વર્ષે માર્ચ મહિનામાં સરેરાશ તાપમાન ૧૮૫૦ અને ૧૯૦૦ વચ્ચેના માર્ચમાં નોંધાયેલા સરેરાશ તાપમાન કરતાં ૧.૬૮ ડિગ્રી સેલ્સિયસ વધારે રહ્યું હતું. કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસના તાજેતરના અહેવાલ મુજબ, તાપમાનના આ વધતા આંકડા દર્શાવે કરે છે કે પૃથ્વી ઝડપથી ગરમ થઈ રહી છે અને તેની અસરો સમગ્ર વિશ્વમાં અનુભવાઈ રહી છે. માર્ચ દરમિયાન સ્તરે સપાટીથી નજીકની હવાનું સરેરાશ તાપમાન ૧૪.૧૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ ૧૯૯૧ થી ૨૦૨૦ દરમિયાન માર્ચમાં નોંધાયેલા સરેરાશ તાપમાન કરતાં ૦.૭૩ વધુ છે.

આ પહેલા વર્ષ ૨૦૧૬માં સૌથી ગરમ માર્ચ મહિનો નોંધાયો હતો. માર્ચ ૨૦૨૪માં તાપમાન ૨૦૧૬ કરતા ૦.૧૦ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાયું હતું. ■

શ્રદ્ધા સુમન

જન્મઃ ૨૨.૦૮.૧૯૪૩ ઉ. વર્ષઃ ૮૦ સ્વર્ગવાસઃ ૧૨.૦૪.૨૦૨૪

સ્વ. શ્રી ધીરજલાલ ભગવાનજી વડગામા

પત્નીઃ હીરાબેન ધીરજલાલ વડગામા
ભાઈઃ સુરેશભાઈ, ભરતભાઈ, સ્વ. ચંદુભાઈ
દિકરી-જમાઈઃ રીના-યોગેશ પોપટ, હિના-ભાસ્કર રાડિયા, ડિમ્પલ-સનિલ ગજ્જર, હિરલ-નીરજ ધીર
દોહિત્રી-દોહિત્રઃ કરિશ્મા યોગેશ પોપટ, સિદ્ધાર્થ સનિલ ગજ્જર, રાજ સનિલ ગજ્જર, પ્રિયા ભાસ્કર રાડિયા, શ્યામ ભાસ્કર રાડિયા

પ્રાર્થના સભા

રવિવાર, ૧૪.૦૪.૨૦૨૪, સાંજે ૪:૩૦ થી ૬.૦૦ કલાકે
સ્થળઃ જલારામ હોલ, હાટકેશ સોસાયટી, જુહુ, વિલે પાર્લે (વે)

feedback@bombaysamachar.com

વિશેષ

શિવ-શક્તિથી ખુલશે આકાશગંગાના અગમ્ય રહસ્યો

સંજય શ્રીવાસ્તવ

આકાશમાં શક્તિ અને શિવનું મિલન ખગોળ વિજ્ઞાન માટે નિઃસંદેહ એક ક્રાંતીકારી ઘટના છે. તારાના સમુહના આ અતિપ્રાચીન શ્રૃંખલાને હિંદુ દેવી-દેવતાના નામથી શિવ અને શક્તિ નામકરણના પણ ઊંડા સૂચિતાર્થ છે. હિંદુ શાસ્ત્રોમાં શિવ અને શક્તિના મિલનથી બ્રહ્માંડની ઉત્પત્તિનું વિવરણ મળે છે. સૃજન અને બ્રહ્માંડના ગઠનના પ્રતીક સમાન આ નામકરણ આકાશગંગાની લૌકિક કથામાં ભારતીય દર્શનની મહત્ત્વપૂર્ણ ભૂમિકા દર્શાવે છે. તારામંડળના બે નવા જૂથો શિવ અને શક્તિ મળ્યા બાદ હવે આપણે આકાશગંગા અને બ્રહ્માંડના અનેક અગમ્ય રહસ્યોને ઉકેલી શકીશું. આ તારામંડળ આકાશગંગાની પ્રાચીન વંશાવળીનું ચિત્રણ કરે છે. નવા ભારતમાં ખગોળ વિજ્ઞાન, અંતરિક્ષ વિજ્ઞાન અથવા લાઈપ સાયન્સિસ જેટલો લોકપ્રિય વિષય રહ્યો નથી.

એવું માનવામાં આવી રહ્યું છે કે આ બાબત સામાન્ય જીવનને સીધે સીધા પ્રભાવિત કરતા નથી અને તેથી જ આ ક્ષેત્રમાં થનારા સંશોધનો પર પૂરતી ચર્ચા થઈ શકતી નથી. મોટા ભાગે નક્ષત્ર અને જ્યોતિષ વિજ્ઞાન સુધી પહોંચીને આવી ચર્ચાઓ પૂરી થઈ જતી હોય છે. સામાન્ય ધારણા એવી છે કે જીવનની શક્યતા રહિત કોઈપણ ગ્રહ, નવા તારા, તેના વર્તન અને પ્રવૃત્તિઓની શોધ અથવા પછી ખગોળ સંબંધી, અવકાશી અને સૈદ્ધાંતિક હશે, વ્યાવહારિક નહીં. પરંતુ એવું નથી. વાસ્તવમાં આ સંદર્ભે ફક્ત એટલું જ કહેવાનું છે કે આકાશગંગાઓ તારાઓની એક પેઢીથી બીજી પેઢી સુધી વસ્તુઓ અથવા તત્ત્વોને રિસાઈકલિંગ કરે છે. તારાઓ અને તેના રિસાઈક્લિંગની પ્રક્રિયા વગર આપણું અસ્તિત્વ જ નથી રહેતું. આકાશગંગા આપણનું અવકાશમાં રહેલું ઘર છે. આપણી ઉત્પત્તિ અને ઉદ્‌ભવનું મૂળ છે. આપણને આપણા મૂળ વિશેની માહિતી બની શકે ત્યાં સુધી જાણવી જ જોઈએ. આકાશગંગાઓના અધ્યયનથી આપણે બ્રહ્માંડની પ્રકૃતિ ઉપરાંત એની પણ જાણકારી મેળવી શકીએ છીએ કે બ્રહ્માંડમાં પદાર્થ મોટા પાયે કેવી રીતે વ્યવસ્થિત રીતે રહી શકે છે.

આકાશગંગાઓનો ઈતિહાસ આપણને એવી માહિતી આપશે કે વર્તમાન આકાશગંગા અને તેનું સંગઠન જૂની આકાશગંગાતી કેમ અને કેવી રીતે અલગ પડે છે. આકાશગંગામાં સ્થિત તારાઓની સંખ્યાની વધ-ઘટ વિશેની પણ માહિતી મેળવવાથી તારાના વિલય, જન્મ અને મૃત્યુની જાણકારી મળી શકશે. ૧૦૦ અબજ આકાશગંગાવાળા અવકાશમાં ગુરુત્વાકર્ષણથી બંધાયેલા અબજો તારા, તારાના અવકાશી અવશેષ, ધુળ, તારાઓની વચ્ચે રહેલા ગેસ (વાયુ) અને બ્લેક મેટરની હાજરી હોય છે. પૃથ્વીના કદથી ઓછામાં ઓછા ૧૭ અબજ ક્ષુદ્ર ગ્રહ આકાશગંગામાં રહે છે અને આપણે પોતાની આકાશગંગાની વિકાસ પ્રક્રિયાને જાણ્યા બાદ બીજી આકાશગંગાઓ પર લાગુ કરીને જોઈ શકીએ છીએ કે આ પ્રક્રિયા તેમના પર કેવી રીતે કામ કરે છે. આ સંદર્ભમાં જોવામાં આવે તો જર્મનીના મેક્સ પ્લાન્ક ઈન્સ્ટિટ્યૂટમાં ખગોળવિદ્ ખ્યાતિ મલ્હાન દ્વારા યુરોપની અતંરિક્ષ એજન્સીના ગાઈયા ટેલિસ્કોપમાંથી જૂના તારાઓની બે શ્રૃંખલાઓ શિવ અને શક્તિના સંશોધનનું મહત્ત્વ સમજાય છે.

એસ્ટ્રોફિઝિકલ નામના સામયિકમાં પ્રકાશિત સંશોધનપત્રમાં જણાવવામાં આવ્યું છે કે આપણા સૂર્યથી એક-એક કરોડ ગણા વધુ ભાર ધરાવતી આ બંને શિવ અને શક્તિ શ્રૃંખલાઓ ૧૨-૧૩ અબજ વર્ષ જૂની છે. બિગ-બેંગથી આકાશગંગાઓનું નિર્માણ ૧૩.૮ અબજ વર્ષ પહેલાં શરૂ થયું હતું. એ બાબતને ધ્યાનમાં લેતાં આ પ્રમાણમાં નવી આકાશગંગાના નિર્માણની સમકાલીન ગણી શકાય. આવામાં આપણી આકાશગંગાનું નિર્માણ કેવી રીતે થયું તે રહસ્યને પામી શકાશે. આપણી આકાશગંગાના કેન્દ્રથી લગભગ ૩૦,૦૦૦ પ્રકાશવર્ષ દૂર આવેલી શિવ અને શક્તિ બે ધારાઓ છે. શિવ કેન્દ્રની નજીક છે, જ્યારે શક્તિ સમુહ દૂર છે. એવું માનવામાં આવે છે કે મોટી આકાશગંગાનું સર્જન નાની નાની આકાશગંગાની ટક્કરથી થાય છે. ટક્કરમાં તારા અથડાતા નથી, પરંતુ તારાઓનો સમુહ મળે છે અને નાની આકાશગંગાનું મોટી આકાશગંગામાં વિલીનીકરણ થઈ જાય છે. મોટા ભાગના તારાઓ વિલય પછી પણ મૂળ આકાશગંગાની કોણીય ગતી અને દિશા સાથે સંકળાયેલા મૂળભૂત ગુણ જાળવી રાખે છે. તારાઓની સ્થિતિ, અંતર અને ગતિનું આકલન કાઢીને જાણવા મળ્યું છે કે શિવ અને શક્તિ બંને અલગ અલગ આકાશગંગાઓના અવશેષ છે, જેમણે એક થઈને શંભવત આપણી પૃથ્વીની આકાશગંગા મંદાકિનીના નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. સંશોધનકારીઓએ યુરોપિયન સ્પેસ એજન્સીના ગાઈયા દુરબીનથી ઉપલબ્ધ કરાવેલા ડેટા અને યુએસ સ્લોઅન ડિજિટલ સ્કાય સર્વેના આંકડાને ભેગા કરીને એવું જાણવા મળ્યું કે શિવ અને શક્તિના તારાઓની કોણીય ગતિ આકાશગંગાના કેન્દ્રમાં સ્થિત તારાની સરખામણીમાં વધુ છે. નવા તારામાં ધાત્વિક તત્ત્વ વધુ હોય છે, જ્યારે આમાં ઘણું ઓછું હતું. આનાથી સ્પષ્ટ થાય છે કે આનું નિર્માણ ઘણું પહેલાં થયું હશે. શક્તિ અને શિવ શ્રૃંખલાના તારાનું રાસાયણિક બનાવટ ૧૨-૧૩ અબજ વર્ષ પહેલાં જન્મેલા તારાઓ જેવી છે. આ તારાઓમાં લોખંડ, કાર્બન, ઓક્સિજન અને અન્ય ભારી ધાતુનું પ્રમાણ ઓછું છે. આ ધાતુઓ તે તારાઓમાં હાજર હતી જે બ્રહ્માંડના નિર્માણની શરૂઆતમાં બન્યા હતા. જ્યારે જૂના તારાઓનું જીવન પુર્ણ થયું અને તેઓ તૂટ્યા ત્યારે આ તત્ત્વો આખા બ્રહ્માંડમાં વિખેરાઈ ગયા હતા. આ વિશ્લેષણ એવું છે કે જેમ કોઈ જગ્યા પર એક એવી વસ્તીના અવશેષો મળવા જે આજે વિકસિત થઈને મોટું શહેર બની ગયું છે. આકાશગંગાઓ સતત બદલાતી રહેતી હોય છે. તારાઓનો જન્મ થયા બાદ તેમાં અનેક મોટા ફેરફાર થઈ ચૂક્યા છે.

આપણે જાણીએ છીએ કે આકાશગંગાઓ આજે પણ બની રહી છે અને મળી રહી છે. આકાશગંગાના ટકરાવાની અને વિલીન થઈને નવી આકાશગંગા બની હોવાના અનેક દાખલા છે.

શક્તિ અને શિવની શોધ આપણી આકાશગંગાના ભૂતકાળના જટિલ વિગતોને ખોલવામાં, તેની રચના અને અન્ય ઉત્પત્તી બાબતે વ્યાપક જાણકારી આપવા ઉપરાંત તેના વિકાસ અને આકાર સાથે સંકળાયેલી પ્રક્રિયાની અમુલ્ય જાણકારી આપશે.

લેખક વિજ્ઞાન વિષયના જ્યેષ્ઠ પત્રકાર છે.

-ઈમેજ રિફ્લેક્શન સેન્ટર■

કવર સ્ટોરી (સાતમા પાનાનું ચાલુ)

લાગતું હતું, પણ મમતા વાઘણની જેમ લડ્યાં.

મમતાએ સૌથી મોટો દાવ માત્ર ને માત્ર નંદીગ્રામ બેઠક પરથી ચૂંટણી લડવાનું એલાન કરીને ખેલેલો. મમતાના ખાસમખાસ શુભેન્દુ અધિકારીને તોડીને અમિત શાહ ભાજપમાં લઈ ગયા ત્યારે જ મમતાએ એલાન કરી દીધેલું કે,પોતે વિધાનસભાની ચૂંટણીમાં નંદીગ્રામ બેઠક પરથી ચૂંટણી લડશે. મમતાએ પહેલાંની ચૂંટણીમાં કોલકાત્તાની ભવાનીપુર બેઠક પરથી જીતેલાં તેથી સૌને એમ હતું કે,મમતા ભવાનીપુર બેઠક ઉપરાંત નંદીગ્રામ બેઠક પરથી પણ લડશે ....

આપણે ત્યાં મોટા ભાગના રાજકારણીઓ એક સલામત બેઠક રાખીને બીજી બેઠક પરથી લડે છે ત્યારે મમતાએ માત્ર ને માત્ર નંદીગ્રામ બેઠક પરથી લડવાનું નક્કી કરીને ભાજપની હવા કાઢી નાખેલી. તેના કારણે એવો મેસેજ ગયો કે, મમતા પોતાની જીત પર પૂરો વિશ્વાસ છે અને એ કોઈથી જરાય ડરતા નથી. મમતાના આ મિજાજે 'તૃણમૂલ કૉંગ્રેસ'ના કાર્યકરો પર ચમત્કારિક અસર કરી. મમતા નંદીગ્રામમાં હારી ગયેલાં, પણ આ દાવ કરીને બંગાળમાં જીતી ગયેલાં. મમતાએ એકલા હાથે ભાજપને ધૂળ ચાટતો કરીને ઈતિહાસ રચી દીધો ને જીતની હેટ-ટ્રિક સરજી હતી.

મમતા અત્યારે એ જ સ્થિતિમાં છે ને વાઘણની જેમ એમણે આ વખતે પણ એકલા હાથે મોરચો સંભાળ્યો છે. કેન્દ્ર સરકાર મમતાના ખાસ માણસો અને મંત્રીઓને એક પછી એક જેલમાં ધકેલી રહી છે, પણ તેના કારણે મમતાના જુસ્સા પર અસર પડી નથી.

હવે મમતાનો આ જુસ્સો 'તૃણમૂલ કૉંગ્રેસ'ને લોકસભાની બેઠકો પર ફરી જીતાડે છે કે નહીં એ હવે જોવાનું છે.

ટૂંકી વાર્તા (આઠમા પાનાનું ચાલુ)

રૂમમાં લઈ ગયા ડોક્ટર ખાન. હરિલાલને સમજાયું કે હવે ડાક્ટર પોતાને આપેલી ઈ હૃત્તિક રોશનવાળી સ્પીચ વાઇફને આપસે, મેગેઝિન બતાવસે, દારાસિંગ જેવા ચીનના કૂતરાની ને બ્રિટનની લાયલાની વાત કરસે. જિન થેરેપીથી માણસ કેવું નવું નક્કોર થઈ જાય ઈ સમજાવસે. હરિલાલને મોકલેલા તેમ જ હવે વાઈફને પોતાના ખર્ચે કોલુમ્બિયા મોકલસે ને અઠવાડિયામાં વાઇફ પાછી આવસે ત્યારે હરિલાલની સાથે નૈંન સોં નૈંન મિલાવવાનું થાસે પણ ગાવાની વાત ઉપર ભમરડો ફરી જાસે. હરિલાલે હરખાઈને પોતાની જાંઘે ઓલી ધોળી ઇન્ટર્ન જેવો થાપો માર્યો.

-૪-

નુવર્ક એરપોર્ટ ઉપર કડકડતી ટાઢમાં હરિલાલ ઊભા રહ્યા. અંદર હીટ ચાલુ હતી તોયે ઠંડી લાગતી હતી. બોગોતાથી સ્પિરિટ એરલાઈનની ફ્લાઈટ ફોર્ટ લોડરડેલ થઈને નુવર્ક ઉપર લેન્ડ થઈ ચૂકી હતી. ઉકેરાટમાં હરિલાલે પગ પછાડ્યા. ઈમિગ્રેશન, કસ્ટમ્સ, લગેજ... હજી મુસાફરો બહાર આવ્યા જણાતા નહોતા. એરાઈવલ લાઉન્જમાં ડ્રાઈવરો પેસેન્જરોનાં નામ લખેલાં પાટિયાં સાથે રાહ જોતા ઊભા હતા. બીજી ફ્લાઈટોના પેસેન્જર પોતાનો સામાન ઢસડતા આવતા હતા. હરિલાલને ચટપટી થતી હતી કે ક્યારે વાઇફ આવે, ક્યારે ટેક્સી લઈને બંને ઘરે પહોંચે ને ક્યારે વાઇફ દાળઢોકળી બનાવે.

આખરે સ્પિરિટના પેસેન્જરો આવવા લાગ્યા. કોઈક ઈન્ડિયન દેખાય ને હરિલાલનું ડોકું ઊંચું થાય. કોઈ ધાબળો ઓઢેલાં ડોસીમા. કોઈ જર્સી પહેરેલો સ્ટૂડન્ટ. કોઈ પાઘડીવાળા સરદારજી. એક વોરા ફેમિલી. નો વાઇફ. નો પ્રોબલેમ. જેની વાટ જોતા હોઈએ તે લેટ જ આવે, કુદરતનો નિયમ છે, હરિલાલે મનમાં જાતને ધારણા આપી. ટેબલ એપલ પેની! હરિલાલ હમણાં હમણાંથી ટેબલ એપલ પેનીની ટ્રિક કરતા. એ ત્રણ વર્ડ મનમાં બોલે એટલે નોનસેન વિચારો દૂર થઈ જતા ને મગજ બીજા વિચારે ચડી જતું. અને હલ્લો! વાઇફનો રુંછાંવાળા કોલરનો જાડો કોટ દેખાયો. વાઇફએ માથે એકસ્કિમો જેવો ટોપો પહેરેલો. મોઢા ઉપર મફલર.

વેલકમ, હની! હરિલાલે વાઈફને હગ્ગ કરીને કહ્યું. વાઇફએ સામે હગ્ગ કરીને પૂછ્યું, મને મિસ કૈરીતી, હની? આઈ સી, હરિલાલને નિરાશા થઈ, કેમકે વાઈફનો વોઈસ બદલાયો નહોતો. કદાચ ધીમે ધીમે બદલાશે?

મને કિસ કર, હની! વાઇફે ટોપો ખોલીને મોં લંબાવ્યું. વાઇફે વોઇસ નહીં બદલાવેલો, વાઇફે ચહેરો બદલાવેલોઃ વાઇફનો નવો ચહેરો ઐશ્વર્યા રાય જેવો હતો.*

* હરનિશ જાનીને સાદર■

મોર્નિંગ મ્યૂસિંગ (સાતમા પાનાનું ચાલુ)

શાખામાં મોકલવામાં આવ્યા હતા. ત્યાં એમણે માન્યતાના ભ્રમ (ઇલ્યુઝન ઓફ વેલિડિટી) નો સિદ્ધાંત આપ્યો. તેમાં એમણે કહ્યું હતું કે જે વ્યક્તિ એના ઓફિસર વિશે ધારણા બાંધે છે એ વધુ પડતા આત્મવિશ્વાસનો શિકાર બની શકે છે અને તેના કારણે કોઈના વિશે ખોટો નિર્ણય લઈ શકે છે.

પાછળથી આ સિદ્ધાંત બિહેવ્યર સાઈકોલોજીમાં ખૂબ લોકપ્રિય થયો હતો, જેમ કે એક જુગારીને એવો આત્મવિશ્વાસ હોય છે કે એને જુગારનો બહુ અનુભવ છે એટલે એ પરિણામનું સટીક અનુમાન કરવા સક્ષમ છે, પણ હકીકત એ છે કે જુગાર સંયોગ કે નસીબનો ખેલ છે. એવી જ રીતે, શેરબજારના સફળ રોકાણકારને એવો ભ્રમ થઇ જાય છે કે ઉત્તમ શેર ખરીદવાની એનામાં વિશેષ કુશળતા છે, પણ હકીકત એ છે કે મોટાભાગના સફળ રોકાણકારોનું લાંબા ગાળાનું રિટર્ન સરેરાશ કરતાં થોડુંક જ ઉપર હોય છે.

ઈઝરાયલમાં લગ્ન કર્યા પછી, ડેનિયલ યુનાઇટેડ સ્ટેટ્સમાં 'યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયા'માં આવ્યા હતા. અહીં એમણે મનોવિજ્ઞાનમાં પીએચડી કરી હતી. એ ઇઝરાયેલ પરત ફર્યા અને ૧૯૬૧ થી ૧૯૭૭ સુધી 'હિબ્રુ યુનિવર્સિટી'માં ભણાવ્યું હતું. આ દરમિયાન ઇરા સાથેનાં એમનાં લગ્ન તૂટી ગયાં હતાં. ૧૯૭૯માં એમણે મનોવિજ્ઞાની એની ટ્રેઇઝમેન સાથે લગ્ન કર્યાં હતાં. બંનેએ સાથે મળીને ઘણું સંશોધન કર્યું હતું. એનીનું ૨૦૧૮માં અવસાન થયું હતું.

ડેનિયલ કાહ્નમનનું સૌથી અગત્યનું પ્રદાન માણસની કથિત તાર્કિક શક્તિના ક્ષેત્રમાં છે. આપણે જો અણુથી લઈને પરગ્રહ સુધી જવાની ટેક્નોલોજીકલ પ્રગતિને જોઈએ તો એવું લાગે કે માણસની બુદ્ધિ આ બ્રહ્માંડમાં સૌથી સર્વશ્રેષ્ઠ છે, પરંતુ મનોવિજ્ઞાન, ન્યૂરોસાયન્સ, રાજનીતિ, અર્થશાસ્ત્ર અને અન્ય વિદ્યાઓમાં આવતા સમાચારોને જોઈએ તો એવું લાગે કે માણસ જેવું બેવકૂફ પ્રાણી બીજું કોઈ નથી...!

ડેનિયલે માણસના મગજના આ વિરોધાભાસને સમજાવવા માટે, ૨૦૧૧માં થિન્કિંગ, 'ફાસ્ટ એન્ડ સ્લો' નામનું બેસ્ટસેલર પુસ્તક લખ્યું હતું. મનોવિજ્ઞાનીઓએ વર્ષો પહેલાં શોધ્યું હતું કે મગજ બે હિસ્સામાં વહેંચાયેલું હોય છે; ડાબું અને જમણું. જે વ્યક્તિનું ડાબું મગજ વધુ સક્રિય હોય તો, એનામાં તાર્કિક વિચાર કરવાની, વિશ્લેષણ કરવાની અને તથ્યો જોવાની શક્તિ વધુ હોય. જમણું મગજ જો વધુ સક્રિય હોય તો એ વ્યક્તિમાં સર્જનાત્મકતા, કલ્પનાશીલતા, કળાત્મકતા વધુ હોય.

ડેનિયલ કાહ્નમને મગજનાં આવાં વિભિન્ન વિભાજનોને ફાસ્ટ એન્ડ સ્લો (તેજ અને ધીમા)માં વહેંચી નાખીને ઝંઝટ સરળ કરી નાખી હતી. એ કહે છે કે મગજ બે સિસ્ટમ પ્રમાણે વિચારો કરે છેઃ સિસ્ટમ-૧ અને સિસ્ટમ-૨.

સિસ્ટમ-૧ ઝડપથી વિચારે છે અને તેની પ્રકૃતિ અચેતન, લાગણીશીલ અને સહજ (કોઠાસૂઝ વાળી) હોય છે. ઝડપી વિચારોનું પરિણામ તાબડતોબ ધારણા બાંધી લેવામાં, પૂર્વગ્રહો કેળવવામાં, રિએકશનમાં- પ્રતિક્રિયામાં આવે છે.

સિસ્ટમ-૨ ધીમી હોય છે અને તેમાં સભાન અને તાર્કિક રીતે વિચારો થાય છે, ચિંતન થાય છે.

ડેનિયલે કહ્યું હતું કે આપણા નિર્ણયો પાછળ આ બંને સિસ્ટમ કામ કરે છે. મોટાભાગના લોકો ધીમી સિસ્ટમને ટાળે છે, એમને ફટાફટ વિચારવાનું અનુકૂળ પડે છે. આપણને સૌને એવું માનવાનું ગમતું હોય છે કે હું તો બહુ તાર્કીક છું અને

વિચાર-મંથન કરીને નિર્ણયો લઉં છું પરંતુ વાસ્તવિકતા એ છે કે મોટાભાગના કિસ્સામાં આપણે સિસ્ટમ-૧ની ગટ ફીલિંગના આધારે તાબડતોબ ધારણા બાંધીએ છીએ અને પછી સિસ્ટમ-૨ના માધ્યમથી એને તાર્કિક ઠેરવીએ છે. જેમ કે, કોઈ મેડિકલ ઈમરજન્સીમાં ડોક્ટર કાચી સેંકડમાં નક્કી કરતાં હોય છે કે એણે શું કરવાનું છે. આગ લાગી હોય તો ફાયર બ્રિગેડના જવાન પળે પળે બદલાતી સ્થિતિમાં વીજળીક ગતિએ નિર્ણયો બદલતા હોય છે. રોડ પર અકસ્માત ટાળવા માટે એક ડ્રાઈવર વગર વિચારે જ કારને એક તરફ વાળતો હોય છે.

આવી ગટ ફીલિંગવાળી સિસ્ટમમાં ભૂલો થવાની સંભાવનાઓ હોય છે, પણ તેનામાં જોખમોને કે કામના અવસરોને પારખી લેવાની ક્ષમતા પણ હોય છે. દાખલા તરીકે, ન્યુયોર્ક ટ્વીન ટાવર્સ પર હુમલો થયો ત્યારે ઘણા લોકો ૫૦મા કે ૧૦૦માં માળેથી વગર વિચારે કૂદી પડ્યા હતા. તેમાં એમણે મોતથી બચવાની તક જોઈ હતી, પણ અંતતઃ એ પડીને જ મરી ગયા હતા. ડેનિયલ કાહ્નમને એ પુસ્તકમાં લખ્યું હતું, આપણામાંથી પ્રત્યેકને આપણે અસલમાં છીએ તેના કરતાં અધિક તર્કસંગત છીએ તેવું લાગતું હોય છે અને આપણે એવું માનતા હોઈએ છીએ કે આપણે જે પણ નિર્ણયો લઈએ છીએ તે લેવા માટે ઉચિત કારણો હોય છે. ઘણીવાર એનાથી ઊંધું હોય છે. આપણે કારણોમાં એટલા માટે માનીએ છીએ , કારણ કે આપણે અગાઉથી જ નિર્ણય લઇ લીધો હોય છે. આ બંને મગજ વચ્ચે હાવી થવાની લડાઇ કાયમ ચાલતી રહે છે. આ પુસ્તક વાંચવાનો ફાયદો એટલો જ છે કે આપણે કેવી રીતે અમુક પ્રકારના નિર્ણય કરી બેસીએ છીએ, અમુક પ્રકારની ધારણામાં બંધાઈ જઈએ છીએ, પૂર્વગ્રહોને સાચા માનતા થઈ જઇએ છીએ અને કેવી રીતે આપણે આપણા વિશે, બીજાઓ વિશે અને દુનિયા વિશે સ્ટોરી બનાવીને છીએ તે સમજવા મળે છે. વિચાર કરો કે યુદ્ધો કેમ થાય છે? બજારોમાં મંદી કેમ આવે છે? સામ્રાજ્યો કેમ બને છે અને કેમ તૂટી પડે છે? સમાજમાં અસમાનતા કેમ રહે છે? રાજકરણમાં ધ્રુવીકરણ કેમ થતું રહે છે? ફેક ન્યૂઝ અને પ્રોપેગેંડા કેમ ફેલાતા રહે છે?

બળાત્કારો અને ખૂન કેમ થતાં રહે છે? કારણ કે, આ પુસ્તક સમજાવે છે તેમ, સંજોગો અને અનુભવો બદલાય છે, પણ માણસની પ્રકૃતિ બદલાતી નથી. માણસનું મગજ આજે પણ એ જ રીતે કામ કરે છે, જેવું તે કરોડો વર્ષો પહેલાં ગુફામાં કામ કરતું હતું. આ પુસ્તક આપણને આવેગોમાં આવીને નિર્ણયો લેવાની વૃત્તિ સામે સચેત કરે છે. કાહ્નમન કહે છે તેમ, આપણને આપણા અજ્ઞાનનું જ્ઞાન નથી હોતું. આપણને બહુ ઓછો અંદાજ હોય છે કે આપણે કેટલું ઓછુ જાણીએ છીએ. આપણું મગજ તેનું અજ્ઞાન જાણવા માટે બન્યું નથી. આપણે આપણી ધારણાઓ અને નિર્ણયોમાં અતિ આત્મવિશ્વાસ રાખીએ છીએ....'■

આકાશ મારી પાંખમાં (નવમા પાનાનું ચાલુ)

મારી બર્થડે ગર્લને કોઈ પ્રોબલેમ છે, કેમ ગંભીર છે. નિમેષે પૂછ્યું.

નિમેષ આપણો પ્રેમ સાચો છે, એટલે આપણે ફરીથી મળી શકયા. પણ, હું અચાનક તને છોડીને જતી રહી, હીરોઈન બનવાના મોહમાં, નેમ, ફેમ અને વધુ પૈસા કમાવવાની લાલચમાં હું ઐયરની ચુંગાલમાં ફસાઈ ગઈ હતી. મેં એવી અક્ષમ્ય ભૂલ કરી, હવે હું તારા પ્રેમને યોગ્ય નથી.

આટલું બોલતા રાજેશ્રીના ગળે ડૂમો ભરાયો. મારી જન્મરાશિ મીન છે, એટલે મારા નસીબમાં આ દરિયામાં આમતેમ તર્યા કરવાનું, તડપવાનું જ લખ્યું છે. આજે બર્થડેને દિવસે આવા ભૂતકાળને શા માટે યાદ કરે છે. લેટ અસ ટોક અબાઉટ અવર ફ્યુચર. નિમેષે કહ્યું.

હું મારા મનનો ભાર તને કહી શકું ? રાજેશ્રીએ કહ્યું. નિમેષે હકારમાં માથું ધુણાવ્યું.

સાઉથની એક મુવીમાં મને હીરોઈન બનાવવાની ઓફર આપી ઐયર મને કર્ણાટક લઈ ગયો. મારી સાથે વિજયા સેઠ્ઠી અને મારીયા પણ હતી. પહેલે દિવસે લોકેશન જોવા અમે ચારે જણ સાથે ગયાં. અમને ત્રણેને ઐયરે કોઈના ઘરે રાખ્યાં હતાં. અમે લોકેશન પર જઈએ ત્યારે ઐયર સ્ટોરી સમજાવે. પછી કહે- બસ, સ્ટોરી રાયટર ઔર ડાયરેકટરસે સબકો મિલવા દું.

વિજયાએ તો કહી દીધું કે મૈં મેરે ગાંવ જાતિ હૂં, એક હસ્મેમેં આ જાઉંગી. એ જતી રહી. બે દિવસ પછી ઐયર અમારા ઘરે આવ્યો, મારીયા પાસે એણે વીસ હજાર માંગ્યા, મારીયાએ સાફ ના પાડી. ખૂબ મોટો ઝઘડો થયો. ઐયરે મારીયાને ધક્કો મારી સોફા પર ફેંકી. હું એની ઢાલ બની ઊભી રહી.

હું ગભરાઈ, મારે અહીં નથી રહેવું. એ રાત્રે ઐયરે દારૂ ઢેંચ્યો. હું અને મારીયા સૂતા હતા ત્યાં આવ્યો. હું સફાળી બેઠી થઈ અને મારીયાને કહ્યું- હમ અભી યહાં સે ભાગ જાતે હૈ.

અમે ત્યાંથી છટકી ગયા. મારીયા મુંબઈ આવીને એ ફરીથી દર્પણ ચેનલમાં જોડાઈ ગઈ. હું અહીં ભાવનગરમાં મામા-મામી સાથે છું.

તારા સાચા પ્રેમને હું ન પામી શકી એ જ મારી સજા. રાજેશ્રી કહ્યું.

રાજ, તારી હિંમતને લીધે તું એ નરાધમથી બચી ગઈ. અને આપણો પ્રેમ કંઈ પાંગળો નથી કે એક વાવાઝોડામાં ખતમ થઈ જાય.

કેકનો ટુકડો રાજેશ્રીને ખવડાવતા નિમેષે કહ્યુઃ- હેપી બર્થડે. વીલ યુ મેરી મી.

મન મીત મિલાના આ ઉત્સવમાં સુરજે પણ પોતાના કિરણો પાથર્યા.■

નરીમાન પોઇન્ટની પાળેથી (આઠમા પાનાનું ચાલુ)

(૯૪)

દિલ્હીમાં જ્યારે ૧૮૫૭ની ક્રાન્તિની તૈયારીઓ થઈ રહી હતી ત્યારે મુંબઈમાં ઔદ્યોગિક ક્રાન્તિના અગ્રણી હતા પારસીઓ. ઈ. સ. ૧૮૫૪માં સ્ટીમ પાવરથી ચાલતી કોટન મિલ સ્થાપવામાં આવી હતી અને એના માલિક કાવસ નાનાભાઈ દાવર હતા. આ પહેલાં રૂની ગાંસડી બાંધવાનું યાંત્રિક કારખાનું દાદીભાઈ નસરવાનજી વાડિયાએ શરૂ કર્યું હતું. ત્યારે દાદીભાઈ વાડિયાને સ્વપ્નમાંયે ખ્યાલ નહોતો કે એમના પરિવારના સભ્ય મુંબઈમાં દેશની અગ્રગણ્ય ગણાતી એવી મિલ સ્થાપશે. આ જ વખતે મહેરજીભાઈઓ વિદર્ભથી ૫૦૦ બળદગાડાં ભરીને રૂ મુંબઈ લઈ આવ્યા હતા. મુંબઈમાં આ રીતે એકસાથે આટલું બધું રૂ પહેલીવાર આવ્યું હતું.

મુંબઈ કોટન મિલ પ્રથમવાર સ્થાપવાનો યશ તો લઈ જાય છે, પરંતુ સત્ય એ છે કે ભારતમાં પ્રથમ કોટન મિલ કલકત્તાના પાદરે ઈ. સ. ૧૮૧૭માં એક અંગ્રેજે સ્થાપી હતી અને તેનું નામ 'બોવરીહ કોટન મિલ્સ' હતું. હજારો વણકરોને ઘરે બેસાડે એવાં સ્ટીમ પાવરથી ચાલતાં લુમયંત્રો ઈંગ્લેન્ડથી જહાજોમાં લાવવામાં આવ્યાં હતાં, પરંતુ સંજોગોની વાત છે કે એ કોટન મિલ્સનું સાહસ સરિયામ નિષ્ફળ નીવડ્યું.

મુંબઈમાં આજે જ્યાં ઉષાકિરણ જેવી ગગનચુંબી ઈમારત આવી છે એની તળેટીની જગ્યા આજે પણ પિટિટ મિલ કમ્પાઉન્ડ તરીકે ઓળખાય છે. અહીં ૧૮૫૫માં માણેકજી નસરવાનજી પિટિટે રોયલ મિલ્સ શરૂ કરી હતી અને પાછળથી એ મિલ્સને 'દિનશા પિટિટ મિલ્સ' એવું નામ આપવામાં આવ્યું હતું. સર દિનશા પિટિટ આ ઉદ્યોગમાં એટલી તો સફળતા સાંપડી કે થોડા જ સમયમાં સર દિનશા પિટિટની ગણના ભારતના શ્રીમંતમાં શ્રીમંત એવા માણસોમાં થવા લાગી.

સર દિનશા પિટિટનો મિલઉદ્યોગમાં ઉત્સાહ વધ્યો અને અત્યારે જ્યાં ભારતીય વિદ્યાભવન છે તેની નજીક ગાંવદેવી પરિસરમાં જમીનનો વિશાળ પ્લોટ ખરીદીને ત્યાં વિક્ટોરિયા મિલ્સ સ્થાપવાનો નિર્ણય કર્યો. આજે ત્યાં મિલ તો નથી, પરંતુ એ હજીયે વિક્ટોરિયા મિલ્સ તરીકે ઓળખાય છે. આ વિક્ટોરિયા મિલ્સ માટે મશીનરી અને એન્જિન્સ ખરીદવા નસરવાનજી અરદેશર વાડિયાને ૧૮૫૯ની સાલમાં ખાસ માન્ચેસ્ટર મોકલવામાં આવ્યા હતા. નસરવાનજી વાડિયા ત્યારે માત્ર ૨૭ વર્ષના યુવાન હતા અને ઈંગ્લેન્ડ જઈ મિકેનીકલ એન્જિનિયરીંગનો અભ્યાસ કરનાર પ્રથમ ભારતીય વિદ્યાર્થીઓમાંના એક હતા. ૧૮૬૩માં ઈંગ્લેન્ડથી પાછા ફરીને પોતાના બે પુત્રો નવરોઝજી (ઉં. વ. ૧૪) અને સોરાબજી (ઉં. વ. ૧૩)ને લીવરપુર ફેક્ટરી ટ્રેનિંગ માટે મોકલ્યા હતા. ૧૮૬૬માં મુંબઈ પાછા ફરી માત્ર ૧૭ વર્ષની યુવાન વયે નવરોઝજી પિટિટ મિલ્સમાં જોડાયા હતા. ત્યાર પછી કાગળ ઉત્પાદનની કળા શીખવા ફરી પાછા ઈંગ્લેન્ડ ગયા હતા અને ત્યાંથી પાછા ફરી સિંધ એન્ડ પંજાબ રેલવેમાં લોકોમોટીવ ડિપાર્ટમેન્ટમાં એન્જિનિયર તરીકે ૧૮૭૪માં જોડાવા જનાર હતા ત્યારે એક સંજોગ એવો બન્યો કે જેનાથી નવરોઝજીનું ભાગ્ય જ પલટાઈ જવા પામ્યું.

૧૮૭૪માં પિટિટ મિલ્સનું મુખ્ય એન્જિન ખોટકાઈ પડ્યું અને મિલ્સની તમામ લુમ્સ કામ કરતી અટકી પડી. પિટિટ મિલ્સના એન્જિનિયરોએ પોતાની અસમર્થતા દાખવી કે આ એન્જિન તેમનાથી સમારી શકાય એમ નથી. સર દિનશા પિટિટે નવરોઝજીને કહ્યું કે હવે તમે જરા નજર નાખી જુઓ. નવરોઝજી ત્યારે માત્ર ૨૫ વર્ષના હતા. આ જુવાનિયાએ માત્ર પંદર દિવસામાં એન્જિનને કામ કરતું કરી દીધું. આથી સર દિનશા પિટિટ એટલા તો ખુશ થઈ ગયા કે નવરોઝજીને મિલ્સના મેનેજર બનાવી દીધા.

રેલવેના લોકોમોટીવ એન્જિનિયર બનવાને બદલે મિલ મેનેજર બનેલા નવરોઝજીએ સર દિનશા પિટિટને મિલ્સમાં સુતરાઉ ધાગા (કોટન થ્રેડ્સ) અને હોઝિયરી બનાવવાનાં યંત્રો આયાત કરવા કહ

feedback@bombaysamachar.com

કવર સ્ટોરી

વિજય વ્યાસ

મમતા બેનરજીને ભાજપ પછાડી શકે ખરો?

આ બંગાળી મેયે-દીકરીના લડાયક મિજાજ પર અહીંની બંગ-પ્રજા ફિદા છે. આ અગાઉ પણ મમતાદીદી ચૂંટણી વ્યૂહરચનામાં ભાજપ કરતાં બે વેંત ઊંચા સાબિત થયાં છે.

લોકસભાની ચૂંટણીમાં પહેલા તબક્કાના મતદાન આડે હવે ગણીને એક અઠવાડિયું પણ બચ્યું નથી. ૧૯ એપ્રિલે પહેલા તબક્કામાં ૧૦૨ બેઠકો માટે મતદાન થવાનું છે ત્યારે ચૂંટણીનો હજુ માહોલ જોઈએ એવો જામ્યો નથી. કૉંગ્રેસ આ વખતે ભાજપને ટક્કર આપી શકે એવી સ્થિતિમાં નથી એવી છાપના કારણે લોકો એવું જ માની બેઠા છે કે, લોકસભાની આ ચૂંટણી એકતરફી રહેવાની છે અને ભાજપ સરળતાથી જીતી જશે.

આ કારણે મોટા ભાગનાં રાજ્યોની ચૂંટણી વિશે લોકોમાં બહુ ઉત્સુકતા નથી, પણ કેટલાંક રાજ્યોમાં શું થશે તેના પર સૌની નજર છે. આ રાજ્યોમાં પશ્ચિમ બંગાળ સૌથી પહેલું આવે કેમ કે ભાજપ અત્યાર સુધી વિપક્ષના જે નેતાઓ સામે વામણો સાબિત થયો છે તેમાં મમતા બેનરજી મુખ્ય છે. અત્યંત આક્રમક અને લડાયક મિજાજનાં નેતા મમતા અને ભાજપ વચ્ચે આ વખતે આર યા પારની લડાઈ છે.

ભાજપે સંદેશખલીની હિંસાના મુદ્દાને ચગાવીને પૂરી તાકાતથી હિંદુ વર્સીસ મુસલમાનનું કાર્ડ ખેલી નાંખ્યું છે. સંદેશખલીમાં તૃણમૂલ કૉંગ્રેસના મુસ્લિમ ગુંડા હિંદુ સ્ત્રીઓને હવસનો શિકાર બનાવતા હતા એવો પ્રચાર ભાજપ જોરશોરથી કરી રહ્યો છે. સામે મમતા પણ એમની અસલ લડાયકતા અને ઝનૂન સાથે ભાજપ સામે લડી રહ્યાં છે તેથી આ મુકાબલો રસપ્રદ બની ગયો છે.

ભાજપ ૨૦૧૪માં લોકસભાની ચૂંટણી જીતીને કેન્દ્રમાં સત્તા પર આવ્યો ત્યારથી શરૂ કરીને બંગાળમાં લોકસભાની બે અને વિધાનસભાની બે ચૂંટણીથઈ ગઈ. આ ચારેય ચૂંટણીમાં ભાજપે મમતા બેનરજીને પછાડવા પૂરી તાકાત લગાવી દીધી, પણ એકેય વાર સફળતા મળી નથી. એ ચારેય ચૂંટણીમાં ભાજપ પરાજિત થયો છે અને મમતા વ્યૂહરચના અને લડાયકતા બંનેમાં ભાજપ કરતાં બે વેંત ઊંચા ને ચઢિયાતાં સાબિત થયાં છે.

આ ચૂંટણીમાં મમતાની 'તૃણમૂલ કોંગ્રેસ' કરતાં ભાજપ વધારે બેઠકો લઈ જશે એવી આગાહીઓ થઈ રહી છે. ચૂંટણી વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોર જેવા લોકો પણ આવી વાતો કરી રહ્યા છે ત્યારે શું થશે એ જોવાનું છે, પણ મમતાની બંગાળમાં મર્દાના અને સ્વચ્છ પ્રતિભા ધરાવતાં નેતા તરીકેની છબીને જોતાં ભાજપ માટે એમને પછાડવાં અઘરાં તો છે જ.

બંગાળીઓ મૂળ આદર્શવાદી પ્રજા છે. અહીંની બંગ પ્રજા કોઈ પણ પ્રકારનો 'અન્યાય' જલદી સહન કરતી નથી. એને ક્રાન્તિની વાતો બહુ ગમે છે. બંગાળમાં ડાબેરીઓ એ જ વાતો કરીને જામી ગયેલા ને મમતા પણ એ જ વાતો કરીને રાજ કરે છે. બંગાળીઓને

સાદગી અને પોતાની સંસ્કૃતિ માટે પણ ગૌરવ છે.મમતાલ એમની સાદગી માટે પણ જાણીતાં છે. મુખ્યમંત્રી બન્યા પછી પણ એ પોતાની વરસો જૂની મારુતિ ઝેન કારમાં સફર કરે છે. વર્ષો જૂનાં બાપીકી બાડી-ઘરમાં રહે છે. વરસોથી એ કોટનની સાડી જ પહેરે છે ને પગમાં સાદાં ચપ્પલ (કેટલીક વાર તો રબ્બરના સ્લિપર!) બધે પહીરીને ફરે છે. કોઈ દાગીના કે જ્વેલરી એમણે કદી પહેરી નથી કે કદી મેકઅપ કર્યો નથી.

આ સાદગીના કારણે જ મમતા સામે ભ્રષ્ટાચારના આક્ષેપોનો મારો થયો, છતાં બંગ પ્રજા એમને પસંદ કરે જ છે. શારદા કૌભાંડમાં સંડોવણીના આક્ષેપો છતાં એમની લોકપ્રિયતા અકબંધ છે. બંગાળીઓએ મમતાની મર્દાના લડાઈને પણ જોઈ છે. કૉંગ્રેસના જામી ગયેલા નેતાઓથી માંડીને જ્યોતિ બસુ જેવા જોરાવર ડાબેરી મુખ્ય મંત્રી અને એમના ગુંડાઓ સુધીનાને ઉખાડી ફેંકવા માટે મમતા જાનની બાજી લગાવીને લડ્યાં તેના કારણે પણ બંગાળીઓ એમના પર ફિદા છે.

આ કારણે જ મમતા સામે ભાજપ ગમે તેટલા આક્ષેપો કરે કે ગમે તે પેંતરા અપનાવે કે ધમપછાડા કરે તો પણ કોઈ અસર થતી નથી. ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં પણ મમતાને હરાવવા ભાજપે સામ, દામ, દંડ, ભેદ એમ તમામ પેંતરા અજમાવ્યા હતા, પણ મમતા એકલા હાથે લડીને ભાજપને માત્ર પછાડ્યું જ નહોતું, પણ બે તૃતિયાંશ બહુમતી મેળવીને ભાજપનું નાક સુધાં વાઢી લીધેલું!

ભાજપમાં રાષ્ટ્રીય પ્રમુખ જે. પી. નડ્ડા છે , પણ બંગાળમાં એ વખતે ભાજપની ચૂંટણી ઝુંબેશની જવાબદારી તેમજ ચૂંટણીવ્યૂહરચનાના ખાં ગણાતા અમિત શાહને સોંપાઈ હતી. ભાજપના ચૂંટણી પ્રચારનું સુકાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે સંભાળેલું. મિથુન ચક્રવર્તીથી માંડીને બાબુલ સુપ્રિયો સુધીના સ્ટાર્સને મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા. દેશ આખો કોરોનાના કારણે તકલીફમાં હતો ત્યારે પોતાની ફરજ ભૂલીને મોદી સરકારના તમામ પ્રધાનો ભાજપને જીતાડવા બંગાળમાં ધામા નાખીને પડ્યા હતા.

કહે છે કે એ વખતે મમતાદીદીને હરાવવા પાણીની જેમ પૈસો વાપરવામાં આવ્યો હતો. મમતાની નજીક મનાતા હતા ને જીતી શકે એવા 'તૃણમૂલ કૉંગ્રેસ'ના નેતાઓને ખરીદવા રીતસર બજાર શરૂ થઈ ગયું હતું. મુકુલ રોયથી માંડીને શુભેન્દુ અધિકારી સુધીના મમતાની નજીકના નેતાઓને મોં માગી કિંમત આપીને ખેંચી લાવવામાં આવેલા. જે સીધી રીતે ના આવે એમને કેન્દ્રીય એજન્સીઓની મદદથી દબાવવામાં આવેલા.. એ વખતે 'તૃણમૂલ કૉંગ્રેસ' ના દિગ્ગજો સાથ છોડી જતાં મમતા એકલાઁ પડી ગયાં છે એવું (જુઓ પાનું ૬) ▶▶

feedback@bombaysamachar.com

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી

ડેનિયલ કાહન્મનઃ મગજની 'બેવકૂફી'ના ગુરુ!





પશ્ચિમમાં જે કામ માનસશાસ્ત્રીનું છે. ભારતમાં તે કામ ગુરુઓ-મહાત્માઓ અને સંતોનું છે. આ બંને - માનવીય મગજની વાસ્તવિક પ્રકૃતિની વાત કરે છે. ફર્ક એટલો જ છે કે એક ગુરુ કે સંત ખુદના અનુભવોનું અર્થઘટન કરે છે.

ખુદના વિચારો, વર્તન, લાગણીઓ, ઈચ્છાઓ અને ઇન્દ્રિયોનો અભ્યાસ કરે છે, જ્યારે એક માનસશાસ્ત્રી બીજાલોકોનાં મનનો, એમના વિચારો, વર્તન અને લાગણીઓનો અભ્યાસ કરે છે. બંને માનવીય વર્તનને સમજવાનો પ્રયાસ કરે છે, પણ એકનો અભિગમ સબ્જેક્ટિવ છે તો બીજાનો ઓબ્જેક્ટિવ. એટલે હમણાં ૨૭મી માર્ચે અવસાન પામેલા નોબેલ પુરષ્કાર વિજેતા માનસશાસ્ત્રી ડેનિયલ કાહ્નમનને સમાચારપત્રોએ આચરણના 'ગુરુ' (બિહેવ્યર ગુરુ) ગણાવ્યા ત્યારે એમાં આશ્ચર્ય થવા જેવું નહોતું. ડેનિયલે એમનું આખું જીવન માનવ મગજ કેવી રીતે કાર્ય કરે છે તે સમજવામાં વિતાવી દીધું હતું. લોકો જે પણ નિર્ણયો કરે છે તે કેવી રીતે અને શા માટે કરે છે તેમજ આ જટિલ દુનિયામાં તેમના વિચાર-વર્તન શેનાથી પ્રભાવિત થાય છે તે સમજવામાં એમને બહુ રુચિ હતી. ઇઝરાયલી-અમેરિકન કાહ્નમનનો જન્મ ૫ માર્ચ, ૧૯૩૪ના રોજ લિથુઆનિયન યહૂદી પરિવારમાં થયો હતો. એમણે જેરુસલેમની હિબ્રુ યુનિવર્સિટીમાંથી સ્નાતકની પદવી મેળવી હતી. જ્યારે ઈઝરાયલ ૧૯૫૪માં એક અલગ દેશ બન્યો, ત્યારે એમણે ઈઝરાયેલી સેનામાં સેકન્ડ લેફ્ટનન્ટ તરીકે સેવા આપી હતી.

થોડા સમય પછી એમને મનોવિજ્ઞાન (જુઓ પાનું ૬) ▶▶

neil@veenaworld.com

અરાઉન્ડ ધ વર્લ્ડ

નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World

ભારતીય પાસપોર્ટ મજબૂત બની રહ્યો છે

ભારતીય પાસપોર્ટ ધરાવવાના લાભો શું છે? મારી શરત છે કે અગાઉ તમે આવી ચર્ચામાં ક્યારેય ભાગ નહીં લીધો હોય. બીજી બાજુ મને ખાતરી છે કે તમે દુનિયામાં સૌથી શક્તિશાળી પાસપોર્ટસ વિશે ઘણા બધા લેખો વાંચ્યા હશે. જોકે ભારતીય પાસપોર્ટ તે યાદીમાં બહુ નીચે આવે છે. તો ચાલો,મને આ વિષય કઈ રીતે સૂઝ્યો તે પરથી શરૂઆત કરીએ.

થોડા મહિના પૂર્વે હું વર્ષાંત સમયે અબુ ધાબી ખાતે અબુ ધાબી ગ્રાન્ડ પ્રિક્સમાં ગયો હતો. જો તમે યુનાઇટેડ આરબ અમીરાત (યુએઈ)માં દુબઈ, અબુ ધાબી અથવા શારજાહમાં નિયમિત જતા પ્રવાસી હોય તો ઈમિગ્રેશન માટે નિયમિત પ્રક્રિયા વિશે સારી રીતે વાકેફ હશો. આમાંથી કોઈ પણ શહેરમાં તમારું વિમાન ઉતરાણ કરે તે પછી તમને ઈમિગ્રેશન થકી પસાર થવું પડે છે, જ્યાં અમુક વાર લાંબી લાઈન હોય છે. આ પછી બેગેજ ક્લેઈમ ખાતે જવું પડે છે અને ત્યાર પછી કસ્ટમ્સની વિધિ થકી પસાર થવાનું હોય છે, જે પછી જ તમે બહાર નીકળી શકો છો. જોકે આ વખતે મારી પત્ની અને હું અબુ ધાબીમાં ગયાં ત્યારે અમને સુખદ આશ્ચર્ય અનુભવવા મળ્યું.

વિમાનમાંથી ઊતરીને અમે અબુ ધાબીના નવીનતમ મિડફિલ્ડ ટર્મિનલ ખાતે ઈમિગ્રેશન થકી પસાર થવાનું શરૂ કર્યું. સામાન્ય રીતે જો તમારી પાસે ભારતીય પાસપોર્ટ હોય તો તમે (૧) ઓટોમેટેડ ઈમિગ્રેશન ઈ-ગેટ્સ જુઓ છો, (૨) તે ગેટ્સમાંથી આસાનીથી નીકળી જતા અન્ય દેશના દરેક અન્ય પ્રવાસી(એવું જણાય છે)ને જોઈને ઈર્ષા કરો છો, (૩) બીજી બાજુ તમે પોતે લાંબી લાઈન તરફ જવાનું શરૂ કરો છો, અને (૪) તમે બહાર નીકળો ત્યાં સુધી રીતસર થાકી જાઓ છો. જોકે હું મારા નિર્ધારિત સ્થળે પહોંચવા માટે આગળ વધતો હતો ત્યારે એક મહિલા અધિકારી મારી પાસે આવી અને પૂછ્યું કે મેં અગાઉ અબુ ધાબીની મુલાકાત લીધી છે કે નહીં, જે મેં લીધી હતી. આ પછી અધિકારીએ મને કહ્યું કે હું ખોટી દિશામાં જઈ રહ્યો છું અને મારે ઈ-ગેટ્સનો ઉપયોગ કરવો જોઈએ! મને ખાતરી હતી કે તે કોઈક ભૂલ કરે છે અને તેથી મેં તેને કહ્યું કે મારી પાસે ભારતીય પાસપોર્ટ છે અને મને બે વાર ખાતરી કરી લેવાની હતી કે હું આ અત્યંત ઝડપી ઈમિગ્રેશન ગેટ્સ થકી હકીકતમાં પસાર થઈ શકું કે કેમ! અમને મોટો આંચકો લાગ્યો હતો! અને તે છતાં અધિકારી જે બોલી રહી હતી તે માનવામાં આવતું નહોતું છતાં તેને ખોટી ઠરાવવા અમે ઈ-ગેટ્સ તરફ આગળ વધ્યાં.

પગલું ૧: તમારો પાસપોર્ટ સ્કેન કરો. પગલું ૨: કેમેરામાં જુઓ અને સહજ રીતે ગેટ મારી સામે ખૂલી ગયા. અહો આશ્ચર્યમ! હું બહાર નીકળી ગયો! કોઈ લાંબી લાઈન નહીં, વાટ જોવાની નહીં અને અબુ ધાબીના સી-વર્લ્ડ, ફેરારી વર્લ્ડ અથવા વોર્નર બ્રોસ વર્લ્ડ તરફ તમે આગળ નીકળી શકો છો. તે બહુ આસાન હતું!અમે અબુ ધાબીના મિડફિલ્ડ ટર્મિનલમાંથી પ્રસ્થાન કરતાં હતાં ત્યારે પણ આવો જ અનુભવ થયો. લાઈનમાં ઊભાં રહેવાની જરૂર નહીં! પાસપોર્ટ સ્કેન કરો, કેમેરામાં જુઓ અને રુઆબમાં આગળ નીકળી પડો! તમારા અને મારા જેવા ભારતીય પાસપોર્ટ ધારકો માટે પ્રક્રિયામાં આ નાના પણ અત્યંત કાર્યક્ષમ ફેરફારે અમને પહેલી વાર ગૌરવનું ભાન કરાવ્યું!

આ ડિજીયાત્રાનો ઉપયોગ કરવા જેવું હતું (ફેસ રેકગ્નિશન ટેકનોલોજી, જેમાં ભારતમાં ડોમેસ્ટિક ઉડાણ માટે બોર્ડિંગ પાસ અને આઈડીની જરૂર નથી), પરંતુ વિદેશમાં!

આ પછીની મારી ટ્રિપ સગાપોરની હતી, જે દેશ તેના અત્યંત કઠોર નિયમો માટે ઓળખાય છે! જોકે હું ઈમિગ્રેશન અધિકારીઓ તરફ જતો હતો ત્યારે ત્યાં ઈ-ગેટ્સ જોયા! તમારે ફક્ત એસજી અરાઈવલ કાર્ડ અચૂક ભરવાનું રહે છે અને તમે ૧ મિનિટથી પણ ઓછા સમયમાં ઈમિગ્રેશન વિધિ પૂર્ણ કરી શકો છો! છે ને ખરેખર અદભુત?

આખરે મને સૌથી વધુ રોમાંચિત કરનારી એક બાબત આ વર્ષે ત્રીજી વાર હું ગયા સમાહમાં થાઈલેન્ડમાં પ્રવેશ્યો તે છે. જો તમે થાઈલેન્ડમાં જઈ આવ્યા હોય તો તમે વાકેફ હશો કે ભારતીય પાસપોર્ટ ધારકોએ થાઈલેન્ડમાં પ્રવેશ કરવા વિઝાની જરૂર પડે છે. આ વિઝા મેળવવા માટે તમારે ટ્રિપ પૂર્વે વિઝા માટે અરજી કરવાની હોય છે અથવા ઈન્ટરનેશનલ એરપોર્ટ સાથે બેન્ગકોક, ફુકેત અથવા કોઈ પણ અન્ય થાઈ સિટીમાં આગમન પર વિઝા મેળવી શકો છો. અહીંની પ્રક્રિયા એકદમ સીધીસટ હતી: ઉતરાણ કરો, 'વિઝા ઓન અરાઈવલ' ચિહ્નની દિશામાં આગળ વધો, ફોર્મ ભરો, તમારો પાસપોર્ટ આકારનો ફોટો જોડો, વિઝા અધિકારી તમારું વિઝા ફોર્મ તપાસ કરે છે, ટિકિટ પાછી આપે છે અને તમને વિઝા સ્ટેમ્પિંગ કાઉન્ટર તરફ દોરે છે. વિઝા પર સ્ટેમ્પ લાગે છે અને તમને ઈમિગ્રેશન કાઉન્ટર તરફ દોરવામાં આવે છે અને તમે બેગેજ લેવા જઈ શકો છો. આ પ્રક્રિયા સામાન્ય રીતે સીધીસટ હતી, જેમાં સારો એવો સમય જતો હતો! જો તમે તાજેતરમાં પ્રવાસ અંગેના સમાચાર વાંચ્યા હોય તો તમે સાંભળ્યું હશે કે નવેમ્બરના આરંભથી થાઈ સરકારે બધા ભારતીય પ્રવાસીઓ માટે વિઝા ફ્રી કરી દીધા છે. મારી પત્ની અને હું તેનાથી સારી રીતે વાકેફ હતાં. વિઝા ફ્રી છે છતાં તે આવશ્યક છે એવું હું ધારતો હતો. આથી અમે ફુકેત ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે વિઝા ઓન અરાઈવલ ડેસ્ક તરફ આગળ જવાની તૈયારી કરતાં હતાં અને ફરી એક વાર સુખદ આંચકો લાગ્યો. બે મહિનાથી ઓછા સમયમાં ત્રીજી વાર આવો અનુભવ થયો. તેથી હા, વિઝા ફ્રી છે. આટલું જ નહીં, ફ્રી વિઝા સાથે તમારે વિઝા ઓન અરાઈવલ થકી પણ પસાર થવાની બિલકુલ જરૂર નથી. સીધા જ ઈમિગ્રેશન તરફ જાઓ, તમારા પાસપોર્ટ પર સ્ટેમ્પ મરાવો અને કામ થઈ ગયું. તમે બેગેજ ક્લેમ ખાતે પહોંચી જાઓ છો. તો અત્યંત ઝડપી ઈમિગ્રેશન પ્રક્રિયા માટે યુએઈ અને સિંગાપોરની યાદીમાં થાઈલેન્ડને પણ ઉમેરી દો.

આ બધા કિસ્સાએ મને વિચારતો અને સંશોધન કરવા પ્રેરિત કર્યો! હું ભારતીય પાસપોર્ટ ધરાવવાના બધા લાભોની યાદી બનાવવા માગતો હતો. અને મનેબહુ જ ગૌરવ સાથે કહેવા દો કે આવા ઘણા બધા વધુ પ્રવાસના લાભો છે, પરંતુ અહીં મને જેનો પરિચય થયો તે સૌથી ટોચના લાભોમાં છે: થાઈલેન્ડના પગલે ચાલતાં ઘણા બધા દેશોએ ભારતીય પ્રવાસીઓ માટે વિઝા ફ્રી કરી દીધા છે. આનો અર્થ એ કે આપણે આ વિઝા પર થનારો ખર્ચ આ સર્વ સ્થળો ખાતે અનુભવો માણવા પર કરી શકીએ!

જો તમે તમારા પાસપોર્ટ ઈન્ડેક્સની તાકાત જોવા માગતા હોય તો ભારતીય પાસપોર્ટ આજે ઉચ્ચ ૭૦ અથવા ૮૦થી નીચે ક્રમે આવે છે. જોકે અબુ ધાબી, સિંગાપોર અને થાઈલેન્ડમાં મારી છેલ્લી ત્રણ ટ્રિપોએ મને એવો અનુભવ કરાવ્યો છે કે ભારતીય પાસપોર્ટ આ ઈન્ડેક્સમાં ઝડપથી ઉપર જઈ રહ્યો છે અને આપણો પાસપોર્ટ ટૂંક સમયમાં જ ટોચના ૬૦ અથવા ટોચના ૫૦માં સ્થાન મેળવે એ સમય દૂર નથી ! આમાં કોઈ બેમત નથી... તો તમારું આગામી સમાહ શુભ નીવડો એવી શુભકામના અને અમે વીણા વર્લ્ડમાં હંમેશાં કહીએ છીએ તેમ, જીવનની ઉજવણી કરતા રહો ! આવજો...

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઇટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.

feedback@bombaysamachar.com

નરીમાન પોઈન્ટની પાળેથી

મૂલચંદ વર્મા

નાખોદા સ્ટ્રીટનું નામ નાખોદા મહમદ અલી રોગે માટે અપાયું છે

(ગતાંકથી ચાલુ)

નાખોદા સ્ટ્રીટ પણ મુંબઈમાં નાગદેવી સ્ટ્રીટ અને અબ્દુલ રહેમાન સ્ટ્રીટ પરિસરમાં આવી છે. નાખોદા એટલે વહાણનો કેપ્ટન કે માલિક. ફારસીમાં 'નાખુદા' શબ્દ છે. આ સ્ટ્રીટ કંઈ ભંડારી સ્ટ્રીટ જેવી નથી. આ નામ નાખોદા મહમદ અલી રોગે માટે અપાયું છે. ૧૮૪૮-૧૯૧૦ના સમયમાં થઈ ગયેલા નાખોદા મહમદઅલી રોગે સરકારી લેજીસ્લેટીવ કાઉન્સિલના પહેલવહેલા મુસ્લિમ સભ્ય હતા. સરકારે એમની નિમણૂક કરી હતી. એમના પિતાએ ૧૮૩૭માં જામા મસ્જિદનું સમારકામ અને વિસ્તૃતીકરણ કરાવ્યું હતું. નાખોદા સ્ટ્રીટમાં એમના પૂર્વજોનું નિવાસસ્થાન નહોતું.

આવી જ વાત કાલબાદેવી પર આવેલી 'પોપટવાડી' ધરાવે છે. અહીં પોપટ બજાર નહોતું કે પોપટના વેપારી રહેતા નહોતા. અહીં શ્રીમંત પાઠારે ક્ષત્રિય મોરોબા પોપટનું નિવાસસ્થાન હતું. તેમના નામથી પોપટવાડી નામ આવ્યું છે.

સુખલાજી સ્ટ્રીટ દાણચોરીથી આવેલી ઘડિયાળો અને અન્ય ચીજો માટે આજકાલ નામચીન છે. આ સુખલાજી કોઈ હિન્દુ કે જૈન મારવાડી નથી. એ નામ એક પારસી સદ્‌ગૃહસ્થનું છે. સુખલાજી અને જામાસજી નામના બે ભાઈઓ અઢારમી સદીના અંતભાગમાં ગૂણી-કોથળાના કાપડ 'બનાત'ના વેપારી હતા અને તેઓ સુખલાજી-જામાસજી નામથી પ્રખ્યાત હતા. સુખલાજીને પુત્ર ન હતો અને જામાસજીના પુત્ર ખરશેદજીએ (૧૮૦૯-૧૮૭૦) બનાતનો વેપાર ચાલુ રાખ્યો હતો. સુખલાજી અટક અપનાવી હતી. આ વિસ્તારમાં વસતા ખરશેદજી જામાસજી સુખલાજી (બનાતવાલા)ના નામ ઉપરથી સુખલાજી સ્ટ્રીટ નામ આપ્યું છે.

મુંબઈ સમાનતા વિશે માન્યતા ધરાવે છે. અહીં સંત, પીર, રાજકીય નેતા, સમાજસેવિકાના નામથી રસ્તાઓ, ગલીઓ છે તો કોલભાટ સ્ટ્રીટ નજીક એક બંધ ગલીનું નામ તારા નાયકણ ગલી છે, તારા નાયકણ એક નર્તિકા-નાચનારી હતી.

એક ઉંદરિયા સ્ટ્રીટ મસ્તાન તળાવ વિસ્તારમાં આવી છે. આ નામ ઉંદરોની વસતીના કારણે આવ્યું નથી. અહીં કોંકણી મુસલમાન ઈમામુદ્દીન બાબાસાહેબ ઉંદરે રહેતા હતા. તેમના નામ ઉપરથી ઉંદરિયા સ્ટ્રીટ નામ આવ્યું છે.

મસ્તાન ટેન્ક રોડ-મસ્તાન તળાવ માર્ગ એ નામ મુસ્લિમ સૈયદ મસ્તાન શાહ કાદરીના નામ ઉપરથી આવ્યું છે. લગભગ બસો વરસો પર સૈયદ મસ્તાન શાહ બગદાદ નજીક આવેલા હમાથી હિન્દુસ્તાન આવવા નીકળ્યા હતા અને મુંબઈ આવ્યા હતા. તળાવ નજીક એમની કબર આવી છે. શ્રી આર. પી. કરકરિયા જણાવે છે કે છેલ્લા પેશ્વા બાજીરાવ બીજાના સમયમાં સૈયદ મસ્તાન શાહ અહીં આવ્યા હતા.

કાલાચોકીમાં કાળો જુલમ થયો નહોતો. અહીં પોલીસ ચોકી સ્થાપવામાં આવી ત્યારે એની દીવાલોને બહાર કાળો ડામર લગાડવામાં આવ્યો હતો અને લોકો એને 'કાલા ચોકી' કહેવા લાગ્યા.

ભીંડી બજાર વિસ્તારમાં ડુંગરી સ્ટ્રીટ આવી છે. અહીં કોઈ ડુંગર-ડુંગરી નથી. કચ્છી વેપારીઓ અહીં કાંદાનો વેપાર કરતા અને કાંદા રાખતા હતા. કચ્છી ભાષામાં કાંદાને ડુંગરી કહે છે અને એ ઉપરથી આ નામ આવ્યું છે.

મુંબઈ ધોબી, સુથાર, કુંભાર, ભોઈ (પાલખી ઉપાડનારા), ભીસ્તી (પખાલમાં પાણી પૂરું પાડનારા), ભંડારી, ભટને ભૂલ્યું નથી તો હજામ કોમ રહી જાય! પાયધોની નજીક બાપુ હજામ સ્ટ્રીટ છે. બાપુ હજામ એ કોંકણી મુસલમાન હતો. હજામ ઉપરાંત તે ફોડા-ફોલ્લી ચીરવાનું અને તે માટે મલમ આપવાનું કામ કરતો. એ સુન્નત કરવા માટે પણ જાણીતો હતો અને એની પત્ની દાયણનું કામ કરતી હતી.

ચર્નીરોડ જંક્શન પરિસરમાં પારસીઓ, અન્ય ગુજરાતીઓ અને મહારાષ્ટ્રીયનો મુખ્યત્વે રહે છે ત્યાં એક બાલારામ સ્ટ્રીટ છે. આ બાલારામ તેલગુ બિલ્ડિંગ કોન્ટ્રેક્ટર હતા અને તેનું આખું નામ રાવ બહાદુર એલપ્પા બલરામ હતું. એનો જન્મ કોલાબા ખાતે ૧૮૫૦માં થયો હતો અને અવસાન ૧૯૧૪માં થયું હતું. એના પિતા બ્રિટિશ લશ્કરને દૂધ પૂરું પાડવાનો કોન્ટ્રેક્ટ ધરાવતા હતા, પણ બાલારામે અન્ય તેલગુ બિલ્ડિંગ કોન્ટ્રાક્ટર નાગુ સયાજીની સલાહથી બિલ્ડિંગ કોન્ટ્રેક્ટરના વ્યવસાયમાં ઝંપલાવ્યું હતું. વરલી અને ભંડારવાડા વોટર રિઝરવોયર એમણે બાંધ્યા હતા.

આપણે નગરસેવકો એક વિદ્વાન વીર પુરુષનું નામ આપવાનું ભૂલી ગયા છીએ એ માણસ છે દાદોબા પાંડુરંગ (તરખડકર). ૧૮૧૪-૧૮૫૨ દરમિયાન થઈ ગયેલા આ વિદ્વાને મરાઠી, અંગ્રેજી, સંસ્કૃત અને ગુજરાતી ભાષાનું ઊંડું અધ્યયન કર્યું હતું. મરાઠી ભાષાના વ્યાકરણના તેઓ પિતામહ છે. મુંબઈના રેવ ટેલરે ગુજરાતી ભાષાનું પહેલું વ્યાકરણ લખ્યું તો દાદોબા પાંડુરંગે મરાઠી ભાષાનું પહેલું વ્યાકરણ લખ્યું. દાદોબાનું નિવાસસ્થાન ગિરગાંવ-ઠાકુરદ્વાર પરિસરમાં જૂની શૈલીની હવેલી જેવું હતું. દાદોબાએ તે જમાનામાં જાતિવાદ, જાતિભેદ નાબૂદ કરવાની અને વિધવા વિવાહની હિમાયત હિંમતથી કરી હતી.

ભારતની પ્રથમ ફીચર ફિલ્મ 'સત્યવાદી હરિશ્ચંદ્ર' બનાવનાર દાદા સાહેબ ફાળકે અને પ્રથમ બોલતી ફિલ્મ 'આલમઆરા' બનાવનાર અરદેશર ઈરાનીના નામના માર્ગ મુંબઈમાં છે, પણ 'આલમઆરા'ની હિરોઈન ઝુબેદાનું નામ કોઈ માર્ગને અપાયું નથી.

(જુઓ પાનું ૬) ▶▶

ખાખી મની-૨૪

અનિલ રાવલ
anil.rawal@bombaysamachar.com

'સતનામ પંજાબી ફૂડ નહીં, કેનેડા કે શીખોં કો ખાલિસ્તાની મૂવમેન્ટ કા ગાજર દિખા કે ગાજર કા ત્રાસવાદી હલવા ખીલા રહા હૈ'

પંજાબના અંતરિયાળ વિસ્તારમાં એક ગોદામમાંથી શસ્ત્રોનો જથ્થો પકડ્યા પછી અને ખાસ કરીને ગુરચરનસિંઘને જીવતો પકડવામાં નિષ્ફળ ગયા બાદ રોના ચીફ આક્રમક મિજાજમાં આવીને ખેડૂત આંદોલનમાં જોડાયેલા ખાલિસ્તાની ત્રાસવાદીઓને પંજાબના ખૂણેખાંચરેથી શોધી શોધીને ચૂપચાપ ખતમ કરવા માડ્યા હતા. જેનો ઘેરો પડઘો કેનેડામાં પડ્યો. બબ્બર, સરદાર સંધુ, ગુરચરનસિંઘ તેમજ અન્ય સંખ્યાબંધ મોટાં માથાઓને હણાતા જોઇને કેનેડામાં શીખોમાં ફફડાટ પેસી ગયો. તેઓને કેનેડામાં અસલામતી લાગવા માંડી. કઇ ઘડીએ ક્યાંથી ગોળી છૂટશે અને પોતે વિંધાઇ જશે એના ભયને લીધે તેઓ ગુરુદ્વારામાં જતાય ડરવા લાગ્યા. જોકે સતિન્દર અને તજિન્દરને બમણું ઝનૂન ચડ્યું હતું. એમની વિચારધારામાં ખાલિસ્તાની ચળવળ વણાઇ ગઇ હતી. આમેય જેના લોહીમાં ત્રાસવાદી વિચારધારાનું લોહી વહેવા લાગે એમને મોતનો ભય હોતો નથી. આવા લોકો પોતાની કે પોતાના માણસોની હત્યાને શહીદીમાં ખપાવી દઇને ત્રાસવાદી આગમાં ઘી હોમ્યા કરે છે.

થોડા સમાન વિચારધારાવાળા અને અલગાવવાદી લપેટમાં આવી ગયેલા ખાલિસ્તાનીઓ ચડતા સૂરજના સમયે ગુરુદ્વારામાં ગ્રંથી તજિન્દરસિંહની નિશ્રામાં મળ્યા. શહીદોને અંજલિ આપી. એમના સગાઓને હિંમત આપી ને બદલામાં ખાલિસ્તાની ઝંડો ઊંચકી રાખવાની ખાતરી માગી. બહાર ન સંભળાય એ રીતે 'સત શ્રીઅકાલ...જો બોલે સો નિહાલ'ના નારા લગાવ્યા. બધા એક પછી એક લપાતા છુપાતા....કોઇની નજરે ન ચડે એ રીતે નીકળી ગયા બાદ સતિન્દર અને તજિન્દર બેઠા રહ્યા.

'ભાઇ સાહબ, હમારે બહુત સારે લોગોં કી જાનેં ગઇ હૈ. લેકિન હમ ચૂપ નહીં બેઠેંગે. ટોડીસિંઘ તૈયાર હૈ. વો ગુરચરનસિંઘ કી જગહ સંભાલ લેગા' સતિન્દર થોડા મૌન પછી બોલ્યો.

'થોડા સબર કરતે હૈ. યહાં ઔર વહાં કા માહૌલ ઠીક નહીં હૈ.' તજિન્દરે કહ્યું.

'જી ભાઇ સાહબ.' સતિન્દર પગે લાગીને નીકળી ગયો.

***

લીલા પટેલ પતિ સતિન્દરની અસલિયત જાણ્યા બાદ લીચી પાસે હૈયું ઠાલવી તો દીધું, પણ પછી દીકરીને દુઃખી કરવા બદલ એને પસ્તાવો થવા લાગ્યો. લીચી ઘરે આવીને શાંત રહેવા લાગી. મા સાથે ખપ પૂરતી વાત કરવા લાગી. મા પૂછે તો કાંઇ નથી એવો ટૂંકો જવાબ આપે. માળિયા પર મૂકેલા પૈસા બાબતે એક વાર પૂછ્યું તો લીચી ચીડાઇ ગઇ.

'મા, તું આવી બધી નાહકની ચિંતા છોડીને ટીવી જોયા કરને.'

લીચીની આવા વેણે એને ઢીલી કરી નાખી. કેનેડામાં બેઠેલા ત્રાસવાદી પતિની અસલિયત એણે ટીવીમાં જ જોઇ હતી. એને લાગ્યું કે લીચી સામે ભૂતકાળની ડાયરીના પીળા પાનાં વાંચવાની મહા ભૂલ કરી બેઠી. ભૂતકાળના કાળા ઓછાયાએ અમારી વચ્ચેનો સંબંધ બગાડી નાખ્યો...બાપ પ્રત્યે નફરત અને પોતાના પ્રતિ ઘૃણા પેદા કરી. માની અકળામણ વધી ગઇ, પણ એને ક્યાં ખબર હતી કે લીચીને બાપની અસલિયતથી વધારે તકલીફ પોતાની તરફ લંબાઇ રહેલા અદ્રશ્ય પંજા આપી રહ્યા હતા.

***

ગ્રંથી હરપાલસિંઘની વાત સાંભળીને જગ્ગીનું દિમાગ હટી ગયું હતું. જગ્ગી એ જ ઘડીએ ઉદયસિંહ અને લીચીને બોલાવીને ફેંસલો કરી નાખવાના મૂડમાં હતો, પણ ગ્રંથી સાહેબની સલાહથી થોડો શાંત થયો હતો. ગ્રંથી સાહેબની વાતથી એને પાકી ખાતરી થઇ ગઇ કે લીચી અને ઉદયસિંહ જે બે કરોડ આપી ગયા એ રકમ વીસ કરોડમાંથી જ ચૂકવી હોવી જોઇએ. વીસ કરોડ શોધી આપવાનું કહ્યા પછી પણ એમણે કાંઇ કર્યું નથી...બંને આ બાજુ ફરક્યા નથી કે નથી ફોન કર્યો. સટકેલા મગજધારી જગ્ગીએ ઉદયસિંહને ફોન કર્યો.

'ઉદયસિંહ, બે કરોડ ચુકવી દીધા એટલે મામલો પૂરો નથી થઇ ગયો. તમારે મારી બેગ શોધી આપવાનું કામ હજી બાકી છે. કારની ઘટના તારી પોલીસ ચોકીની આસપાસ બની છે. હવે ચૂપચાપ મને બેગ આપી દો....નહીંતર ઉદય તારો અસ્ત થઇ જશે અને લીચીને ફરી ઝાડ પર લટકાવી દઇશ.'

'જગ્ગીભાઇ, માતાજીના સમ ખાઇને કહું છું. અમને બેગની કાંઇ ખબર નથી.' ઉદયસિંહ કરગરવા લાગ્યો.

'બસરાએ ઝેર ખાઇ લીધું ત્યારે સાદા ડ્રેસમાં અમદાવાદ એના ઘરે ખરખરો કરવા તમે જ ગયાં હતાને.' સાંભળીને ઉદયસિંહના ગળેથી થૂંક ઊતરતું અટકી ગયું.

'કોણ બસરા. અમે કોઇ બસરાને ઓળખતા નથી.' એણે કહ્યું.

'દેખ ઉદય, મેરા જગ્ગી દા ઢાબા હી નહીં જગ્ગી દા અડ્ડા ભી હૈ. બેગ દે કર જાના...વરના તૂમ દોનોં કો ઉઠા લુંગા.' જગ્ગીએ ફોન કાપી નાખ્યો...સામે છેડે ઉદયસિંહની હાલત કાપો તો લોહી ન નીકળે એવી થઇ ગઇ. એણે તરત જ લીચીને ફોન લગાવ્યો.

'લીચી, જગ્ગીને બેગની ખબર પડી ગઇ છે. એણે સીધી ધમકી આપી છે કે બેગ દે કર જાના.'

'અચ્છા.?' લીચી બોલી. 'સર, તમે એક કામ કરો. થોડા ડ્રગ્સનો બંદોબસ્ત કરો.'

'અરે આ શું મજાક માંડી છે લીચી.' ઉદયસિંહનું મગજ ગયું.

'મજાક નથી સર. જગ્ગીથી પીછો છોડાવવો છેને.'

'એમાં ડ્રગ્સ કે દિમાગ કાંઇ કામ નહીં આવે....ભાંડો ફુટી ગયો છે ને તૂં જગ્ગીને સારી રીતે ઓળખે છે.'

'આમાં દિમાગ નહીં ડ્રગ્સની જરૂર પડશે.'

'શું કરવું છે તારે.'

'ડ્રગ્સ એના ઢાબામાં મૂકી આવીને એને પકડાવી દેવો છે...ભાંડો આપણો નહીં એનો ફોડી ફુટી જશે.'

'એ કામ એટલું આસાન નથી અને ડ્રગ્સ ક્યાંથી લાવીશું અને એના પૈસા ક્યાંથી ચુકવીશું.?'

'ડ્રગ્સનો ધંધો તમે જાણો છો અને પૈસા બેગમાંથી આપી દેશું.' લીચીએ રસ્તો બતાવ્યો.

'લીચી, તું મોતને નોતરે છે.'

'ના સર, હું મોતના કૂવામાંથી બહાર નીકળવાનો માર્ગ કાઢું છું. પહેલાં રસ્તોગીનું કામ પતાવો ને પછી જગ્ગીનો ખેલ ખતમ કરો.'

'લીચી, તારી રમતમાં હા પાડીને મેં ભૂલ કરી.' ઉદયસિંહે મોબાઇલ પોતાના માથા પર પટક્યો.

***

એક દિવસ અચાનક પઠાનકોટના એક ઘરની બહાર એક કાર આવીને ઊભી રહી. ઉતાવળે બહાર આવીને ડ્રાઇવરે દરવાજો ખોલ્યો. એમાંથી કાળા ગોગલ્સ પહેરેલી એક જાજરમાન યુવતી ઊતરી. કારની બીજી બાજુએથી જાતે જ દરવાજો ખોલીને રોના ચીફ બલદેવરાજ ચૌધરી બહાર આવ્યા.

વિશાળ ઘરની ડેલીનો દરવાજો ખખડાવતા પહેલાં બલદેવરાજે કહ્યું: શબનમ, ઝરા આરામ સે..'

'જી સર.' કહીને એણે ડેલીની સાંકળ ખખડાવી. દરવાજો ખુલ્યો.

'યહ સતનામસિંઘ કા ઘર હૈ.?' શબનમે પૂછ્યું.

'હાંજી આપ કૌન.?' જૈફ વયે પહોંચેલી એક બાઇએ પૂછ્યું.

'આપ બતાઇયે આપ કૌન હો?' શબનમે સામો સવાલો કર્યો.

'મૈં ઉનકી વાઇફ ગુલરીન હું જી.' સાંભળીને શબનમે દરવાજાને હડસેલ્યો.

'હમેં આપ સે હી કામ હૈ' એ અંદર પ્રવેશી. એની પાછળ બલદેવરાજ ગયા.

'ઓય મેડમ...કૌન હો આપ લોગ...ક્યા કામ હૈ? અપના નામઠામ તો બતાઓ...એસે કહાં ઘૂસે આયે.' ગુલરીન બોલી.

'બાઇજી, હમ ઇન્ટેલિજન્સ એજન્સી સે હૈ....આપ સે કૂછ પૂછતાછ કરની હૈ.' બલદેવરાજે સલૂકાઇથી વાત કરી. ઇન્ટેલિજન્સ એજન્સી શબ્દ કાને પડતા ગુલરીન થોડી ઠંડી પડી.

'આઇએ....અંદર આઇએ..' એણે ટાઢા શબ્દોમાં આવકારો આપ્યો.

'આપ કા હસબન્ડ સતનામસિંઘ કહાં હૈ.?' શબનમે બેસતાની સાથે પૂછ્યું.

'કનેડા મેં' ટૂંકો જવાબ મળ્યો.

'ક્યા કરતા હૈ વહાં.?'

'પંજાબી રેસ્ટોરન્ટ ચલાતે હૈ.'

'અચ્છા...ક્યા ક્યા ખિલાતે હૈ વો.?' શબનમના અવાજમાં વ્યંગ હતો.

'સબ કૂછ જો વહાં આસાની સે નહીં મિલતા...તંદૂરી રોટી, સરસોં કા સાગ, શાહી પનીર, છોલે ભટુરે, રબડી...જિલેબી.' ગુલરીન સંકોચ સાથે બોલવા લાગી.

'બસ બસ બસ.....મૈં બતાતી હું વો ક્યા ખિલાતા હૈ. ગુલરીન બાઇજી, સતનામ પંજાબી ફૂડ નહીં, કેનેડા કે શીખો કો ગુલ ખીલા રહા હૈ....ખાલિસ્તાની મૂવમેન્ટ કા ગાજર દિખા કે ગાજર કા ત્રાસવાદી હલવા ખીલા રહા હૈ.' ગુલરીનનો ગુલાબી ઝાંયવાળો ચહેરો પીળો પડી ગયો.

'કેનેડા મેં ખાલિસ્તાની મૂવમેન્ટ કી નીવ ડાલનેવાલોંમેં સે વો એક હૈ.' બલદેવરાજે કહ્યું.

'મૈં ઇસકે બારે મેં કૂછ નહીં જાનતી.'

'ઇતને સાલોં મૈં આપ કેનેડા ક્યું નહીં ગઇ. સતનામને બુલાયા નહીં યા કોઇ ઓર કારન હૈ?' બલદેવરાજે પૂછ્યું.

'સતનામને વહાં કિસી મુસ્લિમ ઔરત કે સાથ શાદી કર લી હૈ. સચ હૈના?' ગુલરીન બોલી.

'રેકોર્ડ બતા રહા હૈ કી આપને કોશિશ તો બહુત કિ લેકિન...વીઝા રિજેક્ટ હોતા રહા. ક્યું જાના ચાહતી થી આપ કેનેડા.?' શબનમે પૂછ્યું.

'ઉસ ચુડેલ સે બદલા લેને. ઉસકા મૂંહ નોચને..' ગુલરીનનો ચહેરો હવે લાલ થઇ ગયો.

'સતનામસિંઘ કેનેડા કૈસે પહોંચા થા યાદ હૈ આપકો.?' શબનમે પૂછ્યું.

'નાજી....યાદ નહીં હમેં.'

હમ બતાતે હૈ....એક મ્યુઝિક બેન્ડ મેં કબૂતર બન કે ઘૂસા થા.' બલદેવરાજે કહ્યું.

'અચ્છા, એક બાત બતાઓ...યહ કૌન હૈ.?' શબનમે એક ફોટો કાઢીને બતાવ્યો.

'સતિન્દર. હમારા ભાંજા.'

'યહ યે કૌન હૈ.?' ગુલરીનની સામે બીજી તસવીર મૂકી.

(જુઓ પાનું ૧૦) ▶▶

ટૂંકી વાર્તા

મધુ રાય

ટેબલ એપલ પેની

(ગતાંકથી ચાલુ)

-૨-

હરિલાલે આંખો ખોલી તો માથે બુકાની જેટલા પાટા હતા. હરિલાલને ધ્રાસકો પડ્યો કે હરામખોરે સાચેસાચ હૃત્તિક રોશન તો નથી બનાવી દીધોને? વાઇફ લોહી પી જાય કે હવે ગઢપણમાં નટીયુંના સપનાં આવે છે, રાજાજીને? વાઇફ અમુક ચીજને રાજાજી કહેતી. રાજાજી રીસાય ત્યારે હરિલાલ કહેતા, હની, કિયે છે ને કે રાજા, વાજાં ને વાંદરાં. કોઈના કહ્યામાં ન હોય.

પાટા ખોલવા બીજો ડોક્ટર આવેલો. હરિલાલે અરીસો માગ્યો, નો, નો, ફેઈસ તો આપણો જ છે, ફાઈન ફાઈન.

ટેબલ, એપલ, પેની!

યસ યસ. ખાનની રિસેપશનિષ્ટનું નામ જૂડી હતું. ને કેનેડાવાળા નાનકાના દીકરાનું નામ નીલ છે. નાનકાનું પોતાનું નામ રજત છે. એની વહુનું નામ શ્યામા છે. ઈ લોકો મિસિસાગામાં રહે છે. વનટ્વેન્ટી વેલિંગ્ટન સ્ટ્રીટ, સેકન્ડ ફ્લોર. ફોન નંબર વનનાઈનઝીરોફાઈવ ટુથ્રીટુ થ્રીથ્રીફોર ટુટુનાઈનટુ! ઢનટણણણ! હરિલાલે ઇન્કલાબ જિન્દાબાદની સાઈન કરીને પોતાની જાતને કોન્ગ્રેટ આપ્યા. ડોક્ટર વોટીઝ યોર નેમ?

ડોક્ટરે હાથ મિલાવીને કહ્યું કે ડોક્ટર ફોન્સેકા. મેં તમારી સર્જરી કરી છે. યસ, યસ, તરત હરિલાલને યાદ આવ્યું કે એમનું ઓપરેશન છાનામાના સાઉથ આફ્રિકાના કોલુમ્બિયા દેશની હોસ્પિટાલમાં થયેલું. યાદ આવ્યું કે આવતી વખતે વિમાનમાં એને મગફળીનું પડીકું વેચનાર એરહોસ્ટેસનું નામ હતું સીરીના. તમારી કાલની ફ્લાઈટ માટે રેડી? ડોક્ટરે પૂછયું.

ઓહ યસ, યસ. રેડીના કાકા. ટેબલ એપલ પેની.

ધીમે ધીમે જાણે મગજ ઉપરથી મોતિયો ઉતરાવ્યો હોય એમ હોલેન્ડ સોલ હરિલાલને બધું યાદ આવવા માંડ્યું. નુવર્ક એરપોર્ટ ઉપર ઊતરતાં જ લોકલ ટેક્સીનો ફોન નંબર મોઢે યાદ આવી ગયો. આવતી વખતે કરેલી તે ટેક્સીના ડ્રાઈવરે લતા મંગેસકરનાં ગીત વગાડેલાં. ડ્રાઈવર ટર્કીનો હતો, નામ અલતાફ. હિન્દી ફિલ્મસોંગ ગમે છે? વ્હોટ? આઈડોન્નોવ, મને મ્યૂઝિક ગમે છે, ડ્રાઈવરે કહેલું. હરિલાલે મનોમન દાદ આપેલી. વ્હોટે ગ્રેટ આનસર. યસ, યસ. ડ્રાઈવર અલતાફની વાઈફ બ્લેક હતી, લુસિન્ડા. એની ટેક્સીનો નંબર હતો...

ફાઈન ફાઈન, હરિલાલે હરિલાલને કહ્યું. બહુ વાયડાયની જરૂર નથી. ત્યાં તો ટેક્સી આવી ગઈ. આ ટાઈમના ડ્રાઈવર જેડનની વાઈફ હતી કિયારા. એમને બે બાળકો હતાં.... સ્ટોપીટ. હરિલાલે મનોમન બૂમ પાડી. ઓક્કે, ઓક્કે, શોર્ટટાઈમ મેમોરીનો પોબલેમ સોલ થઈ ગયો છે. ઝાઝી ફિશિયારીની જરૂર નથી.

ટેબલ એપલ પેની તો ઘેર ગ્યું, પણ હવે આવું નોનસેન બધું સડસડ સડસડ યાદ આવવા માંડ્યું. હરિલાલને મુંઝારો થયો કે ગધનું ગયા જનમનું બધુંયે યાદ આવવા મંડસે કે સું? ને ગયા જનમનું યાદ આવે મીન્સ કે પછી તો કેટલા બધા જનમનું યાદ આવે? સાલું ચોરાસી લાખ જનમમાં પોતે કાંઈ કાળાં કામા કીધાં હોય તો ઈ યે બધું આખી જિંદગી યાદ આવતું રેસે? ને બ્રેઈનમાં કાંઈક લિમિટ તો હસે ને કે કેટલા ગિગાની મેમોરી છે? આહા! માણસનું ડેથ થાય ઈ ભગવાને કરેલી એક ટાઈપની જિન થેરેપી જ હસે ને?

ફરગેટીટ. હરિલાલે જાતને ટાપલો માર્યો. ડેથની વાત યાદ આવે ઈ ગઢપણની નિસાની કેવાય. તરત વાઈફની યાદ આવી. મનમાં ઉજાસ ઉજાસ થઈ ગયો. સાલું લાઈફમાં જનમભર યાદ રહી જાય એવી અમુક મજાઉં બી છે,

-૩-

વાઈફને સિક્રેટ ઈલાજની વાત કરી નહોતી. ડોક્ટરે બાય મધર લેવડાવેલા કે કોઈ કરતાં કોઈને કેવાનું નથી. વાઇફને જસ્ટ એમ કહેલું કે એને માટે બહારગામ કોક આસરમમાં અઠવાડિયું રેવા જાવાનું છે.

જિન થેરેપી કરાવ્યા બાદ હરિલાલની લાઈફ પાછી યુઝવલ રૂટિનમાં સેટ થઈ ગઈ હતી. સવારે બગીચામાં ટાઈમ પાસ થતો, બરફ પડે ત્યારે બરફ સાફ કરવામાં. બપોરે દાળઢોકળી ને પછી ક્રોસવર્ડ. સાક-બકાલું લેવા વાઈફ જતી ને મોટું સોપિંગ પોતે કરતા. ડિનર બનાવતી હોય ને હરિલાલ અડપલાં કરવા જતા તો વાઇફ ચાકુ બતાવતી. હરિલાલ ધરાર વાઇફને કિસ કરવા જાય તો ઈ હરિલાલની જાંઘ ઉપર ચીટિયો ભરતી. રાતના મોડે સુધી પાકિસ્તાની સીરિયલું જોવાતી વાઈફ સાથે. કોકવાર વાઈફના ખોળામાં પગ રાખીને હરિલાલ ચંપી કરાવતાં કરાવતાં સીરિયલ જોતા ને કોકોક વાત વળી તાન ચડે તો વાઈફના પગ દબાવી દેતા. વાઇફને કમરનો દુખાવો થયો હોય તો કમર ઉપર વહાલથી માલિસ બી એલાવ હતી. સવારે નવદસ વાગે બેય ઊઠતાં. હરિલાલ ચાનો કપ વાઇફને ધરતા. ગુડ મોરનિંગ, હની! સોસલ સિક્યુરિટી આવતીતી, વખતોવખત ગેષ્ટ હોય, વેકેસનમાં ગ્રાન્ડસન એટસેટેરા મલવા આવે, સનિરવિ સીનિયર્સ ક્લબમાં રમતગમત થાતી, ને બધું ઓલરાઈટ રીતે ચાલ્યા કરતું. પણ-

વાઈફની માથાકૂટ સું હતી કે એને ફિલ્મી ગીતો ગાવાનો સોખ હતો ને લતા મંગેસકર ઈ નોતી. એચુલી બહુ ખરાબ વોઈસ હતો વાઇફનો. રંગીલા રે... એનું ફેવરેટ સોન્ગ હતું પણ એનો આલાપ કે જી કેવાતું હોય ઈ ખેંચવાનો ટ્રાય કરે ત્યારે વાઈફનું ગળું ફાટી જતું ને હરિલાલનું મગજ ઘુંવાડે જતું. કોકોક વાર વાઈફ જીદ કરતી કે તમેયે મારી ભેગા નૈંન સોં નૈંન નાંહી મિલાઓવાળું દોગાણું ગાઓ. કોન્ફિડેન્સિલયલી હરિલાલને ખબર હતી કે પોતાનો વોઈસ બેટર છે. ગીતમાં વાઈફ જ્યારે ગાતી કે ખીંચો કમાન મા...રો...જી, બા...ન. ત્યારે બહુ ત્રાસ ત્રાસ થતો. પણ ઈ દખ કોને કેવાય?

એકવાર સિનિયર્સ ક્લબમાં બધાંએ કહ્યું કે ચલો, અંતકડી રમીએ. ને એક મજીઠિયા કરીને ડોસો પંકજ મલિક ને સાયગલનાં ગીતોનો સોખીન હતો. મજીઠિયા અને વાઇફ બેય સામસામી પાર્ટીમાં લેવાણાં. જોતજોતામાં ફકત ઈ બે જણાંની જ કોમ્પીટિશન હોય તેમ ગીતોની રમઝટ ચાલી. હરિલાલે આંખો બંધ કરી દીધી પણ કાન બંધ થાય તેમ નોતા. બંધ આંખે ભ્રમણા થઈ કે મજીઠિયાએ પોતાના પગ વાઇફના ખોળામાં મૂકેલા છે ને વાઇફ તેને પોચા હાથે મજીઠિયાને માલિસ કરે છે. હરિલાલે આંખું ખોલી નાખી. ભગવાને વાઈફમાં બધાય ગુણ દીધા છે એક ગળું...

ત્યારથી હરિલાલને રહીરહીને થતું રહેતું કે વાઈફનો વોઈસ બદલાવી સકાય કે નહીં? ડાક્ટરે તો એવી વાત કરીતી કે માણસની હાઈટ બી બદલાવી સકાય. જન્મ્યાં ત્યારે મળેલું સરીર આખી જિંદગી સફર કરવાની જરૂર નથી. તો વાઈફનો વોઈસ લતા મંગેસકર જેવો થાય કે નહીં? વાઇફ વર્ઝન ૨.૦ થાય?

અને સવારે ચાનો કપ ધરતી વખતે હરિલાલે સાધારણ વાત હોય તેમ હનીને કહ્યું, કે તારે કમરનો દુખાવો રહ્યા કરે છે તો ડોક્ટર ખાનને બતાવીએ? મગજના ડાક્ટર પાસે મારે જાવું નથી, વાઈફે ડોળા કાઢીને કહ્યું. મને બધું યાદ રહે છે, ઓક્કે? મને નખમાંયે રોગ નથી. ડોક્ટર બોક્ટરની બહુ બીક હતી વાઇફને. અરે એમાં બીવાનું કાંઈ નથી. હરિલાલે કહ્યું કે તને વારેવારે કમર દુખી જાય છે તો જરાક ફોટોબોટો પડાવીને જોવા તો દે કે કાંઈ સીરિયસ નથી ને.

વાઈફને ફોસલાવી હરિલાલ લઈ ગયા ડોક્ટર ખાનની પાસે. ઓલોફે સડન તો વોઈસની વાત થાય નહીં. કમર દુખવાની વાત કરી એટલે ડાકટરે લીરિકાની ગોળી લખી આપી. બે ત્રણ વિઝિટ પછી ડાકટરને એક બાજુ લઈ જઈને હરિલાલે ઇંગલિસમાં સમજાવ્યું કે અસલ વાઈફના વોઈસનો ઈલાજ કરાવવો છે. એને ગાવાનો સોખ છે, પણ વોઈસ બેકાર છે. એટલે એનું ગળું એવું ઘોઘરું કરી દ્યો કે ગાવાની ખો ભૂલી જાય. પછી મનમાં ને મનમાં મજીઠિયાની બહેનને બેડ વર્ડ કહ્યા.

ડાક્ટર તરત સમજી ગયા. વાઇફને કહે કે કમરનો દુખાવો ગેરંટીથી ક્યોર થઈ જાય, તમારે અમુક આસરમમાં જાવાનું થાય. વાઇફએ કમને હા પાડી. હરિલાલે પ્રોમિસ આપ્યું કે ઈ પાછી આવે પછી પોતે રોજ તેની ભેગા નૈંન સે નૈંન નાંહી મિલાઓનું દોગાણું ગાસે. વાઇફે છાનોમાનો ચીટિયો ભરી દીધો હરિલાલના કુલ્લા ઉપર. વાઇફને પોતાના અંદરના

(જુઓ પાનું ૬) ▶▶

henry.shastri@bombaysamachar.com

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી

ઓલ્યો સઈ ચોરે કપડું ને સોની ચોરે રતી, ગાંયજો બાપડો શું ચોરે? માથું છે ખાલી



દુહો - દુહા લોકપ્રિય સાહિત્ય પ્રકાર તરીકે જનમાનસમાં જાણીતો છે. ગુર્જર કથાગીતોમાં દુહાનું સ્થાન અલાયદું છે. દુહાની વિશિષ્ટતા એ છે કે, પ્રત્યેક દુહો કાવ્ય સ્વરૂપે હોય છે. ઘણી વાર એક દુહો સમજવા માટે બીજા દુહાની આવશ્યકતા નથી રહેતી. સંસ્કૃત સુભાષિત જેવો જ ઠાઠ લોકસાહિત્યમાં દુહાનો રહ્યો છે. કાઠિયાવાડી દુહા વિશે કહેવાય છે કે નહીં ગાણું નહીં ગીત, નહીં રાગ નહીં રાગણી. ઝવેરચંદ મેઘાણીએ કહ્યું છે તેમ, લોકવાર્તાઓમાં દુહા વચ્ચે વચ્ચે ટાંકવામાં આવે છે. એમ કરવાથી વાર્તા કે કથા પ્રસંગ રસમય અને સંવેદનાસભર બને છે. આજે મનુષ્યના અંગત અને સામાજિક જીવનને કાવ્યાત્મક શૈલીથી રજૂ કરતા કેટલાક ઉદાહરણ જોઈએ. ભવાન પટેલે ભેંસ લીધી ને મોટાં શિંગડે મોઢાં, બોઘરણું લઈને દોહવા બેઠા ને પોકે પોકે રોયા. ગામના શ્રેષ્ઠીને શ્રીમંતાઈનો બરો બહુ. ગજવું મોટું એટલે અક્કલ પણ લાંબી ચાલે એવી ગેરસમજમાં ઉછરેલા. 'ભેંસ વેચવાની છે' એવી હાકલ સાથે બહારગામથી કોઈની ગામમાં પધરામણી થઈ. ભવાન પટેલને થયું કે એક ભેંસ ખરીદી લઈએ જેથી ફાયદો થાય. ભેંસ પણ દેખાવે અલમસ્ત અને મોટા શિંગડાવાળી હતી. પટેલ એના પર મોહી પડ્યા અને 'બહુ બધું દૂધ રોજ મળશે' એવી ગણતરીએ વેચનારને મોં માગ્યા દામ આપી કોઈની સલાહ લીધા વિના ખરીદી લીધી. બીજે દિવસે સવારે લીલુંછમ નીરણ નાખ્યું અને થોડીવાર પછી હોંશે હોંશે બોઘરણું લઈ દૂધ દોહવા બેઠા. અચાનક કોઈ ગામવાસીની નજર પડી અને તેણે ભવાન પટેલની મશ્કરી કરતા કહ્યું કે એ ભલા માણસ, પાડો તે દૂધ દેતો હશે? પોતે સાવ છેતરાઈ ગયા એ પટેલને સમજાઈ ગયું અને પોક મૂકી એવું રોયા કે બોઘરણામાં દૂધ નહીં, પણ ભવાન પટેલની આંખોમાંથી ટપકેલા બોર બોર જેવા આંસુ ટપક્યા. વ્યવસાયલક્ષી ટીખળ - મશ્કરી પણ દુહામાં જોવા મળે છે. સઈ ચોરે કપડું ને સોની ચોરે રતી, ગાંયજો બાપડો શું ચોરે? માથું છે ખાલી. સઈ એટલે દરજી અને ગાંયજો એટલે વાળંદ. એવી માન્યતા છે કે દરજી અને સોની ધંધામાં થોડું આઘુંપાછું કરતા જ હોય. દોઢ મીટર કાપડની જરૂર હોય ને પોણા બે મીટર મગાવે અને ઉપરના પૈસા રળી લે. એવી જ રીતે ઘરેણાં ઘડવા માટે આપેલા સોનામાંથી સોની રતી ભાર (નજીવું માપ) સોનું સેરવી લે અને એમ કરી કમાણી વધારે. સઈ - સોની જેવી ઉસ્તાદી ગાંયજો એટલે કે વાળંદ ક્યાંથી કરે જ્યારે એની પાસે વાળ ઉતરાવવા આવેલી વ્યક્તિનું માથું બોડું (ટાલીયું - વાળ વિનાનું) હોય. તાત્પર્ય એટલું જ કે દરેકને સેરવી લેવાની તક નથી મળતી. મનુષ્ય જીવનમાં સુખ - દુઃખની ઘટમાળ તો ચાલતી જ રહે છે. મોટાભાગના સુખમાં છકી જતા હોય છે અને અનેક લોકો દુઃખમાં રોદણાં રડવા બેસી જતા હોય છે. તુલસીદાસજી સાફ શબ્દોમાં સમજાવે છે કે તુલસી પર ઘેર જાય કે દુઃખ ન કહીએ રોઈ, માન ગુમાવે આપણો, બાંટ ન લેવે કોઈ. શુદ્ધ ગુજરાતીમાં આ જ વાત મનવા પર ઘર પહોંચી દુઃખ ન કહીએ રોઈ, માન ગુમાવીએ આપણું વહેંચી ન લેતું કોઈ રીતે જાણીતી છે. પારકે ઘરે જઈ પોતાની વ્યથા - વીતકકથા ઠાલવી આંસુ ન સારવા, કારણ કે એમ કરવાથી આબરૂના ધજાગરા થાય છે અને એ દુઃખમાં કોઈ સહભાગી નથી થતું. મુસીબત માથે પડે ત્યારે સ્વસ્થ રહી, હસતા મોઢે એનો સામનો કરવાનો હોય અને અંગત - પોતાના લોકોની સલાહ મુસીબતમાં માર્ગ ચીંધનારી સાબિત થઈ શકે છે.

ENગ્લિશ વિંગLISH — HEAT IS ON

હજી તો ચૈત્રની શરૂઆત છે (આજે સુદ છઠ) પણ વાતાવરણમાં વૈશાખનો બળબળતો તાપ નજરે પડે છે. તાપમાનનો પારો ઊંચો જઈ રહ્યો છે, The temperature is soaring high. Heat is a noun which signifies the physical condition. હિટ સંજ્ઞા છે જે ભૌતિક અવસ્થા દર્શાવે છે. The heat in summer is intense. ઉનાળામાં બહુ આકરો તાપ પડે. હિટ સંબંધિત ઘણા રૂઢિપ્રયોગ જોવા મળે છે. The Heat is on. If you say the heat is on, you mean that a time of great activity and/or pressure has begun. એકદમ સક્રિય થવાનો સમય આવી ગયો છે કે દબાણ વધી રહ્યું છે એ આ રૂઢિપ્રયોગનો અર્થ છે. He always performs well when the heat is on. મુશ્કેલ પરિસ્થિતિમાં એની કામગીરી હંમેશા સારી હોય છે. The heat of battle means the most extreme or exciting stage of an activity. કોઈ પણ પ્રવૃત્તિ કે મુકાબલાનો સૌથી રોમાંચક કે કસોટી કરતો સમય હિટ ઓફ ધ બેટલ તરીકે ઓળખાય છે. In the heat of battle, sometimes tempers fly. મુકાબલો રોમાંચક તબક્કે હોય એવે વખતે ગુસ્સો સાતમા આસમાને પહોંચી જતો હોય છે. If you say or do something in the HEAT OF THE MOMENT, you say or do it without thinking because you are very angry or excited. આવેશમાં કે આક્રોશમાં વગર વિચાર્યું બોલી જવાતું હોય છે કે ન કરવાનું કામ થઈ જતું હોય છે. In the heat of the moment, usually the language spoken is rough. આવેશમાં હોઈએ ત્યારે ઘણી વાર જીભ પર કાબૂ નથી રહેતો અને એલફેલ બોલાઈ જાય છે. હવે એક રસપ્રદ ઉદાહરણ જાણીએ. અંગ્રેજીમાં સમાન અક્ષર, પણ અલગ જ અર્થ ધરાવતા બે અલગ અલગ શબ્દ ANAGRAM તરીકે ઓળખાય છે. NOW and OWN are anagrams. નાઉ એટલે હવે, પણ ઓન એટલે માલિકીનું હોવું. આ વ્યાખ્યા અનુસાર HATE is the anagram of HEAT. હેટ અને હિટ સરખા અક્ષરો ધરાવતા શબ્દો છે, પણ એના અર્થમાં અંતર છે. હિટ એટલે ગરમી, પણ હેટ એટલે ધિક્કારવું. When you HATE something, HEATED exchange is likely. તમે જ્યારે કોઈ બાબતને ધિક્કારતા હો ત્યારે બોલચાલમાં ગરમી (ગુસ્સો - આવેશ) વ્યક્ત થવાની સંભાવના ભારોભાર રહેલી છે.

સગ્ગી બહિણ — માકડાચી લાકડં આણિ ચુલીલા સાકડં

દરેક ભાષાની જે પણ કહેવતો કે રૂઢિપ્રયોગો હોય છે એ ભાષાજ્ઞાન વધારી ગહન બાબત સરળતાથી સમજાવવાની ક્ષમતા ધરાવે છે. આ કહેવત કઈ રીતે અસ્તિત્વમાં આવી એની પાછળની કથા ક્યારેક હેરત પમાડનારી હોય છે. માકડાચી લાકડં આણિ ચુલીલા સાકડં મરાઠી કહેવતમાં વાનર, લાકડા અને ચૂલો વચ્ચેનો રસપ્રદ સંબંધ દર્શાવાયો છે. ગાત્રો થીજાવી દે એવી ઠંડી હોય ત્યારે જંગલમાં વસતા વાનરો એક સ્થાને ભેગા થાય. આવનાર પ્રત્યેક વાનર પાસે એક એક લાકડું હોય. આ લાકડાં વર્તુળાકારે ગોઠવી તાપણું તૈયાર કરી બધા વાનરો ગોળાકારે બેસી માનવીની જેમ હાથ આગળ કરી શેક કરતા હોય છે. અલબત્ત એ વખતે તાપણું કંઈ સળગેલું નથી હોતું. શરીરમાં જાણે કે ગરમાવો આવી ગયો હોય એમ થોડી વાર પછી વાનર લાકડાં ત્યાં જ રહેવા દઈ એક પછી એક એ સ્થળેથી ચાલતી પકડે છે. જો કોઈ મનુષ્ય વાનરો મૂકી ગયેલા લાકડાં એકઠા કરી એને પેટાવવાની કોશિશ કરે તો એ સળગતા નથી. એના પર પેટ્રોલ કે ઘાસલેટ નાખ્યા પછી પણ એ અગ્નિ નથી પકડતા. જંગલના આદિવાસીઓ આ વાતથી વાકેફ હોવાથી એ આ લાકડાંને હાથ પણ નથી અડાડતા. એ લાકડાં જો સગડીમાં નાખવામાં અને તો પણ કોઈ ફાયદો નથી થતો. આખી વાત વાર્તા કે ગપ્પા જેવી લાગે, પણ મહારાષ્ટ્રના જાણીતા વન્ય જીવનના અભ્યાસુ મારુતિ ચિતમપલ્લીએ તેમના પુસ્તકમાં આ બાબતની નોંધ કરી છે. એના પરથી આ કહેવતનો જન્મ થયો છે.

રાષ્ટ્રભાષા — ગુજરાતી કહાવત હિંદી મેં

ગુજરાતી કહેવતોના હિન્દી રૂપાંતરની આ સફર આગળ વધારી ભાષા જ્ઞાન વધારી સમજણનો વિસ્તાર પણ વ્યાપક બનાવીએ. નહીં બોલ્યામાં કે ન બોલ્યામાં નવ ગુણ હિન્દીમાં સબ સે ભલી ચુપ સ્વરૂપમાં નજરે પડે છે. બોલવું નહીં અને ચૂપ રહેવું સમાનાર્થી છે. આમ તો મોઢું સીવેલું રાખવું સારું લક્ષણ નથી ગણાતું પણ અમુક પ્રસંગે હોઠ બંધ રાખવા હિતાવહ હોય છે. તામિલનાડુની ૧૪ વર્ષની વિનિશા જયશંકરે 'ક્લાઈમેટ ચેન્જ' જેવા વિષય પર જે ડહાપણભરી વાત કરી એ સાંભળી 'નાના મોઢે મોટી વાત' જેવી પ્રતિક્રિયા આવી હતી. આ કહેવત હિન્દીમાં ઇતની સી જાન ગજ ભર કી જુબાન સ્વરૂપ ધારણ કરે છે. ગજભર શબ્દ વાપરી જીભ લાંબી છે મતલબ કે ઘણું બોલે છે એવું દર્શાવવાનો પ્રયાસ છે. પેટમાં બિલાડા દોડતા હોય એવે સમયે ભાગ્યે જ કોઈનું ચિત્ત ઈશ્વર ભક્તિ કે સ્તુતિમાં ચોંટતું હોય છે. ભૂખ્યા પેટે ભજન ન થાય કહેવતમાં આ વાત સુપેરે પ્રગટ થાય છે. હિન્દી સ્વરૂપમાં તો આ વાત સીધી ઈશ્વરને સંબોધી કરવામાં આવે છે કે ભૂખે ભજન ન હોઈ ગોપાલા, લે તેરી કંઠી લે તેરી માલા. હે ઈશ્વર, ભૂખ્યા પેટે ભજન નહીં થાય. રાખ તારી આ કંઠી અને માળા. (પેટપૂજા કરી લીધા પછી ભક્તિ થશે એ ભાવના અપ્રગટ છે). ભાવાર્થ જાળવી કહેવત અલગ અલગ ભાષામાં કેવા સ્વરૂપ ધારણ કરે છે એ જાણવા - સમજવા જેવું છે. પીડા ભોગવી હોય એ જ દરદ જાણે એ ભાવ ઘાયલની ગત ઘાયલ જાણે દ્વારા પ્રગટ થાય છે. હિન્દી ભાષામાં આ કહેવત જાકે પાંવ ન કટી બિવાઈ, વો કયા જાને પીર પરાઈ તરીકે પ્રગટ થાય છે. પગમાં વાઢિયાં પડ્યા હોય એને જ પીડાનો ખ્યાલ આવે એવી વાત છે.

praful.shah@bombaysamachar.com

વિશ્વના યુદ્ધવીર

પ્રફુલ શાહ

દુર્ગાદાસ રાઠોડે ફરી એકવાર ઔરંગઝેબ સામે બળવો પોકાર્યો

(૪૦)

શાહજાદા મિર્ઝા મોહમ્મદ અકબર પાછો ફરવા માંગે છે. કાબુલથી આવેલા આ સંદેશો બાદશાહ ઔરંગઝેબ માટે અનેક કારણસર ખૂબ મહત્ત્વનો હતો. બળવાખોર નમી રહ્યો હતો, બેટો પાછો આવી રહ્યો હતો અને અન્ય રાજકીય-શાસકીય કારણો પણ હતા. આ બાબતને એકદમ ગંભીરતાથી લઇને ઔરંગઝેબે દીકરાને પાછા લાવવાની જવાબદારી દુર્ગાદાસ રાઠોડને સોંપી. દુર્ગાદાસ બહાદુર અને કાબેલ હોવા સાથે વિશ્વાસુ હતા તથા શાહજાદો પણ એમની એકેય વાત ઉથાપતો નહોતો.

૧૯૬૯ની સાતમી મેએ દુર્ગાદાસ પૂરેપૂરી તૈયારી સાથે મેડતાથી રવાના થયા. દુર્ગાદાસે દુનિયા જોઇ હતી, જેટલી લડાઇ જોઇ હતી એટલા જ નદીના પાણી પીધા હતા. જરાય ઉતાવળ કે કચાસ રાખવાને બદલે તેઓ વ્યવસ્થિતપણે આગળ વધવા માંગતા હતા. એક તો રાજકારણ હતું. સત્તાની ખેંચતાણનો મામલો હતો અને એ પણ લોહી તરસ્યા નિષ્ઠુર મોગલ શાસકોની શતરંજ હતી.

એકદમ ઉત્સાહભેર ધસી જવાને બદલે દુર્ગાદાસ રાઠોડે સિંધ પહોંચીને દીકરા તેજકરણને આગળ મોકલ્યો. મિર્ઝા મોહમ્મદ અકબર સાથે ચર્ચા કરીને વધુ પાક્કે પાયે કરવાનું અનિવાર્ય, તે આવકાર્ય હતું. અને દુર્ગાદાસ સાડી સોળ આની સાચા સાબિત થયા.

શાહજાદા મિર્ઝા મોહમ્મદ અકબરને બાદશાહ ઔરંગઝેબ એટલે કે સગા બાપ પર જરાય વિશ્વાસ નહોતો. તેણે અબ્બાજાનને મળવાનો જ નનૈયો ભણી દીધો. હવે શું? અંતે દુર્ગાદાસ રાઠોડે પાછા ફરવાનું નક્કી કર્યું.

સ્વાભાવિક છે કે ઔરંગઝેબને આ ન ગમ્યું. શાહજાદાને સાથ અને આશ્રય રાઠોડે જ આપ્યા હતા. એની બળવાખોરીની આગમાં કેરોસીન રેડયું હતું. એનું ઔરંગઝેબને ખૂન્નસ હતું. સ્વાભાવિકપણે ધ્યાન ફરી મહારાજા અજિતસિંહ તરફ ગયું. જે અનેક વખત એનું આમંત્રણ ઠુકરાવી ચૂકયા હતા. હવે બાદશાહને શંકા જવા માંડી કે કયાંક અજિતસિંહ અને રાઠોડ સરદારોને લીધે દુર્ગાદાસ રાઠોડ પણ પોતાનાથી દૂર ન થઇ જાય. એક વખતનો કટ્ટર દુશ્મન હવે એના માટે અનિવાર્ય બની ચૂકયો હતો.

આ જ કારણસર દુર્ગાદાસને મારવાડથી દૂર રાખવાનો કારસો વિચારાયો. એમને ફોજદાર બનાવીને છેક પાટણ મોકલાવાનું નક્કી કરાયું.

ઇ.સ. ૧૭૦૧ના જૂનમાં ઔરંગઝેબ શાહજાદા આઝમ શાહને અમદાવાદનો સુબેદાર બનાવ્યો, પરંતુ એક તો અનુભવ અને વ્યવહાર-દક્ષતાનો અભાવ અને ઉપરથી શાહજાદા હોવાનું અભિમાન. એના વાણી-વર્તનથી સરકારી કર્મચારીઓમાં નારાજગી વધવા માંડી. આમાં રાઠોડો પણ ખરા. આઝમ શાહની નીતિરીતીઓ જરાય માફક ન આવવાથી દુર્ગાદાસ ફરી બળવા પર ઉતરી આવ્યા.

માત્ર વિદ્રોહી બનીને ચૂપ બેસવાને બદલે દુગાદાસ રાઠોડે તો મહારાજા અજિતસિંહને પણ ધૂંસરી ફગાવી દેવા માટે સમજાવવા માંડયા. આ બધા વાવડ સાંભળીને ઔરંગઝેબ ઉશ્કેરાયા. તેણે રાજા, વાજા અને વાંદરાની ઉક્તિને સાર્થક કરતા શાહજાદા આઝમ શાહને આદેશ કહેવડાવ્યો કે ગમે તેમ કરીને દુર્ગાદાસ રાઠોડને મારી સેનામાં હાજર કરો કાં ખતમ કરી નાખો.

(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

શરદ જોશી સ્પીકિંગ

ભાવાનુવાદઃ સંજય છેલ

સરકારી મલમની કોમેડી

કોઇ એક મામલામાં લોકોને ઇજા થઈ ચૂકી હતી અથવા એમ કહો કે ઘા થઇ ચૂક્યો હતો, પણ એ કેવી રીતે થયું? અને એવું થવાનું કારણ ગમે તે હોય, પણ જે થવાનું હતું એ થઈ ચૂક્યું હતું. હવે વાત, ફક્ત મલમ લગાડવાની જ હતી. કારણ કે ઘા પર મલમ લગાડવો જરૂરી હતો. આવા ઘા ઘણાંને થયેલા. અનેક લોકોને થયેલા ઘા એક સમસ્યા બની ગયેલી. તો પ્રજા સામે સરકારી મલમ લગાડવો જરૂરી હતો . વળી, કેટલાક નેતાઓ કે રાજકીય લોકોનું માનવું હતું કે- ઘા એની મેળે સુકાય જશે.

આપોઆપ બલા એની મેળે ટળશે. વળી, એમને પાછો ડર એ વાતનો પણ હતો કે મલમ લગાડવાના ચક્કરમાં ઘા પાછો વકરી ન જાય.... માથા પર ચૂંટણી છે ને?!

બીજો સવાલ એ હતો કે મલમ કેવો કે શું હોવો જોઇએ? વળી મલમને લગાડવાવાળો કોણ હશે? કેટલાક નેતા લોકો, મલમ લગાડવામાં ઉતાવળ કરવાની તરફેણમાં હતા ને અમુક લોકો નહોતા. એમનું કહેવું એવું હતું કે પહેલા ઘાની પ્રકૃતિ ઓળખવામાં આવે ત્યાર પછી મલમ લગાડવાનો યોગ્ય રહેશે. રાહ જુઓ. બધું થઇ રહેશે. સરકારે આમાં બહુ પડવું નહીં. સમયથી મોટો મલમ કોઇ નથી.

પાછી સરકારની સમસ્યા એ પણ હતી કે બજારમાં ઘણા પ્રકારના મલમ હોય છે. એમાંથી કયો મલમ લગાડવો યોગ્ય રહેશે? આ નીતિ અને નૈતિકતાના પ્રશ્નો હતા. કેટલાક લોકોને એ વાતનો ડર હતો કે જો અમે મલમ લગાડવામાં મોડું કરીશું તો કોઈ બીજું આવીને મલમ લગાડી જશે અને અમે 'વાહવાહ' લેવાથી વંચિત રહી જઈશું.

કેટલાક લોકો કહી રહ્યા હતા કે આ સમસ્યા તો સર્જરીની છે. ઘા પર માત્ર મલમ લગાડી દેવો- એ મેડિકલ દ્રષ્ટિએ એક ભૂલ છે. કેટલાક લોકોનું વિચારવું હતું કે ખાલી ઘા પર ધ્યાન આપવાને બદલે, એ લોકોને શોધવા જોઈએ, જેમના કારણે ઘા થયો છે. એ લોકો કોણ છે? આ પણ એક રાજકીય સમસ્યા છે. ઘા કરવા પાછળનું કારણ અને જેનાથી ઘા કરવામાં આવ્યા છે એ શસ્ત્રને પહેલા શોધવું જોઇએ. ત્યાર પછી જ કયો મલમ લગાડવો એનો નિર્ણય લેવો યોગ્ય છે. થોભો ને પછી મલમ વિશે વિચારો.

જ્યારે આ ચર્ચા ચાલી રહી હતી ત્યારે જ સમાચાર આવ્યા કે ઘા રૂઝાવા લાગ્યા છે. કેટલાક લોકોએ વિચાર્યું કે જ્યારે ઘા રૂઝાવા માંડ્યો છે તો પછી મલમ લગાડવાની જરૂર જ નથી. બીજા કેટલાક લોકોનું એવું માનવું હતું કે મલમ લગાડી જ દેવો જોઇએ, જેથી ભવિષ્યમાં કોઈ એવું તો નહીં કહે કે ઘા પર મલમ લગાડ્યો જ નહોતો!

આ બધી ચર્ચા સાથે નેતાઓને એક શંકા એ પણ હતી કે જે લોકો ઘાયલ છે એ મલમ સ્વીકારશે કે નહીં? ધારો કે એ લોકો મલમને મલમ નહીં માને અને પોતાની ઉપર એક નવો ઘા જાહેર કરે તો પછી શું થશે? એ લોકો કેટલી માત્રામાં મલમની આશા રાખે છે? સંપૂર્ણ મલમ મળી ગયા પછી પણ ક્યાંક એ બીજો વધારે તો નહીં માગી બેસે ને?!

વાતાવરણમાં હજુ પણ રાહતની આશા હતી. આ બાજુ ઘામાં રૂજ આવી રહી હતી. એટલામાં એક નવી મુસીબત આવી ગઈ. જેમને ઇજા થઈ હતી, એમની પાસે કેટલાક સામાજિક કે રાજકીય લોકો સહાનુભૂતિ લઈને પહોંચી ગયા અને પેલા ઈજાગ્રસ્ત લોકોને પૂછવા માંડ્યા : શું આ સમાચાર સાચા છે કે તમને ઇજા થઈ છે?

'હા, આ વાત સાચી છે. અમને દેખાડો, તમને ક્યાં ક્યાં વાગ્યું છે?' જે લોકો ઇજાગ્રસ્ત હતા એમણે એમના ઘા દેખાડ્યા. નેતાએ કહ્યું: 'જુઓ, તમે તમારા ઘાને સુકાવા દેશો નહીં. એને સતત તાજા રાખો. આશા છે કે એની પર મલમ લાગશે. અમે મલમ લગાડાવીને જ રહીશું! જો મલમ નહીં લાગ્યો તો એને નવો ઘા માનીશું. અમે ઇચ્છીએ છીએ એ જ મલમ લાગશે, પણ આ બધાં માટે તમારે ઘાને સતત તાજા રાખવા તમરે માટે બહુ જરૂરી છે.' બસ, આટલું બોલીને એ સહાનુભૂતિ આપનાર લાલચી, ઢોંગી, પાખંડી રાજકીય લોકો જતા રહ્યા.

હવે જેમને ઘા થયા છે એમની સામે બે સમસ્યા છે: યા તો મલમ પણ લગાડવાનો કે પછી ઘાને તાજા પણ રાખવાના.

સરકાર પાસે મલમ નથી, જે છે એ સહાનુભૂતિ છે. એ જ મલમ એમને

માલૂમ છે. દરેક સમસ્યામાં આવું જ ચાલે રાખે છે. પ્રજાએ ઘા સાવવાવનો

ને મફતના મલમની રાહ જોવાની. ઘા થશે ને સંસદ કે એસેંબલીમાં ઘાના

પડઘા પડશે. બસ, આટલું જ થશે. બાકી નવા નવા ઘા તો લોકતંત્રમાં

થયા જ કરશે ને પ્રજા મલમ માટે રાહ જોયા કરશે. ■

feedback@bombaysamachar.com

આકાશ મારી પાંખમાં

કલ્પના દવે

મન મીત મિલા



મોબાઈલમાં જીવની જેમ સાચવેલા પૂર્વ પ્રેયસી રાજેશ્રીના ફોટાને નિમેષ પટેલ અપલક નેત્રે જોઈ રહ્યો હતો. ભૂતકાળના એ સંસ્મરણો એને દઝાડી રહ્યાં હતાં. મારી નજર સામે એ મને છેહ દઈને ચાલી ગઈ, શું અમારો પ્રેમ આટલો પાંગળો હતો. એક જ વંટોળે બધું...

નિમેષે પોતાની વ્યથાને પ્રગટ કરતાં ગાયું.
મેરી દુનિયા લૂંટ રહી થી, ઔર મૈં ખામોશ થા
કિસકો ઝન્નત મિલ રહી થી, ઔર મૈં બરબાદ થા.
સાથ છૂટા, હાથ છૂટા, મૈં ખડા ગૂમસૂમ થા.

ના,ના, આ એડ કંપનીમાં હું જોડાયો, એને પ્રથમ નજરે જોઈ ત્યારે મને એક દિવ્ય અનુભૂતિ થઈ હતી, તેણે પણ મને સસ્મિત આવકાર્યો હતો ને! હું જુનિયર ડાયરેકટર અને રાજેશ્રી એડ મેનેજર અને વળી બ્રાન્ડ મોડેલ.

તે દિવસે દર્પણ ચેનલની ટીમ આવી. અમે શુટીંગના કામે જયપુર ગયાં હતાં. ત્યાં જ હું મારી રાજેશ્રીને ખોઈ બેઠો. કદાચ, એ મને આજે પણ ઝંખતી હશે. તે દિવસે મિટિંગમાં કોઈએ કહ્યું પણ હતું કે રાજેશ્રીને સિરિયલ ઔર એડ મોડેલીંગ છોડ દિયા હૈ, વો અપને નેટીવ ગાંવમેં ચલી ગઈ હૈ.

નિમેષનું હૈયું પોકારી ઉઠયુ: ના, એ આમ હાર માને એવી નથી. કોઈ ગંભીર કારણ હશે. મારી રાજેશ્રી તો સ્ટ્રોંગ છે. કદાચ એને મારી જરૂર હશે.

રાજેશ્રી ચૌહાણ ભાવનગરના મીઠાપુર ગામમાં મામાને ઘરે જતી રહી હતી. મોહમયી નગરી મુંબઈમાં કલાક્ષેત્રે નસીબ અજમાવવા આવેલી રાજેશ્રીને રૂપેરી સૃષ્ટિના કડવા અનુભવો થયા, કામ તો મળે પણ તેને માટે થતું શોષણ અસહ્ય થઈ ગયું. ડગલે ને પગલે સમાધાન. પુરુષોનું વર્ચસ્વ. કામના ઢસરડા. અભિનેતા કરતાં ખૂબ ઓછા પૈસા, વળી શારીરિક સુરક્ષા માટેનો સતત સંઘર્ષ.

મુંબઈ અને સાઉથ ઈંડીયાના એ દુ:સ્વપ્નને ભૂલીને રાજેશ્રી હવે ભાવનગરના રેડીયો સેન્ટરમાં જોડાઈ હતી. બે વર્ષ વીતી ગયાં હતાં, મુંબઈને છોડ્યે. આજે પણ એનું મન પહેલા પ્રેમી નિમેષને ઝંખતું હતું. હા, નિમેષની જાણ બહાર એ રામ ઐયર જોડે ભાગી ગઈ અને નરક યાતના ભોગવી. એ રેડીયો કાર્યક્રમ માટે લેપટોપ પર કામ કરતી હતી, ત્યાં જ મોબાઈલના એક ઈમેલ પર એની નજર પડી.

જોયું તો નિમેષનો ઈમેલ, એના ધબકારા વધી ગયા. આખા શરીરે કોઈ કંપ ફરી વળ્યો. (ઈમેલમાં લખ્યું હતું)

આ ઈમેલ અરજંટ ગણજે.

મારી ડીયરેસ્ટ રાજેશ્રી.

તારું દિવ્ય સ્વરૂપ આજે પણ મારા હૈયે જડાયેલું છે. જીવનમાં સાચો પ્રેમ એક જ વાર થાય છે. બે વર્ષ પહેલાં તું મને છેલ્લી વાર મળી હતી, તે સમયે મને તારા માટે જે પ્રેમ હતો, તેવો જ પ્રેમ આજે પણ છે. તું મને છોડીને કેમ ગઈ, તું કયાં છે, શું કરે છે એ કશું મારે જાણવું નથી.

જો તારા મનમાં પણ મારા માટે લાગણી હોય તો આ ઈમેલનો જવાબ આપજે. શું આપણે મળી શકીએ? (મને ફોન ન કરતી, ઈમેલ કરજે.) તને ઝંખતો નિમેષ.

રાજેશ્રીના હૈયે ભૂતકાળના સ્પંદનો જાગૃત થયા. પણ, રામઐયર સાથેના મારા અનૈતિક સંબંધો જાણ્યા પછી? નિમેષ મને સ્વીકારશે? એને હૈયે દાવાનળ જાગ્યો.

ત્યાં જ ફોનની ઘંટડી રણકી. રાજ, તને મારો ઈમેલ મળ્યો? નિમેષનો એ જ કેરીંગ અને મીઠો સૂર. રાજેશ્રીએ હા કહ્યું. હજુ એ કાંઈ કહે તે પહેલાં જ ફોન કટ થઈ ગયો.

રાજેશ્રીએ ઈમેલમાં લખ્યું- પ્રિય નિમેષ, તું જ મારો પ્રથમ અને સાચો પ્રેમ છે. પણ જીદગીમાં મેં લીધેલા ખોટા નિર્ણયોને કારણે આપણે એકબીજાથી દૂર ફંગોળાઈ ગયા છીએ. મિત્ર તરીકે આપણે જરૂર મળીએ.

તારી સખી રાજ.

(નીચે સરનામું લખ્યું.)

નિમેષના આનંદનો કોઈ પાર ન હતો. એને તો કોઈ પણ રીતે રાજેશ્રીને મદદરૂપ થવું હતું. પ્રેમ એટલે મિલનનો આનંદ તો છે જ. પણ, પ્રિયજનને ખુશ રાખવા પોતાની આકાંક્ષા ભૂલીને તેના સુખ માટે ત્યાગ કરવો. એ પ્રેમનું દિવ્યરૂપ છે.

નિમેષ પુનઃમિલનની જે પળ માટે ઝંખી રહ્યો હતો, એ હવે દૂર ન હતી. એણે રાજેશ્રીને ફોન કરીને કહ્યું: રાજ, આ મંગળવાર ૨૧ જુલાઈ સ્પેશીયલ ડે. બોલ, કયાં મળીશું ? નિમેષને પોતાની બર્થડે પણ યાદ છે. આંખમાં હર્ષાશ્રુ સાથે કહ્યુ:- તું ભાવનગર આવે તો મારી ઓફિસમાં મળીએ. તને ફાવશે?

યસ, માય સ્પેશીયલ ડે, વીથ સ્પેશીયલ ફ્રેન્ડ ઓન હર બર્થડે. નિમેષે હૂંફાળા સ્વરે કહ્યું.

યસ, ડન. હું તારી રાહ જોઉં છું. રાજેશ્રીએ કહ્યું.

ફોન મૂકયા પછી રાજેશ્રીના આનંદનો કોઈ પાર ન હતો. ત્યાં જ આંતરમનમાંથી અવાજ પડઘાયો- તું કોઈ પણ કારણ વિના એને છોડીને પેલા જોડે ભાગી ગઈ હતી, કોઈ પણ પુરુષ આવા સંબંધને ન સ્વીકારે. ખોટા સપનાના મહેલ બાંધતી નહીં. મનનો બીજો અવાજ બોલ્યો- પણ, ઐયરનો મેં કેટલી હિંમતથી સામનો કર્યો, એની ચુંગાલમાંથી હું કેવી સિફતપૂર્વક છટકી ગઈ એ જાણશે ત્યારે નિમેષ મારા માટે ગૌરવ અનુભવશે. પરિણામ જે આવે તે હું સત્ય નહીં છુપાવું.

ભાવનગરની રોયલ પેલેસ હોટલમાં રાજેશ્રી તેના પૂર્વપ્રેમી નિમેષની

અનિમેષ નેત્રે રાહ જોઈ રહી હતી. ત્રીસ વર્ષના ગૌરવર્ણના નિમેષે અદના કલાકાર જેવી એન્ટ્રી મારી. રેડ જર્સી સાથે ક્રીમ જીન્સમાં શોભતો નિમેષે નિર્મળ આંખે સ્મિત આપતાં કહ્યું- હેપી બર્થડે માય રાજ.

સફેદ અને પીળા ગુલાબનો બુકે સ્વીકારતાં બે હૈયાની સુગંધ પણ પ્રસરી રહી હતી.

વેઈટરને લંચનો ઓર્ડર આપતાં નિમેષે કહ્યું - યહાં કેક મિલેગા, જો બેસ્ટ હૈ વો લાના.

પ્રેમની આ ક્ષણોને માણવા બંને હૈયા આતુર હતા. નિમેષ સ્નેહાળ નજરે રાજેશ્રીને નિહાળી રહ્યો હતો, એને હતું કે હમણાં રાજેશ્રી જુહૂની હોટલના સંસ્મરણો કહેશે અને આજના મિલનની ખુશી વ્યકત કરશે. પણ એ તો કોઈ ઊંડા વિચારોમાં ખોવાઈ ગઈ હતી.

(જુઓ પાનું ૬) ▶▶

sanjay.chhel@bombaysamachar.com

મિજાજ મસ્તી

સંજય છેલ

મનનાં મહાસાગરમાં ડૂબકી: ‘બ્રેન મેપિંગ’ ની બારાખડી

એક ચોર દુકાનમાંથી ચોરી કરીને ભાગે છે. ત્યાં નજીકમાં એક ઇન્સ્પેક્ટર ઊભો હતો. એ ચોરની પાછળ ભાગે છે. ચોર રેલવે-લાઈન પર ભાગતા ભાગતા છેક બીજા સ્ટેશન સુધી પહોંચી જાય છે. માંડ માંડ પેલો ઇન્સ્પેક્ટર એને પકડીને થપ્પડ મારીને પૂછે છે, ‘બોલ, શું ચોર્યું છે?’ ચોર મુઠ્ઠી ખોલે છે તો હાથમાં ફક્ત ૫ રુ.નો સિક્કો હોય છે.

ઇન્સ્પેક્ટરે પાછી થપ્પડ મારીને કહ્યું, ‘સાલા, તેં પાંચ રૂપિયા માટે મને આટલો દોડાવ્યો.’ ચોરે કહ્યું, ‘સાહેબ, મારા માટે પાંચ રૂપિયા આવક છે ને તમે જે પાંચ કિલોમીટર દોડ્યા એ તમારી નોકરી છે! તમે પણ પોલીસની નોકરી છોડીને સારી નોકરી શોધો અથવા મારી જેમ ચોરી કરવા માંડો.... આ લો, પાંચ રૂપિયા. હવે જાઉં?’ ઇન્સ્પેક્ટર ચૂપ!

શું છે કે ગુનો- ગુનેગાર ને ગુનાની પ્રવૃત્તિમાં એક ઇતિહાસ કે વાર્તા છુપાયેલી હોય છે. ગુનો છુપાવવો મુશ્કેલ છે અને ગુનાને પકડવો એનાથી પણ વધારે મુશ્કેલ છે. દરેક માણસ જીવનમાં ક્યારેક તો નાનો મોટો ‘ગુનો કરવો કે ન કરવો’ એ લક્ષ્મણરેખા પર ઊભો જ હોય છે.

માણસનું મગજ ગુનો કરવામાં માત્ર સહ-ભાગી નથી હોતું કે, જે ગુનો કરીને ભૂલી જાય. માણસે જે ગુનો કર્યો હોય એની યાદોને મગજ સંઘરી રાખે છે. મગજમાં છુપાયેલા ગુનાહિત રહસ્યોને બહાર લાવવા અને એનું વિશ્લેષણ કરવા માટે વપરાય છે ‘બ્રેન મેપિંગ’ પદ્ધતિ, પણ છે શું આ બ્રેન મેપિંગ?

ઇંટરવલ:

તોરા મન દર્પણ કહેલાયે,
ભલે-બૂરે સારે કર્મો કો દેખે, ઔર દિખાયે (સાહિર)

બેંગ્લોરમાં ‘નિમ્હાંસ’ નામની સંસ્થામાં ન્યુરોસાયન્ટિસ્ટ સી.આર.મુકુન્દને, આ ‘બ્રેન મેપિંગ’ ટેક્નોલોજીની શોધ કરી હતી, જે મગજમાંથી નીકળતા સિગ્નલોનું આલેખન કરે છે. જ્યારે ગુનાનો કોઈ સાક્ષી કે પૂરતા પુરાવા ન હોય ત્યારે બ્રેન મેપિંગ, ખૂબ કામમાં આવે છે. ‘બ્રેન મેપિંગ’માં આરોપીના મગજના ભાગ પર ૩૨ ઇલેક્ટ્રોડથી સજ્જ ખાસ કેપ ફિટ કરવામાં આવે છે. પછી ગુનેગારને એની આંખો બંધ કરી શાંતિથી કમ્પ્યુટર પર રેકોર્ડ કરાયેલ સવાલો કે નિવેદનો સંભળાવવામાં આવે છે.

ફોરેન્સિક સાયકોલોજિસ્ટ ડૉ. દીપ્તિ પુરાણિક કહે છે કે અપરાધના સમયનાં દ્રશ્યો ફરીથી ગુનેગારની સામે દેખાડવામાં આવે છે, જેમ કે હાથમાં છરી લેવી અથવા શરીરના ટુકડા કરવા જેવાં દ્રશ્યો આરોપીના મગજમાં ગુનાની યાદોને ઉત્તેજિત કરે છે અને મગજના ઇલેક્ટ્રિકલ પેટર્નમાં વધઘટ થાય છે. નિર્દોષ વ્યક્તિઓના મગજની પેટર્નમાં ફરક ના પડે. હાઇ-પ્રોફાઇલ કેસ જેમ કે- આરુષિ તલવાર ડબલ મર્ડર કેસ અને માલેગાંવ બોમ્બ બ્લાસ્ટ કેસમાં બ્રેન મેપિંગનો ઉપયોગ થયો હતો.

જો કે સુપ્રીમ કોર્ટે માન્યતા આપી હતી કે પૉલિગ્રાફ અને બ્રેન મેપિંગ જેવાં સાધન પુરાવાનો એક ભાગ છે, પણ સાથે ચેતવણી આપી હતી કે આ સાધનો જ અપરાધ સાબિત કરવા માટે અપૂરતાં છે. જેમકે, લોનાવલાના મનમોહન સિંહ - સુખદેવ સિંહ વિરદીની હત્યા માટે હુસૈન શઝ અને એની પત્ની વહીદા શઝા ‘બ્રેન મેપિંગ’ દ્વારા ગુનેગાર સાબિત થય, છતાં ય મુંબઇ હાઈ કોર્ટે બેઉને છોડી મુક્યાં.

એક માણસ પાસે ૧૫૦ રૂ.ના સોદામાં ૧ રૂ.ની ફાટેલી નોટ આવી જાય છે. એને થાય કે ફાટેલી ૧ રૂ.ની નોટમાંથી છુટકારો નહીં મેળવું ત્યાં સુધી બાકીના ૧૪૪ રૂપિયાનો આનંદ નહીં થાય. એ વિચારે છે કે આજે ફાટેલી નોટમાંથી છુટકારો મેળવીને જ રહીશ.. પછી તરસ ન હોવા છતાં રૂપિયાની નોટ વટાવવાના ચક્કરમાં ૨૫-૨૫ પૈસાનાં ૨ ગ્લાસ પી ગયો ને ફાટેલી નોટ પાણીવાળાને આપી, પણ પાણીવાળા પાસે છુટ્ટા નહોતા એટલે આઠ આના આપીને એ આગળ વધ્યો. પછી રસ્તામાં એણે એક વૃદ્ધની કેળાની લારી જોઈ તો પેલાએ પૂછ્યું, કાકા, કેળાં શું ભાવે આપ્યાં?’

‘રૂપિયે ડઝન.’

‘અડધો ડઝન આપો.’ કહીને ફાટેલી નોટ કાકાને આપી.

‘હાશ! બોણી તો થઈ!’ કેળાવાળાએ કહ્યું.

‘કેમ રાત થવા આવી તોય બોણી નથી થઈ?’ પેલા માણસે આવી બનાવટી સહાનુભૂતિ બતાવી, જેથી કેળાવાળાનું ધ્યાન નોટ પર ન જાય.

કેળાવાળાએ કહ્યું, મોડો આવ્યો આજે, કારણ કે મારી પત્ની મરવા પડી છે. એક આઠ આની કાલે કમાયેલો ને આજે આ તમે બીજી આપી. હવે આ ૧ રૂપિયામાં શું ખાઉં? ને શું દવાદારૂ કરવાં? હશે જેવી ભગવાનની મરજી!’ કહીને કેળાવાળાએ આઠ આના પેલાને આપ્યા.

હવે પેલાને પહેલી વાર પોતાની કંગાલિયતનો અનુભવ થયો. સાચા આઠ આનીના બદલામાં ખોટી નોટ લઈને પણ કેળાવાળો ભગવાનને સહારે બધું જ સ્વીકારી રહ્યો છે અને પોતાના ખિસ્સામાં ૧૪૪ રૂપિયા હોવા છતાં કંગાળ જેવી મનોદશામાં છે!

પછી એણે કેળાવાળાને કહ્યું, ‘લાવો, હું તમને છુટ્ટા પૈસા આપું.’

‘ના, ના, સાહેબ. રૂપિયો રહેવા દો. ખિસ્સામાં હશે તો કાંઈક ભરેલું લાગશે.’

‘અરે, રાખોને, કાકા’ એમ કહી પેલાએ ફાટેલી નોટ કેળાવાળા પાસેથી પાછી લીધી અને આઠ આની આપીને ચાલવા માંડ્યો. રસ્તે જતાં જતાં એણે નોટને ફાડીને ઝીણા ઝીણા ટુકડા કરી નાખ્યા... હવાની લહેરખી એ રૂ.ના ટુકડાઓને દૂર ઉડાડી ગઈ. નવનીત મિશ્રાની આ હિંદી વાર્તા થોડામાં ઘણું કહી જાય છે કે ગુનો કરવાનું મન થાય ને ગુનો ન કરો, એમાં જ તમારામાંની માણસાઈની કસોટી છે. અહીં છેવટે તમારો અંતરઆત્મા બોલે છે.., પણ જો કે એમ.એલ.એ. કે સાંસદોને ખરીદવા-વેંચવાની વાતમાં આ બધું લાગુ નથી પડતું, કારણ કે જેણે આત્મા જ વેંચી નાખ્યો હોય એ કંઈ પણ વેચી શકે.

એંડ-ટાઇટલ્સ:

આદમ: મારા મગજમાં એક વિચાર આવ્યો..

ઈવ: બધું ખાલી જોઇને જતો રહશે...

સ્પોટ લાઈટ

મહેશ્વરી

જયશંકર ‘સુંદરી’એ આશીર્વાદ આપ્યા

‘દેશી નાટક સમાજ તને મુંબઈ બોલાવે છે’.માસ્ટર રમણના વાક્યના દરેક શબ્દનો દરેક અક્ષર મારા કાનમાં રૂપાની ઘંટડી વગાડી રહ્યો હતો. આ વિશિષ્ટ આમંત્રણ, આ અનોખી તક મળવાથી હૈયામાં આનંદ ઉભરાય એ સ્વાભાવિક હતું, પણ હું નહોતી ચોંકી ગઈ કે નહોતો મને અચંબો થયો. વિનમ્રતા સાથે કહું છું કે મહેશ્વરી નામની નટી નાનકડી નાટક કંપનીમાં છે, પણ કામ બહુ સારું કરે છે એ વાત ઘણી જગ્યાએ ફેલાઈ ગઈ હતી. મારી ખંત અને મહેનતની સાથે રંગદેવતાના આશીર્વાદનો આ સરવાળો હતો. કારકિર્દીમાં એક એક પગથિયાં ચડી આગળ વધ્યા પછી કોઈ ઘડીએ કેટલાંક પગથિયાં સામટા ચડી જવાની ઈચ્છા, હિંમત અને કાબેલિયત આવી જતા હોય છે. અહીં તો ઈચ્છા સાથે ઈજન પણ હતું. મારા દિલ તરફથી આદેશ મળ્યો કે ‘બાંધ બિસ્તરા - પોટલા અને વહેલી તકે પહોંચી જા મુંબઈ’, પણ તરત દિમાગે આદેશ આપ્યો કે ‘ખમી જા. ઉતાવળ નહીં કર.’ હું સમજી ગઈ અને મેં માસ્ટર રમણને કહ્યું કે ‘હમણાં તો હું નહીં આવી શકું, કારણ કે હજી સિઝન પૂરી નથી થઈ અને હું પ્રેગ્નન્ટ છું. આ અવસ્થામાં નહીં નીકળી શકાય.’ માસ્ટર રમણને મારો ખુલાસો ગળે ઊતરી ગયો અને મને કહ્યું કે ‘એક કામ કર. કાલે બપોરે નડિયાદમાં અમારો શો છે, તું જોવા તો આવ.’ નાટક જોવા આવવાના એમના આમંત્રણનો સ્વીકાર કરી હું નડિયાદ ગઈ અને ત્યાં દેશી નાટકનું અજરાઅમર નાટક ‘પૈસો બોલે છે’ જોયું. નાટક જોવાનો લ્હાવો તો મળ્યો, સાથે સાથે નાટકનાં અવ્વલ દરજ્જાના અભિનેત્રી રૂપ કમલ બહેનને સ્ટેજ પર કામ કરતા જોવાની તક મળી. એમની એન્ટ્રી, એમનો ઠસ્સો, એમનો અભિનય હૈયે કોતરાઈ ગયા. નાટક પૂરું થયા પછી રમણભાઈએ મને કહ્યું કે ‘તારે ઈન્ટરવ્યૂ આપવા માટે મુંબઈ આવવું પડશે.’ એક મોટો દરવાજો ખોલી માસ્ટર રમણ તો પાછા નડિયાદ દેશી નાટક સમાજમાં જતા રહ્યા. અહીં હું હતી ખેડામાં, પણ મારી આંખો સામે મુંબઈ તરવરી રહ્યું હતું. સિંગલ રૂમમાં રહેતી વ્યક્તિ પાઇ પૈસો જોડી ચાર માળના બિલ્ડિંગમાં વન બીએચકે ફ્લેટમાં રહેવા ગયા પછી અચાનક તેને કોઈ સ્કાયસ્ક્રેપરમાં બારમા માળે ફ્લેટ મળે ત્યારે જે લાગણી થાય એ જ લાગણી હું અનુભવી રહી હતી. ગણેશોત્સવનાં નાટકોથી શરૂઆત કરી ગુજરાતની નાની નાની નાટક કંપનીઓમાં કીર્તિ મેળવ્યા પછી હવે એક છલાંગ લગાવી દેશી નાટક સાથે જોડાવા મને આમંત્રણ મળ્યું હતું. રમેશ

મિસ્ત્રીની કંપનીનાં નાટકો કરતા કરતા ખ્યાલ આવ્યો કે વરસાદની મોસમ શરૂ થવાને ઝાઝી વાર નહોતી, પબ્લિક પણ ઓછું આવતું હતું અને મિસ્ત્રીની કંપની સંકેલી લેવાની તૈયારી શરૂ થઈ ગઈ. ત્યાં સુધીમાં મારી પ્રેગ્નન્સીના સાત મહિના પણ થઈ ગયા હતા. આ પરિસ્થિતિમાં શું કરવું એ હું અને માસ્તર વિચારતા હતા ત્યાં મૂળ ગોંડલના પણ ઊંઝામાં નાટક કંપની ચલાવતા પતિ - પત્ની મનસુખ ઉસ્તાદ અને પારુલ બહેને મારો સંપર્ક કર્યો. તેમને મારી અવસ્થાની જાણ હતી. પારુલ બહેન માયાળુ સ્વરમાં એટલું જ બોલ્યા કે ‘મહેશ્વરી બહેન, જરાય મૂંઝાતા નહીં. હજી વરસાદ નથી શરૂ થયો. અમારી કંપની હજી ચાલે છે તો તમે આવો. તમારાથી થઈ શકે એવા નાના રોલ કરજો અને હા, તમારી ડિલિવરી અમારે ત્યાં જ થશે.’ મનને નિરાંત થઈ ગઈ. અમે ઊંઝા ગયા. મારાથી થઈ શકે એટલું કામ મેં કર્યું પણ ખરું અને પૂરા દિવસો પછી દીકરાનો જન્મ થયો. મનસુખ ભાઈ અને પારુલ બહેન ખૂબ માયાળુ સ્વભાવનાં. મારી સારસંભાળમાં કોઈ કચાશ ન રાખી. આજુ બાજુની નાટક કંપનીના લોકો અને ગામવાળા પણ મદદ કરવા ખડે પગે હાજર રહેતા. વરસાદ શરૂ થાય એ પહેલા પતિ પત્ની કંપની લઈ કાઠિયાવાડ તરફ જતાં રહ્યાં. મારે તો મુંબઈ જવાનું હતું એટલે શું કરવું એ વિચારતી હતી ત્યાં ચીમન પેઈન્ટર સાથે મારી અને માસ્તરની મુલાકાત થઈ. એ પણ નાયક, નાટક કંપની ચલાવે અને રહેતા હતા વડોદરામાં. ચીમન પેઈન્ટરે મને કહ્યું કે ‘તમારે ક્યાંય જવાની જરૂર નથી. હું વિસનગરથી કંપની શરૂ કરવાનો છું. તમે મારી કંપનીનાં નાટકોમાં કામ કરજો.’ બાળક નાનું હતું એ પરિસ્થિતિમાં નવી કોશિશ કરવાની ચિંતામાંથી મુક્તિ મળી ગઈ. વિસનગરમાં નાટકો કર્યાં. અહીં નાટક કરવાનો મને એક બહુ મોટો લાભ એ થયો કે જૂની રંગભૂમિમાં નારી પાત્રો ભજવી અપાર ખ્યાતિ મેળવનારા વિખ્યાત અભિનેતા તેમજ દિગ્દર્શક જયશંકર ‘સુંદરી’ સાથે મુલાકાત થઈ. તેઓ વિસનગરમાં જ રહેતા હતા અને કંપનીએ તેમનું સન્માન કર્યું. આવા મહાન કલાકાર સામે પોતાની કલા દેખાડવાની ઈચ્છા કોને ન થાય? તેમની સામે મેં બે અલગ અલગ દ્રશ્ય ભજવ્યાં. મારી ચાલવાની છટા તેમને બહુ ગમી ગઈ અને ‘બેટા, તું બહુ આગળ આવીશ’ એવા આશીર્વાદ પણ મને આપ્યા. મારા જીવનની એ અવિસ્મરણીય ક્ષણ હતી. આજે એ વાત યાદ કરતી વખતે જયશંકર ભાઈનો ચહેરો મારી આંખો સામે તરવરી રહ્યો છે. ત્યાંથી પછી અમે ઊંઝા ગયા. અહીં ધાર્મિક નાટકો વધુ ભજવ્યાં. છ - આઠ મહિના વિસનગરમાં પસાર થયા ત્યાં દેશી નાટકમાંથી ઈન્ટરવ્યૂ માટે મને કહેણ આવ્યું. મેં બધી વાત ચીમન પેઈન્ટરને કરી. તેમણે તો દેશી નાટક સમાજ માટે પણ કામ કર્યું હતું. એટલે એની રગેરગથી વાકેફ. મને હસતા હસતા કહે કે ‘તું દેશીમાં જાય છે ને, પણ એક વાત યાદ રાખજે કે ત્યાં ઘણી ખટપટો ચાલે છે.’ આ ચેતવણી હતી કે રમૂજ એ હું ત્યારે નહોતી સમજી શકી. પછી હું, માસ્તર અને બાળકો મુંબઈ પહોંચ્યા અને એક હોટેલમાં મુકામ રાખી એ જ દિવસે બપોરે દેશી નાટક સમાજમાં પહોંચી ગયા. ■

સ્ટેજ પર કૈલાશ પર્વત

ચીમન પેઈન્ટરનો વડોદરા અને આસપાસના વિસ્તારમાં દબદબો હતો. એના માનપાન હતા. માત્ર નાટક કંપનીના માલિક તરીકે નહીં, પણ નાટક ભજવતી વખતે જે સેટિંગ્સની જરૂર પડે એ બનાવવામાં એ કુશળ કારીગર હતો. આસપાસની બધી જ નાની નાની નાટક કંપનીઓના નાટકવાળા સેટની જરૂરિયાત માટે ચીમન પેઇન્ટરનો જ સંપર્ક કરતા એવી એની ખ્યાતિ હતી. એમની કંપનીનાં નાટકો કેવા? ‘સતી અનસૂયા’, ‘કૈલાશપતિ’ વગેરે. સ્ટેજ પર નંદી લાવે, એના પર મહાદેવને બેસાડે અને આખો કૈલાશ પર્વત ઊભો કરી દે. પ્રેક્ષકો આ જોઈ હેરત પામી જતા હતા. ગુજરાતી ફિલ્મોના ઉપેન્દ્ર ત્રિવેદી - સ્નેહલતાના ઘી કેળાં દોરમાં ચીમન પેઈન્ટરનો પુત્ર કંચન નાયક ચિત્રપટમાં સેટ બનાવવાનું કામ કરતો હતો. અનેક વર્ષો સુધી પપ્પા સાથે નાટક કંપનીમાં સેટિંગ્સ બનાવવાની મહેનત અને અનુભવ કંચનને ફિલ્મમાં બહુ કામ લાગ્યા. ઘણી ફિલ્મોમાં કંચને સેટ ડિઝાઇનિંગનું કામ કરી નામ અને દામ એમ બંને મેળવ્યા. વળી એ લોકો રહેતા હતા વડોદરામાં જ અને ગુજરાતી ફિલ્મોનું મોટા ભાગનું શૂટિંગ હાલોલમાં થતું જે વડોદરા શહેરથી ફક્ત ૪૦ કિલોમીટર દૂર હતું. એટલે પહોંચવામાં એકદમ આસાની હતી. ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે કંચને ઘણાં વર્ષો સુધી કામ કર્યું અને ફિલ્મ નિર્માતાઓ પણ એના કામથી બહુ ખુશ હતા એવું મેં સાંભળ્યું હતું. દીકરાએ બાપનું નામ ઉજાળ્યું હતું. *(સંકલિત)*

---

feedback@bombaysamachar.com

ટૅક વ્યૂહ

વિરલ રાઠોડ

ઈ-વેસ્ટમાંથીય બેસ્ટ બનાવી શકાય

ઉનાળુ સીઝનનો મધ્યાહ્ન ચાલી રહ્યો હોય એવા માહોલમાં કોઈ પસ્તી લેનારો ફેરીયો બૂમ પાડે તો અવકાશી પડઘા પડે. ટૂંકમાં ઉનાળાની બપોરે માહોલ એટલો સ્મશાન જેવી શાંતિનો હોય. વિકસી રહેલા મહાનગરમાં હવે એવું ચિત્ર જોવા ભાગ્યે જ મળે છે કે, ઉનાળુ બપોરે નીરવ શાંતિ હોય. સોસાયટીઓને બાદ કરતાં મુખ્ય રસ્તાઓની ચહલપહલ માત્ર ઓછી થાય છે. એના પર કોઈ પૂર્ણવિરામ નથી લાગતું.

સોફ્ટવેર અપડેટની આખી શૃંખલા સમયાંતરે આવે છે ત્યારે ફોન નવો લીધો હોય એવી ફિલિંગ્સ આવે છે, પણ જ્યારે ફોન નવો લેવાનો હોય ત્યારે? હૈયામાં વગર ચોમાસે સૂનામી આવે એટલી ઊંચાઈએથી ઉત્સાહના ઘોડા થનગનતા હોય છે તો ક્યારેક એવું બને છે કે, દુકાનદાર જૂનો મોબાઈલ લઈ લે અને એના બદલામાં નવો આપે. એ પણ કેટલાક પૈસા કાપીને. હવે વિચારો સમગ્ર દેશમાંથી આ પ્રકારે જે ધંધો થાય છે એમાં દૈનિક ધોરણે કેટલાં મોબાઈલ દરરોજ સ્ક્રેપ-ભંગાર ભેગો થતાં હશે?

એક સર્વે અનુસાર દૈનિક ૧ લાખથી વધારે... એમાં પણ બેંગ્લૂરુ અને મુંબઈ જેવા સિટીમાંથી મોબાઈલ સિવાયનો ડિજિટલ કહેવાતા ડિવાઈસનો વાર્ષિક સ્ક્રેપ ૩૦ ટનથી પણ વધારે નીકળે છે. ખાસ કરીને કોરોનાકાળ બાદ આવા સ્ક્રેપમાં નેટ ૧૯ ટકાનો વધારો થયો, કારણ કે, ઓનલાઈન પ્લેટફોર્મ આવતા ડિવાઈસ નિર્ભરતા વીજ સપ્લાયમાં વોલ્ટેજ ઘટે એમ એકાએક ઘટી જાય. ડિજિટલ વેસ્ટ એટલે કે માત્ર ડિવાઈસ વેસ્ટને લઈને સ્ક્રેપના આંકડા પર નજર કરીએ તો આઘાત લાગે એવું પરિણામ છે. ઈન્ટરનેટની જાદુઈ દુનિયા પાછળ કાંટા ઊભા કરતો કચરો પર્યાવરણ માટે પણ જોખમી સાબિત થઈ રહ્યો છે. જેમ ઉતરાયણની સાંજે પતંગનું આત્મવિલોપન થઈ જાય છે. એમ લેપટોપ, માઉસ, કેબલ્સ, પીન્સ, મોબાઈલ ફોન, સ્ક્રિન ગાર્ડ, ઈયરબડ્સ, બડ્સની કેપ જેવી ચીજ વસ્તુઓનો નાશ સાપના ઝેર સમાન છે. ડાયરેક્ટ નાશ કરવા જાય તો પર્યાવરણ બગડે અને તોડફોડ કરીએ તો એ બીજાને પણ નુકસાન પહોંચાડે.

જો કે, આ દિશામાં જર્મનીના એક આઈટી પ્રોફેશનલ્સ ગ્રૂપે એક ઈનોવેશન કર્યું છે, જેની આજે વાત કરવી છે.

આ એવું ઈનોવેશન- એક એવી નવીનતા છે, જેને રિસાઈકલ કરવાની જરૂર નથી. થોડું કાપકૂપ કરીને ડાયરેક્ટ યુઝ કરી શકાય છે.

શરૂઆત કરીએ ખરાબ થઈ ગયેલા માઉસ-પેડથી., જેના વાયર કટ કરીને ઘરમાં નાની એવી જગ્યા પર વરગણી બનાવી શકાય. જેના પર નેપકિન્સ કે મહોતૂ સૂકવી શકાય. આ કેબલ્સ થોડા મજબૂત હોવાથી ભારે સામાન પેક કર્યો હોય તે એની પર ટ્વિસ્ટ વાયરથી લોક કરી શકાય.

હા, બધી વસ્તુ રિ-સાઈકલ થતી નથી, કારણ કે પ્લાસ્ટિક કે અન્ય મજબૂત કેમિકલ્સમાંથી બનતી વસ્તુ જ્યારે નાશ થાય ત્યારે નુકસાન તો કરે જ છે. ઝેર પોતાનો સ્વભાવ ન છોડે એમ આવાં કેટલાક ડિવાઈસનો કોઈ તોડ નથી. બસ, સ્માર્ટનેસ વાપરીને રિ-યૂઝ થાય તો ફાયદામાં. લેપટોપ ખરાબ થઈ જાય તો એની અંદરથી જે સારું છે એ કોઈ એસેમ્બલવાળાને આપી શકાય...

-અને જો સ્ક્રિન ગઈ હોય તો?

અરે, સિમ્પલ છે. સ્ક્રિન અલગ કરીને એનો ટ્રે તરીકે યુઝ કરી શકાય. વસ્તુ પણ એના પર સ્મૂથ રહેશે અને લાગશે પણ કંઈક નવીન.

હવે તમે કહેશો કે, આખા દેશમાંથી આવો કચરો બલ્ક- મોટા પ્રમાણમાં નીકળે તો જાય ક્યાં?

જવાબ છે આફ્રિકન્સ કંટ્રીમાં, જ્યાં શ્રમિકો વધારે છે અને એમના ખિસ્સાને આઈફોન જેવા ફોન પરવડે એમ નથી. આવા લોકો માટે સારી કંડિશનવાળા ડિવાઈસ કે લેપટોપ પણ મેકબૂક સમાન છે, કારણ કે, એટલા ગરીબ પ્રાંતમાં આ વસ્તુ પણ એમના જીવનધોરણને અપગ્રેડ કરે છે.

ચલો, મોટી સંખ્યામાં ડેસ્કટોપ પડ્યા છે? એના સીપીયુ ખાસ કંઈ કામના નથી? તો કોઈ ભઠ્ઠીવાળાને ત્યાં આ લોઢું કામ આવી શકે છે. એની સામે કોઈ નાની એવી રેક કે કસરત માટેના રોડ (પાઈપ) બનાવી શકાય. નાના મોટા અને કસ્ટમાઈઝેશન તે ભઠ્ઠીવાળા જ કહી શકે. અત્યારે ઘણી એવી કંપનીઓ છે જે રિસાઈકલ પ્રોડક્ટમાં કંઈક નવા-જૂની કરીને નવી પ્રોડક્ટ તૈયાર કરે છે. આમાં કેટેગરી વિચારીએ તો ગેલેક્સી જેવી ગેલેરી બની જાય. એક સત્તાવાર આંકડા મુજબ ૫૭ મિલિયન મેટ્રિક ટન માત્ર ડિજિટલ વેસ્ટ છે. જ્યારે ભારત જેવા દેશમાંથી વાર્ષિક ધોરણે ૧૦૦ ટન માત્ર આવા ડિવાઈસના બોક્સ સ્ક્રેપમાં આવે છે. ચલો, હવે મોબાઈલના બોક્સ તો તમારી પાસે પણ હશે. આનો ઉપયોગ રૂમાલ, મોજા અને કેશ સાચવવા માટે કરી શકાય. કેશ હોય તો એને વાળવા નહીં પડે એવી રીતે સચવાશે. વાળશો તો વધારે સચવાશે. હા, આ બોક્સને ચારેય બાજુથી સેલોટેપ્સ મારીને વધુ મજબૂત કરી શકાય છે. આ ઉપરાંત લેડિઝ વર્ગ પોતાની ઝીણી ઝીણી જ્વેલરી કે ઓર્નામેન્ટ પણ મૂકી શકે છે. ઉપરથી બંધ થતા બોક્સ હોવાથી અંદર તૂટવાના ચાન્સ ઓછા રહે છે. આવી નવી વસ્તુ બનાવવાનો પણ એક રોમાંચ હોય છે. ક્રિએટિવિટીના કમાલના રિઝલ્ટ જોઈને અન્ય લોકો ચોંકશે એ નક્કી છે.

કિ- બોર્ડ બગડ્યું હોય તો?

કંઈ નહીં... ખોલીને જોઈ લો કે નીચેની સર્કિટ ચાલુ છે? ચાલુ હોય તેને વેચી શકાય અને બાકી કી કાઢીને પાઉડરના ડબ્બા પર એ ચોંટાડીને મસ્ત પેનબોક્સ બનાવી શકાય. હા, પાઉડરનું ઉપરનું નાળચું વ્યવસ્થિત કટ થાય એ જરૂરી છે.

આવું તો કેટલુંય છે, પણ જે રીતે આ કચરો વધે છે એ જોખમી છે. આ પાછળનું કારણ ઝડપથી અપડેટ થતી ટેક્નોલોજી અને હાર્ડકોર યુઝેજ-વપરાશ છે. કંપનીઓ પણ સતત નવું નવું માર્કેટમાં નાખે છે એટલે ડિવાઈસ આઉટડેટ થતા વાર નથી લાગતી.

આઉટ ઓફ ધ બોક્સ

સતત કંઈક નવું શીખતા રહેવાનો ફાયદો એ છે કે, ખોટા વિચાર આવતા નથી અને દિમાગ કે યાદશક્તિને ક્યારેય કાટ લાગતો નથી. ■

ટ્રાવેલ સ્ટોરી (બારમા પાનાનું ચાલુ)

વૃક્ષોની વર્તણૂંક પોતાનાં અસ્તિત્વને ટકાવી રાખવાની લડાઈમાં અદ્‌ભુત પ્રયત્નો કરતા જોવા મળે. આ કુળના વૃક્ષો જ્યારે જ્યારે નવા સવા ખીલે તો એનામાં એટલી મીઠાશ હોય કે એ કોઈ પણ તૃણાહારી પશુનો ખોરાક બની જ જાય. જીવનની જીવનની શરૂઆત થતાં જ એમનું બાળમરણ થઇ જાય.

નિસર્ગમાં દરેક સમસ્યાનું કોઈને કોઈ નિવારણ તો હોય જ. આપણે ત્યાં કહેવત છે કે ભીંત ફાડીને પીપળો ઉગ્યો, એ કહેવત પણ આ જ ઘટનાનો જ વૈજ્ઞાનિક તર્ક છે. ક્યારેક ક્યારેક આપણે કોઈ અવાવરૂ કૂવામાં નજર માંડીએ તો ઓછામાં ઓછાં બે પાંચ પીપળા કે વડ છેક અંદર પથ્થરનાં પોલાણમાં પરાણે જગ્યા શોધીને પણ ખીલેલાં જોવા મળે છે. આ કુળનાં વૃક્ષોનાં ફળમાં બીજનું પ્રમાણ પણ વધારે હોય છે એટલે વિવિધ માધ્યમથી એનું સરળતાથી સ્થાળાંતર શક્ય બને છે. પીપળો, વડ, અંજીર, ટીમરુ વગેરે પ્રકારનાં વૃક્ષોનો સમાવેશ આ કુળમાં થાય છે. આ પ્રકારનાં વૃક્ષોનાં ફળ એટલે કે ટેટામાં બીજનું પ્રમાણ પણ વધારે હોય છે અને ઘણા પક્ષીઓનો મુખ્ય ખોરાક પણ એ જ ફળો હોય છે. કોઈ પક્ષી દ્વારા કે પવન દ્વારા આ કુળનાં વૃક્ષોનાં બીજ કોઈ પણ વિશાળ વૃક્ષની મૃત ડાળ કે થડનાં પોલાણમાં નાની અમથી જગ્યામાં પણ પોતાનું સ્થાન જમાવી લે છે. સમય જતા અહીંયા ઉડીને માટી ભેગી થાય કે સૂકા પાંદડાનું કમ્પોસ્ટ તૈયાર થાય. વરસાદ પડતા જ થોડા જ દિવસોમાં આ બીજ ખીલી ઊઠે અને પોતાનાં અસ્તિત્વની શરૂઆત કરી દે. સાલનાં વૃક્ષનાં થડનો વ્યાસ ખૂબ જ વિશાળ હોય છે પરિણામે એની કોઈને કોઈ ડાળમાં આ પ્રકારની જગ્યા સરળતાથી મળી રહે. ધીરે ધીરે આ વૃક્ષ વધતું જાય અને પોતાનાં થડ સાલનાં વૃક્ષમાં ઉપરથી ભરડો લઈને છેક નીચે સુધી લઇ આવે. વર્ષો સુધી ચાલતી આ પ્રક્રિયામાં યજમાન વૃક્ષમાંથી જ પોતાનું પોષણ મેળવે અને એક સમય એવો આવે કે યજમાન વૃક્ષ સંપૂર્ણ પણે નવા વૃક્ષમાં ભળી જાય અને પોતાનું જીવન સંકેલી લે. આખુંયે વૃક્ષ પોતાનાં મૂળ સાથે નવા વૃક્ષનાં પોષક તત્વો તરીકે ખપી જાય. અમુક અમુક વૃક્ષો પર તો એક કરતા વધારે પ્રજાતિનાં વૃક્ષો એક સાથે વિકસતા જોવા મળે. કુદરતમાં દરેક જીવોને અસ્તિત્વ ટકાવી રાખવા માટે વિસ્મય પમાડે એવી રચના કરી છે.

હિમાલયની તળેટીમાં આવેલા જિમ કોર્બેટ નેશનલ પાર્ક, પીલીભીત ટાઇગર રિઝર્વ, દૂધવા નેશનલ પાર્ક, કિશનપુર વન્યજીવ અભ્યારણ્ય જેવા સ્થળો એ આ પ્રકારનાં અસંખ્ય વૃક્ષો નજર સમક્ષ તરવરે. આપણે ત્યા ગીર નેશનલ પાર્કમાં પણ સાગનાં વૃક્ષોનાં પોલાણમાં આવાં ઘણાં વૃક્ષો ઊભાં છે. આપણા સામાજિક વિશ્વમાં પણ આ પ્રકારનાં લોકો જોવા મળે જ જેમાં કોઈ કોઈને આર્થિક રીતે શોષણ કરીને ખત્મ કરી મૂકે તો કોઈ કોઈને શારીરિક રીતે મજબૂરીનો ફાયદો ઉઠાવીને શ્રમ કરાવીને તેનું અસ્તિત્વ છીનવી લે. કુદરતનાં વિશ્વમાં આ પ્રકારની ઘટનાઓ સહજ અને હકારાત્મક ઢબે ભજવાય છે પણ આપણે આવી ઘટનાઓને નકારાત્મકરૂપ આપતા હોઈએ છીએ.

આ બધું જોઈને લાગે કે માનવી ક્યાકને ક્યાંક સંવેદના ચૂક્યો છે. વધારે બુદ્ધિમાન જીવ સંકુચિત વિચારસરણી વાળા બની જાય એવું પણ શક્ય બને. જંગલ એક અદ્‌ભુત પાઠશાળા છે જો સમજીને, અનુભવીને જંગલનાં કુદરતી નિયમોને આપણા જીવનમાં કેળવીએ તો.... ■

ક્રાઈમ સીન (આઠમા પાનાનું ચાલુ)

‘તજિન્દર. હમારા બડા ભાંજા. દોનોં ભાઇ હૈ.’

‘મામાજીને દોનોં ભાંજો કો અપને પાસ બુલા લિયા હૈના...ઔર વો દોનોં કબૂતર બન કર ઉડ ગયે. મામાજીને ઉનકો ભી ખાલિસ્તાની રંગ સે રંગ દિયા.’ શબનમે કહ્યું.

‘મેડમજી, યહ તીનોં સલામત તો હૈના.?’ ગુલરીનને કોઇ અમંગળ ઘટનાની શંકા ગઇ.

‘ગભરાઇએ મત....અબતક કૂછ નહીં હુઆ.’

‘સતિન્દર ઔર તજિન્દર કે મા-બાપ કહાં હૈ.?’ બલદેવરાજે પૂછ્યું.

‘સબ યહીં પર હૈ.....લેકિન સતિન્દર કે સાથ

feedback@bombaysamachar.com

ભારતીય દૃષ્ટિએ ઈતિહાસ

ડૉ. રાજેશ ચૌહાણ

ડૉ. બાબા સાહેબ આંબેડકરના સ્વપ્નનું વિકસિત ભારત

આજે ડૉ. ભીમરાવ આંબેડકરના જન્મદિને તેમના કાર્યોને યાદ કરીએ

ડૉ. આંબેડકર એક મૂળભૂત આર્થિક સિદ્ધાંતવાદી અને સમકાલીન સંશોધનોથી સંપૂર્ણ જાણકાર હતા. નાની ઉંમરે ઘણા વિષયો પર તેમણે લેખન કાર્ય કર્યું. તેમના કાર્યને વિશ્વના અર્થશાસ્ત્રીઓ નોંધ લીધી હતી. ડૉ. આંબેડકરે એક તરફ ભારતમાં સામાજિક-રાજકીય માળખુ અને અર્થવ્યવસ્થા વચ્ચેના સંબંધો અને બીજી તરફ ભારતમાં પરિવર્તન લાવવામાં વિકાસ યોજનાઓની ભૂમિકાનો અભ્યાસ કર્યો. તેમણે જાહેર નાણાં, કરવેરા, બ્રિટિશ ભારતના નાણાકીય ધોરણો અને સ્થાનિક વેપાર પર આંતરિક અને બાહ્ય બંને કરની પ્રતિકૂળ અસરોની વ્યાપકપણે તપાસ કરી હતી. તેમણે ભારતીય ચલણ, ધિરાણ પદ્ધતિઓ, વિકાસ વ્યૂહરચના, રાજ્ય સમાજવાદ અને રાષ્ટ્રીયકરણ, વસ્તી અને કુટુંબ નિયોજન, મહિલા વિકાસ, માનવ સંસાધન સહિત વિવિધ વસ્તી વિષયક પાસાઓ, અર્થતંત્ર વગેરે જેવા વિષયો પર લખ્યું. તેમની દલીલ છે કે, ભારતમાં દલિતો અને પછાત વર્ગોની ગરીબી કુદરતી સંસાધનોના અન્યાયપૂર્ણ અને અસમાન વિતરણને કારણે છે, જેમાંથી દલિતો અને પછાત વર્ગોને વંચિત રાખવામાં આવ્યા છે. સમૃદ્ધ ઉચ્ચ વર્ગ માટે પરિસ્થિતિ અલગ છે. તેમણે વસ્તી વૃદ્ધિને રોકવા માટે રાષ્ટ્રીય કુટુંબ નિયોજન નીતિ અને શિક્ષણની તરફેણમાં દલીલ કરી. ડૉ. આંબેડકરે સરકારની વહીવટી પ્રણાલીઓનો અભ્યાસ કર્યો અને કાગળના મર્યાદિત અને આર્થિક ઉપયોગ પર ભાર મૂક્યો. તેઓ દ્રઢપણે માનતા હતા કે અર્થશાસ્ત્રના સારા સંશોધન સામાજિક નીતિના નિષ્કર્ષ માટે જરૂરી છે. જે તેમના આર્થિક લેખોમાં જોવા મળે છે. આવા મહત્વના વિષય પર સંશોધન જ નથી કર્યું પરંતુ આ મુદ્દાઓને લગતી સમસ્યાઓના તાર્કિક અને વ્યવહારુ ઉકેલો પણ આપ્યા છે.

ડૉ. આંબેડકરે પોતાના જીવનના પ્રથમ ૩૨-૩૩ વર્ષ શૈક્ષણિક, વ્યાવસાયિક અને અર્થશાસ્ત્ર સબંધિત લેખનમાં આપ્યા. ભારતમાં ડો. ભીમરાવ રામજી આંબેડકરના સામાજિક અને આર્થિક મુદ્દાઓની વાત કરવામાં આવે છે પરંતુ આર્થિક વિચાર સબંધિત ઉલ્લેખ થતો નથી તો આપણે તેમના એ વિચારને ન્યાય નથી કરી રહ્યા. બાબાસાહેબને વાંચ્યા વિના આપણે ભારતના સામાજિક અને આર્થિક મુદ્દાઓને સમજી શકતા નથી.

અર્થશાસ્ત્ર તેમનો પ્રિય વિષય હતો. તેઓ વિદ્યાર્થીકાળથી જ અર્થશાસ્ત્ર વિષયથી પ્રભાવિત હતા. તેમણે અર્થશાસ્ત્રમાં બી.એ. થી લઈને પીએચ.ડી. સુધીનો અભ્યાસ વિશ્વની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓમાંથી કર્યો. અર્થશાસ્ત્રના વિવિધ પાસાઓ પર તેમનું સંશોધન નોંધનીય છે પરંતુ ડો. આંબેડકરને માત્ર દલિતો અને પછાત વર્ગોના મસીહા, ભારતીય બંધારણના નિર્માતા તરીકે રજૂ કરવામાં આવ્યા છે, તેમના આર્થિક પાસાને ઉજાગર કરવાના બહુ ઓછા પ્રયાસ થયા છે. આજે આ લેખના માધ્યમથી બાબાસાહેબના આર્થિક પાસાઓની ખાસ ચર્ચા કરીશું.

રાજેન્દ્રમોહન ભટ્ટનાગર પોતાના પુસ્તક ડૉ. આંબેડકર જીવન-મર્મ માં જણાવે છે કે, તેઓ મહિલાઓ અને દલિતોને પણ ઉદ્યોગસાહસિક બનાવવામાં સરકારની મદદ વિશે વાત કરે છે. તેથી જ કહી શકાય કે, ''આર્થિક ઉત્થાન વિના, કોઈની પણ સામાજિક અને રાજકીય ભાગીદારી શક્ય નથી.''

ચન્દનલાલ નવલ પોતાના પુસ્તક 'ગરીબોના મસીહા ડૉ. ભીમરાવ આંબેડકર' માં જણાવે છે કે, ડો. આંબેડકરે આર્થિક અને સામાજિક અસમાનતા ઊભી કરતી મૂડીવાદી વ્યવસ્થાનો અંત લાવવાની જોરદાર હિમાયત કરી. ૧૯૨૩માં તેમણે લંડન સ્કૂલ ઑફ ઇકોનોમિક્સમાંથી D.Sc. (અર્થશાસ્ત્ર)ની ડીગ્રી મેળવી. પોતાની ડી.એસ.સી. થીસીસ The Problem of the Rupee - Its origin and its solution. (રૂપિયાની સમસ્યા – તેનું મૂળ અને નિરાકરણ) માં રૂપિયાના અવમૂલ્યનની સમસ્યા પર સંશોધન કર્યું, જે તે સમયનું સૌથી વ્યવહારૂ અને મહત્વપૂર્ણ સંશોધન હતું. ડૉ. આંબેડકરે ૧૯૨૩માં નાણાપંચની વાત કરતા કહ્યું હતું કે નાણાપંચનો રિપોર્ટ પાંચ વર્ષના અંતરાલ પર આવવો જોઈએ. તેઓ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (૧૯૨૫ હિલ્ટન યંગ કમિશન) ની સ્થાપના માટે બ્લુ પ્રિન્ટ તૈયાર કરવાનું અને પ્રસ્તુત



કરવાનું કામ કર્યું હતું.

પ્રિયાંશાસિંહ પોતાના શોધમાં જણાવે છે કે, ભારતીય ચલણના સંચાલન માટે ખરીદ શક્તિને સ્થિર કરવાની જરૂર છે તેવું તેઓ માનતા હતા. પ્રોફેસર કીન્સના ભારતીય ચલણને ફરીથી ડિઝાઇન કરવા અંગે ઘણા પ્રસ્તાવો સાથે આંબેડકર સહમત ન હતા. તેઓની દલીલ હતી કે, ફાઉલર કમિટીની ભલામણોને છોડી દેવી જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, મૂળભૂત હકીકત જેને સમજવાની અને પ્રકાશિત કરવાની જરૂર છે તે એ છે કે રૂપિયાની સ્થિરતા સુનિશ્ચિત કરી શકાતી નથી જ્યાં સુધી ''સામાન્ય ખરીદ શક્તિ'' સ્થિર ન હોય. તેઓની ભલામણ મુજબ રૂપિયાને સોનામાં અસરકારક કન્વર્ટિબિલિટી આપવામાં આવે. તેમના પુસ્તક ''રૂપિયાની સમસ્યા''ની પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં ડૉ. આંબેડકર લખે છે, ''ભારતીય ચલણ પરના પ્રવર્તમાન ગ્રંથો એ પરિસ્થિતિઓની વિવેચના કરતા નથી કે જેના કારણે ૧૮૯૩ના સુધારા થયા. મને લાગે છે કે, આ સંકટમાં મુદ્દા અને પ્રસ્તાવિત સમાધાનો સમજવા માટે પ્રારંભિક ઇતિહાસનો જટિલ અભ્યાસ જરૂરી છે. એ બાબતે વધુ માહિતી આપતા કહે છે કે, ''મને આ એક ગંભીર ભૂલ લાગે છે.''

પ્રવેશ કુમાર પોતાના શોધમાં જણાવે છે કે, ડૉ. આંબેડકરે કૃષિ ક્ષેત્રની પુનઃરચના માટે ક્રાંતિકારી પગલાં લેવાની હિમાયત કરી હતી. આંબેડકર ખેતીની જમીનના રાષ્ટ્રીયકરણના મુખ્ય હિમાયતી હતા. તેઓ રાજ્યને લોકોના આર્થિક જીવનનું આયોજન કરવાની જવાબદારી એવી રીતે સોંપવી કે તે ઉત્પાદકતામાં સર્વોચ્ચ સ્થાન મેળવે અને ખાનગી ઉદ્યોગોની એક પણ માંગ બંધ ન થાય તેમજ સંપત્તિના સમાન વિતરણની જોગવાઈઓ કરવામાં આવે. કૃષિ ક્ષેત્રે રાજકીય માલિકીનો પ્રસ્તાવ છે ત્યાં સામૂહિક રીતે ખેતીવાડી અને ઉદ્યોગો ક્ષેત્રમાં પણ રાજ્યના સમાજવાદનું સંશોધિત સ્વરૂપ પ્રસ્તાવિત છે. કૃષિ અને ઉદ્યોગ માટે જરૂરી નાણાકીય સુવિધા પૂરી પાડવાની વ્યવસ્થા રાજ્ય સરકાર હસ્તક આપવી જોઈએ.

છૂપી બેરોજગારી અને જમીનના વધુ સારા ઉપયોગ માટે ઔદ્યોગિકીકરણ અને કૃષિ સુધારાઓ જરૂરી છે. એ માટે ડૉ. આંબેડકર અન્ય દેશોના અભ્યાસની સમીક્ષા કરતા સર હેનરીના ક્વોટને ટાંકી કહે છે કે, ''ભારતમાં વધુ પડતી ખેતીનો ભય છે''. તેમણે એક મહત્વપૂર્ણ પરિમાણ પર પ્રકાશ પાડ્યો જે પછીના વર્ષોમાં અને આજે પણ ભારતના વિકાસના સંદર્ભમાં મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું મોટી કૃષિ વસ્તી વાસ્તવિક ખેતીમાં જમીનના સૌથી ઓછા પ્રમાણ વસ્તીનો અર્થ એ છે કે ખેતી પર નિર્ભર વસ્તીનો મોટો હિસ્સો ફાલતું અને બેકાર છે. આવી સ્થિતિમાં મૂડીવાદી ઉદ્યોગ કૃષિક્ષેત્રની સમસ્યામાં વધારો કરે છે. અંતે લોકોની નિર્ભરતા ભૂમિ પર કામ કરવા માટે ભારતનું ઔદ્યોગિકીકરણ એ ''ભારતની કૃષિ સમસ્યાઓનો શ્રેષ્ઠ ઉકેલ છે.''

ડૉ. આંબેડકરે મોટા ઉદ્યોગો સ્થાપવાની હિમાયત કરી હતી, પરંતુ ખેતીને સમાજની કરોડરજ્જૂ પણ ગણાવી હતી. ઔદ્યોગિક ક્રાંતિ પર ભાર મુકતા કહ્યું હતું કે, ખેતીની અવગણના ન કરવી જોઈએ કેમ કે તેના થકી જ દેશની વધતી વસ્તીને ભોજન અને ઉદ્યોગોને કાચો માલ મળે છે.

ડૉ. આંબેડકરે ૧૯૧૮માં પ્રકાશિત તેમના લેખ 'Small Holdings in India and their Remedies'માં ભારતીય કૃષિતંત્રની સ્પષ્ટ ઝાંખી આપી હતી. તેઓએ ભારતીય કૃષિતંત્રની વિવેચનાત્મક તપાસ કરીને કેટલાક મહત્વપૂર્ણ પરિણામો આપ્યા જેની પ્રાસંગિકતા આજે પણ છે. તેમનું માનવું હતું કે જો કૃષિને અન્ય આર્થિક ઉધમો/સાહસિકોની જેમ સમાન ગણવામાં આવે તો મોટા અને નાનાની જમીન વચ્ચેનો ભેદ ખતમ થશે જે કૃષિ ક્ષેત્રમાં સમૃદ્ધિ લાવશે. તેમનું બીજું સંશોધન 'The Evolution of Provincial Finance in British India' આજે પણ પ્રાસંગિક છે. આ સંશોધનમાં તેમણે દેશના વિકાસ માટે સરળ ટેક્સ સિસ્ટમ પર ભાર મૂક્યો હતો. આ માટે તેમણે તત્કાલીન સરકારી નાણાકીય વ્યવસ્થાને સ્વતંત્ર બનાવવાનો વિચાર આપ્યો.

પ્રિયાંશાસિંહ પોતાના શોધમાં જણાવે છે કે, સુશાસન માટે જાહેર નાણાંને મજબૂત બનાવવું જરૂરી છે. ડો. આંબેડકરે ઈસ્ટ ઈન્ડિયા કંપનીની નાણાકીય બાબતોનું વિવેચનાત્મક રીતે વિશ્લેષણ કર્યું અને જાહેર નાણામાં થઈ રહેલા તમામ મહત્વપૂર્ણ પરિવર્તનોને સામે લાવ્યાં. સામૂહિક જવાબદારી અને સરકારની નિષ્પક્ષતા પર ભાર મૂકતા, તેમણે લખ્યું કે, સારો વહીવટ સારા નાણાં પર આધાર રાખે છે કારણ કે, નાણા એ સમગ્ર વહીવટતંત્રના મશીનનું બળતણ છે. તેઓ વધુમાં કહે છે કે, ''જો વહીવટીતંત્રને સરળ રીતે કાર્ય કરવું છે તો, તેણે નિષ્પક્ષતાના સિદ્ધાંત તેમજ સરકારના કામ અને તેના અમલમાં વહીવટકર્તાઓની સામૂહિક જવાબદારીને માન્યતા આપવી જોઈએ.''

ડૉ. આંબેડકર દેશના સમગ્ર આર્થિક માળખાને સંસદ દ્વારા બનાવેલા કાયદા હેઠળ નહીં પરંતુ બંધારણના કાયદા હેઠળ લાવવા માંગતા અને દ્રઢપણે માનતા કે 'એક વ્યક્તિ એક મત'ને એક વ્યક્તિ એક મૂલ્ય'માં પરિવર્તિત કરી શકાય નહીં. ભાષાના આધારે રાજ્યોની રચના અંગેની તેમની ટીકા શૈક્ષણિક રીતે ખૂબ નોંધપાત્ર અને મહત્વપૂર્ણ છે. ઘણા વિદ્વાનો અનુસાર આંબેડકર ગાંધીજીના અસ્પૃશ્યતા નાબૂદીના ઐતિહાસિક પ્રયાસને મોટા સ્તર પર ખૂબ ઝડપી બનાવ્યો કેમ કે તે સામાજિક સંબંધો પર પ્રતિકૂળ અસર કરી રહી હતી.

અર્જુન પ્રસાદ પોતાના પુસ્તક યુગ નિર્માતા ડૉ. આંબેડકર માં જણાવે છે કે, તેઓએ દિવસના ૧૨ થી ૮ કલાક કામકાજના કલાકો ઘટાડવાના સંઘર્ષનું નેતૃત્વ કર્યું. તેમને સેન્ટ્રલ બેંક, નેશનલ પાવર ગ્રીડ સિસ્ટમ, સેન્ટ્રલ ટેકનિકલ પાવર બોર્ડ, રોજગાર કાર્યાલય, સેન્ટ્રલ વોટર પ્રોજેક્ટ, નીતિ અને નેવિગેશન સિસ્ટમ જેવી ઘણી ટોચની સંસ્થાઓની સ્થાપનાનો શ્રેય જાય છે. ડૉ. આંબેડકર દ્વારા કરવામાં આવેલ સંશોધન આજના સમયમાં પણ પ્રાસંગિક છે. ભારતીય અર્થતંત્રની તમામ સામાજિક અને આર્થિક સમસ્યાઓ જેવી કે ગરીબી, બેરોજગારી, મોંઘવારી, પછાતપણું, અસમાનતા (વ્યક્તિગત અને પ્રાદેશિક), વિદેશી ચલણ સામે ભારતીય ચલણનું અવમૂલ્યન અને અન્ય સબંધિત વિમર્શ ડૉ. આંબેડકરના આર્થિક સંશોધનોમાં જોઈ શકાય છે. ■

feedback@bombaysamachar.com

ત્રિકોણનો ચોથો ખૂણો

વિક્રમ વકીલ

ત્યારે જમાનો હતો ડાબેરી ઈતિહાસકારોનો

હવે લોકોની આંખ ઉઘડી રહી છે!

વર્ષો સુધી ઇતિહાસને નામે ગપ્પા હાંકનાર ડાબેરી ઇતિહાસકારો હવે ઉઘાડા પડી રહ્યા છે. મોગલોને મહાન ચિતરવા અને શિવાજીથી મહારાણા પ્રતાપ જેવા બહાદુર શાસકોને નબળા ચિતરીને, કુમળી વયના વિદ્યાર્થીઓના મગજમાં ખોટી ભ્રમણા ફેલાવવાનું પાપ ડાબેરી ઇતિહાસકારોએ કર્યું છે.

જો કે છેલ્લા કેટલાક સમયથી હવે તટસ્થ ઇતિહાસકારોએ સાચી હકીકત રજૂ કરતા પુસ્તકો લખીને દેશનો સાચો ઇતિહાસ લોકો સુધી પહોંચાડવાની કોશિશ કરી છે. લેફ્ટીસ્ટ ઇકો સિસ્ટમ ખળભળી ઊઠી છે. હિન્દુઓને બદનામ કરતી હકીકતો સાવ જૂઠ્ઠી છે એવું પૂરવાર થવા માંડે એ એમનાથી કઈ રીતે સહન થાય?

યુનિવર્સિટીઓમાં પણ બિનડાબેરી વિચારધારા ધરાવતા તેજસ્વી વિદ્યાર્થીઓ સાથે વર્ષો સુધી સતત અન્યાય થતો રહ્યો છે. સાચો ઇતિહાસ દુનિયા સમક્ષ રજૂ કરનાર અરુણ શૌરી, સીતારામ ગોયેલ, રામ સ્વરૂપ, માઇકલ ડેનીનો, ડેવિડ ફ્રોલ્લી કે મિનાક્ષી જૈન જેવા તટસ્થ ઇતિહાસકારોને 'કોમવાદી' કહીને બદનામ કરવામાં આવે છે. રમેશચંદ્ર મજુમદાર, નિલકાંત શાસ્ત્રી અને યદુનાથ સરકાર જેવાઓને પણ બદનામ કરવાની કોશિશ કરવામાં આવી છે. ભારતીય પુરાતત્વખાતાના ભૂતપૂર્વ ડિરેક્ટર કે. કે. મોહમદે પણ એમના પુસ્તકમાં ડાબેરી ઇતિહાસકારોને ચાબુક મારતાં લખ્યું છે કે રામ મંદિર બાબતે આ ડાબેરી ઇતિહાસકારોએ મુસ્લિમોને કઈ રીતે ગેરમાર્ગે દોર્યા હતા...

કે. કે. મોહમદ કહે છે : ''જો મુસ્લિમ બૌદ્ધિકો, ડાબેરી ઇતિહાસકારોના ષડયંત્રમાં ભેરવાયા ન હોત તો બાબરી ઢાંચાનો મુદ્દો વર્ષો પહેલાં જ ઉકેલાઈ ગયો હોત.''

કે. કે. મોહમદના કહેવા પ્રમાણે રોમિલા થાપર, બિપિનચંદ્ર અને એસ. ગોપાલ જેવા ડાબેરી ઇતિહાસકારો સૌથી મોટા વિલન હતાં. ઉપરોકત આ ટોળકીને ઇરફાન હબીબ, આર. એસ. શર્મા, ડી. એન. ઝા, સુરજ ભાન અને અખ્તર અલી જેવાએ ટેકો આપ્યો હતો.

બિન ડાબેરી બૌદ્ધિકોના કામને આ ડાબેરી ઇતિહાસકારોની ગેંગ ખતમ કરીને જ રહે છે. બિન ડાબેરી ઇતિહાસકારોના કામને વારંવાર વગોવવામાં આવે છે. ભારત અને હિન્દુ વિરોધી ઇતિહાસકાર ઓડ્રી ટ્રુશ્કીએ પણ આ 'ગુનો' કર્યો છે. ટ્રુશ્કી અને અનન્યા ચક્રવર્તી તેમ જ રોહિત ચોપરા જેવા ઇતિહાસકારોએ તેજસ્વી ઇતિહાસકાર વિક્રમ સંપટને આ જ રીતે બદનામ કરવાની કોશિશ કરી હતી. વીર સાવરકરની બાયોગ્રાફી લખનાર તટસ્થ ઇતિહસકાર વિક્રમ સંપટ પર આ ટોળકીએ ઉઠાંતરીનો આરોપ મૂક્યો. ત્યાર પછી આ ગેંગે સંપટ વિરુદ્ધ સોશિયલ મીડિયામાં ઝુંબેશ ચલાવી.

વિક્રમ સંપટ યુકેની 'રોયલ હિસ્ટોરીકલ સોસાયટી'ના સભ્ય છે. ડાબેરીઓની ગેંગે એ સોસાયટીને પત્રો લખીને જણાવ્યું કે સંપટનું સભ્યપદ રદ કરો. જો કે સામે વિક્રમ સંપટ પણ આ ટોળકીથી દબાયા નહીં અને એમણે દિલ્હી હાઇ કોર્ટમાં આ ત્રણે સામે રૂ. બે કરોડનો બદનક્ષીનો દાવો માંડ્યો. શેરીના ગુંડાઓ જેવી રસમ પેલી ટોળકીએ અપનાવી. સંપટ હાઇ કોર્ટમાં ગયા પછી ટ્રુશ્કી, ચક્રવર્તી અને ચોપરાએ 'એકેડેમિક ફ્રિડમ'ના નામે એક ખુલ્લો પત્ર લખ્યો. ટ્રુશ્કીએ સોશિયલ મીડિયા પર આ પત્ર શેર કર્યો. આ પત્રમાં૧૩૫ જણાની કહેવાતી સહીઓ હતી. ઇતિહાસકાર રામચંદ્ર ગુહા, પ્રતાપ ભાનુ મહેતા અને શિવસેનાના રાજકારણી સંજય રાઉતની કહેવાતી સહી પણ આ પત્રમાં હતી.

ડાબેરી ઇતિહાસકારોનો ભાંડો ત્યારે ફૂટ્યો કે જ્યારે રામચંદ્ર ગુહા, પ્રતાપ ભાનુ મહેતા અને સંજય રાઉતે કહ્યું કે આ પત્રમાં સહી કરવાની વાત તો દૂર, એમણે પત્ર જોયો સુધ્ધાં નથી...! આનો મતલબ એમ થાય કે ટ્રુશ્કી, ચક્રવર્તી અને ચોપરાની ગેંગે ઉપરની વ્યક્તિઓની પરવાનગી વગર એમના નામનો ઉપયોગ કર્યો હતો!

આજથી લગભગ ૧૫ વર્ષ પહેલાં તો આ ડાબેરી ઇતિહાસકારો જે કહેતા હતા એને કોઈ ચેલેન્જ કરતુ નહોતું. વીર સાવરકરને બદનામ કરવામાં પણ આવા ઇતિહાસકારોનો જ હાથ રહ્યો છે. હવે આજે જ્યારે વિક્રમ સંપટ કે ઉદય માહુરકર જેવા લેખકો વીર સાવરકર વિશે પૂરાવા સાથે સાચી વાતો લખે છે ત્યારે લેફ્ટીસ્ટોના પેટમાં, માત્ર તેલ નહીં, તેજાબ રેડાય એ સ્વાભાવિક જ છે!

feedback@bombaysamachar.com

કેન્વાસ

અભિમન્યુ મોદી

વેકેશન એટલે વાંચવાની મોજેમોજ...! (આ મોજ ક્યાં ગઈ?)

બ્રિટનની આશ્ચર્યજનક વાત છે. ૨૦૦૪માં રોનાલ્ડ જોર્ડન પકડાઈ ગયો. રોનાલ્ડ જોર્ડન કોણ? એ જે હોય તે, પણ એની ધરપકડથી અમુક લોકોએ ભારે રાહતની લાગણી અનુભવી તો અમુક લોકોને એના માટે સહાનુભૂતિ પણ થઇ. એની ઉપર અદાલતી કાર્યવાહી શરૂ થઇ. એના ઘરે રેડ પાડવામાં આવી ત્યારે એના ઘરેથી અધ્ધધધ અઢાર હજારની ઉપરની સંખ્યામાં માલ નીકળ્યો. એ માલ ચોરીનો હતો. રોનાલ્ડ ધંધાદારી ચોર હતો. અને એ ફક્ત એક જ વસ્તુઓની ચોરી કરતો. અને એ હતાં: પુસ્તકો! વર્ષે પાત્રીસ હજાર જેટલાં પુસ્તકો ચોરીને વેચી નાખતો જે આમજનતાને સરવાળે સસ્તા ભાવે મળતા. રોનાલ્ડની ધરપકડ થઇ ત્યારે આમેય પુસ્તકચોરો (biblioklept) નો દબદબો ક્ષીણ થતો જઈ રહ્યો હતો. રોનાલ્ડની માસ્ટરી ટ્રાવેલ ગાઈડની બુક્સ ચોરવામાં હતી. હા, પુસ્તકચોરોના સમાજની અંદર પણ પેટા વિભાગો રહેતા. અમુક પુસ્તકચોર ફક્ત આર્ટ બુક્સ જ ઉઠાવતાં તો અમુક નોવેલ્સ જ. પણ એ જમાનો ઓલમોસ્ટ પૂરો થઇ ગયો છે. પેશેવર પુસ્તકચોરો હવે દુનિયામાં ક્યાંય નથી રહ્યા. એ લોકો ઈતિહાસ બની ગયા. પોલીસ કે કાયદાઓ નહિ, ઈલેક્ટ્રોનિક ઝંઝાવાતે આ પુસ્તકચોરોની હથોટી' જમીનદોસ્ત કરી નાખી!

પ્રોફેશનલ પુસ્તકચોરો દુનિયામાં હવે રહ્યા નથી. આ વાતે ખુશ થવા જેવું નથી બલકે દુખી થવા જેવું છે. પુસ્તકચોરો એટલા માટે નથી રહ્યા કે સારા પુસ્તકોનું વાંચન ઘટી ગયું છે. બાકી યાદ કરો, કોલેજના એ દિવસો, સ્કુલની એ ચોપડીઓ અને લાઈબ્રેરીના એ કબાટો. પુસ્તકોની દુનિયા આખી અલગ હોય છે. અત્યાર સુધી તો દરેક વ્યક્તિની જિંદગીના ઘડતરમાં પુસ્તકોએ ક્યાંકને ક્યાંક ભાગ ભજવ્યો છે. પણ હવે શું સ્થિતિ છે? એના માટે ગુલઝારની આ પ્રખ્યાત નઝમનો વીડિયો ફરીથી જુઓ.

કિતાબે ઝાંકતી હૈ બંદ અલમારી કે શીશો સે
બડી હસરત સે તકતી હૈ
મહિનો અબ મુલાકાતે નહિ હોતી
જો શામે ઉનકી સોબત મેં કટા કરતી થી, અબ અક્સર
ગુઝર જાતી હૈ કમ્પ્યુટર કે પરદો પર;
બડી બેચૈન રહતી હૈ કિતાબે.
ઉન્હેં અબ નીંદ મેં ચલને કી આદત હો ગયી હૈ.

આહા. આફરીન. બુકનું પેજ ફેરવવા માટે હોઠે આંગળી અડાડીયે અને એનો જે ઝાયકો આવે, અને એની મજા, આંગળીથી ક્લિકમાં મળવાની? ચોરીછુપીથી જોઈ રહેતી કોઈ આંખો સાથે બે-ત્રણ પુસ્તકોની લેવડદેવડ વીસ-ત્રીસ પેઢીઓના ફોર્મેશનમાં પરિણમે!

બુકની તાકાત તો જુવો! પરંતુ હાર્ડ બાઉન્ડ પુસ્તકો પણ ધીમી તો ધીમી, પણ ઓટમાં છે. એની ભરતીનો જમાનો ગયો.

સદીઓ વીતતી ગઈ. મનુષ્યને ગુફાચિત્રો દોરવામાં ફાવટ આવી ગઈ. ચિત્રો નાનાં થતાં ગયાં અને તે સરવાળે અક્ષરોમાં પલટાયા. પેપીરસની છાલમાં પુસ્તકનો નાજુક જન્મ થયો. જમાનાઓ બદલાયા. સદીઓ પટકાતી ગઈ. સમય છૂટતો ગયો. જાતિઓ વિલોપ થઇ, અસ્તિત્વમાં આવી. પણ પુસ્તકો અડીખમ રહ્યા. ના, એમ નહિ, પુસ્તકો જ આખા વિશ્વની કાયાપલટનું નિમિત્ત અને સબૂત બનતાં રહ્યાં. બ્રિટનથી બાર્બાડોસા અને સિંધથી સુદાન સુધી, રૂસથી રોમાનિયા અને પનામાથી પંજાબ સુધી પુસ્તકો રાજ કરતા આવ્યાં છે. પુસ્તકોએ આખેઆખી સંસ્કૃતિને પલોટી છે અને દરેક દેશના ઈતિહાસને સાચવીને બતાવ્યો છે. દરેક ધર્મના મજબૂત પાયા એકલદોકલ પણ મહાન બુક ઉપર તાકાતથી જડાયેલા છે. ધર્મની એ વિચારધારા સાથે અબજો માનવો અને એના વર્ગની ચોક્કસ સંસ્કૃતિ ટકી છે. માનવવ્યવસ્થાને પોતાના મિજાજ થકી આજ સુધી ટકાવી રાખી છે આ પુસ્તકોએ.

માણસને જીવવા માટેની સૌથી મહત્ત્વની અને પાયાની જરૂરિયાત જો રોટી, કપડાં અને મકાન જ ગણાતી હોય તો આપણા અને આદિમાનવોમાં ફર્ક શું? કે ફોર ધેટ મેટર કોઈ પણ પ્રાણીમાં અને આપણામાં? આપણે બીજા જીવો કરતાં કઈ બાબતે જુદા પડીએ છીએ? બુદ્ધિથી. અને બુદ્ધિનું એક્સટેશન કમ એક્સપ્રેશન એટલે બુક્સ, પુસ્તકો. પુસ્તકોએ હાલના બુદ્ધિચાતુર્યથી ભરપૂર માણસ બનવાની પ્રોસેસ-ઉત્ક્રાંતિમાં જે પ્રત્યક્ષ અને પરોક્ષ ડાયનોસોર-ફાળો આપ્યો છે એ બદલાતા જતા DNA એ પણ નથી આપ્યો. શબ્દો જ બોલવા-સાંભળવા-જોવા-વર્ણન કરવાનું ડેવલપ કરતાં ગયા અને આપણે ભગવાન-દેવો-દાનવો, મહાભારત-રામાયણ-ઓડીસી-બાઈબલ-કુરાન જેવી મહાગાથાઓ કે ધર્મગ્રંથો પણ પુસ્તકના રૂપમાં જોયા. પુસ્તક ન હોત તો ભગવાન મળત?

કાર્લ માર્ક્સ રશિયાની શકલસુરત બદલી નાખે તો ઇસપની વાર્તાઓ વિના દરેક દેશના બાળકો કેમ મોટા થયા હોત? પૂર્વવૈદિક અને વૈદિક કાળની સંસ્કૃતિ, પુરાણો, ગ્રંથો અને ભારતને આઝાદી આ બધું પુસ્તકો વિના કલ્પી શકાય એમ છે? દેશના વિકાસ માટે જરૂરી ઇકોનોમિક્સ, વિજ્ઞાન, ગણિત, ટેક્નોલોજી અને સમૃદ્ધ સાહિત્ય આ બધું પુસ્તકો વિના ઘર-ઘર તથા પેઢી દર પેઢી પહોચત નહિ અને જો એ ન પહોંચત તો હજુ આપણે કમર ફરતે લીલા પાંદડા વીટીને પથરાળ યુગમાં ફરતા હોત. સમગ્ર માનવજાત પર પુસ્તકોનું ઋણ છે. બુક્સની બલિહારી છે બોસ.

આ બધી વાત આજે કરવાનું એટલા માટે થયું કે વેકેશન સમય આવી રહ્યો છે. બાળકોના વેકેશનમાં વડીલોને પણ થોડું વધુ ફ્રી રહેવું પડતું હોય છે. ઇલેક્ટ્રોનિક વાવાઝોડાં સામે પુસ્તકોનો ગઢ હવે અડીખમ નથી દેખાતો. માટે આવતીકાલના વર્લ્ડ બુક એન્ડ કોપીરાઈટ ડે નિમિતે જોરશોરથી ચીલ્લાવું પડે છે કે સારી બુક્સ વાંચો. પુસ્તકોને થોડાં તો પોતીકા બનાવો. લાઈબ્રેરીની ખાલી હવા ટચસ્ક્રીન સામે હાર માનતી જાય છે. વાંચવાનું છાપાંની હેડલાઈન, કોલેજ-ક્લાસીસના મટિરિયલ-લીથા, બેંકની પાસબુક, બિઝનેસ ચેનલના શેરના આંકડા અને વોટ્સએપિયન સુપરફિશિયલ મેસેજ પૂરતું મહદંશે સીમિત થઇ ગયું છે, અને તેને વાંચવાનું કહી શકાય, વાંચન નહિ. તો વાંચન કોને કહેવાય? કરીએ વાત, આવતા અંકમાં... ■

નાશ પામતા દેડકાને તાપમાન સાથે કોઈ સબંધ ખરો?

આડત્રીસ વર્ષ પૂર્વે મધ્ય અને દક્ષિણ અમેરિકામાં ડિઝાઇનર દેહ ધરાવતાં દેડકાંઓની આખી પ્રજાતિઓનો નાશ થવા લાગ્યો ત્યારે વિજ્ઞાનીઓને શંકા ગઈ કે જમીન પર અને પાણીમાં બન્ને સ્થળે પ્રવાસ કરી શકતાં આ દેડકાંઓ પર્યાવરણ સાથે બરાબર સમતુલન સાધી શક્તા નથી એવું કારણ આંતરરાષ્ટ્રીય વિજ્ઞાનીઓની એક ટુકડીએ શોધી કાઢ્યું છે. એમણે વાર્ષિક તાપમાન અને દેડકાંઓની જીવિત જાતિઓની સરખામણી કરી પછી પહેલી જ વાર પૃથ્વીના ઉષ્ણતામાનમાં થઈ રહેલા વધારા અને દેડકાંઓની ૧૧૦ પ્રજાતિમાંથી બે તૃતીયાંશ કરતાં વધુ જાતિના નાશ પામવા વચ્ચેના સંબંધને દસ્તાવેજી ચોકસાઈથી સ્થાપી આપ્યો. ગરમી વધી હોય એ વર્ષે દેડકાંઓની વધુ પ્રજાતિ નાશ પામી હોય એવું૮૦ ટકા કિસ્સામાં બન્યું છે. ૧૯૭૫થી ઉષ્ણકટિબંધ વિસ્તારનું તાપમાન, ૨૦મી સદીની સરેરાશ કરતાં ત્રણ ગણી ઝડપે વધ્યું છે, જેણે દેડકાંઓ માટે સ્થિતિ વણસાવી મૂકી છે અને ઉષ્ણતામાનમાં થતાં વધારા માટે આપણે સૌ જવાબદાર છીએ. ■

feedback@bombaysamachar.com

આજે આટલું જ

શોભિત દેસાઈ

એ સાંજ હતી ગઝલોની ભવ્ય સૂરજ ક્ષિતિજે ઝળહળતા હતા

હા, જી, સાચું પકડયું તમે. મૂળ શેર અમૃતતુલ્ય સારસ્વત કવિ વેણીભાઇ પુરોહિતનો એને મચડયો છે આજે ૯ એપ્રિલની સાંજ વર્ણવવા માટે. આગોતરી જાણ કરી દઉં કે આજ અને આવતો રવિ હું બહુ વ્યસ્ત છું તમારી સાથે એ ગુજરાતી ગઝલના અને ભવ્યાતિવ્ય જી હા, ભવ્યાતિવ્ય લેખાઇ ચૂકેલા કાર્યક્રમની વાત કરવામાં.....

સાત્વી મુકુલ ચોકસીના એના જેવડા જ રૂપકડા ટચુકડા દરેક કવિના introduction સાથે એ કાર્યક્રમ મારો હતો. પણ... લખતી વખતે અને વાંચતી વખતે તમને હું નો અતિરેક ન થઇ જાય એ હેતુથી હું હવે પછી હું ને બદલે શોભિત વાપરીશ. You Know, modified exhibition of ego. કેટલાકને વર્ષો પહેલા (રાસબિહારી દેસાઇ-અમદાવાદ) હું ને બદલે નામને ભાઇ લગાડીને ત્રીજા પુરુષ બહુ વચનમાં બોલતા સાંભળ્યાનું અને આશ્ચર્યગત થઇ ગયાનું યાદ આવે છે.

મેં મને ખૂબ ખૂબ ઘૂંટયો છે
ને મને આવડી ગયો છું હું

– મનહર મોદી

ચંપો, બટ મોગરા, ગુલાબ, રાતરાણી, પારિજાત, કેસુડો, સૂરજમુખી અને પલાશ એ સાંજે 'બેફામ'-કૈલાસ-શૂન્ય-જલન-સૈફ-રમેશ- ઘાયલ અને 'મરીઝ' નામ ધારણ કરીને પોતપોતાની ખુશ્બુઓ સાથે આવનાર દરેકને પરિપ્લાવિત કરવા જાણે હોડમાં ઊતર્યા હતા. અને... આ બધા કરંડિયાઓનો ગારુડી શોભિત અવાજના અદ્‌ભુત આરોહ-અવરોહમાં નવરસની મિલાવટ કરી એક પછી એક પુષ્પજૂથ પ્રદર્શિત કરતો ગયો. એ આખીય રજૂઆતને solo presentationના off Broadway show સાથે સરખાવવી? કે એને મહારજૂઆત કર્તા પ્રેમાનંદની આખ્યાન શૈલી લેખાવવી? કે ગુજરાતી ગઝલની રજૂઆતની મુત્સદ્દી છટા ગણવી? એનો જવાબ એ દિવસના તમારા કોઇ ઓળખીતા શ્રોતા-પ્રેક્ષક જરૂર આપી શકશે. કારણ? આખી જિંદગી અકિંચન રહી, માત્ર અને માત્ર ભાષાને સમૃદ્ધ બનાવવાના અને એ વખતના એટલે કે ૧૫૦ વર્ષ પહેલાનાં બે કરોડથી લઇને અત્યારના સાડા સાત કરોડ ગુજરાતીઓના હૃદયને સતત લીલાછમ્મ રાખવાના નેક ઇરાદાવાળા આંઠ મરજીવાઓને સમંદરનાં તળમાંથી કિનારે લઇ આવી, એમના ચાહકો દાદની સંજીવની દ્વારા એમને એમના સાગર તળીયે ઠર્યા બાદ પણ કેટલી ઉત્કટતાથી યાદ કરે છે એ દેખાડાઇ રહ્યું હતું. ... કેટલીક તો એવી, કેટલીક નહી ઘણી ક્ષણો તો એવી આવી કે જયારે શોભિતની રજૂઆત શ્રોતાઓએ એમ વધાવી દાદ-હાકલા-પડકારા-દેકારા-સ્મિત હાસ્ય-ગડગડાટથી કે જોઇને અક્ષરરૂપ કવિએ પોતાને દાદ આપી દીધી!!! અને એમાંય જયારે શોભિતે એમ કહ્યું કે ૨૦૧૪ May ની શરૂઆત તો ગઝલ સમ્રાટ અમૃત ઘાયલે ૧૯૬૩માં કરી હતી, જયારે એમણે રાજકોટ પધારેલા ભારતના વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુને મોઢામોઢ આ 'સંભળાવી દીધેલું' એમના કાળા કોટ પર લટકતા ફૂલને ઉદ્દેશીને....

થોડો ઝાઝો હિસાબ તો આપો
ખોટા સાચો જવાબ તો આપો
બાગમાં ભાગ છે અમારો પણ
એક વાસી ગુલાબ તો આપો

ત્યારે તો સ્વયં અમૃત ઘાયલ પોતે સ્ટેજની ડાબી બાજુની પહેલી વિંગ ઉપરથી ઊતરીને, શોભિતના માથે એક ચૂમી મૂકીને શ્રોતાઓના ઓવારણા લઇને પાછા ૭ ફૂટ બાય ૩ ફૂટના પોતાના Flex ના કદમાં જતા રહ્યાં!!!

આવતા રવિવારે આ બધા આંઠ ફૂલ એટલે કે ગુજરાતી ગઝલના આકાશમાં પોતપોતાની ઉડાનનો છાક છોડીને જતા રહેલા મોર-ચકલી-પતંગિયુ-ગરુડ- હંસ-તેતર-કાકાકૌઆ અને સુગરી વિશે વધુ વાત કરીશું જ. આ છાબના દરેક પટને કુમળા કૌશલથી ખોલી એમાંથી પુષ્પ પારેવાં ગજબનાક લાવણ્યથી પ્રદર્શિત કરતા (નાગને છાબડીમાંથી બહાર કાઢી, બિન વગાડી ડોલાવનારનું સર્વનામ છે ગારુડી) ચકોર ગારુડીની પણ વાત કરીશું જ. પણ આજે અહીં અત્યારે વાત કરવી છે. શ્રોતાઓની. એ શ્રોતાઓની, જેમણે cell phoneની એક પણ ring વગર પૂરેપૂરી નિષ્ઠાથી કાર્યક્રમને પોતાનો પ્રાણ આપી દઇને, બે કલાક વિસ મિનિટ સુધી એમાંથી એક પણે ઊભા થયા વગર કાર્યક્રમ પર પોતાની આંખ, પોતાનું હૃદય અને પોતાનું સમગ્ર ધ્યાન ન્યોછાવર કરી દઇને ગુજરાતી ગઝલના કાર્યક્રમને ભવ્યતા આપી. નેમિશ, નિલેશ, નિલેશ, આશિત, ઉદય, અશ્વિન આ બધા નામ સાથે જો હું અટક મૂકું તો મોદી-શાહની બરાબરીના પૂરાં નામ તમને મળી આવે. આ બધાએ અને બાકીના બધાએ પોતપોતાનુ ગંજાવર અસ્તિત્વ ઓગાળીને ગુજરાતી ગઝલના મરજીવાઓના જે રખોપા કર્યા છે, એની વાક્યાવલી બનાવવા મારા જેવાયે પણ વર્ણમાલામાં વસવું પડે થોડો વખત. એટલે એ જવા દઇએ.

પણ આઠ શાયરો માટે આઠ વખત અવનવા રંગના ઝભ્ભા સજાવીને દશ્યરંજકતા ધરનાર ગારુડી શોભિત સમાપન માટે આવ્યો ત્યારનો એનો પોતાના સફેદ ઝભ્ભા પરનો શેર શ્રોતાઓ લગભગ સરેરાશ ૬૦ની ઉપરના શ્રોતાઓ પોતાના હૃદયની દાબડીમાં મૂકી ઘરે લઇ ગયા....

બહુ ઘૂમ્યો હું સ્વાદોમાં, હવે મોળુ જ ફાવે છે
બધા રંગોનો છૂટયો મોહ, બસ ધોળું જ ફાવે છે.

આજે આટલું જ.....■

feedback@bombaysamachar.com

ઈકો સ્પેશિયલ

જયેશ ચિતલિયા

વિશ્વની ફાસ્ટેસ્ટ ઈકોનોમી હવે બની રહી છે ફાસ્ટેસ્ટ માર્કેટ...

ભારતીય શેરબજારે ગયા સપ્તાહમાં બે મોટા વિક્રમ નોંધાવ્યા. એક બીએસઈનું માર્કેટ કેપ ૪૦૦ લાખ કરોડ રૂપિયાની સપાટી વટાવી ગયું અને બીજો, સેન્સેકસ ૭૫ હજારને પાર કરી ગયો આમ દેશના અર્થતંત્રના ફંડામેન્ટલ્સ મજબૂત અને વિકાસલક્ષી હોવાથી આ બુલિશ ટ્રેન્ડ ચાલશે, પરંતુ ખરું ડહાપણ લાંબાગાળાનું રોકાણ કરવામાં છે...

સેન્સેકસે આખરે વિક્રમસર્જક ૭૫૦૦૦નો આંક પાર કર્યો. ૭૫ હજાર તો એક સાઈકોલોજિકલ લેવલ હતું, જે ઉત્સાહ અને સેન્ટિમેન્ટને કારણે પાર થઇ ગયું, પણ હવે બજાર અહીં પણ અટકશે નહીં એવું માનવા માટે કારણો છે.

ટૂંકમાં, બજારમાં ઈલેકશન ફિવર નહી, બલકે મોદી સરકાર તરફી ફેવરેબલ પરિણામની ધારણા રાખે છે.

૭૫ હજારને પાર કર્યા બાદ પાછો ફરી ગયેલો સેન્સેકસ હાલ તો વિરામના મૂડમાં નથી. અલબત્ત, સેન્સેકસ-નિફટીનો ઉછાળો હાલ ચોકકસ હાઈ વેઈટેજ સ્ટોકસને કારણે આવતા રહે છે. લોકો આવા લગડી શેર્સમાં રોકાણ વધારતા રહ્યા હોવાનું જોવાય છે.

૧૦-૧૦ હજારના જમ્પનો સમયગાળો સેન્સેકસની યાત્રા ચઢાવ-ઉતારવાળી પણ રસપ્રદ રહી છે, ખાસ કરીને છેલ્લાં દસ વરસે તો જાણે માર્કેટની ફિતરત જ બદલી નાખી છે, જેમ ઈકોનોમીની બદલી છે. સેન્સેકસ ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૧માં ૬૦,૦૦૦ હતો, જેને ૭૦,૦૦૦ ઉપર પહોંચતા ૫૪૮ દિવસ લાગ્યા હતા, જે આમ ઘણી ધીમી ગતિ ગણાય. ૧૦ હજાર પોઈન્ટની યાત્રામાં આનાથી પણ ધીમી ગતિ સેન્સેકસે ૨૦ હજારથી ૩૦ હજાર થવામાં લગાડી હતી, જયારે તેને ૨૩૧૮ દિવસ લાગ્યા હતા. જયારે કે ૬૦ થી ૭૦ હજારમાં દોઢ વરસ લાગ્યું, જેને ૨૦ થી ૩૦ હજાર થતાં સવા છ વરસ લાગ્યા હતા. ૩૦ થી ૪૦ હજારની યાત્રા પણ ધીમી હતી, જો કે તે ધીમી ગતિમાં ત્રીજા ક્રમે આવે છે, જેમાં તેને ૫૨૦ દિવસ લાગ્યા હતા. ૧૦ હજારથી ૭૫ હજાર સુધી પહોંચતા સેન્સેકસને ૧૮ વરસ લાગ્યા હતા. ૫૦ થી ૬૦ હજારની ફાસ્ટેસ્ટ છલાંગ છ મહિનાથી પણ ઓછાં સમયમાં પૂરી થઈ હતી.

બીજી તરફ, ૭૦ થી ૭૫ હજારને માત્ર ચાર મહિના લાગ્યા છે...!

માર્કેટ કેપ ને જીડીપી

કોઈપણ શેરબજારના માર્કેટ કેપને તે દેશના જીડીપી (ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડકટસ) સાથે તોલવામાં આવે છે. ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ ગુરુ બફેટના સિદ્ધાંત આધારિત પ્રાપ્ત ડેટા મુજબ યુએસએની માર્કેટ તેના જીડીપી સામે ૧.૮૪૪, જપાન ૧.૭૦૩ બાદ ભારતીય માર્કેટ ૧.૩૩ થઈને ત્રીજા ક્રમે આવી ગયું છે. ચીન જીડીપી સામે ૦.૫૬૩ નો રેશિઓ ધરાવે છે. ભારતના આ આંકડા બજાર હજી વધી શકવાના સંકેત આપે છે. ભારતીય બજાર બાદ ફ્રાન્સ, બ્રિટન અને જર્મનીનો ક્રમ આવે છે.

હાઈ વેલ્યુએશનથી સાવચેત રહો

ભારતીય માર્કેટ વધવા માટે મજબૂત આર્થિક પરિબળોનાં કારણ અપાય છે, જયારે કે ચૂંટણીનાં પરિણામ બાદ માર્કેટે વધુ ઊંચાઈએ આગળ વધશે એવી ધારણા પાકી થતી જાય છે, તેમ છતાં હાલ ચોકકસ સ્તરે ભાવો વધુ પડતા ઊંચા (હાઈ વેલ્યુએશન) લેવલે પહોંચ્યા છે તેનો પણ ઈન્કાર થઈ શકે એમ નથી, જેથી કરેકશન ગમે ત્યારે ત્રાટકી શકે છે. જે કરેકશનમાં માર્કેટ જોરદાર કડાકા બતાવે તો તેને ખરીદીની તક ગણી લેવી જોઈએ એ વાત માનવી રહી, પણ આ ખરીદી સિલેકટિવ હોવી જોઈએ, આડેધડ નહી. મહત્તમ ભાર લાર્જ કેપ સ્ટોકસ પર આપવો રહ્યો. ફંડામેન્ટલ્સથી મજબૂત અને ઈકોનોમીની ગતિવિધિ સાથે આગળ વધી શકે એવી કંપનીઓ પર પસંદગી ઉતારવી તેમ જ અભિગમ લોંગટર્મ રાખવો. હવે લોંગટર્મની કરામત સમજવી હોય તો યાદ કરો, કોવિડના સમયને ૨૦૧૯-૨૦-૨૧ દરમ્યાન ૭૫૦૦ નો નિફટી હાલ ૨૨-૨૩ હજાર આસપાસ છે, સેન્સેકસ એ વખતે ૨૫ હજારથી પણ નીચે ઉતરી ગયો હતો, જે હાલ ૭૫ હજારની આસપાસ છે. આમ માત્ર પાંચેક વરસમાં વૃદ્ધિનો ગ્રાફ સમજી લો.

વિકાસ - વૃદ્ધિના આ રહ્યાં કારણ

તમને થશે કે આ વૃદ્ધિના નકકર કારણો કયાં છે? જેનો જવાબ પણ નજર સામે છે. દેશનો ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટસ (જીડીપી)ની વૃદ્ધિ, ઉત્પાદન, સર્વિસ સેકટરની વૃદ્ધિ, નિકાસ, મેક ઈન ઈન્ડિયા, ડિફેન્સ સેકટરની સ્વનિર્ભરતા, ઈન્ફ્રસ્ટ્રકચર અને ઓટો ઉદ્યોગનો વિકાસ, મૂડીખર્ચમાં વૃદ્ધિ, બેન્કિંગ સેકટરમાં સતત સુધારા, એફએમસીજી સેકટરમાં વધતી ડિમાંડ, દેશી રોકાણનો સાતત્યપૂર્ણ રોકાણ પ્રવાહ, મ્યુચ્યુઅલ ફંડસ અને રિટેલ રોકાણકારોનો પણ અવિરત રોકાણ પ્રવાહ જેવા અનેકવિધ કારણો ભારતીય અર્થતંત્ર અને બજારમાં વિશ્વાસ વધારી રહ્યા છે. આમ વિશ્વની ફાસ્ટેસ્ટ ઈકોનોમી હવે વિશ્વની ફાસ્ટેસ્ટ માર્કેટ બનવા તરફ ગતિ કરી રહી છે...

feedback@bombaysamachar.com

ટ્રાવેલ સ્ટોરી

કૌશિક ઘેલાણી

નિસર્ગની વિસ્મયકારક ઘટનાઓ ને જંગલનો ઊંડો પરિચય

કુદરતની ખરી કરામતોથી આપણે અજાણ છીએ. હિમાલયની તળેટીમાં ફેલાયેલ વિશાળ સાલનાં જંગલોમાં કુદરત અવનવાં કરતબો રોજબરોજ દેખાડે છે. ક્યારેક આપણી આંખો આવાં કરતબોની સાક્ષી બનતી હોય છે, જે વ્યક્તિ કુદરતની વિસ્મયકારક ઘટનાઓને નિહાળે છે તે ખરેખર ખૂબ જ નસીબદાર છે એવું હું ચોક્કસપણે માનું છું. દરેક ઋતુમાં પ્રકૃતિ અલગ અલગ રંગોમાં ખીલી ઊઠે છે એ સાથે સાથે જંગલમાં વસતા જીવો પણ અલગ અલગ કરતબો કરતાં નજરે ચઢે છે. દરેક ઋતુમાં અચૂકપણે જંગલ જવાની મારી આદત જ મને કુદરતના અવનવા નિયમોથી પરિચિત કરાવવા માટે માધ્યમ બની છે અને મારી બા પાસેથી શીખ્યો એ રીતે જ જંગલ પાસેથી હું જીવનનાં ઘણાખરા પાઠ શીખતો આવ્યો છું.

તાજેતરમાં ઉત્તરાખંડનાં જિમ કોર્બેટ નેશનલ પાર્કની મુલાકાત લીધી. આ નેશનલ પાર્ક ક્યારેય પણ મને જૂનો નથી લાગ્યો. અહીં વારંવાર આવવા છતાં હંમેશાં કંઈકને કંઈક નવું મેળવતો જ આવ્યો છું. વસંતથી ગ્રીષ્મ તરફ ધપી રહેલું જંગલ સોનેરી ઓપ ધારણ કરે છે. સૂર્યોદય આછેરાં સૂકાં ઘાસ પર સોનેરી પ્રકાશનો ઢોળ ચઢાવી ને નયન રમ્ય બનાવી દે. નાની નાની ચકલીઓએ ઘાસમાં મધુર ગાન ગાતી ગાતી કૂદમકૂદ કરી મૂકે. હાથીઓનું આખું ઝૂંડ ઘાસમાં મસ્તીથી મહાલતું નજરે પડે. સૂર્યપ્રકાશ અને જંગલનાં વિશાળ વૃક્ષો માં છુપાઈ જવા મથતાં આછેરાં ધુમ્મસ વચ્ચે રીતસરનું દ્વંદ્વ જોવા મળે છે. આ દ્વંદ્વ વચ્ચેથી રસ્તો કરીને દોડી જતા માસૂમ હરણાં ઓ અને વાંદરાઓ મારા મનમાં આનંદનો ઉભરો લઇ આવે. સાલનાં ગગનચુંબી વૃક્ષોનો વાસંતી અસબાબ પ્રાકૃતિક સમૃદ્ધિનો ખરો પરિચય કરાવે. સાલ બારેમાસ લીલાછમ્મ રહેતા વૃક્ષની એક સુંદર પ્રજાતિ છે. વસંતથી ગ્રીષ્મ સુધીનાં સમયમાં પાનખર દરમ્યાન સાલનાં અમુક પાંદડા પીળાશ પકડે છે અને ધીરે ધીરે ખરી પડે છે, પણ સાગનાં વૃક્ષની જેમ બધાં જ પર્ણો એક સાથે નથી ખરી પડતા. અમુક પર્ણો ખરી પડે ત્યાં તો નવાં પર્ણો વૃક્ષની શોભામાં અભિવૃદ્ધિ કરવા માટે તૈયાર જ હોય છે. સવારનાં સૂર્યની રોશની આ કુમળાં પર્ણો ને વધુ સોહામણાં બનાવે છે તો વળી આછેરાં પીળા પર્ણો સાથે પ્રકાશનાં સંયોજન થકી વૃક્ષ પર સોનેરી અસબાબ ઊભો થાય છે. ખરતા પર્ણો ને વસંતનો વાયરો જાણે સાથે લઇ જવા મથી રહ્યો હોય એમ જંગલમાં આમતેમ ઉડાવે છે તો પર્ણો ધરણીનાં ખોળે સોનેરી ચાદર માફક છવાઈ જવા માગતા હોય એમ રસ્તા પર જ જગ્યા લઇ લે છે. આ આખી પ્રક્રિયા દિવસભર સતત ચાલતી રહે છે અને પર્ણોની અદ્‌ભુત ધૂન દરેક જીવોને મંત્રમુગ્ધ કરી મૂકે છે. સાલનાં વૃક્ષો નીચેથી પસાર થતા અમુક પર્ણો ધીરેથી શરીર પર પડીને સરકે કે જાણે પ્રકૃતિને માધ્યમ બનાવીને મારી બા મારા માથે વ્હાલથી હાથ ફેરવી રહી હોય એવું સ્પષ્ટપણે અનુભવી શકું.

જાંબુ પણ એક એવી પ્રજાતિ છે જેનાં નવાં નક્કોર પર્ણો ગ્રીષ્મ ઉઘડતા જ આખાયે વૃક્ષને સોહામણું બનાવી દે છે. એકદમ કુમળાં પાન અને ફાલની ફોરમ આ વૃક્ષ તરફ કોઈને પણ ખેંચીને લઈ આવે છે. વસંત ઋતુમાં લગભગ બધા જ પ્રકારનાં ઘાસ પર ફૂલ ખીલે છે અને ગ્રીષ્મ તરફ આગળ ધપતા ધપતા એ ફૂલડાં ઓ પર વિવિધરંગી પતંગિયાઓની ફોજ પોતાનું આધિપત્ય જમાવી દે છે. ભમરાઓ અને મધમાખીઓ નું મધૂર ગાન અને નૃત્ય તો કુદરતનાં આ દૃશ્યને વધારે મનોરમ્ય બનાવે છે. કુસુમ અને સાલનાં જંગલો વચ્ચે ફરવાનો અનુભવ એટલે જાણે ઉઘડતા ઉનાળાની ભરપૂર મોજ. આ સમયે હિમાલયનાં જંગલોમાં સાલ નાં વૃક્ષો પર પરિપક્વ એવાં પીળા પાંદડા, નવાં જ ખીલેલાં લીલા પાન અને યુવાનીનાં ઉંબરે ઉભેલા પાંદડા. આ બધી જ અવસ્થા એક સાથે જોઈ શકાય. કુસુમ નાં વૃક્ષો તો જાણે નવોઢા માફક લાલ રંગનું પાનેતર ઓઢીને સજ્જથયા હોય એમ ઊડીને આંખે વળગે. કુદરતની આ સઘળી કરામત જ તો મને જંગલ તરફ આકર્ષે છે. કુસુમ નાં વૃક્ષોનાં પર્ણો જેમ જેમ બાળ અવસ્થામાંથી યુવા અવસ્થા તરફ વધતા જાય કે લાલમાંથી લીલો રંગ ધારણ કરે. આ લાલ અને લીલા રંગનું મિશ્રણ જોવા આ વૃક્ષ નીચે ઘડી ભર રોકાઈ જાઉં અને જંગલનાં સૂરોને શાંતિથી સાંભળ્યા કરું. આ જ તો સઘળું છે જે આપણને જીવનને સાચા અર્થમાં જીવતા શીખવે છે.

આખુંયે જંગલ એના નિત્ય ક્રમ મુજબ શરૂ થાય છે, સંધ્યા ટાણે જરા ધીમું પડે, નવી ધૂન છેડે, સઘળા જીવો વધારે સચેત થઇ જાય, એક જગ્યાએ ભેગા થઇ જાય અને પોતાનાં અસ્તિત્વને વધારે સમય માટે ટકાવી રાખવાની લડાઈ માટે સજજ બની જાય. વાઘ અને દીપડા જેવા પ્રભાવક જીવો પોતાનાં નાનાં બચ્ચાનાં અસ્તિત્વને ટકાવી રાખવા માટે શિકાર માટે નીકળે અને જંગલ જીવંત બની જાય. કોઈ પ્રાણીની મરણ ચીસ વાઘ કે દીપડા જેવા પ્રાણીનાં બચ્ચાંની તૃપ્તિનો ઓડકાર બને. કુદરતે દરેક જીવો માટે બહુ સરસ રચના કરીને આ સૃષ્ટિ ને રચી છે. પ્રાણીઓની આ પદ્ધતિ ને આપણે સરળતા થી સમજી શકીએ પણ વૃક્ષોમાં પણ આ પ્રકારનાં ગુણો અને વર્તણૂંક કુદરતે આવરી લીધી છે. ફાઇકસ ફેમિલી એટલે કે વડ અને પીપળા કુળનાં

(જુઓ પાનું ૧૦) ▶▶

feedback@bombaysamachar.com

પુસ્તકોની દુનિયા



ડાર્ક સિક્રેટ

ડાર્ક સિક્રેટ: (રહસ્ય અને રોમાંચથી ભરપૂર નવલકથા)
લેખક: યોગેશ સી. પટેલ. પૃષ્ઠ સંખ્યા: ૨૦૫, મૂલ્ય રૂ. ૩૦૦/-
પ્રકાશક: એન. એમ. ઠક્કરની કંપની, ૧૬૦ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦૦૦૨.
ફોન: ૯૯૬૭૪ ૫૪૪૪૫.

છેલ્લાં ૧૫ વર્ષથી 'મુંબઈ સમાચાર'માં ક્રાઈમ રિપોર્ટર તરીકે ફરજ બજાવતા યોગેશ સી. પટેલની આ નવલકથા મુંબઈ સમાચારમાં ધારાવાહિક તરીકે પ્રકાશિત થઈને ખૂબ લોકપ્રિય બની ચૂકી છે. એક વાર હાથમાં લીધા પછી પૂરું કરવાનું મન થાય તેવું રસપ્રદ આ પુસ્તક છે. મુંબઈ સમાચારના તંત્રી નીલેશ દવે આ પુસ્તક વિષે લખે છે ''આ નવલકથાનો પ્લોટ ખૂબ જ રોમાંચક અને જકડી રાખે તેવો છે. ક્રાઈમ રિપોર્ટિંગ કરતાં કરતાં ગુનાહિત માનસ ધરાવતા લોકોની વાત રજૂ કરવાની યોગેશની આવડત આ નવલકથાનું જમાપાસું છે. વેરની આગમાં બળતું માનવ મન કઈ હદ સુધી જઈ શકે છે તે અહીં તાદશ રજૂ કરાયું છે. ડાર્ક સિક્રેટની સફળતા માટે યોગેશ પટેલને ખૂબ ખૂબ અભિનંદન''..નીલેશ દવે, તંત્રી: મુંબઈ સમાચાર. રહસ્યથી ભરપૂર આ નવલકથા વાચકોને ગમશે જ.

આયુર્વેદનું અમૃત મંથન

સંકલન: ડૉ. કિરણ જે. દેસાઇ

સંકલન: ડૉ. કિરણ દેસાઈ.
મોટી સાઈઝના ૧૪૨ પાનાં
મૂલ્ય રૂ. ૩૦૦/-
પ્રકાશક: એન. એમ. ઠક્કરની કંપની, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, ગોવિંદ બિલ્ડિંગ, મુંબઈ-૪૦૦૦૦૨
ફોન નં. ૯૯૬૭૪ ૫૪૪૪૫.

આયુર્વેદના અનેક દુર્લભ ગ્રંથોનો અભ્યાસ કરીને આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં વાત, પિત્ત, કફના વાત રોગો, વ્યાધિઓના પ્રકાર, આહાર, ઊંઘ, ગર્ભાધાન, પ્રસૂતાની સારવાર, પુત્ર કે પુત્રી, બાળકોનાં ઉછેર માટે ધ્યાનમાં રાખવાની બાબતો, બાળકો માટેનો આહાર, બાળકોને ઉપયોગી ઔષદ્ધીઓ, કફના વીસ વિકારો, પાણી ક્યારે અને કેટલું પીવું, પાણી પીવાની સાચી રીત અને સમય, મંદાગ્નિ હોય તો શું કરવું, વ્યાધિઓના પ્રકાર અને તેના ઉપચાર વિષે વિસ્તૃત માહિતી આ ગ્રંથમાં આપવામાં આવી છે. આ ગ્રંથના લેખક ડૉ. કિરણ દેસાઈને ૫૦ વર્ષોનો ચિકિત્સાનો અનુભવ છે. પ્રખ્યાત આયુર્વેદના નિષ્ણાત વૈદ કૃપાશંકર ભટ્ટ પાસેથી તેઓએ આયુર્વેદના ગ્રંથો અને ચિકિત્સાનું જ્ઞાન પ્રાપ્ત કરી અનેક દર્દીઓને સાજા કર્યા છે.

કુરુક્ષેત્રની કથા અને વ્યથા

યુધિષ્ઠિરનું મનોમંથન



લેખક: પંકજ કડકિયા **અનુવાદ:** સતીશચંદ્ર વી. જોષી
પૃષ્ઠ સંખ્યા: ૨૬૫ **મૂલ્ય** રૂ. ૩૫૦.
પ્રકાશક: હેમંત ઠક્કર, એન. એમ. ઠક્કરની કંપની, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, ગોવિંદ બિલ્ડીંગ, મુંબઈ-૪૦૦૦૦૨ ફોન નં. ૨૨૦ ૧૦ ૬૩૩. મો.નં. ૯૯૬૭૪૫૪૪૪૫

કુરુક્ષેત્રની કથા અને વ્યથા રજૂ કરતું આ પુસ્તક અંગ્રેજીમાં લોકપ્રિય થયેલી નવલકથા ''યુધિષ્ઠિર્સ ડાયમેલા''નો ગુજરાતી અનુવાદ છે. રામાયણ અને મહાભારત-ઈતિહાસ કથા નથી પણ ભારતીય સંસ્કૃતિ-સંસ્કારથી લઈને જીવનસંઘર્ષના તમામ પ્રશ્નો અને પાસાંઓ માટેના માર્ગદર્શક ગ્રંથો છે. મહાભારતની કથામાં જીવનના લગભગ તમામ પ્રશ્નોનો ઉકેલ છે. આ સુંદર ગ્રંથમાં મહાભારતના મુખ્ય પાત્રો યુધિષ્ઠિર, કર્ણ, દ્રોણાચાર્ય, દ્રૌપદી, કુંતી, ભગવાન શ્રીકૃષ્ણ, ધૃતરાષ્ટ્ર, શકુનિ, દુર્યોધન, ગાંધારીની કેફિયત જુદી જ રીતે દર્શાવી છે. તમામ પાત્રો પોતાની ભૂલો, ભૂમિકા અને ક્યારેક મજબૂરી વર્ણવે છે. મહાભારત વિષેના અનેક સંદર્ભ ગ્રંથોનો અભ્યાસ કર્યા પછી લેખકે આ પુસ્તકની રચના કરી છે. મહાભારત અને ઐતિહાસિક ગ્રંથોમાં રસ ધરાવનારા વાંચકો માટે વસાવવા જેવી નવલકથા. મહાભારત એ મેઘધનુષ કે કેલીડોસ્કોપ જેવું છે. એવો ક્યો વિષય છે જે મહાભારતમાં આવરી લેવાયો નથી? પ્રસંગો વાંચતા રસ પડે તેવો છે અને ઉપસંહાર તો પુનરપિ પુનઃ વાંચવા-વિચારવા જેવો છે.

feedback@bombaysamachar.com

સુખનો પાસવર્ડ

આશુ પટેલ

માણસે પોતાનો ખજાનો શોધવાનું શીખવું જોઈએ

થોડા સમય અગાઉ હું ગુજરાતના એક શહેરની મુલાકાતે ગયો હતો એ વખતે મારા એક પરિચિત સાથે એક યુવાન મળવા આવ્યો. તે તેમના મિત્રનો દીકરો હતો. પાંત્રીસેક વર્ષના તે યુવાને પહેલી જ મુલાકાતમાં તેના પિતા વિરુદ્ધ ફરિયાદ શરૂ કરી દીધી કે ''મારા પિતા પાસે ખૂબ પૈસા છે, પણ મને થોડા પૈસા આપવામાં એમને તકલીફ થાય છે. હું એકનો એક દીકરો છું અને તેમના મૃત્યુ પછી તેમની બધી સંપત્તિ અને પૈસા મને જ મળવાના છે, પણ તેઓ જીવતેજીવ મને કશું આપવા તૈયાર નથી. મારે ફિલ્મ બનાવવી છે, પણ મારા પિતા મને બેકિંગ આપતા નથી....''

તે ઘણું બધું બોલ્યો અને એ દરમિયાન તેણે પોતાના પિતા વિષે આઘાતજનક શબ્દોનો પ્રયોગ પણ કર્યો. તેના વિચારો જાણીને મને તેની દયા આવી.

તે ગયો પછી મારા પરિચિતે મને કહ્યું: ''આ છોકરાને કશું નક્કર કામ કરવામાં રસ નથી. તે અગાઉ ત્રણ વાર તેના પિતા પાસેથી પૈસા લઈને ધંધામાં ડુબાડી ચુક્યો છે. તેને પૈસાની કિંમત નથી એટલે તેના પિતા તેને પૈસા આપતા અચકાય છે. તેમને રાતદિવસ એ ચિંતા કોરી ખાય છે કે મારા ગયા પછી મારા દીકરાનું શું થશે.''

તે યુવાનને મળ્યા પછી મને એક પ્રાચીન વાર્તા યાદ આવી ગઈ.

એક ખેડૂતને ચાર યુવાન દીકરાઓ હતા, પણ તે બધા કામચોર અને આળસુ હતા. ખેડૂત વૃદ્ધ થયો એટલે તેણે પોતાના દીકરાઓને સમજાવ્યા કે હવે મારા જીવનનો કોઈ ભરોસો નથી એટલે તમે ખેતી સંભાળી લો, પણ કામચોર દીકરાઓએ તેની વાત કાને ન ધરી. ખેડૂત બહુ વૃદ્ધ થયો હતો એટલે તેના શરીરમાં અશક્તિ આવી ગઈ હતી અને ઉપરથી આળસુ દીકરાઓની ચિંતાને કારણે તેના શરીરને ઘસારો લાગવા માંડ્યો અને છેવટે તે પથારીમાં પટકાયો. તેનું શરીર એટલું નબળું પડી ગયું હતું કે તે થોડા ડગલાં પણ ચાલી શકતો નહોતો.

ખેડૂત કામ કરી શકવા માટે સમર્થ નહોતો અને દીકરાઓ ખેતી કરતા નહોતા એટલે ખેતર ઉજ્જડ થઈ ગયું.

આવી સ્થિતિને કારણે ખેડૂતને ચિંતા કોરી ખાતી હતી. તેણે ફરી એક વાર બધા દીકરાઓને બોલાવીને સમજાવ્યા કે હું હવે થોડા સમયનો મહેમાન છું. તમે હવે ખેડૂતની સલાહ લો તો હું શાંતિથી મરી શકું.

પણ નફ્ફટ દીકરાઓ પર ખેડૂતની સલાહની અને વિનવણીની તેમના પર કોઈ જ અસર ન થઈ. તેમણે કહી દીધું કે તમે અમારી ચિંતા ન કરો. અમે અમારું ફોડી લઈશું અને આમ પણ તમે ઘણું બધું ધન જમા કર્યું છે એટલે અમને કોઈ ચિંતા નથી તો તમે શા માટે ખોટી ચિંતા કરો છો!

દીકરાઓના નફ્ફટાઈભર્યા વર્તનથી ખેડૂત હતાશ થઈ ગયો. તેને ચિંતા થતી હતી કે પોતે જીવનભર કાળી મજૂરી કરીને ધન જમા કર્યું છે એ દીકરાઓ થોડા સમયમાં ઉડાવી દેશે અને બીજી બાજુ તેઓ કામ કરવા તૈયાર નથી. ખેતરમાં પાક નહીં લઈ શકાય એટલે આવક બંધ થઈ જશે. આ રીતે દીકરાઓનું ધૂંધળું ભવિષ્ય જોઈને તે દુઃખી થઈ ગયો. તેને પોતાના પૌત્ર-પૌત્રીઓના ભવિષ્યની પણ ચિંતા થવા લાગી.

નપાવટ અને નફ્ફટ છોકરાઓ કોઈ કામ નહોતા કરતા હતા એને કારણે વયોવૃદ્ધ ખેડૂત પિતા, પથારીવશ અવસ્થામાં દુઃખ સાથે દિવસ પસાર કરતો હતો. તેનું શરીર ક્ષીણ થઈ ગયું હતું. પણ દીકરાઓની ચિંતામાં તેનો જીવ જતો નહોતો. બીજી બાજુ તેણે જીવનભર રાત દિવસ એક કરીને જમાવેલું ધન દીકરાઓ ઉડાવી રહ્યા હતા.

વયોવૃદ્ધ ખેડૂતની એ અવસ્થા લાંબી ચાલી. એ દરમિયાન તેણે જે બચત કરી હતી એ બધી ખતમ થઈ જવા આવી. હવે દીકરાઓને લાગ્યું કે કંઈક કરવું પડશે, નહીં તો ખાવાના પણ ફાંફા પડી જશે. ખેડૂતના બધા દીકરાઓએ ભેગા મળીને નક્કી કર્યું કે આપણી પાસે મોટું ખેતર છે એ વેચી નાખીએ એટલે ઘણા પૈસા આવશે.

દીકરાઓની એ વાત ખેડૂતના કાને પડી એટલે તેનો જીવ કકળી ઊઠ્યો. જોગાનુજોગ એ જ દિવસે દૂરદેશાવરથી તેનો એક બહુ જૂનો મિત્ર તેને મળવા આવી ચડ્યો. તેણે પોતાના મિત્રની આ દશા જોઈ એટલે એકલા બેસીને તેની પાસેથી બધી વાત જાણી. તેણે વૃદ્ધ ખેડૂતને કહ્યું કે તારા દીકરાઓની ચિંતા મારા પર છોડી દે. પણ તેમને બોલાવીને એટલું કહી દે કે આપણા ખેતરમાં મોટો ખજાનો દાટેલો પડ્યો છે. એટલે ખેતર વેચવાની ભૂલ ના કરતાં.

તે મિત્રની સલાહ પ્રમાણે ખેડૂતે પોતાના દીકરાઓને ખજાનાની વાત કહી દીધી: પણ તેણે સાથે ઉમેર્યું કે મને યાદ નથી કે કઈ જગ્યાએ મેં ખજાનો દાટ્યો છે.

ખેતરમાં ખજાનો દટાયેલો છે એ વાતની ખબર પડી એટલે દીકરાઓએ એ જ દિવસથી ખેતરમાં ખોદકામ કરીને ખજાનો મેળવવાની કોશિશ શરૂ કરી દીધી. ખેતર વિશાળ હતું એટલે તેમણે મહિનાઓ સુધી ખોદકામ કરવું પડ્યું. આખું ખેતર ખોદી નાખ્યા પછી પણ તેમને ખજાનો ન મળ્યો. આ દરમિયાન ખેડૂત પિતા મૃત્યુ પામ્યો હતો.

ખજાનો ન મળ્યો એટલે ખેડૂતના દીકરાઓ હતાશ અને નિરાશ થઈને લમણે હાથ દઈને વિચારવા બેઠા કે હવે શું કરવું. એ વખતે તેમના પિતાના જૂના મિત્ર તેમની પાસે આવ્યા. તેમણે કહ્યું, છોકરાઓ તમે આ ખેતર ખોદી જ નાખ્યું છે તો કંઈક વાવી જુઓ. થોડા દિવસોમાં ચોમાસુ શરૂ થશે. હું તમને બિયારણ આપું છું. એ વાવીને જુઓ તો થોડા મહિનાઓમાં મોટો પાક ઉતરશે અને તમને ખૂબ પૈસા મળશે.

ખેડૂતના દીકરાઓએ પિતાના મિત્રની સલાહ માનીને ખેતરમાં વાવેતર કર્યું. થોડા સમયમાં ચોમાસુ બેઠું અને થોડા અઠવાડિયાઓમાં તો ખેતરમાં હરિયાળો પાક લહેરાવા માંડ્યો. આ દરમિયાન આખું ખેતર ખોદવાને લીધે ખેડૂતના દીકરાઓને કામ કરવાની પણ આદત પડી ગઈ હતી. તેમણે પાક ઉતારીને વેચ્યો એ વખતે તેમના હાથમાં ખાસ્સા પૈસા આવ્યા.

એ વખતે તેમના પિતાના વૃદ્ધ મિત્રએ તેમને કહ્યું કે તમારા પિતાએ ખેતરમાં છુપાવેલા આ ખજાનાની વાત કરી હતી! તમને દર મહિને આ ખેતર ખજાનો આપતું રહેશે!

ooo

કોઈ પ્રકારની મહેનત કર્યા વિના તત્કાળ પૈસા કમાવા ઇચ્છતા હોય એવા માણસોને નિત્ય પ્રાતઃકાલે આવું વાર્તાનું સાત વાર પઠન કરવાની ફરજ પાડવી જોઈએ. ■

feedback@bombaysamachar.com

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી

જોર કરી જુમૈયા ચાલે - કચ્છનાં પાટ પૂજન

સનાતન ધર્મમાં નવરાત્રીનું વિશેષ મહત્વ છે. તેમાંય ચૈત્ર નવરાત્રી હિન્દુ નવવર્ષના પ્રથમ દિવસ તરીકે આરંભાય છે. આ શુભ દિવસોમાં ઘટસ્થાપના, માતાજીની વિશેષ પૂજા-અર્ચનાનો મહાત્મ્ય છુપાયેલો છે. કચ્છમાં તો રાજશી સમયથી આનંદનાં (સેજનાં) પાટ પૂજન કરવામાં આવે છે. કચ્છની શકિતપીઠોમાં બન્ને નવરાત્રીઓ; ચૈત્ર અને આસો માસમાં થતી સેજનાં પાટ પૂજનની અનેરી મહત્તા છે. જોકે કાળબળ અને સમાજની ગતિશીલતાના કારણે કેટલાક ફેરફારો થયા છે છતાં એનાં મૂળભૂત અંશોને જાળવી રાખનારી કચ્છી પ્રજા તેને કોઈ કાળે વિસ્મૃત કરી દે તેમ નથી. સમગ્ર કચ્છ-સૌરાષ્ટ્રનો જનસમુદાય વિસ્તરણ પામેલ આ પાટ પરંપરા આજેય અકબંધ રીતે નિભાવે છે.

આ પાટ પંથ કે ધર્મના નામે પ્રચલિત છે. તેના સાધના માર્ગમાં પ્રદેશભેદે, જાતિભેદે કે અમુક જાતના ક્રિયાકાંડોમાં શબ્દ-મંત્રોના લીધે ફેરફારો જોવા મળે છે. પરંતુ તેના મુખ્યત્વે ત્રણ વિભાગો છેઃ પંજોપાટ, દશોપાટ અને વીશોપાટ. કચ્છ અને હાલારમાં વધુ એક ચોથા પ્રકારના પાટનો પણ બહોળો મહિમા જોવા મળે છે એને એ છે ''ભલારા (ભાલારા) દાદાનો પાટ''.

પંજો પાટની નિજ ક્રિયાઓ બાદ સૌ નરનારીઓ તેના દર્શનનો લાભ લઈ શકે છે, પરંતુ દશાપાટમાં પંજાપાટની છાયા લીધેલ કે ગુરુધારણ કરેલ પ્રવેશી શકતાં નથી. વળી, દશા પાટના તો અનુયાયી પણ વીશા પાટના ક્રિયાકાંડમાં પ્રવેશી નથી શકતા. જયારે વિશાપાટમાં બેઠેલાઓને બાકીનાં આ બંને પાટમાં પ્રવેશવાની છૂટ હોય છે. પંજા પાટના પણ પેટા વિભાગો પણ જાણવા મળે છે. ૧. સાદો પંજો પાટ, ૨. સૂરજ સાંખિયું અને ૩. ખીચડીયા કોરી. તેમાં ખીચડીયા કોરી જરા અલગ છે, આ પ્રકારનાં પાટની વિધિ પ્રથમ પ્રમાણે જ શરુઆતમાં કરવામાં આવે. એ બાદ આખું ગામ ''ધૂંવા-બંધ'' ખીચડી-ખાટિયો ખાવાને આવે છે. જે લોકોની એકતાને સૂચવે છે. સૌરાષ્ટ્ર કચ્છમાં ઘણા ગામો રબારી, ભરવાડ, આહિરોની વસ્તીથી પૂર્ણ હોય છે. એટલે ''ભાવતે અચીજા'' ના ભાવે ખીચડીનાં બકડીયા ચઢે અને ખાટિયો એટલે જાડી ઘટ્ટ કઢી સૌને ભરપેટ જમાડાય છે.

એક - એક પાટ એના શબ્દમંત્ર, ક્રિયાની વાણી અને આરાધ પર ભેદ ધરાવે છે. જેનું 'હરિ અનંત, હરિકથા અનંતા' જેવું છે. એના ખાસ મહિનાઓ મહા, ચૈત્ર અને ભાદરવો ગણાય છે. આમાં પણ જો ત્રણ માસના બીજના દિને ચંદ્રદર્શન હોય તો અને તે દિને, અથવા શનિવાર હોય તો એ ''થાવર બીજ'' કહેવાય છે. આ પાટની સંતવાણીમાં કહેવાયું છે કે ''બીજ રે થાવર દિન અતિ રુડો, તમે જોર કરી જુમૈયા ચાલે.'' જુમૈયો એટલે પાટ દર્શન.

ભાવાનુવાદ : સનાતનમાં નવરાત્રિજો ખાસ મિહત્વ આય. તેમાં હિન્ધુ નવે વરેજો પેલો ડીં ચૈતરજી નવરાત્રિમેં સરુ થિએતો. હી સુભ ડિંએમેં ઘટથાપના, માતાજીજી વિસેશ પૂજા-અર્ચનાજો મહાત્મય છુપાયલો આય. કચ્છમેં ત રાજશી સમોનું સેજજી પાટ પૂજન કરેમેં અચેતી. કચ્છજી શકિતપીઠમેં બોય નવરાત્રિયું; ચૈતર ને આસુ મેણેમેં થીંધલ સેજજી પાટ પૂજાજો ખાસ મિહત્વ આય. હીં ત કાલજે જોરે ને સમાજજી ગતિશીલતાજે કારણે કિતરાક ફેરફાર થ્યા એ છતાં ઈનીજે મૂર અંશકે જાડવીંધલ કચ્છી પ્રજા તેંકે કો કાલે ભુલે તીં નાય. સજે કચ્છ-સૌરાષ્ટ્રજો જનસમુડાયમેં ફેલલ હી પાટ પરંપરા અજ્પ અકબંધ રીતે નિભાયમેં અચેતી.

હી પાટ પંથ ક ધર્મજે નાંલે પ્રિખ્યાત આય. ઇનજી સાધના મારગમેં પ્રડેસ ભેદ, જાતિભેદ ક અમુક જાતજે ક્રિયાકાંડેજા સબધ- મંત્રજે લીધે ફેરફાર ન્યારેલા જુડેતા. પ તેંજાં મેન ત્રે ભાગ પેંતાઃ પંજોપાટ, દશોપાટ ને વીશોપાટ. કચ્છ ને હાલારમેં અનાં હિકડો ચોથે પ્રિકારજો પાટ પ્રિખ્યાત આય ને ઇ આય ''ભાલારા ડાડાજો પાટ''.

પંજે પાટજી નિજ ક્રિયા પૂંઠીયા મિડે ડરસનજો લાભ ગ્નિની સગેતાં. પ દશેપાટમેં પંજેપાટજી છાયા ગિનંધલ ક ગુરુ ધારણ કરીંધલ પ્રવેસિ નતાં સગે. વરે, દશે પાટજા ત ચેલા પ વીશે પાટજી ક્રિયાકાંડમેં પ્રવેસિ નતાં સગે. જડે વીશે પાટમેં વઢેલેં કે બાકીજે બોય પાટમેં વે જી છૂટ હોયતી. પંજે પાટજા પેટા પ્રિકાર પણ એ. ૧. સાધો પંજો પાટ, ૨. સિજ સાંખિયું ને ૩. ખીચડીયા કોરી. તેમેં ખીચડીયા કોરી જરા અલગ આય, હિન પ્રિકારજે પાટજી વિધિ સરુમેં બ્યે વાંકે જ કરેમેં અચેતી. તે પૂંઠિયા સજો ગામ ધૂંવા બંધ ખીચડી-ખાટિયો ખાધેલા ભેરો થિએતો. સૌરાષ્ટ્ર કચ્છમેં ઘણે ગામેમેં રબારી, ભરવાડ, આયરેજી વસતીસે ભરેલા એ. ઇતરે 'ભાવ તે અચીજા' જે ભાવસે ખીચડીજા બાકડીયા ચઢે ને ખાટિયો મીણિકે ધ્રોસટ જિમાડેમેં અચેતી.

હિકડો - હિકડો પાટ તેંજે સબધ- મંત્ર, ક્રિયાજી વાણી નેં આરાધસે જુધો પેતો. જેંજો 'હરિ અનંત હરિકથા અનંતા' જેડો આય. તેંજાં ખાસ મેણાં મા, ચૈતર ને ભદરો ગણાજેતો. તેમેં પ જકાં ત્રે મેણેજે બિજજે ડીં ચંધર વે ત ઈજ ડીંજો નકા પોય શનિવાર વે ત ઇ ''થાવર બીજ'' ચોવાજેતી. ■

feedback@bombaysamachar.com

સાહબ બાથરૂમ મેં હૈ

આશકરણ અટલ

સ્ટ્રગલરના પ્રકાર

(ભાગ બીજો)

ફિલ્મોમાં પ્રવેશ મેળવવા માટે જે પોતાના ઘર-ગામ છોડીને મુંબઈમાં આવે છે અને મુંબઈ આવીને જે ભૂખ્યો-તરસ્યો રહીને નિર્માતાઓની ઓફિસના ચક્કર લગાવતો હોય છે તેને સ્ટ્રગલર કહેવામાં આવે છે. આ સ્ટ્રગલર ઘણા પ્રકારના હોય છે. જેન્યુઈન સ્ટ્રગલર, ગેરસમજનો ભોગ બનેલા સ્ટ્રગલર, ગરીબ સ્ટ્રગલર, શ્રીમંત સ્ટ્રગલર, ઘરેથી ભાગીને આવેલો સ્ટ્રગલર, ઘરેથી પરવાનગી લઈને આવેલો સ્ટ્રગલર વગેરે વગેરે.

જ્યારે દેશ આઝાદ થઈ ગયો ત્યારે આપણા યુવાનો સામે કોઈ મહાન ઉદ્દેશ બચ્યો નહોતો એટલે તેમાંથી મોટા ભાગના યુવાનોએ ફિલ્મ ઉદ્યોગ તરફ મીટ માંડી હતી. ભૂખ્યા રહ્યા, ધક્કા ખાધા અને ગર્વથી સ્ટ્રગલર કહેવાયા. ફિલ્મી દુનિયા સાથે સંકળાયેલા ન હોવા છતાં પણ તેઓ ફિલ્મી દુનિયાનો હિસ્સો હોય છે. ફિલ્મી સ્ટ્રગલર્સના નીચે જણાવ્યા મુજબના પ્રકાર હોય છે.

ભાગ્યશાળી સ્ટ્રગલર

કેટલાક સ્ટ્રગલર ઘણા અભાગિયા હોય છે. લાખ કોશિશ કરવા છતાં તેમનો ફિલ્મોમાં પ્રવેશ થતો નથી. બીજી તરફ કેટલાક સ્ટ્રગલર ઘણા ભાગ્યશાળી હોય છે. જેમને કશું ખાસ કર્યા વગર જ ફિલ્મોમાં કામ મળી જતું હોય છે. જેમ કે અનિલ કપુરની પુત્રી સોનમ કપુર, મહેશ ભટ્ટની પુત્રી આલિયા ભટ્ટ, ડેવિડ ધવનના પુત્ર વરુણ ધવન, બોની કપુરના પુત્ર અર્જુન કપુર અને સૈફ અલી ખાનની દીકરી સારા અલી ખાન.

હવે કદાચ તમને એવો સવાલ થતો હશે કે જ્યારે આ લોકોને ફિલ્મોમાં કામ મળી ગયા છે તો તેમને સ્ટ્રગલર કેવી રીતે કહી શકાય? તો એટલા માટે કેમ કે કેટલાક લોકોને કામ મળી ગયા બાદ તેમનો સંઘર્ષ પૂરો થઈ જાય છે, જ્યારે કેટલાક લોકોનો સંઘર્ષ ફિલ્મમાં કામ મળ્યા પછી જ શરૂ થતો હોય છે. આવા સ્ટ્રગલરની સ્ટ્રગલ અંતહીન હોય છે. સદ્નસીબે આવા સ્ટ્રગલર ઘરની બહાર સ્ટ્રગલ કરવા નીકળે છે ત્યારે એરકંડિશન ગાડીમાં બેસીને નીકળતા હોય છે.

સમજદાર સ્ટ્રગલર્સ

ઘણા સ્ટ્રગલર્સ ખાસ્સા સમજદાર હોય છે. આવા સ્ટ્રગલર્સ લોકોના ધ્યાનમાં આવવા દેતા નથી કે તેઓ સ્ટ્રગલર્સ છે. તેઓ પોતાના દાણા પાણીની વ્યવસ્થા પહેલેથી જ કરી રાખે છે, જેવી તેમને તક મળે કે તરત જ તેઓ ફિલ્મોમાંથી બહાર સરકી જાય છે. જેમ કે દેવ સાહેબ, જોની વોકર સાહેબ વગેરે વગેરે કેટલાક સ્ટ્રગલર્સ બનવા કશુંક અલગ આવે છે, પરંતુ બની કશું બીજું જ જાય છે. આવા સ્ટ્રગલર્સને પણ સમજદારની શ્રેણીમાં રાખી શકાય છે. જેમ સુભાષ ઘાઈ એક્ટર બનવા માટે આવ્યા હતા. થોડો સમય માટે તેમણે પ્રયાસ પણ કર્યા હતા અને એક ફિલ્મમાં નાયકનો રોલ પણ મળી ગયો હતો, પરંતુ આ ફિલ્મમાં અગિયાર નાયક હતા. ફિલ્મ ચાલી નહીં. ઘાઈ સાહેબ સમજી ગયા કે આ મોં અને મસૂરની દાળ શક્ય નથી. તેમણે ટ્રેક બદલી નાખ્યો, ડિરેક્ટર બની ગયા. હવે સારું એવું કમાઈને ખાઈ રહ્યા છે. સમજદાર સ્ટ્રગલર્સ ક્યારેય ખાલી હાથે પાછો ફરતો નથી.

જનરલ સ્ટ્રગલર્સ

ફિલ્મી સ્ટ્રગલર્સ પણ એક નહીં અનેક અનેક પ્રકારના હોય છે. કેટલાક ચાલાક પ્રકારના સ્ટ્રગલર્સ હોય છે. તેઓ ફિલ્મમાં એક્ટર બનવાના પ્રયાસ કરે છે, પરંતુ લોકોને જાણ થવા દેતા નથી કે તેમને ફિલ્મોમાં જવાનો શોખ છે. તેઓ વિચારે છે કે કાંઈ બનીને અચાનક લોકોને ચોંકાવી દઈશું. જોકે આજ સુધી તો કોઈ ચોંકાવી શક્યું નથી. કેટલાક ટકી રહેનારા સ્ટ્રગલર્સ હોય છે. તેઓ નક્કી કરી લેતા હોય છે કે જ્યાં સુધી તેઓ કઈ બની નહીં જાય ત્યાં સુધી તેઓ ઘરવાળાને મોં દેખાડશે નહીં. અક્કડ દેખાડે છે તેઓ અને સજા મળે છે તેમના ઘરવાળાઓને. કેટલાક લોકો તો મુંબઈ આવતાવેંત સંઘર્ષથી ડરીને ભાગી જાય છે. તેમને ખબર નથી હોતી કે આવું કરીને તેઓ પોતાના ઘરવાળાઓ પર અને ફિલ્મ ઉદ્યોગ પર કેટલો મોટો ઉપકાર કરી રહ્યા છે. ■

- શબ્દાંકનઃ વિપુલ વૈદ્ય

feedback@bombaysamachar.com

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી

તમારી બ્રાન્ડનું પર્સેપ્શન શું છે ?

તમારી પીઠની પાછળ કે તમારી ગેરહાજરીમાં તમારી બ્રાન્ડ વિષે લોકો શું બોલે છે તે ખરા અર્થમાં તમારી બ્રાન્ડ છે- બ્રાન્ડનું પર્સેપ્શન છે...

આપણો સહજ સ્વભાવ છે કે વ્યક્તિ કે વસ્તુ વિષે આપણે ધારણા બાંધી લઈએ છીએ. આપણા પરિવારમાં, મિત્ર વર્તુળમાં, સમાજમાં, ઑફિસમાં, સ્કૂલ-કૉલેજમાં જેની સાથે આપણો સંબંધ હશે કે નહિ પણ હોય એક ધારણા એમના વિશે પણ બાંધી હશે. પેલા કાકા ખરા કંજૂસ છે. આ મામા હંમેશાં બધાને મદદ કરવા તૈયાર હોય છે, પેલા ભાઈ તો ભગવાનનું માણસ છે, એ માસીને તો આખા ગામની પંચાત...

આમ સારી અને ખરાબ બંને વાતની ધારણા હોઈ શકે. અમુક બીજી ધારણા, જેમ કે આનું શરીર કેટલું ભારે છે. એ દોડી કે નાચી નહિ શકે, ચશ્માં પહેર્યા છે ને તો ભણવામાં હોશિયાર હશે રાત્રે જો કોઈ છોકરો કે છોકરી કામથી મોડા આવે તો - આ લોકો જરૂર આડાં-અવળા કામ કરતા હશે...

એ જ રીતે અમુક દુકાનમાંથી માલ ના ખરીદવો, રિક્ષાવાળા કે પછી સરકારી ખાતાના અધિકારીઓ, ડૉક્ટર, હૉસ્પિટલ વગેરે માટે પણ લોકોની એક બાંધેલી ધારણા હોય છે. આનું કારણ કાંતો એમણે જાતે અનુભવ્યું હશે અથવા કોઈના મોઢે સાંભળ્યું હશે, જેના કારણે આવી ધારણાઓ બંધાઈ જાય. આવી બધી ધારણા સાચી કે ખોટી હશે એ કહી ના શકાય. કદાચ તમારો અનુભવ કાકા માટે કંજૂસનો હોય તો તેજ કાકા માટે બીજાનો અનુભવ અલગ હોઈ શકે.

અહીં મહત્ત્વની વાત તે છે કે જે વ્યક્તિ કે સમાજ કે સંસ્થા વિષે લોકો પોતાનો અભિપ્રાય આપે છે તેના માટે જે-તે વ્યક્તિ કે સમાજ કે સંસ્થા મહદંશે જવાબદાર હોય છે, કારણ એ જ કે એમણે જ લોકોને આવી ધારણા બાંધવા દીધી, જ્યારે આપણા માટે લોકો અમુક રીતે વિચારે ત્યારે આપણે તેન ઢાંકવા કહીયે કે 'અમને આનાથી કઈ ફરક નથી પડતો જેને જેમ વિચારવું હોય તેમ વિચારે.' જો કે, અંદર ખાને તો જાણતા હોઈએ છીએ કે આપણી છબી ખરડાઈ છે કે સુધરી છે. ઘણીવાર આપણને એમ લાગે હું તો આવો નથી, કારણ કે આપણે હંમેશાં પોતાને પોતાની નજરથી જોતા અને મૂલવતાં હોઈએ છીએ.

આ જ બધી વાત બ્રાન્ડને પણ લાગુ પડે છે, જેને માર્કેટિંગમાં 'બ્રાન્ડ પર્સેપ્શન' કહે છે. કન્ઝ્યુમર પણ તમારી બ્રાન્ડ માટે પર્સેપ્શન અથવા ધારણા રાખે છે, જેમ વ્યકિગતપણે આપણે પોતાને મૂલવીએ તેમ બ્રાન્ડ માલિકોને લાગે છે કે એ બરાબર સમજે છે કે એમની બ્રાન્ડ શું રજૂ કરે છે. જો કે, આ ધારણા વાસ્તવિકતાથી અલગ હોઈ શકે. બ્રાન્ડની ધારણા ગ્રાહકોની માલિકીની છે, બ્રાન્ડની નહીં. તમારા સંદેશને ધ્યાનમાં લીધા વિના, લોકો તમારી બ્રાન્ડ વિશે જે પણ વિચારી રહ્યા છે અને કહે છે, તે તમારી બ્રાન્ડ છે. બ્રાન્ડ પર્સેપ્શન એ છે કે લોકો તમારી બ્રાન્ડને કેવી રીતે જૂવે છે અને એ લોકો એમની ક્રિયા- પ્રતિક્રિયા, અનુભવ અને છાપના આધારે એના વિશે શું વિચારે છે. તમારી બ્રાન્ડ વિશે લોકો જે માનસિક છબી બનાવે છે તે છે, જે એની સાથેની એમની તમામ ક્રિયા-પ્રતિક્રિયાના સંચય દ્વારા આકાર પામે છે, જેમાં જાહેરાતો, વર્ડ ઓફ માઉથ, ગ્રાહક સેવાના અનુભવો અને ઉત્પાદન અથવા સેવાના વાસ્તવિક ઉપયોગનો સમાવેશ થાય છે.

બ્રાન્ડની ધારણા ઉત્પાદનની સફળતા પર નોંધપાત્ર અસર કરે છે. સકારાત્મક બ્રાન્ડની ધારણા વધુ વેચાણ, માર્કેટ શેર અર્થાત્ બજારહિસ્સામાં વધારો અને ગ્રાહકોની વધુ વફાદારી તરફ દોરી શકે છે, તેના દ્વારા બ્રાન્ડે કઈ દિશામાં કામ કરવાની જરૂર છે તે વાત જાણવા મળે છે, અમુક પર્સેપ્શન કેટલાક વ્યવસાય માટે રોકાણના નિર્ણયોને પણ પ્રભાવિત કરી શકે છે. સકારાત્મક બ્રાન્ડ ધારણા એમના સ્પર્ધકોને પાછળ રાખી શકે છે અને આના દ્વારા નવા ગ્રાહકોને આકર્ષિત કરી વફાદાર ગ્રાહકોની સંખ્યા વધારી શકે છે.

બ્રાન્ડ પર્સેપ્શન તમને પ્રીમિયમ ચાર્જ કરવામાં અને તમારી માર્કેટિંગ વ્યૂહરચના બનાવવામાં પણ મદદ કરી શકે છે.

આથી વિપરીત, નકારાત્મક બ્રાન્ડની ધારણા ઉત્પાદનની સફળતાને નોંધપાત્ર રીતે નુકસાન પહોંચાડી શકે.

આ ઉપરાંત જો તમારી બ્રાન્ડની એક ધારણા બંધાયેલી છે કે તમે માસ બ્રાન્ડ છો કે પછી લકઝરી બ્રાન્ડ છો અને જો તમે બીજા કોઈ સેગ્મેન્ટમાં આવવાની કોશિશ કરશો તો લોકો તમને નહિ અપનાવે. આથી તમારી બ્રાન્ડનું પર્સેપ્શન સમજી - વિચારીને બનાવવાની આવશ્યકતા છે.

હવે પ્રશ્ન થશે કે આપણી બ્રાન્ડ માટેનું પર્સેપ્શન કેવું છે તે કઈ રીતે જાણવું?

બ્રાન્ડની ધારણાને સમજવા અને ગ્રાહકના વર્તનમાં ઇનસાઇટ્સ અર્થાત્ આંતરદૃષ્ટિ મેળવવા માટે માર્કેટ રિસર્ચ અર્થાત્ બજાર સંશોધન મહત્ત્વપૂર્ણ છે. સર્વેક્ષણો, ફોકસ ગ્રૂપ્સ અને સોશિયલ મીડિયા મોનિટરિંગ આ પદ્ધતિઓ છે જેનો ઉપયોગ ગ્રાહકની ધારણાઓ અને પસંદગીઓમાં આંતરદૃષ્ટિ એકત્ર કરવા માટે થઈ શકે છે. રિસર્ચ કરીએ ત્યારે આ ત્રણ વાત મુખ્યત્વે આપણને બ્રાન્ડની ધારણા જાણવા મદદ કરી શકે : ગ્રાહક સંતોષ, બ્રાન્ડ અવેરનેસ અર્થાત્ બ્રાન્ડ જાગરૂકતા અને બ્રાન્ડ લોયલટી અર્થાત્ બ્રાન્ડ વફાદારી.

રિસર્ચ દ્વારા આપણને જે કંઈપણ માહિતી મળે સકારાત્મક કે નકારાત્મક; આ વાતોના સહારે બ્રાન્ડની ધારણા સ્થાયી કરી શકાય. ઑનલાઇન રિવ્યૂસ અર્થાત્ સમીક્ષાઓ પર કામ કરો, વિશ્વસનીય સ્ત્રોતો તરફથી બ્રાન્ડ માટે એમનો મત, અન્ય નામી બ્રાન્ડ્સ સાથે ભાગીદારી, ઉત્પાદન અથવા સેવા સાથેનો ગ્રાહકોનો અનુભવ, જાહેરાતોનો યોગ્ય ઉપયોગ, સોશિયલ મીડિયા પર તમારી નિયમિત હાજરી, તમારી સેલ્સ ટીમનો ગ્રાહકો સાથેનો વ્યવહાર, બ્રાન્ડનું નેતૃત્વ કરતા લોકો અને બ્રાન્ડ વિશેની સકારાત્મક વાતોની સમયે સમયે લોકોને માહિતી આપવી.

લોકો તમારી પીઠની પાછળ અથવા તમારી ગેરહાજરીમાં તમારા વિષે કે તમારી બ્રાન્ડ વિષે શું બોલે છે તે ખરા અર્થમાં તમારી બ્રાન્ડ છે, બ્રાન્ડનું પર્સેપ્શન છે. ગ્રાહક કે સમાજ તમારા વિષે ધારણા બાંધે તે પહેલાં તમે તમારી બ્રાન્ડ માટે લોકોએ શું વિચારવું જોઈએ તે પ્રસ્થાપિત કરો, તમે લોકોને જે બતાવશો, જેવા અનુભવ આપશો તે રીતે એ લોકો તમારી છબીને મૂલવશે. આથી, તમારી બ્રાન્ડ માટે લોકોએ શું વિચારવું તે તમે નક્કી કરી તે મુજબ વ્યૂહરચના બનાવો, જેથી તમારી બ્રાન્ડનું પર્સેપ્શન સમાજ કે કન્ઝ્યુમરના હાથમાં નહીં, પણ તમારા હાથમાં રહે. ■

૪. ધાર્મીક સંબંધી

■ કથા, રાંદલ, લગ્ન, વાસ્તુ, મરણ વિધિ માટે ફોન કરો - 9820718979. (બી-૧૪૦૩૩)

૫. અંગત

આર. કે. એન્ટિંગ શોપ

ઓલ્ડ બ્રિટિશ નોટ કોઈન મંડળ ઈન્ડિયા એક બે પાંચ દસ ૧૦૦ મંડળ ઓલ્ડ પારસી ગુજરાતી જરી સાડી રેસમ કોર ગારા પટોડા ઘરજોડા ઓલ્ડ સિલ્વર ગોલ્ડ ઓલ્ડ વોચ ટેબલ કલોક પોકિટ વોચ ઓલ્ડ સ્ટેમ્પ ગ્રામોફોન રેકોર્ડ ફસ્ટડે કવર ઓલ્ડ એન્ટિંગ સામાન સંપર્ક: 9769881863/ 9619765498. જુનું ફર્નિચર પણ. (હોમ ફ્રી સરવીસ). (૧૫૦)

૯. લગ્ન સંબંધી

ખુશહિત મેરેજબ્યુરો

યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં) (૧૪૩૬૧-એ)

લોહાણા

ધાર્મિક, તંદુરસ્ત વ્યક્તિને કન્યા જોઈએ છે. કુંવારીને પ્રાધાન્ય. ઉંમર - 60 દેખાવે - 30 સંપર્ક: 9033338844. (દહેજ નહીં). જ્ઞાતીબાધ નથી. (૧૪૩૬૭-સી)

ગુજરાતી બેચલર્સ

યોગ્ય જીવનસાથી માટે લગ્ન સંસ્થા છોકરીઓ માટે મફત રજિસ્ટ્રેશન. સંપર્ક: 09152021575. (દહેજ નહીં). (બી-૧૪૦૪૦)

રીધ્ધી સીધ્ધી

ખારમાં 1984, સી.એ. બ્યુટીફૂલ ઈન્ટેલિજન્ટને વેલસેટ ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. - 9920817551. (દહેજ નહીં). (બી-૧૪૧૧૨)

રીધ્ધી સીધ્ધી

અમેરિકામાં 1984, માસ્ટર એન્જીનીયર હેન્ડસમ વૈષ્ણવને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય. - 9920817551. (દહેજ નહીં). (બી-૧૪૧૧૨)

રીધ્ધી સીધ્ધી

પાર્લામાં 1990, પોસ્ટ ગ્રેજ્યુએટ એક્ટિવે બ્યુટીફૂલને એજ્યુકેટેડ યુવક આવકાર્ય. - 9920817551. (દહેજ નહીં). (બી-૧૪૧૧૨)

રીધ્ધી સીધ્ધી

દાદરમાં 1990, એલ. એલ. બી. બ્યુટીફૂલ ઈન્ટેલિજન્ટને વેલ ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. - 9920817551. (દહેજ નહીં). (બી-૧૪૧૧૨)

રીધ્ધી સીધ્ધી

એલ. એલ. બી. 1983, 5'2", દેખાવડી એક્ટીવને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. - 9920817551. (દહેજ નહીં). (બી-૧૪૧૧૨)

રીધ્ધી સીધ્ધી

પુનામાં 1984, અમેરિકાથી એમ. બી. એ. બ્યુટીફૂલ લોહાણાને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. - 9920817551. (દહેજ નહીં). (બી-૧૪૧૧૨)

૯. લગ્ન સંબંધી

AMERICA RESIDING Seattle 10 years on work permit handsome Vaishnav Dec 1986 174 cm require tall educated vegetarian Girl 32 35 details whatsapp 9867364272. (No Dowry) (B-14120)

JAIN GIRL

Unmarried 45 years, Well Educated, MNC Job, 5'5", Fair. Contact 9323268284. (No Dowry) (14363-F)

૧૦. મહિલાઓ માટે

કાનનાં મોટા કાણાં

એક જ સીટીંગમાં પુરાવો. દવા, હોમ વિઝિટ મળશે. - 9930744752. (બી-૧૪૧૦૧)

૧૨. યાત્રા સહેલગાહ

નિઃશુલ્ક જાત્રા

મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના લોકો માટે એક દિવસીય જૈન દેરાસર પંચતિર્થી જાત્રા. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા 7304472581. (એસડીબી-૧૮૬૩)

શ્રી ગણેશ યાત્રા

અયોધ્યા, કાશીવિશ્વનાથ, પ્રયાગ, ચિત્રકૂટ, સાથે / સિવાય નેપાળ પશુપતિનાથ, દિવસ 8/13 Deluxe હોટેલ, અષ્ટવિનાયક, દિવસ 3. ગ્રુપ બુકિંગ આવકાર્ય. 9820164007, 9892268667. (૧૪૩૫૦-એ)

Travel Xpress 9044448727

એર ટિકિટ, ૩* હોટેલ, ભોજન,વિઝા,સાઇટસીન.

સિંગાપુર ૫ દિવસ Rs.75000	દુબઈ-અબુધાબી Rs.60000
આસામ/મેઘાલય Rs.56000	સિંગાપુર-મલેશિયા Rs.98000
વિયેતનામ Rs.87000	બેંગકોક-પટાયા Rs.51000
બેંગકોક-હૂકેટ-કાબી Rs.78000	મૈસુર,ઉટી, કુર્ગ કોડાઈકનાલ Rs.35000
કેરલા : કોચીન, મુન્નાર, થેક્કડી, અલપ્પે, કોવલમ Rs.37000	કાશ્મીર, શ્રીનગર, ગુલમર્ગ,પહેલગામ Rs.51000
નૈનીતાલ,કૌસાની, રાનીખેત, મસૂરી Rs.37000	સિમલા,મનાલી, કુફરી Rs.35000
દાર્જિલિંગ: ગંગટોક, લાચુંગ, પેલિંગ Rs.52000	નેપાલ: કાઠમંડુ, પોખરા,ચિતવન, ભક્તપુર Rs.55000
આંદમાન : પોર્ટ બ્લેર, હેવલોક, નીલ આઇલેન્ડ Rs.49000	ચારધામ Rs.30000

(બી-૧૪૧૨૧)

■ ચિરાગ-ચારધામ, દહેરાદુનથી, 4 સ્ટાર હોટેલ, હેલીકોપ્ટરમાં, 6 દિવસ. 9833009445. (૧૩૪૯૮-એ)

■ ચિરાગ-અયોધ્યા, વારાણસી, પ્રયાગરાજ, 8 દિવસ, જગન્નાથપુરી, ભુવનેશ્વર, ગંગાસાગર. 9833009445. (૧૩૪૯૮-બી)

૧૪. નોકરી ખાલી છે

માર્કેટિંગ મેનેજર

ઈન્ડ્રીયલ સ્ટીલ માટે પ્રા. લિ.કું.માં સેલ્સ મેનેજર વિશ્વાસુ, ખંતીલા, યુવાન તથા અનુભવી યુવાનની સારા પગાર સાથે જરૂર છે. MOBILE 7021734143. email - alloysteel3@gmail.com (એસડીબી-૧૮૪૧)

૧૭. જગ્યા આપવી છે

કાંદિવલી (વેસ્ટ)

કમલા આશિષ બિલ્ડિંગ નં.-4-2 બેડરૂમ સેમી ફર્નિશ યૂઝેબલ કાર્પેટ 725 મહાવીર નગરના પ્રાઈમ લોકેશનમાં રેડી પજેસન ઓનર - 9321994554 - 9821379418. (જેપી/૪૯૧૪/બી)

શાંતાક્રુઝ (વેસ્ટ)

જૈન દેરાસર પાસે ૩ બેડરૂમ ૧૧૦૫' કારપેટ, નવું બિલ્ડિંગ, વેચવાનો. ફ્લેટો લેવા/વેચવા/લીવલાયસંસથી ''ચેતન નાગર'' ૯૮૨૦૧૪૧૫૪૪ / ૯૯૨૦૧૪૧૫૪૪. (બી-૧૩૯૭૩)

મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

૧૭. જગ્યા આપવી છે

મલાડ (વેસ્ટ)

અભિષેક, માર્વે રોડ, ૨ બેડ, ૮૦૦', મલાડ જિમખાનાની બાજુમાં વેચાણથી. ઓનર: 8369681660. (એસડીબી-૧૮૪૫)

ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટ

રાજાવાડી, એમ. જી. રોડ, ૬૦', ૯૦', ગારોડિયા, પંતનગર, ૧ થી ૫ બેડરૂમના ફ્લેટ્સ તથા ઓફિસ, રેડી - બંધાતામાં લેવા વેચવા ભાડેથી હિતેશભાઈ - 9820008003/ 9920927958. (૧૪૩૦૦-એ)

''જુહુ એકોપોલીસ''

જુહુસ્કીમ-ગુલમોહર, ક્રોસ રોડ નં. ૧૦, બ્રાન્ડ ન્યુ ટાવરમાં 3 બેડરૂમ (1222 સ્કેર કારપેટ @) (7.11/7.25/7.50 CR) નેગોશીએબલ ફ્રીનીશ્ડ ફ્લેટ WITH AC- મોડ્યુલર કિચન, ૨ પાર્કિંગ. O.C. જીમ-રૂફટોપ ગાર્ડન. એડજોઈનિંગ ૨ એકરમાં કોમન ગાર્ડન, ચીલ્ડ્રન પ્લે એરિયા, જોગર્સ પાર્ક, બેડમીન્ટન કોર્ટ-ક્રિકેટ/ફૂટબોલ ગાર્ડન. LOCK & KEY. નેગોશીએબલ ફ્લેટો અરજંટ વેચવા છે. સોલ સેલિંગ એજન્ટ: ૧૯૮૭થી: ''શૈલેશ દોશી ગ્રૂપ'' 9833111779, 9820035925, 9833332414, 9870847778. નાના-મોટા ફ્લેટો-ઓફિસો-દુકાનો લેવા-વેચવા લીઝથી. (૧૪૩૭૪/એફ)

વાલ્કેશ્વર-2000'

ફર્નીશ્ડ 4 બેડ 2 પાર્કિંગ સીવ્યુ 3,75,000 ભાડે. 9819569698. (૧૪૩૭૫/એ)

કેમ્પસ કોર્નર

1680' 3 બેડ 2 પાર્કિંગ સીવ્યુ 13.5 કરોડ 9819569698. (૧૪૩૭૫/એ)

પ્રીમીયમ ઓફિસો

ઘાટકોપર (ઈસ્ટ) બંધાતા મેટ્રો નજીક 275'થી 400,' 10.50' હાઈટ, જોડી શકય, ગ્લાસ FACADE આલીશાન એલીવેશન, OC, રેડી. 9820023000. (૧૪૩૭૪/ડી)

MICL

ઘાટકોપર (ઈસ્ટ), 60' રોડ, "AARADHYA ONE PARK" પ્રાઈમ લોકેશન, ઈતિહાસમાં સૌથી પ્રીમીયમ બંધાતું કોમ્પલેક્ષ, પ્રીમીયમ ભાવ, લકઝરીયસ એમેનીટીઝ, 3,4,5,6 બેડરૂમનાં ફ્લેટો, 1100'થી 4500' - 4.99 કરોડથી 21 કરોડ. ''ચિંતનભાઈ'' 98200 00608. (૧૪૩૭૪/ઈ)

■ સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ, GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી. RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૧૪૩૭૪/બી)

MICL

ઘાટકોપર (ઈસ્ટના) પંત નગર, એમેનીટીઝવાળા "AARADHYA ONE EARTH" કોમ્પલેક્ષમાં, 2, 3, 4 બેડરૂમ. OC. રેડી 2,25,00,000/- થી 4,50,00,000/-, વેચાણથી/ ભાડેથી 60,000/- થી 1,20,00,000/- ચિંતનભાઈ - 9820000608. (૧૪૩૭૪/સી)

જુહુ ગુલમોહર

4 બેડરૂમ 2350 કાર્પેટ, હાયર ફ્લોર, અમેનીટીસ અને ઓસી સાથે, દેરાસર નજીક, 14.50 કરોડ, નિગોસિએબલ. જીમિત ગણાત્રા 9820377358. (૧૪૩૬૮/સી)

જુહુ ગુલમોહર

3 બેડરૂમ 1250 કાર્પેટ, 2 પાર્કિંગ, હાયર ફ્લોર, અમેનીટીસ અને ઓસી સાથે, 7.25 કરોડ, નિગોસિએબલ. જીમિત ગણાત્રા 9820377358. (૧૪૩૬૮/એ)

જુહુ ગુલમોહર

3 બેડરૂમ જોડી 2500 કાર્પેટ, હાયર ફ્લોર, અમેનીટીસ અને ઓસી સાથે, દેરાસર નજીક, 15.50 કરોડ, નિગોસિએબલ.' જીમિત ગણાત્રા 9820377358. (૧૪૩૬૮/ઈ)

ઘાટકોપર (ઇસ્ટ)

રેડી નવા બંધાતા બિલ્ડીંગમાં, 2 થી 4 બી.એચ.કે., 700' થી 2400' કાર્પેટ, સારા ભાવમાં મળશે. ''મિતુલ શાહ'' - 9969080029. (૧૪૩૬૫/એ)

બોરીવલી (ઈસ્ટ)

2 બેડરૂમ, 1.25 કરોડ ONWARDS FESTIVE OFFER FREE REGISTRATION (LIMITED FLATS ONLY) 14 માળના ટાવરમાં. દૌલત નગર રોડ નં. - ૧૦ સાઈટ - 9870865518. (જેપી/૪૯૧૩/ડી)

ઘાટકોપર ઈસ્ટ

કુકરેજા પેલેસ ડુપ્લેક્ષ ૨ હોલ ૩ બેડરૂમ ફુલ્લી ફર્નીશ્ડ લકઝરિયશ ફ્લેટ અને ૪ બેડરૂમ ફ્લેટ ૩૩૦૦' પાર્કિંગ સાથે દેરાસર બાજુમાં ભાડેથી / વેચાણથી લેવા હિતેશભાઈ - 9820008003 / 9920927958. (૧૪૩૫૮-એ)

પારલા ઈસ્ટ

1 બેડ વેલ ફર્નિશ્ડ (480') નવું બિલ્ડિંગ હાયર ફ્લોર અપટુડેટ સોસાયટીમાં સ્ટેશન/હાઈવે નજીક 2.25 cr. લેવા ગંગર - 8080524858. (બી-૧૪૧૦૦)

વિલેપાર્લે (ઈસ્ટ)

વેચાણથી ઓફ માલવિયા રોડ, 2 BHK, સ્પેશિયસ, 905 કારપેટ, ન્યુ બિલ્ડીંગ વિથ OC, 1 પાર્કિંગ સાથે, નવકાર એસ્ટેટ ધીરેન ગડા 9594925992. (જેપી -૪૯૧૩-એ)

૧૭. જગ્યા આપવી છે

વિલેપાર્લે (ઈસ્ટ)

વેચાણથી મહંત રોડ, રૂઈયા સ્કૂલની પાસે, 4 BHK, 2200 કારપેટ, 4th ફ્લોર, ફુલ્લી ફર્નિશ્ડ લેવીશ ફ્લેટ, 2 ગાડીની પાર્કિંગ, રજીસ્ટર્ડ સોસાયટી વિથ OC, ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા 9594925992. (જેપી -૪૯૧૩-બી)

વિદ્યાવિહાર ઈસ્ટ વેચાણથી

૧ બેડરૂમની જોડી કુલ ૩.૫ બેડરૂમ, સ્ટેશન નજીક ૨ કાર પાર્કિંગ સાથે વેચાણથી ઓનર 8369260126. (૧૪૩૩૮-બી)

ઘાટકોપર (ઈસ્ટ)

વેચાણથી હિંગવાલા 72 પાર્ક, ૧, ૨, ૩ બેડરૂમ, મોર્ડન એમેનીટીઝ, ગેટેડ કોમ્યુનિટી, તુરંત કબજો. પ્રીફ્ડ ચેનલ પાર્ટનર- "J.K. Real Estate" 9920378464, 9326085381. (૧૪૧૯૯-એ)

ઘાટકોપર (ઈસ્ટ)

આરાધ્ય વન અર્થ, એડન, ફન, ગ્રુવ IVY, ૨, ૩, ૪ બેડરૂમ, જોડી શક્ય લેવા-વેચવા પ્રીફ્ડ ચેનલ પાર્ટનર- "J.K. Real Estate" 99203 78464, 9326085381. (૧૪૧૯૯-ઈ)

ભુજ-કચ્છ

ક.વી.ઓ. તથા દેરાસર નજીક. 2 BHK, 2 બાલ્કની, લિફ્ટવાળા બિલ્ડીંગમાં, ત્રણ સાઈડ ખુલ્લો ફ્લેટ વેચવાનો છે. કલ્પેશભાઈ - 9825122956. (૧૪૩૪૬-એ)

ઘાટકોપરમાં ગેરંટી

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી/ વેચાણથી. બજાર ભાવે, સોદાની ગેરંટી ભિમાની - 9920814333 - 9820814333. (૧૪૦૮૭-એ)

અંધેરી પૂર્વ

પારસી પંચાયત રોડ, આંબાવાડી SRA 1 રૂમ રસોડું 225' ટ્રાન્સફરેબલ વેચાણમાં 45 લાખ ફ્લેટ - ઓફિસ - ગોડાઉન - દુકાન - ફેક્ટરી ભાડેથી - વેચાણમાં લેવા - આપવા લાભુભાઈ 9820832259. (એસડીબી-૧૮૫૪)

પરેલ/શિવરી

અશોક ગાર્ડન્સ / ટાવર્સ ૨/૩/૪/૫ બેડરૂમ લેવા/વેચવા/ભાડેથી - ૯૬૧૯૦૧૪૫૫૫ / ૯૮૨૧૦૧૪૫૫૫. (બી-૧૪૦૯૬)

વિલેપાર્લે વેસ્ટ

ઓનરશીપથી નવા અનટચ ફ્લેટ્સ બજાજ રોડ, ૪ બેડરૂમ અને ૨ બેડરૂમ ૧૧મે માળે, હવા ઉજાસવાળા, નવું બિલ્ડિંગ, જીમ, ઓ.સી. સાથે. એજન્ટ: અશ્વીન મર્ચન્ટ 9819874515. (એસડીબી-૧૮૫૫)

સાયન કોલીવાડા

નવરંગ કો.પો. હાઉસીંગ સોસાયટી લિમિટેડ. 2.5 BHK, 706' કારપેટ ફ્લેટ વેચાણથી/લીવલાયસન્સથી O.C. સાથે. 98690 41209. (૧૪૩૬૯-એ)

સાંતાક્રુજ (વેસ્ટ)

૩ બેડરૂમ હોલ કિચન ૩ વોશરૂમ, લિફ્ટ, હવા ઉજાશવાળો ૮૫૦ કારપેટ એરિયા. ૧ પાર્કિંગ ફક્ત ૪.૨૫ કરોડ શ્રી કુથુંનાથ જૈન દેરાસર પાસે આઉટ રાઈટથી વેચવો છે. સંપર્ક:- સુનિલ સાવલા 9869351233. (એસડીબી-૧૮૩૨)

પેડર

3 બેડરૂમ - 1350' - કાર્પેટ - પાર્કિંગ - 6,50,00000/= નેગોશીએબલ. શાહ - 9820068382. (૧૩૪૯૬/એ)

ગામદેવી

1 બેડરૂમ - 490 - 520' - કાર્પેટ - પાર્કિંગ - 2,15,00000/= નેગોશીએબલ. શાહ - 9820068382. (૧૩૪૯૬/બી)

નેપેન્સી

4 બેડરૂમ - 1750' - કાર્પેટ - પાર્કિંગ - 11,0000000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૩૪૯૬-સી)

ગોવાલિયાટેંક

2 બેડરૂમ - 700' - કાર્પેટ - પાર્કિંગ - 3,55,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૩૪૯૬-ડી)

ગામદેવી

2 બેડરૂમ - 825' - પાર્કિંગ - સી.વ્યુ. 3,35,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૩૪૯૬-ઈ)

તારદેવ

675 કાર્પેટ એરીયા 2 બેડરૂમ ચંદ્રકાંત પટેલ 9322290459 વેચવાની છે. (૧૮૦)

અંધેરી ઈસ્ટ

3 બેડ ભાડેથી ફ્લેટ અપટુડેટ સ્ટેશને લીફ્ટ/ પાર્કિંગ સાથે ગંગર - 8080524858. (બી-૧૪૦૯૮)

અંધેરી ઈસ્ટ

ફ્લેટો/ઓફિસો/દુકાનો સ્ટેશને ભાડે/વેચાણથી લેવા વિશ્વાસુ નામ ગંગર - 8080524858. (બી-૧૪૦૯૯)

BIGGEST LAUNCH IN LALBAG

With Jain Mandir, Upashray, All amenities, 50+ Storeys Tower, 1.6 acres plot, 2, 3, 4, 5 Bed 2.99 Cr. ++ Book your appointment + 8655884977. (B-13927)

MATUNGA

Most Iconic Project, 7 Star Amenities, 5.30 acres Land, Possn in Oct 26, Duplex Penthouse 2500 + 500 terrace - 13.15 Cr. + Tax P51900049433 3, 4 BHK 4.99 Cr. +, 4 BHK 6.98 Cr. + Exclusive Financial yr End Price - Brokers excuse 9004078342. (B-13900)

૧૭. જગ્યા આપવી છે

MALAD WEST

Ready Possession, 1 BHK, 2 BHK with Parking, Jain Derasar 2 Minutes, Haveli 5 Minutes, Station 5 Minutes Walking. Details Jigna Property 9819226771, Dhimant Shah (14377/A)

PEDER ROAD

Mount Unique 2 BHK + 3 Bath + Terrace, 1340 + 210 sq.ft. 1 Garage + 1 Stilt Car Park, Ask Price - 10.30 Cr. Sushant Shetty - 8657424755, Shradha Shah - 9870573648. (14356-A)

NANA CHOWK-KEMPS CORNER

Pedder Road 1 - 2 BHK Flat On Ownership Sea-Facing throw away price must sale today Brokers Welcome. For Further Details. Contact: 022-23511661 / 31420205 (14362-G)

૧૮. જગ્યા જોઈએ છે

લીવ લાઈસન્સ

નવજીવન સોસાયટી લેમિંગ્ટન રોડ 2 બેડરૂમ ભાડેથી જોઈએ છે. સંપર્ક કિરીટ + 91 9819968298 / 9821138298. (જી - ૨૪૯૨-એ)

A DIAMOND MERCHANT from Antwerp Urgently Requires 2/3 BHK Flat on ownership in South Mumbai. Preferably Sea-Facing. Can Pay Fancy Price. Brokers Welcome 9987310819. (14362/F)

૧૯. ફેક્ટરી વર્કશોપ

વસઈ

ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા વેચવા ભાડેથી રુષભ ઉપાધ્યાયઃ- 9049625073 હિતેષ ઉપાધ્યાયઃ- 9326470109. (એસડીબી-૧૮૪૨)

વસઈ - કામણ

સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)

૨૦. ધંધાદારી જગ્યા

સિક્કાનગર

પાસે ધંધાદારી જગ્યા ભાડેથી/ વેચવા માટે 600 - 1000. માલકીન 9619235756. (બી-૧૪૦૨૫)

પાર્લા (ઈસ્ટ)

400', 1000' ઓફિસ આઉટરાઈટથી લેવા સંપર્ક ''જયેશ'' - 9820994954. (૧૪૩૬૨-સી)

■ જોઈએ છે જાણીતી કોર્પોરેટ કંપનીને A ગ્રેડની ઈમારતમાં 50000' કોમર્શીયલ જગ્યાની જરૂર છે : વર્લી, લોઅરપરેલ, પરેલ, પ્રભાદેવી, કાલીના, BKC, બાંદ્રા, W.E. હાઈવે, એરપોર્ટ નજીક. વેચાણ/લીઝથી. (Mandate) ''મુકેશ તુલસીયાની'' 9321110202 / 9821136275. (૧૪૩૬૨-ઈ)

દુકાન વેચાણથી

વિલેપાર્લે ઈસ્ટ હનુમાન રોડ પ્રાઈમ લોકેશનમાં 320' કાર્પેટ IDBI બેંક પાસે - રોડ ટચ, 3.50 કરોડ નેગોશીએબલ, સેલ્ફ કન્ટેન, વહેલા તે પહેલા ધોરણે Joshi estate - 9967664729. (કેપી/૪૯૦૬-ઈ)

LOWER PAREL

1200 sqft Office & 1700 sqft Godown available for Leave and Licence. Only WhatsApp 73044 72581 (Owner). (SDB-1844)

૨૪. વાહન/મોટરકાર સંબંધી

■ તમારી મનગમતી પેટ્રોલ - ડીઝલ ગાડી લેવા-વેચવા. શ્રીજી - 9545741755. (બી-૧૪૧૦૮)

૩૧. નાણાંકીય

''શેરનાં...''

ડીમેટની / IEPF / ડુપ્લીકેટની / ટ્રાન્સમીશનનાં ''શેરની'' સર્વિસ આપશું. / ખરીદશું. -9619315362, 8291225710. (૧૪૩૭૦-એ)

ભારતમાં સૌ પ્રથમ વાર SEMI ALGO INTRADAY SOFTWARE

MCX સીલ્વર & ગોલ્ડમાં ઈન્ટ્રાડે ટ્રેડ
૧ મહીનો ફ્રિ ટ્રાયલ
ટ્રાયલ દરમિયાન નુકશાનીમાં ૫૦% ની ભાગીદારી
માસિક રીટર્ન ૨૫ થી ૩૦%

કોન્ટેક ફકત શનિવાર અને રવિવાર
9879898795

(૧૪૨૯૯-બી)

૩૨. જમીન-મિલકત

રાજકોટમાં જમીન

રાજકોટ તથા આજુબાજુનાં ગામમાં નાના - મોટા પ્લોટ લેવા/વેચવા. દિલીપ ઠક્કર 9324076621. (૧૪૩૭૪-એ)

પ્રોજેક્ટ ખર્ચ વસૂલવા આવાસને બદલે પ્લોટનું વેચાણ

મુંબઈઃ થાણેના માજીવાડે સ્થિત વર્તક નગર પોલીસ કોલોની રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ આર્થિક રીતે સદ્ધર ન હોવાથી અટકી પડ્યો છે. આ પ્રોજેક્ટને વ્યવહારુ બનાવવા માટે મ્હાડા ઓથોરિટીએ પોતાની માલિકીના પ્લોટ પર વધારાના મકાનો બાંધવાને બદલે ઉપલબ્ધ પ્લોટ વેચવાનો નિર્ણય કર્યો છે. એ અનુસાર કોંકણ બોર્ડે બે પ્લોટની ઇ-હરાજી માટે ટેન્ડર મંગાવ્યા છે. ■

૩૨. જમીન-મિલકત

ભાવનગરમાં પેન્ટહાઉસ વેચવાનું છે.

લક્ઝુરીયસ 3 B H K, C-902, હિમાલયા સ્કાયઝ ભાવનગર, 2808 Sq. Ft, SBP એરીયા વીથ ટેરેસ, ફુલ્લી ફર્નિશ્ડ, ફુલ્લી એ.સી. હિમાલયા મોલ પાછળ, ઈસ્કોન મેગા સીટી, ભાવનગર. મો. 09687611173. (બી-૧૪૧૧૯)

વલસાડ

ચાલુ ધંધા સાથેની દુકાન (મોલ), - બંગલો વેચાણથી 9274793095. (૧૪૨૯૫-એ)

DISTRESS SALE, KANAKIA Zillion, LBS Marg, Kurla, Commercial Property 1700 carpet, Contact owner 9967580213. (B-14078)

૩૩. ધંધાદારી

''પ્રતાપ પેકર્સ - મુવર્સ''

48 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૪૬૮૮-એ)

૩૪. ફર્નીચર ફીક્ષ્ચર

કબાટ

ઈલેક્ટ્રોનિક તિજોરી નવા લેવા, જૂના, કલર, રીપેરીંગ, ફેક્ટરીમાંથી-9820689880. (૧૪૩૪૦-આઈ)

૩૫. જ્યોતિષ ભવિષ્ય

શ્રીચામુંડા જ્યોતિષ

લગ્નમાં રૂકાવટ, ખવડાવેલુ, પિવડાવેલુ, જૂની બીમારી, સંતાન ચિંતા, લવમેરેજ, પતિદુખ, છુટાછેડા, શત્રુથી પરેશાન. પારસ નગર, જૈન દેરાસર પાસે, શંકરગલી કાંદિવલી (વેસ્ટ). 9157999811/022-31970731. (૧૪૩૩૪/બી)

પોઝિટીવ રિઝલ્ટ

આર્થીક, માનસીક, સામાજીક, શારીરિક, લગ્નવિષયક, સંતાનસુખ, અથવા અન્ય કોઈપણ સમસ્યાના સચોટ સમાધાન માટે સંપર્ક - એસ્ટ્રોલોજી એક્સપર્ટ, વાસ્તુ કન્સલ્ટન્ટ, આધ્યાત્મિક ગુરૂ શ્રી અંકિત આચાર્યઃ એપોઈન્ટમેન્ટઃ 7021070218. (કન્સલ્ટેન્ટસી ચાર્જ 5100/=). (૧૩૪૯૮-સી)

૩૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

FREE DESIGNING

[Flats, Offices, Restaurants] Civil, Furniture, Plumbing, Electrical, Ceiling, Painting. 8879430789. (14254-A)

૪૬. વોટર પ્રુફિંગ

લિકેજ બંધ

સ્પેશ્યાલીસ્ટ વોટરપ્રુફીંગ ટેરેસ, આઉટસાઈડ કેક, છજ્જા, ટાંકી, બિલ્ડિંગ રીપેરીંગ, પેઈન્ટીંગ - 9769735633 - 7977683538. (બી-૧૪૦૬૫)

SWAMINARAYAN WATERPROOFING

ટેરેસ, સોસાયટી, બંગલો, છજ્જા, આઉટ-ઈન વોલ, કેક ફીલીંગ, પ્લાસ્ટર, પેન્ટીંગ, બાથરૂમ, વોટરપ્રુફીંગ. 9321784252/ 9967832871. (૧૩૪૯૫-એ)

૫૨. કુરીઅર્સ

એડબ્લ્યુસીસી પ્રા. લિ.

આંતરરાષ્ટ્રીય પાર્સલ સર્વિસ યુએઈ, યુકે, યુએસએ, ઓસ્ટ્રેલિયા માટે ભરોસા પાત્ર, વ્યાજબી સર્વિસ 9892323723 / 02242764276. (બી-૧૪૧૦૨)

મનસ્વી પાર્સલ

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૪૦૧૮-એ)

ફોરેન પાર્સલ

લંડન, અમેરીકા, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા વ્યાજબી વિશ્વસનીય રમેશભાઈ - 9702251438/ 9224320626. (એસડીબી-૧૬૪૬)

દુનિયાભરમાં પાર્સલ

મેંગો, નાસ્તો, મસાલા, કપડાં બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર, હોંગકોંગ. 9769691025 - 26822572. (બી-૧૪૦૩૫)

મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Tel. : 28811012
Mobile: 9820489442
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel:

વડોદરાના માંજલપુરમાં રાતોરાત રૂપાલા વિરુદ્ધ પોસ્ટરો લાગ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં રાતોરાત ''ભાજપના કોઈપણ કાર્યકર અને આગેવાનોએ પ્રવેશવું નહીં, જ્યાં સુધી પુરુષોત્તમ રૂપાલાની ટિકિટ રદ ન થાય ત્યાં સુધી'' એવાં બેનરો લાગતાં પોલીસ દોડતી થઈ હતી.

ગુજરાતમાં આગામી લોકસભાની ચૂંટણીમાં પુરુષોત્તમ રૂપાલાના ક્ષત્રિય સમાજ વિરુદ્ધ કરવામાં આવેલા નિવેદનને ધ્યાનમાં રાખીને શહેરના માંજલપુરમાં ભાજપના કાર્યકરો, ઉમેદવારોને પ્રવેશબંધી કરતાં બેનરો રાતોરાત લગાવી દેતાં શહેરમાં વિરોધ શરૂ થયો છે. હાલમાં શહેરમાં લોકસભાની ચૂંટણીને પગલે તમામ રાજકીય પક્ષોએ પોતાના ઉમેદવારોના ચૂંટણીપ્રચાર શરૂ કરી દીધા છે, જેમાં ઘરે ઘરે ફરી, વિસ્તારોમાં રેલીઓ યોજવામાં આવી રહી છે, પરંતુ બીજી તરફ પુરુષોત્તમ રૂપાલાના ક્ષત્રિય સમાજ વિરુદ્ધ કથિત નિવેદનને પગલે જ્યાં એક તરફ સમગ્ર રાજ્યમાં રૂપાલાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે, સાથે જ રૂપાલાની ઉમેદવારી રદ કરવા માગ ઊઠી છે. શહેરના માંજલપુરમાં પણ હવે રાજપૂત કરણીસેના તથા ક્ષત્રિય સમાજ દ્વારા રાત્રે બેનર લગાવી વિરોધ નોંધાવ્યો હતો, જેમાં લખ્યું હતું કે ભાજપના કોઇપણ કાર્યકર કે આગેવાને પ્રવેશવું નહીં, જ્યાં સુધી ટિકિટ રદ ન થાય ત્યાં સુધી. આ અંગે ક્ષત્રિય આગેવાન રવિરાજસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે ક્ષત્રિય સમાજ હિન્દુઓ, હિન્દુસ્તાન માટે પોતાના સમાજની વાત આવે તો મરતા કે મારતા ખચકાશે નહીં. ભાજપની સરકાર સમાજને દબાવવા માગે છે. આ તો માત્ર ટ્રેલર છે, હજુ પિક્ચર બાકી છે. આ તો ક્ષત્રિય સમાજ છે, પહેલેથી કુરબાની આપી છે. અમને મારવા કે મરવાથી કઈ ફરક નથી પડતો. તમારી તાકાત હોય તો માંજલપુરમાં પ્રચાર કરી જુઓ, એવી ચીમકી પણ ઉચ્ચારી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. દરમિયાન દહેગામ તાલુકાના હરસોલી ગામમાં પણ ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલાની ટિકિટ રદ કરવાની માગ સાથે જય ભવાનીનાં નારા સાથે લોકસભા ચૂંટણીમાં ભાજપ વિરુદ્ધમાં વોટિંગ કરવાના સોગંદ લીધા હતા. તેમ જ દોલારાણા વાસણામાં રેલી કાઢીને ક્ષત્રિયોએ રૂપાલા વિરુદ્ધ જય ભવાની ભાજપ જવાની 'કમળનું ફૂલ અમારી ભૂલ'ના સૂત્રોચ્ચારો કરી ટિકિટ રદ કરવાની માગ કરી છે. ■

કલોલમાં ૧૨ ગામના સરપંચ સહિત ૨૦ આગેવાન ભાજપમાં જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ખાખરિયા વિસ્તારના મોટીભોયણ અને સાંતેજ જિલ્લા પંચાયત બેઠકનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો તેમાં કોંગ્રેસ છોડી ભાજપમાં સામેલ થયેલા કાંતીજી ઠાકોર અને રશ્મિજી ઠાકોરનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કલોલ તાલુકાના ૧૨થી વધુ સરપંચ- ઉપસરપંચ સહિત ૨૦ અગ્રણીઓએ ભાજપનો ખેસ ધારણ કરી પાર્ટીમાં સામેલ થયા હતા.

કલોલના ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોરની આગેવાનીમાં નાસ્મેદના કાંતીજી ઠાકોર અને રાચરડાના રશ્મિજી ઠાકોર સહિત ૧૨ આગેવાનોએ ગયા અઠવાડિયે ભાજપનો ખેસ ધારણ કર્યો હતો. ત્યાર બાદ કોંગ્રેસનો ગઢ ગણાતા આ વિસ્તારમાં ભાજપનું વર્ચસ્વ વધી રહ્યું છે. દરમિયાન નાસ્મેદ ગામે મહાકાળી ફાર્મ ખાતે કાંતીજી ઠાકોર અને રાચરડાના રશ્મિજી ઠાકોરનો અભિવાદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરોની હાજરીમાં તાલુકાના ૧૨થી વધુ સરપંચ-ઉપસરપંચ સહિત ૨૦ અગ્રણીઓ ભાજપમાં જોડાયા હતા. ગાંધીનગર લોકસભા બેઠકના પ્રભારી અને રાજ્યસભાના સાંસદ મયંક નાયક, કલોલના ધારાસભ્ય બકાજી ઠાકોર, દૂધસાગર ડેરીના ચેરમેન અને જિલ્લા ભાજપ પ્રભારી અશોક ચૌધરી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ■

ધોળકામાં ક્ષત્રિયોના રોષને પગલે ભાજપને સભાસ્થળ બદલવું પડ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જિલ્લામાં ધોળકાના વટામણ ગામે મોદી પરિવારની સભા ક્ષત્રિય સમાજના વિરોધના ડરથી અન્ય જગ્યાએ કરવી પડી હતી. પહેલા સભા વટામણ ગામે હતી અને ત્યારબાદ વિરોધ થતા બાપા સિતારામની મઢુલીએ મોદી પરિવાર સભા યોજાઈ હતી. ખેડા લોકસભાના ઉમેદવાર દેવુસિંહ ચૌહાણના પ્રચારના અનુસંધાને મોદી પરિવાર સભા યોજાઈ હતી જેમાં ખુદ ઉમેદવાર દેવુસિંહ ચૌહણ હાજર રહ્યા ન હતા.

ધોળકા વિધાનસભામાં આવતા વટામણ ગામે ભાજપની સભા હતી તે પહેલા ક્ષત્રિયોએ કાળા વાવટા ફરકાવી વિરોધ દર્શાવ્યો હતો. ભાજપે અચાનક સભાનું સ્થળ બદલી નાખ્યું હતું. રાજકોટના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાનો વિરોધ હવે ગામડાઓમાં ઠેર ઠેર થઈ રહ્યો છે. કોઠ સહિત ધોળકા રૂરલ અને ધોળકા ટાઉન પોલીસનો વટામણ ગામે કાફલો ખડકી દેવાયો હતો, ક્ષત્રિય સમાજની એક જ માગ છે કે રૂપાલાની ટિકિટ રદ કરો. ખેડા લોકસભાના ઉમેદવાર દેવુસિંહ ચૌહાણના પ્રચારના અનુસંધાને મોદી પરિવાર સભા યોજાઈ હતી, જેમાં ખુદ ઉમેદવાર દેવુસિંહ ચૌહણ હાજર રહ્યા ન હતા. રાજપૂત સમાજે ગામડે ગામડે ભાજપના કાર્યકરોને પ્રવેશબંધીના બેનર લગાડવા અભિયાન છેડયું છે, જેની અસર દસક્રોઇ તાલુકાના અનેક ગામોમાં થઈ છે. તાલુકાના વિસલપુર, વસઈ, જેતલપુર, વિંઝોલ, હાથીજણ, પાલડી-કાંકજ, ઓડ, કાસિન્દ્રા, બાકરોલ બુજરંગ, ઝાણું, ધામતવાણ ગામોમાં પુરુષોત્તમ રૂપાલાની ટિકિટ રદ ન થાય ત્યાં સુધી કોઈ ભાજપ કાર્યકર્તાઓએ પ્રવેશ કરવો નહિના બેનરો રાજપૂત સમાજ દ્વારા લગાવવામાં આવ્યા હતાં. ■

ગુજરાતમાં પહેલા જ દિવસે ૨૬ બેઠકોમાંથી ૧૦૧૫ ફોર્મ લેવાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ૨૬ લોકસભા મતક્ષેત્રની સામાન્ય અને પાંચ વિધાનસભાની પેટાચૂંટણીમાં શુક્રવારે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયાનો આરંભ થયો હતો. પહેલા જ દિવસે ૨૬ લોકસભા બેઠકોમાં ધડાધડ ૧,૦૧૫ જેટલા ઉમેદવારી ફોર્મ ચૂંટણી લડવા ઈચ્છુક વ્યક્તિઓએ ઉઠાવી લીધા છે.

આ જોતા આ ચૂંટણીમાં સૌથી વધુ અપક્ષો મેદાને ઉતરે તો નવાઈ નહીં કારણ કે ફોર્મ ભરવાના પહેલા જ દિવસે પાટણ અને પંચમહાલ લોકસભા ક્ષેત્રમાં એક-એક એમ બે અપક્ષોએ ઉમેદવારી નોંધાવી હતી.

આ સાથે જ ૨૬માંથી ત્રણ લોકસભામાં ત્રણ ફોર્મ ભરાયા છે. જ્યારે પાંચ વિધાનસભા પૈકી વાઘોડિયાની પેટાચૂંટણીમાં અપક્ષે ઉમેદવારી કરી છે. ઉમેદવારી ફોર્મ ભરવા માટે ચૂંટણી પંચ દ્વારા ૨૦ એપ્રિલ સુધીનો સમય નિયત થયો છે.

શનિવારે અને રવિવારે જાહેર રજા હોવાથી હવે સોમવારથી રાજકીય પક્ષોના ઉમેદવારો સહિત અપક્ષો તરફથી ચૂંટણી અધિકારીઓ સમક્ષ ફોર્મ ભરવાની પ્રક્રિયા ગતિ પકડશે એમ મનાય છે. ■

ગુજરાતમાં વરસાદની આગાહીથી બાગાયતી પાક લેનારા ખેડૂતો ચિંતાતુર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં શુક્રવારે અચાનક જ દાહોદ અને બનાસકાંઠા જિલ્લાના વાતાવણમાં પલટો આવ્યો હતો અને ભારે પવન અને કરાં સાથે વરસાદ પડયો હતો. હવામાન વિભાગે બે દિવસ સુધી રાજયના વિવિધ વિસ્તારમાં વીજળીના કડાકા-ભડાકા સાથે કમોસમી વરસાદ પડવાની આગાહી કરી છે. દાહોદ શહેર અને ઝાલોદ પંથકમાં કરાં સાથે વરસાદ પડતા ધરતીપુત્રમાં ભારે ચિંતા ફેલાઈ ગઈ હતી. માર્કેટયાર્ડોમાં પણ વેપારીઓ દોડતા થઈ ગયા હતા. અચાનક કમોસમી વરસાદના પગલે લગ્ન જેવા માંગલિક પ્રસંગો લઈને બેઠેલાઓ પણ દોડતા થઈ ગયા હતા.

રાજ્ય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બનાસકાંઠાના પવિત્ર યાત્રાધામ અંબાજીમાં પણ વરસાદ પડયો હતો. યાત્રાધામ શામળાજી પંથકમાં પણ છાંટા પડયા હતા. હવામાન વિભાગે આગામી બે દિવસ સુધી વરસાદ ગુજરાતમાં પડવાની આગાહી કરી છે. તા.૧૪મી એપ્રિલે સાબરકાંઠા અરવલ્લી, દાહોદ, છોટાઉદેપુર નર્મદા અને ગીર-સોમનાથમાં વરસાદ પડવાની સંભાવના છે. તા.૧૫ એપ્રિલે સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદમાં કમોસમી વરસાદ પડવાની આગાહી કરી છે. આ ઉપરાંત ગીર-સોમનાથ અને કચ્છમાં પણ થડસ્ટોર્સ એક્ટિવિટી સાથે વરસાદ પડયાની સંભાવના હવામાન વિભાગની આગાહીમાં વ્યકત કરાઈ છે. કમોસમી વરસાદની આગાહીના પગલે ખેડૂત ચિંતિત થઈ ગયા છે. ખાસ કરીને કેરી સહિતનો બાગાયતી પાક લેનારા ખેડૂતો વધુ બેબાકળા બન્યા છે. ■

અમિત શાહના ધર્મપત્નીએ ગાંધીનગરમાં ડોર ટુ ડોર ચૂંટણી પ્રચાર શરૂ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન અમિત શાહના ધર્મપત્ની સોનલબેન શાહે આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત અમિતભાઈ શાહના મતવિસ્તારમાં સમાવિષ્ટ ગાંધીનગર ઉત્તર વિધાનસભાના કોલવડા ગામે ડોર ટુ ડોર પ્રચાર શરૂ કર્યો હતો.

આ સાથે તેઓએ પ્રધાનમંત્રી આવાસ યોજના, આયુષ્માન ભારત યોજના, કિસાન સન્માન નિધિ, ઉજ્જવલા યોજના, સ્વનિધિ યોજના સહિતની વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કાર્યરત વિવિધ યોજનાઓના લાભાર્થીઓનો સંપર્ક કર્યો હતો.

સમગ્ર લોકસંપર્ક રાઉન્ડ દરમિયાન ગ્રામજનોમાં નરેન્દ્ર મોદી, અમિત શાહ અને ભારતીય જનતા પાર્ટી પ્રત્યે સમર્થનનો ભાવ જોવા મળ્યો હતો.

તદુપરાંત સોનલબેન શાહે સોનીપુર ગામે બહુચર માતા મંદિરે પૂજા અર્ચના કરી હતી. તેમની સાથે ધારાસભ્ય રીટા પટેલ, પૂર્વ ધારાસભ્ય અશોક પટેલ, ભાજપા અગ્રણી કેતન પટેલ સહિત સિનિયર આગેવાનો, અગ્રણીઓ, કાર્યકર્તાઓ અને શુભેચ્છકો ઘર ઘર સંપર્કમાં જોડાયા હતાં. ■

ગુજરાતમાં બેથી ત્રણ દિવસમાં આઈપીએસ અધિકારીઓની બદલીની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: લોકસભા-૨૦૨૪ની ચૂંટણીને લઈને પોલીસ વિભાગમાં મોટાપાયે અધિકારીઓની બદલી થવાની વાતો છેલ્લાં કેટલાંય સપ્તાહથી થઈ રહી છે. જો કે, આ બઢતી-બદલીના હુકમો બે થી ત્રણ દિવસમાં થવાની શકયતા છે. ચૂંટણી નજીક હોવાથી કયા અધિકારીઓને કયાં મૂકવાનો નિર્ણય લેવાશે.

સુરત પોલીસ કમિશનરના સ્થાનેથી અજય તોમર નિવૃત્ત થયા હોવાથી જગ્યા ખાલી પડી છે. આ મહત્ત્વના સ્થાન પર નિમણૂક મેળવવા માટે સિનિયર આઈપીએસ અધિકારીઓ છેલ્લાં કેટલાંક સપ્તાહથી પ્રયત્નશીલ છે. આ ઉપરાંત અમદાવાદ રેન્જ, અમદાવાદ ગ્રામ્ય એસપી અને જીસીપી અમદાવાદ ક્રાઈમ બ્રાંચના સ્થાને કોને નિમણૂક આપવી તેનો નિર્ણય લેવાશે. વી. ચંદ્રશેખર પ્રતિ નિયુક્ત પર સીબીઆઇમાં જતાં ખાલી પડેલી સુરત રેન્જ ખાતે અમદાવાદ રેન્જ ડીઆઈજી પ્રેમવીર સિંઘની નિમણૂક નિશ્ચિત મનાય છે. અમદાવાદ ગ્રામ્ય એસપી અમિત વસાવા સીબીઆઈમાં પ્રતિ નિયુક્તિ પર ગયા હોવાથી તેમનું સ્થાન ખાલી છે. જ્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાંચના ડીસીપી ચૈતન્ય માંડલિકનો કાર્યકાળ પૂર્ણ થઈ ગયો છે.

ગુજરાત રાજ્ય ગૃહ વિભાગ દ્વારા રાજ્યના આઠ આઈપીએસની બદલીના આદેશ અપાયા છે. ગુજરાત કેડરના વર્ષ ૨૦૨૧ના આઠ આઈપીએસ અધિકારીઓની તાલીમ હૈદરાબાદ સ્થિત સરદાર વલ્લભભાઇ પટેલ રાષ્ટ્રીય પોલીસ અકાદમી ખાતે પૂર્ણ થતા તેમને ગુજરાત પોલીસમાં એસએસપીની જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં વલય વૈધને મદદનીશ પોલીસ અધિક્ષક તરીકે સાવરકુંડલા ખાતે નિમણૂક કરાઈ છે. જ્યારે અંશૂલ જૈનની મદદનીશ પોલીસ અધિક્ષક તરીકે મહુવા ખાતે નિમણૂક કરાઈ છે. લોકેશ યાદવની રાજપીપળા, ગૌરવ અગ્રવાલની બોડેલી, સંજયકુમાર કેશવાલાની મોડાસા, વિવેક ભેડાની સંતરામપુર, સાહિત્યા વી.ની પોરબંદર અને સુબેધ માનકરની દિયોદર ખાતે પોલીસ અધિક્ષક તરીકે નિમણૂક કરાઈ છે. જ્યારે વર્ષ ૨૦૨૦ની બેચના પાંચ આઈપીએસ અધિકારીઓના પોસ્ટિંગ વેઇટિંગમાં રાખવામાં આવ્યા છે. જે નિમણૂક ચૂંટણી પંચના આદેશ અનુસાર કરવામાં આવશે. ■

નવસારીથી પાવાગઢ જતાં પગપાળા સંઘને અકસ્માત નડતા એકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભરૂચ નજીકથી પસાર થતા નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર પાવાગઢ જતા પગપાળા સંઘને અકસ્માત નડયો હતો, જેમાં એક પદયાત્રીનું મોત નીપજ્યું હતું. જ્યારે બે પદયાત્રીઓને ઈજા પહોંચતા સારવાર માટે ભરૂચની સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં બેની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચ નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર અસુરીયા પાટીયા નજીક પીકઅપ વાનચાલકે પગપાળા સંઘના ટ્રેકટરને અડફેટમાં લીધું હતું. જેના પગલે ટ્રેક્ટરમાં સવાર ૫ જેટલા પદયાત્રીઓને ઈજા પહોંચી હતી. જેમાં પદયાત્રી મેહુલ હળપતિ (ઉ.વ.૩૯)નું મોત નિપજ્યું હતું, જ્યારે અન્ય બે પદયાત્રીને ઈજા પહોંચતા તેઓને સારવાર માટે ભરૂચની સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં બેની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું હતું. ■

ગુજરાતમાં ધોરણ ૧૦-૧૨માં ગેરરીતિ કરતા ઝડપાયેલા ૪૦૦ વિદ્યાર્થીની વિગતો બોર્ડે મંગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષામાં જુદા જુદા જિલ્લાઓમાં સીસીટીવી ફૂટેજની ચકાસણી દરમિયાન ૪૦૦થી વધારે ગેરરીતિના કેસો બહાર આવ્યા હતા. બોર્ડ દ્વારા જિલ્લાઓ પાસેથી પણ સીસીટીવી ફૂટેજ મગાવવામાં આવ્યા છે. જે વિદ્યાર્થીઓ ગેરરીતિમાં પકડાયા હોય તેના સીસીટીવી ફૂટેજ ખાસ મગાવવામાં આવ્યા છે. ધો.૧૦ અને ૧૨ની રેગ્યુલર પરીક્ષા દરમિયાન જુદા જુદા કેન્દ્રો પરથી ગેરરીતિમાં ઝડપાયેલા વિદ્યાર્થીઓની સંખ્યાની સામે સીસીટીવી ફૂટેજની ચકાસણીમાં ૪૦૦થી વધારે વિદ્યાર્થીઓ ઝડપાયા હતા. તાજેતરમાં બોર્ડ દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને પત્ર મોકલીને એવી તાકીદ કરવામાં આવી હતી કે, માર્ચ ૨૦૨૪માં લેવાયેલી પરીક્ષાઓમાં જિલ્લા કક્ષાએ સમિતિએ સીસીટીવી ચકાસણી કર્યા બાદ જે વિદ્યાર્થીઓ ગેરરીતિઓ કરતાં ઝડપાયા હતા તેની યાદી મગાવવામાં આવી છે. બોર્ડની પરીક્ષા સમિતિ સમક્ષ રૂબરૂ સુનાવણી દરમિયાન ગેરરીતિમાં ઝડપાયેલા તમામ વિદ્યાર્થીઓની અલગ ઓળખ કરીને સીસીટીવી ફૂટેજ તૈયાર કરવામાં આવી રહ્યા છે. જેના કારણે આગામી દિવસોમાં બોર્ડ દ્વારા નવેસરથી સીસીટીવી ફૂટેજની ચકાસણી કરીને જે તે વિદ્યાર્થી પર કરવામાં આવેલા ગેરરીતિના કેસ યોગ્ય છે કે નહીં તેની પુનઃચકાસણી કરવામાં આવશે. ધો.૧૦ અને ૧૨માં મળી કુલ ૪૦૦ ગેરરીતિના કેસો ઝડપાયા હતા. જેમાં સૌથી વધુ ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૨૨૬, ધો.૧૦માં ૧૭૦ અને ધો.૧૨ સાયન્સમાં ૧૪ કેસો નોંધાયા હતા. હવે આગામી દિવસોમાં આ તમામ ફૂટેજની ચકાસણી કર્યા બાદ રૂબરૂ સુનાવણી કર્યા પછી વિદ્યાર્થીઓની સજા નક્કી કરવામાં આવશે. રાજ્યમાં સેન્ટ્રલ બોર્ડની જેમ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે જોડાયેલી તમામ સ્કૂલોમાં પણ એપ્રિલ માસથી નવું શૈક્ષણિક સત્ર શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ જાહેરાત કર્યા પછી હજુ સુધી તેનો અમલ થયો નથી. આગામી બે વર્ષ સુધી આ પ્રકારે સ્કૂલો વહેલી શરૂ કરવાના નિર્ણયનો અમલ થઇ શકે તેમ નથી. ■

તાપીમાં હિંસક વન્ય પ્રાણીઓનો શિકાર કરતી ગેંગના ૬ શિકારીઓની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: તાપી જિલ્લાની ખેરવાડા રેન્જમાંથી વન્ય પ્રાણી દીપડા, વણીયર વિગરેની હત્યા કરી અંગોની ચોરી કરતા શિકારી ગેંગને વનવિભાગે ઝડપી લીધી હતી. પોલીસે ગુનો નોંધી છ આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરતના મુખ્ય વન સંરક્ષક માર્ગદર્શન હેઠળ તાપી વનવિભાગના અધિકારીઓએ ખેરવાડા ગામના કુલ ૬ શિકારીઓને બાતમીના આધારે ઝડપી લઈ મુદ્દામાલ સાથે અટકાયત કરી હતી. ખેરવાડા રેંજમાંથી વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨થી રક્ષિત શિડયુલ-૧ના વન્યપ્રાણી દીપડાનો શિકાર કરી મૃતદેહમાંથી ચાર પગ, દાંત જડબા સાથે, મૂછના વાળ તીક્ષ્ણ હથિયારથી કાપી કાઢી શિકારીઓએ લઇ ગયા હતા અને દીપડાનો મૃતદેહ શિકાર થયેલી હાલતમાં મળી આવ્યો હતો. વન વિભાગ દ્વારા પકડાયેલા આરોપીઓ ખાસ મોડ્સ ઓપરેન્ડી હેઠળ જંગલમાં શિકાર કરતા હતા. પોલીસે ગુનો નોંધી શિકારીઓ કોના કહેવાથી શા માટે હિંસક જંગલી પ્રાણીઓનો શિકાર કરતા હતા તેની વધુ તપાસ હાથ ધરી હતી. ■

અમરનાથ યાત્રા માટે સિવિલ અને સ્મીમેર હૉસ્પિટલમાં મેડિકલ સર્ટિફિકેટ આપવાનું શરૂ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અમરનાથ યાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો દર્શનાથે જાય છે. સુરતની સિવિલ અને સ્મીમેર હૉસ્પિટલ ખાતે અમરનાથ યાત્રામાં જરૂરી મેડિકલ સર્ટિફિકેટ આપવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ વર્ષે ૨૯મી જૂનથી ૧૯મી ઑગસ્ટ સુધી અમરનાથ યાત્રા યોજાશે.

સુરતની સિવિલ હૉસ્પિટલમાં જૂના ટ્રોમાં સેન્ટર ખાતે અલાયદી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે, જ્યાં લોકોને હાલાકી ના પડે તે માટે ટોકન સિસ્ટમ રાખવામાં આવી છે. શનિવારે પહેલો દિવસ હોવાથી મોટી સંખ્યામાં લોકો ફિટનેસ પ્રમાણપત્ર લેવા માટે આવ્યા હતા. નવી સિવિલમાં મેડિકલ સર્ટિફિકેટ આપવાની કામગીરી શરૂ કરવામાં આવી છે, જે જૂના ટ્રોમા સેન્ટરના ગ્રાઉન્ડ ફ્લોર પર ૯થી ૧૨ કલાક સુધી ચાલશે. ૧૩ વર્ષથી નાની વયનાં બાળકો, ૭૫ વર્ષથી મોટી વયના વૃદ્ધો, ગર્ભવતી મહિલાઓ અને બાયપાસ સર્જરી કે સ્ટેન્ટ મુકાવનારા હાર્ટ પેશન્ટોને મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ અપાશે નહીં. લાંબી લાઇન ટાળવા આ વખતે પણ નવી સિવિલમાં ટોકન સિસ્ટમ રખાઈ છે. એક દિવસમાં ૫૦૦ ટોકન અપાશે. યાત્રા પર જનારી વ્યક્તિના પાસપોર્ટ સાઇઝના ચાર ફોટોગ્રાફ, આધાર કાર્ડ, પાન કાર્ડ, વોટિંગ કાર્ડ, ડ્રાઇવિંગ લાઈસન્સ સહિત કોઇ પણ એક ફોટો, આઇડી પ્રૂફ (ઓરિજિનલ અને ઝેરોક્ષ બંને સાથે લાવવા પડશે) હેલ્થ સર્ટિફિકેટ ફોર્મની બે નકલ પણ યાત્રીઓએ લાવવાની રહેશે. ■

વડોદરા નજીક ગ્રામ્ય વિસ્તારમાં ૨.૭૬ કિ.ગ્રા. ગાંજા સાથે યુવક ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરામાં વાઘોડિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા વેસણીયા ગામની સીમમાંથી ૨.૭૬ કિલોગ્રામ ગાંજો કિંમત રૂ.૨૦ હજારનો મળી આવ્યો હતો. યુવક પાસેથી ગાંજો, એક્ટિવા, મોબાઇલ અને રોકડા રૂપિયા સહિત ૭૭ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

વડોદરામાં ગ્રામ્ય પોલીસની એસઓજીની ટીમને વાઘોડિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા વેસણીયા ગામની સીમમાં રામેશરાથી અજવા તરફ આવતા કેનાલવાળા રોડ પરથી કેલનપુરમાં કૅફી પદાર્થની ડિલિવરી આપવા માટે યુવક પોતાના સ્કૂટર પર જવાનો છે, જેથી એસઓજીની ટીમે કેનાલવાળા રોડ પર વોચ ગોઠવી બાતમી મુજબનો શખસ આવતા તેને ઊભો રાખી તપાસ કરતા તેની પાસેથી ૨.૭૬ કિલોગ્રામ ગાંજો રૂ.૨૦ હજાર મળી આવ્યો હતો, જેથી ગાંજો, એક્ટિવા ૫૦ હજાર, મોબાઇલ અને રોકડા રૂપિયા મળી ૭૭ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો, જ્યારે ગાંજો કોની પાસેથી લાવતો હતો તેની પૂછપરછ કરતા કલ્પેશ ઉર્ફે-કમલેશ બારિયા પાસેથી લાવી વડોદરી સિટી તથા ગ્રામ્ય વિસ્તારમાં છૂટકમાં વેચાણ કરતો હોવાની કબૂલાત કરી હતી. જેથી સપ્લાયર સહિત બે જણને વોન્ટેડ જાહેર કર્યા હતા. ■

ગાંધીનગર આવેલા પાલનપુરના યુવાનનું અપહરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગર આવેલા પાલનપુરના યુવાનનું બોરીજ ગામમાંથી કારમાં અપહરણ કરી આંગડિયા પેઢીમાંથી પેસા મગાવી રૂ. ૪.૫૦ લાખ લઇ ચાર શખસો ફરાર થઇ ગયા હતા. પોલીસે ગુનો નોંધી આસપાસના સીસીટીવી ફૂટેજની તપાસ કરી પોલીસની ત્રણ ટીમે તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લાના ખાત્રજ નજીક દંતાલી જીઆઈડીસી નજીક રહેતો મૂળ પાલનપુર તાલુકાનો વાસણ ગામનો રામસિંગ પરમાર (ઉ.વ.૨૭) બોરીજ ગામમાં ગયો હતો. તે દરમિયાન એક દુકાનની નજીક કાર ઊભી રાખી નીચે ઊતર્યો એ વખતે પાછળ ઊભેલી એક સફેદ કલરની કારમાંથી ત્રણ પુરુષ અને એક મહિલા ઊતરી રામસિંગને કંઈ કહ્યા વગર કારમાં બેસી જવા સૂચના આપી હતી. બાદમાં ચારેય જણે બળજબરીથી રામસિંગને કારમાં બેસાડી દીધો હતો અને એક જણે છરી બતાવતા રામસિંગ ગભરાઇ જતાં કારમાં બેસી રહ્યો હતો. અપહરણકારો તેને અક્ષરધામ તરફ લઈ ગયા હતા. પાછળ એક શખસ રામસિંગની કાર લઈને આવ્યો હતો અને કાર મૂકી ત્રણ જણ સાથે કારમાં બેસી ગયો હતો. રસ્તામાં રામસિંગને માર મારી ધમકી આપી હતી કે મુક્ત થવું હોય તો રૂ.૧૦ લાખ આપવા પડશે. તેવું કહી ખેતરમાં લઇ જઇ માર માર્યો હતો અને રૂપિયા મગાવવા માટે સૂચના આપી હતી. દરમિયાન રામસિંગે તેના મિત્ર કાળાને ફોન કરી હકીકત જણાવી પૈસા માગ્યા હતા. જો કે પૈસા ન હોવાથી કાળાભાઇએ તેના સસરા કનુ સાથે વાત કરાવી હતી. કાળુએ ફોન કરીને પૈસા પેઢીમાં નાખી દીધા હોવાની જાણ કરી હતી. પોલીસે અલગ અલગ ટીમો બનાવી વધુ તપાસ હાથ ધરી હતી. ■

ગાંધીનગરમાં અમદાવાદ પાસિંગવાળી કારમાંથી ₹ ૩૨ લાખ રોકડા ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના પાટનગર ગાંધીનગરના ચ-૦ નજીક કારમાંથી ૩૨ લાખ રૂપિયા રોકડા ઝડપાયા હતા. સ્ટેટિક સર્વેલન્સની ટીમ દ્વારા ચેકિંગમાં અમદાવાદ પાસિંગની ગાડીમાંથી રોકડા રૂપિયા ઝડપાયા હતા. જેને પગલે સમગ્ર મુદ્દે ઈન્કમટેક્ષ વિભાગને જાણ કરાઈ હતી. ઈન્કમટેક્ષ વિભાગે વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગરમાં લોકસભા સામાન્ય ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તે માટે તંત્ર સક્રિય થઈ ગયું છે. ગાંધીનગરના ચ-૦ પાસે કારમાંથી ૩૨ લાખ રૂપિયા રોકડા ઝડપાયા હતા. સ્ટેટિક સર્વેલન્સની ટીમ દ્વારા ચેકિંગમાં અમદાવાદ પાસિંગની ગાડીમાંથી રોકડા રૂપિયા ઝડપાયા હતા. સ્ટેટિક સર્વેલન્સની ટીમે ઈન્કમટેક્ષ વિભાગને જાણ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ૭ મેના રોજ મતદાન થશે, જે અંગે ચૂંટણી પંચ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. આ સાથે સ્ટેટિક સર્વેલન્સ સહિતની ટીમો સક્રિય થઈ હતી. જેમાં પહેલાં જ દિવસે ગાંધીનગરમાંથી બે લાખની રોકડ ઝડપાઈ હતી. લોકસભા ચૂંટણીમાં જિલ્લાની પાંચ વિધાનસભા વિસ્તારમાં શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી સંપન્ન થાય તે માટે તંત્ર દોડધામ કરી રહ્યું છે.

ચૂંટણીની જાહેરાતની સાથે જ આદર્શ આચારસંહિતાની અમલવારી, ચૂંટણી ખર્ચ નિરીક્ષણ તથા કાયદો અને વ

નેપાળના દીપેન્દ્રએ ઓવરના છ બૉલમાં છ છગ્ગા ફટકાર્યા, યુવરાજ-પોલાર્ડની બરાબરી કરવા છતાં તેમને ઓળંગી ગયો

કતારના અજાણ્યા બોલર કામરાનની બોલિંગમાં થઈ ધુલાઈઃ ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં ૩૧૪ રનનો વર્લ્ડ રેકૉર્ડ નેપાળના નામે જ છે

અલ અમારત (ઓમાન): ૨૦૦૪ની સાલમાં ટી-૨૦ ફૉર્મેટનું આગમન થયું ત્યાર પછી ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં ઓવરના છ બૉલમાં છ છગ્ગા ફટકારવાની ઘટના સમયાંતરે બનતી જોવા મળી છે. મોટા ક્રિકેટ-રાષ્ટ્રો તો ઠીક, પણ હવે તો નાના દેશોના બૅટર પણ આવી અલ્ટિમેટ ફટકાબાજી કરવા લાગ્યા છે.

નેપાળના ૨૪ વર્ષની ઉંમરના દીપેન્દ્રસિંહ એઇરીએ શનિવારે ઓમાનના મેદાન પર કતારના પેસ બોલર કામરાન ખાનની ઓવરમાં સિક્સરનો વરસાદ વરસાવ્યો હતો. દીપેન્દ્રએ કામરાનની એક ઓવરના છ બૉલમાં છ છગ્ગા (૬, ૬, ૬, ૬, ૬, ૬) ફટકારીને તોફાન મચાવી દીધું હતું.

નેપાળે ૧૯ ઓવરમાં સાત વિકેટે ૧૭૪ રન બનાવ્યા હતા. દીપેન્દ્ર ત્યારે ૨૮ રન પર હતો. બન્યું એવું કે ૧૮મી ઓવર આમિર ફારુકે શરૂ કરી હતી, પણ બે બૉલ બાદ તે ઈજા પામતાં એ ઓવર પૂરી કરવાની જવાબદારી કતારના કૅપ્ટન મુહમ્મદ તનવીરે કામરાનને આપી હતી. કામરાને બાકીના જે ચાર બૉલ ફેંક્યા એમાં ફક્ત પાંચ રન બન્યા હતા એટલે તનવીરે ૨૦મી ઓવરની સૌથી મહત્ત્વની જવાબદારી કામરાન પર વિશ્વાસ મૂકીને તેને આપી હતી. જોકે એ ૨૦મી ઓવરમાં તેની બોલિંગ પૂરેપૂરી ધોવાઈ ગઈ હતી. દીપેન્દ્રએ પ્રથમ બૉલમાં છગ્ગાથી શરૂઆત કરી અને દરેક બૉલ પર છગ્ગા ફટકારતો ગયો અને એ સિલસિલો છેલ્લા બૉલ સુધી ચાલ્યો હતો. ઓમાનના સ્ટેડિયમમાં પ્રેક્ષકોને જલસો પડી ગયો હતો, નેપાળની ટીમના ડગઆઉટમાં અભૂતપૂર્વ સેલિબ્રેશન હતું અને કતારના ડગઆઉટમાં સન્નાટો છવાઈ ગયો હતો. દીપેન્દ્રએ ૨૮મા રન પરથી સુપર સિક્સર્સનો સિલસિલો શરૂ કર્યો અને ૨૧ બૉલમાં બનાવેલા ૬૪ રને અણનમ રહ્યો હતો. તેના ૬૪ રનમાં કુલ સાત સિક્સર અને ત્રણ ફોર સામેલ

હતી. ૩૦૪.૭૬ તેનો સ્ટ્રાઇક રેટ હતો. નેપાળે ૨૦ ઓવરમાં સાત વિકેટે ૨૧૦ રન બનાવ્યા હતા. કતાર ૯ વિકેટે ૧૭૮ રન બનાવી શકતા નેપાળનો ૩૨ રનથી વિજય થયો હતો. દીપેન્દ્રએ અણનમ ૬૪ રન બનાવવા ઉપરાંત બે વિકેટ પણ લીધી હતી.

દીપેન્દ્ર ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં ઓવરના છ બૉલમાં છ સિક્સર ફટકારનારો યુવરાજ સિંહ અને કીરૉન પોલાર્ડ પછીનો ત્રીજો ખેલાડી છે. જોકે એક રીતે દીપેન્દ્રએ યુવી અને પોલાર્ડને પણ ઓળંગી લીધા છે અને અનોખો વર્લ્ડ રેકૉર્ડ નોંધાવ્યો છે. દીપેન્દ્ર ટી-૨૦ ઇન્ટરનૅશનલની ઇનિંગ્સની ૨૦મી (અંતિમ) ઓવરમાં છ છગ્ગા ફટકારનારો પ્રથમ બૅટર છે. યુવરાજે ડર્બનમાં ૨૦૦૭ની ૧૯મી સપ્ટેમ્બરે ઇંગ્લૅન્ડના પેસ બોલર સ્ટુઅર્ટ બ્રૉડના જે છ બૉલમાં છ સિક્સર ફટકારી હતી એ ભારતીય ઇનિંગ્સની ૧૯મી ઓવર હતી. ભારતે એ મૅચ ૧૮ રનથી જીતી લીધી હતી. ૨૦૨૧માં પોલાર્ડે ૨૦૨૧ની ત્રીજી માર્ચે ઍન્ટિગામાં શ્રીલંકાના સ્પિનર અકિલા ધનંજયાના જે છ બૉલમાં છ છગ્ગા ફટકાર્યા હતા એ વેસ્ટ ઇન્ડિઝની છઠ્ઠી ઓવર હતી. વેસ્ટ ઇન્ડિઝે એ મૅચ ચાર વિકેટે જીતી લીધી હતી. જોકે દીપેન્દ્રએ પોતાના દેશની ઇનિંગ્સ પૂરી થતાં પૂર્વેની અંતિમ (૨૦મી) ઓવરમાં છ છગ્ગા ફટકારીને નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે.

દીપેન્દ્ર ખરેખર તો ઓવરમાં છ સિક્સર ફટકારનારો ઇન્ટરનૅશનલ ક્રિકેટનો પાંચમા પ્લેયર છે. સાઉથ આફ્રિકાના હર્શેલ ગિબ્સે અને અમેરિકાના જસ્કરન મલ્હોત્રાએ વન-ડે મૅચમાં ઓવરમાં છ છગ્ગા ફટકાર્યા હતા.

દીપેન્દ્ર સિક્સર ફટકારવામાં માહિર છે અને નાના દેશોમાં તે બિગ-હિટર તરીકે જાણીતો છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ચીનની એશિયન ગેમ્સમાં નેપાળના દીપેન્દ્રએ મોંગોલિયા સામેની ટી-૨૦માં બે ઓવરમાં છ સિક્સર ફટકારી હતી. એ મૅચમાં જ નેપાળે ટી-૨૦નો ૩૧૪ રનનો વર્લ્ડ રેકૉર્ડ નોંધાવ્યો હતો. નેપાળે મોંગોલિયા સામે એ ૩૧૪ રન ત્રણ જ વિકેટના ભોગે બનાવ્યા હતા. દીપેન્દ્રએ એ મૅચમાં માત્ર ૧૦ બૉલમાં આઠ છગ્ગાની મદદથી બાવન રન બનાવ્યા હતા અને એક વિકેટ લીધી હતી. દીપેન્દ્રએ નવ બૉલમાં હાફ સેન્ચુરી ફટકારીને યુવરાજનો ૧૨ બૉલના ફિફ્ટીનો વિક્રમ તોડ્યો હતો. ■

પંજાબ કિંગ્સે છેલ્લી છ ઓવરમાં ફટકાર્યા ૭૨ રન

રાજસ્થાનને મળ્યો ૧૪૮નો સાધારણ લક્ષ્યાંક

મુલ્લાનપુરઃ પંજાબ કિંગ્સે મોહાલી નજીક મુલ્લાનપુરમાં રાજસ્થાન રૉયલ્સ સામે ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૪૭ રન બનાવ્યા હતા અને એને ૧૪૮ રનનો સાધારણ લક્ષ્યાંક આપ્યો હતો. પંજાબે છેલ્લી છ ઓવરમાં ૭૨ રન બનાવ્યા એટલે જ પંજાબનું ટોટલ સન્માનજનક સ્થિતિમાં આવ્યું હતું. મુખ્ય બૅટર શશાંક સિંહ ફક્ત નવ રન બનાવીને કુલદીપ સેનના બૉલમાં ધ્રુવ જુરેલને કૅચ આપી બેઠો હતો. જોકે તેનો સાથી હાર્ડ-હિટર આશુતોષ શર્મા (૩૧ રન, ૧૬ બૉલ, ત્રણ સિક્સર, એક ફોર) અસલ મિજાજમાં રમ્યો હતો અને છેક છેલ્લા બૉલે આઉટ થયો હતો.

વિકેટકીપર જિતેશ શર્માએ ૨૪ બૉલમાં ૨૯ રન, લિઆમ લિવિંગસ્ટને ૧૪ બૉલમાં ૨૧ રન બનાવ્યા હતા. રાજસ્થાનના કેશવ મહારાજે અને આવેશ ખાને બે-બે વિકેટ લીધી હતી. યુઝવેન્દ્ર ચહલે એક વિકેટ લીધી હતી અને એ સાથે આઇપીએલમાં તેના નામે હવે ૧૯૮ વિકેટ છે. આગામી મૅચમાં તે બે વિકેટ લેશે એટલે ૨૦૦ વિકેટ લેનારો આઇપીએલનો પહેલો બોલર બનશે. શિખર ધવન નજીવી ઈજાને કારણે નહોતો રમ્યો અને પંજાબની ટીમનું સુકાન સૅમ કરૅનને સોંપાયું હતું. શિખરના સ્થાને અથર્વ ટેઇડને ટીમમાં સમાવાયો હતો. રાજસ્થાનની ટીમમાં જૉસ બટલર અને આર. અશ્વિન નહોતા. બન્ને પ્લેયર ૧૦૦ ટકા ફિટ ન હોવાથી તેમના સ્થાને રૉવમૅન પોવેલ અને તનુષ કોટિયનને ટીમમાં સામેલ કરાયા હતા. ■

પહેલી વાર રોહિત-ધોનીની કૅપ્ટન્સી વિના મુંબઈ-ચેન્નઈની ટક્કર

આજે બૅટર્સ માટેના સ્વર્ગ વાનખેડેમાં સાંજે ૭.૩૦ વાગ્યાથી મુકાબલોઃ આજે પહેલી મૅચ કોલકાતા-લખનઊની

મુંબઈઃ વાનખેડે સ્ટેડિયમમાં આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) અને ડિફેન્ડિંગ ચૅમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) વચ્ચે જંગ જામશે. આઇપીએલની ૧૭મી સીઝનમાં એમઆઇ સાતમા નંબરે અને સીએસકે ત્રીજા સ્થાને છે. પૉઇન્ટ્સ-ટેબલમાં બન્ને વચ્ચે મોટું અંતર છે, પરંતુ બેઉ સૌથી સફળ ટીમ વચ્ચે સૌથી મોટી સામ્યતા એ છે કે તેઓ હાઇએસ્ટ પાંચ-પાંચ ટાઇટલ જીતી છે અને બન્ને ટીમમાં અનેક સ્ટાર ખેલાડીઓ ભરેલા છે.

જોકે ઊડીને આંખે વળગે એવી એક વાત એ છે કે એક દાયકાથી પણ વધુ સમય બાદ પહેલી વાર મુંબઈ-ચેન્નઈ વચ્ચે એવી મૅચ રમાશે જેમાં રોહિત શર્મા અને મહેન્દ્રસિંહ ધોની કૅપ્ટનપદે નહીં જોવા મળે. એમઆઇનું સુકાન હવે હાર્દિક પંડ્યાના હાથમાં છે, જ્યારે સીએસકેનું નેતૃત્વ ઋતુરાજ ગાયકવાડને સોંપાયું છે. એમ છતાં એમઆઇને રોહિત પર બહુ મોટો મદાર છે અને એ જ પ્રમાણે સીએસકે ધોનીની વિકેટકીપિંગ પર અને તેને તક મળશે તો તેની બૅટિંગ પર આધાર રાખશે.

૪૨ વર્ષનો ધોની પહેલી વાર વાનખેડેમાં કૅપ્ટન્સીની જવાબદારી વિના રમવા આવ્યો છે. નવેમ્બર ૨૦૦૫ પછી તે જ્યારે પણ મુંબઈમાં રમવા આવ્યો છે ત્યારે પોતાની ટીમના કૅપ્ટન તરીકે આવ્યો હતો, પણ હવે માત્ર પ્લેયર તરીકે આવ્યો છે. આ શક્યતઃ તેની છેલ્લી આઇપીએલ છે.

રોહિતે ૨૦૧૩માં એમઆઇનું સુકાન સંભાળ્યું ત્યાર પહેલાં હરભજન સિંહ, સચિન તેન્ડુલકર વગેરે ખેલાડીઓ કૅપ્ટન હતા.

એમઆઇ-સીએસકે વચ્ચેનો છેલ્લી પાંચ મૅચનો જે રેકૉર્ડ છે એ સીએસકેની તરફેણમાં છે. એમઆઇ સામે સીએસકે છેલ્લી પાંચ મૅચમાંથી ચારમાં જીત્યું છે.

જોકે એમઆઇના બૅટર્સે ગુરુવારે બેન્ગલૂરુના બોલર્સની જે રીતે ધુલાઈ કરી એનાથી સીએસકેની ટીમ સાવચેત

૨૦૨૩ની આઇપીએલની એક મૅચ પહેલાં એમઆઇનો એ સમયનો કૅપ્ટન રોહિત અને સીએસકેનો સુકાની ધોની. (iplt20.com)

થઈ જ જશે. ગુરુવારે વાનખેડેમાં ૧૯૭ રનનો લક્ષ્યાંક મળ્યા પછી માત્ર ૧૫.૩ ઓવરમાં ત્રણ જ વિકેટે ૧૯૯ રન બનાવીને વિજય મેળવ્યો હતો. એમઆઇના બૅટર્સે કુલ ૧૫ સિક્સર ફટકારી હતી. ઇશાન કિશને સૌથી વધુ ૬૯ રન બનાવ્યા હતા અને સૂર્યકુમારે અસલ મિજાજમાં રમીને બાવન રન બનાવ્યા હતા.

ટૂંકમાં, એમઆઇને હોમ ગ્રાઉન્ડ પર જીતવાનું શરૂ કર્યા પછી હવે એ સિલસિલો ચાલુ રાખવો છે અને હરીફના મેદાન પર હારવાની સીએસકેની જે પરંપરા ચાલુ રહી છે એ જાળવી રાખવી છે.

વાનખેડેના મેદાનને હાર્દિક પંડ્યાએ ચેઝિંગ ગ્રાઉન્ડ તરીકે ઓળખાવ્યું છે, કારણકે અહીં છેલ્લી ત્રણમાંથી બે મૅચમાં સેકન્ડ બૅટિંગ કરનારી ટીમ જીતી છે. મુંબઈની ગયા રવિવારની દિલ્હી સામેની અને ગુરુવારની બેન્ગલૂરુ સામેની મૅચના કુલ રન ગણીએ એ બે મૅચમાં કુલ મળીને ૮૩૪ રન બન્યા છે જેના પરથી સાબિત થાય છે કે વાનખેડે બૅટર્સ માટે સ્વર્ગ છે.

આજે પહેલી મૅચ (બપોરે ૩.૩૦ વાગ્યાથી) ઈડન ગાર્ડન્સમાં કોલકાતા નાઇટ રાઇડર્સ અને લખનઊ સુપર જાયન્ટ્સ વચ્ચે રમાશે. ■

વિરાટે ગિલ-કિશનની સરખામણી 'સીતા ઔર ગીતા' સાથે કેમ કરી?

બેન્ગલૂરુઃ ભારતીય ક્રિકેટનો કિંગ કોહલી હમણાં તો ટીમ ઇન્ડિયાના ટૉપ-ઑર્ડરના બે બૅટર્સ શુભમન ગિલ અને ઇશાન કિશનથી ભિન્ન ટીમમાં છે. એ તો ઠીક, પણ ગિલ અને કિશન પણ અલગ ટીમમાં છે, પરંતુ તાજેતરના એક જાહેર કાર્યક્રમમાં રૉયલ ચૅલેન્જર્સના વિરાટે ગુજરાત ટાઇટન્સના કૅપ્ટન ગિલ અને મુંબઈ ઇન્ડિયન્સના ઓપનર કિશનના ભેગા નામ લઈને ઑડિયન્સમાં રમૂજ ફેલાવી હતી.

ટીમ ઇન્ડિયાના ટોચના બે સ્ટાર ખેલાડી ગિલ અને કિશન વચ્ચેની ભાઇબંધીથી સૌ કોઈ વાકેફ છે. ડ્રેસિંગ-રૂમમાં તેઓ સાથીઓને વારંવાર ભેગા થઈને હસી-મજાક કરતા જોવા મળતા હોય છે.

તેઓ ભેગા થઈને સોશિયલ મીડિયાના વીડિયો પણ બનાવે અને ઇન્સ્ટાગ્રામ પર એકમેક સામે જોક્સ પણ પોસ્ટ કરી લેતા હોય છે.

આઇપીએલમાં તેઓ મેદાન પર હરીફ ટીમના ખેલાડી હોવા છતાં તાજેતરની એક મૅચ બાદ તેમણે ઘણી વાર સુધી ગપ્પા માર્યા હતા.

વિરાટે પબ્લિક ઇવેન્ટમાં ગિલ-કિશનની દોસ્તીનો ખાસ ઉલ્લેખ કર્યો હતો અને તેમને આઇડેન્ટિકલ ટ્વિન્સ તરીકે ઓળખાવ્યા હતા.

વિરાટે તેમની ફ્રેન્ડશિપની વાત કરતા કહ્યું, 'બહુત ફની હૈ, સીતા ઔર ગીતા (કિશન ઔર શુભમન). આ બન્ને ખેલાડીઓ વચ્ચેની મૈત્રી એટલી બધી ગાઢ છે કે કોઈ પણ ટૂર પર તેઓ એકબીજા વગર રહી જ નથી શકતા. અમે જમવા કે નાસ્તો કરવા ક્યાંક બહાર જઈએ તો તેઓ સાથે જ આવે છે. કોઈ પણ ચર્ચા દરમ્યાન પણ તેઓ સાથે ભાગ લે છે. મેં તેમને ક્યારેય અલગ જોયા જ નથી. તેમના વચ્ચે ગજબની મિત્રતા છે. ધે આર ગ્રેટ ફ્રેન્ડ્સ.'

'સીતા ઔર ગીતા' બૉલીવૂડની સુપરહિટ ફિલ્મ છે. આ ફિલ્મ ૧૯૭૨માં રિલીઝ થઈ હતી અને એમાં હેમા માલિનીએ આઇડેન્ટિકલ ટ્વિન્સની ભૂમિકા ભજવી હતી. ■

ધોનીના ચાહકે હદ કરી નાખી!: ત્રણ દીકરીઓની સ્કૂલ-ફી ભરવાનું ટાળીને ૬૪,૦૦૦ રૂપિયાની ટિકિટ ખરીદી

ચેન્નઈઃ ભારતીય ક્રિકેટનો લેજન્ડ મહેન્દ્રસિંહ ધોની શક્યતઃ છેલ્લી આઇપીએલ રમી રહ્યો હોય એટલે તેને પ્રત્યક્ષ રમતો જોવાનો મોકો કોણ છોડે. જોકે તેની મૅચ જોવા માટે કંઈ પણ હદ તો પાર ન જ કરાયને? જે કંઈ હોય, પણ હદ વટાવી જાય તેને જ ડાય-હાર્ડ ફૅન કહેવાય.

આઠમી એપ્રિલે ચેન્નઈના ચેપૉકમાં સીએસકેની કેકેઆર સામે મૅચ હતી. આ મુકાબલો રસાકસીભર્યો થશે એમાં કોઈને શંકા નહોતી અને થયું પણ એવું જ. કેકેઆરની ટીમ નવ વિકેટે માત્ર ૧૩૭ રન બનાવી શકી અને પછી સીએસકેએ ૧૮મી ઓવરમાં ત્રણ વિકેટના ભોગે ૧૪૧/૩ના સ્કોર સાથે લક્ષ્યાંક મેળવી લીધો હતો.

ચેપૉકના સ્ટેડિયમમાં લેવામાં આવેલો એક વીડિયો વાઇરલ થયો છે જેમાં એક યુવાન 'થાલા' એટલે કે એમએસ ધોની પર એટલો બધો આફરીન છે કે તેણે કોઈ પણ હદ વટાવીને આ મૅચની ટિકિટો લેવાનું પસંદ કર્યું હતું. આ યુવાને એવો દાવો કર્યો હતો કે તેણે ધોનીની મૅચ જોવા કુલ ૬૪,૦૦૦ રૂપિયામાં ટિકિટો ખરીદી હતી. આ શખસે કહ્યું, 'મારી પાસે જે પૈસા હતા એમાંથી પહેલાં હું આ મૅચની ટિકિટો ખરીદવા માગતો હતો એટલે મેં મારી ત્રણેય દીકરીઓની સ્કૂલની ફી ભરવાનું મુલતવી રાખ્યું અને ટિકિટો મેળવી લીધી. જુઓ, મારી સાથે મારી ત્રણ દીકરીઓ પણ મૅચ જોવા આવી છે.'

આ યુવાને જે દાવો કર્યો એને ક્યાંય પુષ્ટિ તો નહોતી આપવામાં આવી, પણ તેણે એટલું જરૂર કહ્યું હતું કે 'મને ટિકિટો ન મળી એટલે મેં બ્લૅકમાં ખરીદી. મારે હજી પણ સ્કૂલની ફી ભરવાની બાકી છે. અમે એમએસ ધોનીને એક વાર રમતો જોવા માગતા હતા એટલે આ મોકો ગુમાવવો જ નહીં એવું અમે નક્કી કર્યું હતું.'

વીડિયોમાં તેની એક દીકરીએ કહ્યું, 'મારા પપ્પાએ આ ટિકિટો મેળવવા ખૂબ મહેનત કરી હતી.'

જોકે સોશિયલ મીડિયા પર ત્રણ દીકરીઓના પિતાની ટીકા થઈ હતી. કેટલાકે નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું, 'આ શખસની પ્રાથમિકતાઓ શું હશે એના પર સવાલ થઈ રહ્યો છે.' ■

નબળા દિલ્હીની લખનઊને એના જ હોમ ગ્રાઉન્ડ પર લપડાક

કુલદીપનો ત્રણ વિકેટનો તરખાટઃ દિલ્હીના નવા બેટર મેકગર્કના પંચાવન રને બદોનીના પંચાવન રનને ઝાંખા પાડ્યા

લખનઊઃ દિલ્હી કૅપિટલ્સ આ સીઝનની છ મૅચમાં માત્ર બીજો વિજય મેળવવામાં સફળ થયું. રિષભ પંતના સુકાનમાં તળિયાની આ ટીમ લખનઊ સુપર જાયન્ટ્સને છ વિકેટે હરાવીને સાવ તળિયાના સ્થાનેથી ઉપર (નવમા નંબરે) આવી ગઈ હતી અને રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુની ટીમ ૧૦મા નંબરે ધકેલાઈ હતી. લખનઊની ટીમ ત્રીજેથી ચોથા નંબરે આવી હતી. રાજસ્થાન હજીયે મોખરે છે. કોલકાતા બીજા ક્રમે અને ચેન્નઈ ત્રીજે છે.

શુક્રવારે દિલ્હીએ ૧૬૮ રનનો સાધારણ લક્ષ્યાંક ૧૮.૧ ઓવરમાં ચાર વિકેટના ભોગે મેળવી લીધો હતો. ૧૯મી ઓવરમાં દિલ્હીએ માત્ર ચાર રન બનાવવાના બાકી હતા ત્યારે લખનઊના અર્શદ ખાનના બોલમાં ટ્રિસ્ટેન સ્ટબ્સે (૧૫ અણનમ, નવ બૉલ, એક સિક્સર) છગ્ગો ફટકાર્યો હતો અને દિલ્હીએ ૧૭૦/૪ના સ્કોર સાથે વિજય મેળવ્યો હતો. સ્ટબ્સ સાથે શાઇ હોપ (૧૦ બોલમાં ૧૧ રન) અણનમ રહીને પાછો આવ્યો હતો.

સાઉથ આફ્રિકાથી આવેલો બાવીસ વર્ષનો દિલ્હીનો રાઇટ-હૅન્ડ બેટર જેક ફ્રેઝર-મેકગર્ક (પંચાવન રન, ૩૫ બોલ, પાંચ સિક્સર, બે ફોર) ધમાકેદાર ઇનિંગ્સ રમ્યો હતો. તેણે લખનઊના આયુષ બદોની (પંચાવન અણનમ, ૩૫ બોલ, એક સિક્સર, પાંચ ફોર)ની ઇનિંગ્સને ઝાંખી પાડી દીધી હતી.

સ્પિનર કૃણાલ પંડ્યાની એક ઓવરમાં તેણે હૅટ-ટ્રિક સિક્સર ફટકારી હતી. મેકગર્કની આઇપીએલમાં આ પહેલી જ મૅચ હતી. તેની અને રિષભ પંત (૪૧ રન, ૨૪ બોલ, બે

સિક્સર, ચાર ફોર) વચ્ચે ત્રીજી વિકેટ માટે ૪૬ બોલમાં ૭૭ રનની ભાગીદારી થઈ હતી.

દિલ્હીના બેટર્સે સાધારણ લક્ષ્યાંકને મુશ્કેલ બનાવી દીધો હતો. ઓપનર પૃથ્વી શો બાવીસ બોલમાં છ ફોરની મદદથી ૩૨ રન બનાવીને રવિ બિશ્નોઈના બોલમાં મિડ-વિકેટ પર નિકોલસ પૂરનને કૅચ આપી બેઠો હતો. પૂરને આગળની તરફ ડાઇવ મારીને નીચો કૅચ પકડી લીધો હતો. બિશ્નોઈએ બે તેમ જ નવીન-ઉલ-હક અને યશ ઠાકુરે એક-એક વિકેટ લીધી હતી.

લખનઊએ ફાસ્ટેસ્ટ બોલર મયંક યાદવને નજીવી ઈજાને કારણે ટીમમાં નહોતો સમાવ્યો. એ પહેલાં, ત્રીજા નંબરની ટીમ લખનઊ સુપર જાયન્ટ્સે હોમ ગ્રાઉન્ડ પર તળિયાની દિલ્હી કૅપિટલ્સ સામે બૅટિંગ લીધા બાદ શરૂઆતના અને મિડલ-ઑર્ડરના ધબડકા બાદ છેલ્લી સાત ઓવરમાં થોડીઘણી ફટકાબાજીથી ૧૬૭/૭નો સન્માનજનક સ્કોર મેળવ્યો હતો.

એક સમયે લખનઊએ ૯૪ રનમાં સાત વિકેટ ગુમાવી દીધી હતી. અણનમ પંચાવન રન બનાવનાર આયુષ બદોની આ સીઝનમાં પહેલી વાર સારું પર્ફોર્મ કરી શક્યો હતો. તેની અને અર્શદ ખાન (૧૬ બોલમાં બે ફોર સાથે અણનમ ૨૦) વચ્ચે આઠમી વિકેટ માટે ૭૩ રનની બહુમૂલ્ય ભાગીદારી થઈ હતી. આઇપીએલના ઇતિહાસમાં આઠમી વિકેટ માટેની આ સૌથી મોટી ભાગીદારી હતી. ૯૪મા રને કૃણાલ પંડ્યાની સાતમી વિકેટ પડી ત્યાર પછી બન્ને બેટર ટીમના સ્કોરને ૧૬૭/૭ સુધી લઈ ગયા હતા.

દિલ્હીનો સ્પિનર કુલદીપ યાદવ ઈજા પામ્યા બાદ ૧૫ દિવસે પાછો રમવા આવ્યો હતો અને છવાઈ ગયો હતો. તેણે ૨૦ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. તેની ત્રણેય વિકેટમાં રાહુલ (બાવીસ બોલમાં ૩૯ રન), માર્કસ સ્ટોઇનિસ (૧૦ બોલમાં આઠ રન) અને નિકોલસ પૂરન (પહેલા બોલે આઉટ)નો સમાવેશ હતો. બે વિકેટ ખલીલ અહમદે તેમ જ એક-એક વિકેટ ઇશાંત અને મુકેશ કુમારે લીધી હતી. ■

વિરાટનો પેટ છે કે પટારો? સૅન્ડવિચ, પિત્ઝા, આલૂ-ચાટ, બરફી ઑર્ડર કરી દીધા!

બેન્ગલૂરુઃ ૧૬ વર્ષમાં એક પણ વખત ટ્રૉફી ન જીતી શકનાર રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ (આરસીબી) આ વખતે છમાંથી પાંચ મૅચ હારી જતાં ૧૦ ટીમના પૉઇન્ટ્સ-ટેબલમાં છેક તળિયે છે, પણ એના ટોચના ખેલાડીઓ હસતા અને મસ્તી-મજાક કરતા જોવા મળ્યા છે. જોકે ટૉપ-સ્કોરર વિરાટ કોહલી, કૅપ્ટન ફાફ ડુ પ્લેસી અને પેસ બોલર મોહમ્મદ સિરાજે થોડી મસ્તી-મજાક કરી લીધી. વિરાટ કોહલીને માત્ર ભારતનો જ નહીં, હાલની સમગ્ર ક્રિકેટવિશ્વનો સૌથી ફિટ ખેલાડી માનવામાં આવે છે. સ્વાભાવિક રીતે તે ડાયટ પર પૂરું ધ્યાન આપતો હશે જ. જોકે જાહેરખબરનું શૂટિંગ હતું એટલે તેણે ઑનલાઇન ફૂડ ઑર્ડરમાં રેસ્ટોરાંના મૅનેજરને લાંબીલચક યાદી આપી દીધી.

શું વિરાટ એક જ લંચ કે ડિનરમાં સૅન્ડવિચ, પિત્ઝા, વિવિધ પ્રકારના આલૂ-ચાટ અને બરફી ખાઈ શકે ખરો? જોકે તેણે એનો ફોન પર ઑર્ડર આપ્યો એટલે બાજુમાં તેના ખભા પર આરામ ફરમાવી રહેલો તેનો કૅપ્ટન ફાફ ડુ પ્લેસી સફાળો જાગી ગયો હતો વિરાટને એકસાથે આટલા બધા જન્ક ફૂડ આપતો સાંભળીને ચોંકી ગયો. તેણે વિરાટનો પૂછી લીધું, 'સિરિયસલી?' સિરાજે પણ વિરાટને પૂછ્યું, 'આ શું! આ તારું ડાયટ છે?' વિરાટે મોટેથી હસતા તેને હસતાં કહ્યું, 'અબે...કાહે કી ડાયટ, ખાને દે!' ■

મુંબઈ સમાચાર ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧ મી ડિસેમ્બર ૨૦૨૩ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

વધારાની એક જાહેરાત મફત મેળવો

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી. માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

ખાસ નોંધ:	તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે	
ગુજરાતી અને અંગ્રેજીમાં	રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ)	રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ
સંપૂર્ણ બોલ્ડ	રૂા. ૨૦૦ મિનિમમ	રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ
સબ હેડિંગ (બોલ્ડ)	(મેકસીમમ ૪ શબ્દ)	રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ
ક્લાસિફાઇડ ડિસ્પ્લે B/W	(મિનિમમ ૨૧ સ્કે. સે.મી.)	રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી.
ક્લાસિફાઇડ ડિસ્પ્લે Colour	(મિનિમમ ૨૧ સ્કે. સે.મી.)	રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી.

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૩ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૪ સુધી

સ્કીમ*

ચુકવણી થયેલ જા.ખ.	સમય મર્યાદા
૪	૩૦ દિવસ
૭	૪૫ દિવસ
૧૫	૭૫ દિવસ
૨૩	૯૦ દિવસ
૩૯	૧૬૫ દિવસ
૫૭	૨૦૦ દિવસ
૮૩	૨૩૦ દિવસ
૧૨૨	૨૮૦ દિવસ
૧૮૦	૩૮૫ દિવસ
૩૭૦	૪૭૫ દિવસ

* શરતો લાગુ

શૅરબજારમાં ડેડકેટ બાઉન્સ

ઓપિનિયન

સી. એ. પ્રકાશ દેસાઈ

હાલના દિવસોમાં જ ભારતીય અને અમેરિકન શૅરબજાર ઐતિહાસિક સ્તરે પહોંચી ગયેલ છે પણ તેમાં કરેકશન આવ્યા કરે છે. વૈશ્વિક રાજકારણમાં ઇરાનની ધમકી કે તે ઇઝરાયલ ઉપર આક્રમણ નજીકના દિવસોમાં જ કરશે તેનાથી વર્લ્ડવાઇડ શૅર માર્કેટમાં સાવચેતીનો અણસાર આવી રહ્યો છે અને તેથી જ સ્ટોક માર્કેટમાં પ્રોફિટ બુકિંગ થઇ રહ્યાના ચિહ્નો દેખાઇ રહ્યા છે અને રોકાણકારોનો ઝુકાવ પણ સ્ટેટસ્કોનો દેખાય રહ્યો છે. નવી બાઇંગની પોઝિશન ઊભી કરવામાં ઉદાસીનતા વર્તાય રહી છે તો શોર્ટ કરવાનું જોખમ પણ લેવાનું રોકાણકારો ટાળી રહ્યા છે.

એક વખત કોઇ સ્કીપ કે માર્કેટ એઝ અ હોલમાં જયારે કરેકશન ચાલી રહ્યું હોય અને મોટા વોલ્યુમ સાથે રોજેરોજ કોઇ સ્કીપ કે માર્કેટ નીચે જઇ રહી હોય જેને માર્કેટની ભાષામાં મંદી થઇ રહી છે તેમ કહેવાય છે અને ત્યારબાદ તેમાં જયારે ફરી એકવાર સ્કીપ કે માર્કેટમાં સુધારો દેખાય અને ભાવ કે ઇન્ડેક્સ ઉપરની તરફ જઇ રહ્યો હોય ત્યારે રોકાણકારોને તેમ લાગે કે હવે માર્કેટે દિશા બદલી છે અને ઉપર તરફ જઇ રહ્યું છે, ત્યારે યાદ આવે છે ડેડકેટ બાઉન્સ!

કેટ મતલબ બિલાડી જયારે કોઇ ઊંચી દીવાલથી કે હાઇટ ઉપરથી નીચે પડે છે ત્યારે એકવાર બાઉન્સ થઇને ઉછળે તે જીવતી હોવાનો ખોટો આભાસ છે. એમ નથી કે ડેડકેટ બાઉન્સ થઇ છે તેથી તેમાં જીવ છે પણ આ કુદરતી ઘટના છે. જેથી કેટ બાઉન્સ થઇ છે માટે જીવે છે તેમ સમજવાની ભૂલ નહીં કરવી જોઇએ. અને તેથી મંદીમાંથી કોઇ સ્કીપ કે સ્ટોક માર્કેટ જયારે ઉપર આવે છે ત્યારે તે ડેડ કેટ બાઉન્સ તો નથી ને તેવી શંકા વ્યક્ત કરવામાં આવે છે.

સ્કીપ કે માર્કેટમાં આવતો સુધારો ડેડકેટ બાઉન્સ નહીં પણ ખરેખર સુધારા છે તેમ સમજીને પોઝિશન ઊભી કરીને લોસ કરવો કે પછી ખરેખર સુધારાને ડેડકેટ બાઉન્સ સમજીને ખોટું સોર્ટસેલ કરવાની ભૂલ કરવી કે પોઝિશન ઊભી કરવાની તક ગુમાવી દેવી આમ એક વિચિત્ર પરિસ્થિતિ સર્જાય છે. ડેડકેટ બાઉન્સમાં સખત મંદીમાંથી તેજીનો ઉછાળ આવે છે પણ તે શોર્ટલીવ હોય છે અને ફરી તે મંદી તરફ જ જાય છે.

ડેડકેટ બાઉન્સ છે તે જાણવું જરૂરી છે અને તેના સિગ્નલો નીચે જણાવાયા પ્રમાણે માર્કેટમાં મળે છે.

૧. ડેડકેટ બાઉન્સ પહેલા માર્કેટમાં કે તે સ્કીપમાં બહુ શાર્પ મંદી આવે છે અને ભાવો બહુ જલદી તૂટતા હોય છે.

૨. ડેટકેટ બાઉન્સમાં જયારે મંદી પછી સ્કીપનો ભાવ કે ઇન્ડેક્સ તેજી તરફ જઇ રહ્યો હોય ત્યારે સામાન્ય રીતે વોલ્યુમ પાંખું હોય છે, મતલબ વધતા ભાવ ઓછા વોલ્યુમે હોય છે.

૩. ફંડામેન્ટલ્સનો અભાવ હોય છે કારણકે સ્કીપ કે ઇન્ડેકસમાં સુધારો થવા માટે કોઇ ઠોસ કારણો નથી હોતા કે તેથી ભાવ ઊંચા જાય.

૪. કોઇ સ્કીપના ભાવમાં કે ઇન્ડેક્સમાં થતો સુધારો બહુ સૂક્ષ્મ સમય માટે હોય છે.

૫. બજારનું સેન્ટિમેન્ટ નેગેટિવ હોય ચારે તરફ ફિઅરનો માહોલ હોય અનિશ્ચિતતા પ્રવર્તી રહી હોય અને નજીકના ભવિષ્યમાં થનારા બનાવો જેવા કે ચૂંટણી કે વોરની સિચ્યુએશન અનપ્રેડિક્ટેબલ હોય ત્યારે ટાઇમબીંગ થતો સુધારો ડેડકેટ બાઉન્સ હોય શકે છે.

૬. સતત નીચે તરફ જઇ રહેલી બજાર કે જે તીવ્ર મંદીની દિશામાં જઇ રહી છે. તેવા માહોલમાં જયારે અચાનક બે અથવા વધારે સત્રમાં તેજીનો ચમકારો આવે તો તે કદાચ ડેડકેટ બાઉન્સ હોય શકે છે. ૨૦૦૮ની મંદી પછી અમેરિકન માર્કેટમાં આ બૅન્કોના શેર્સમાં જોવા મળેલ હતું.

૭. સ્કીપ કે ઇન્ડેકસના સપોર્ટ અને રેસિસ્ટન્સ લેવલમાં જયારે ભાવમાં બાઉન્સ સિગ્નિફિકન્ટ રેસિસ્ટન્સ લેવલ ઉપર આવે ત્યારે આ તેજી ડેડકેટ બાઉન્સ હોય શકે છે.

આમ મંદીના માહોલમાંથી તેજી તરફનો સુધારો ડેડકેટ બાઉન્સ છે કે ખરેખર માર્કેટે દિશા બદલી છે તે જાણવું બહુ મુશ્કેલ તો છે પણ કોમનસેન્સ અને થોડી ચતુરાઇથી તે જાણી પણ શકાય છે કે જયારે ચારે તરફ માહોલમાં ગંભીરતા હોય પણ કોમનસેન્સ કહેતી હોય કે અમુક બનાવો ચોકકસ બનવાના જ છે. જેમ કે ઇરાનની ઇઝરાયલ સાથે યુદ્ધ કરવાની ધમકી કે તે યુદ્ધ બહુ લાંબું ચાલે નહીં અને વર્લ્ડવાઇડ તેના રિપેકશન બહુ ના હોય શકે. ડેડકેટ બાઉન્સના સમયમાં બહુ જોખમ લીધા વગર સ્મોલ પોઝિશન ક્રિએટ કરીને લોસ કંટ્રોલ કરી શકાય છે, સ્ટોપલોસ વગર ડેડકેટ બાઉન્સના સમયમાં કામ ના કરાય, અને હા સબસ્ટેન્શિયલ પ્રોફિટ બુકિંગ આ સમય દરમિયાન એડવાઇઝેબલ છે અને જેની રિસ્ક લેવાની માન્યતા ના હોય તેણે આ સમય દરમિયાન માર્કેટથી દૂર રહેવું જોઇએ. ''ટુ ગેટ રીચ યુ હેવ ટુ બી મેકિંગ મની વ્હાઇલ યુ આર અસ્લીપ.'' ■

વિદેશી હૂંડિયામણની અનામત વધુ ૨.૯૮ અબજ ડૉલર વધીને નવી ટોચે

મુંબઈઃ ગત પાંચમી એપ્રિલના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૨.૯૮ અબજ ડૉલર વધીને ૬૪૮.૫૬૨ અબજ ડૉલરની નવી ઊંચી સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. આ પૂર્વેના સપ્તાહે અનામત ૨.૯૫૧ અબજ ડૉલર વધીને ૬૪૫.૫૮૩ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

નોંધનીય બાબત એ છે કે આ પૂર્વે સપ્ટેમ્બર, ૨૦૨૧માં દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૬૪૨.૪૫૩ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ રહી હતી. જોકે, ત્યાર બાદ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં વૈશ્વિક પરિબળોને કારણે ગબડતા રૂપિયાને નિયંત્રણમાં રાખવા માટે રિઝર્વ બૅન્ક દ્વારા હાજર બજારમાં હસ્તક્ષેપ કરીને ડૉલરની વેચવાલી કરતાં અનામતમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું, પરંતુ ગત માર્ચ મહિનામાં અનામતે આ વિક્રમ સપાટી તોડી હતી.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં કુલ અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૫૪.૯ કરોડ ડૉલર વધીને ૫૭૧.૧૬૬ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય ચલણો સામે રૂપિયામાં સપ્તાહ દરમિયાન થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૨.૩૯૮ અબજ ડૉલર વધીને ૫૪.૫૫૮ અબજ ડૉલર, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૨.૪ કરોડ ડૉલર વધીને ૧૮.૧૭ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૯૦ લાખ ડૉલર વધીને ૪.૬૬૯ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. ■

ઈક્વિટી મ્યુ. ફંડોમાં ₹ ૨૨,૬૩૩ કરોડનો આંતરપ્રવાહ

નવી દિલ્હીઃ ગત માર્ચ મહિનામાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડોમાં આંતરપ્રવાહ આગલા ફેબ્રુઆરી મહિનાની સરખામણીમાં ૧૬ ટકા ઘટીને રૂ. ૨૨,૬૩૩ કરોડની સપાટીએ રહ્યો હતો. જોકે, સતત ૩૭માં મહિનામાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડોમાં ચોખ્ખો આંતરપ્રવાહ જોવા મળ્યો હોવાનું એસોસિયેશન ઑફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી)એ જણાવ્યું છે.

ગત માર્ચ મહિનામાં મ્યુચ્યુઅલ ફંડોમાં કુલ રૂ. ૧.૬ લાખ કરોડનો ચોખ્ખો બાહ્યપ્રવાહ જોવા મળ્યો હતો, જેમાં સૌથી વધુ ડેબ્ટ સ્કીમોમાં રૂ. ૧.૯૮ લાખ કરોડનો બાહ્યપ્રવાહ રહ્યો હતો. જોકે તે પૂર્વેના ફેબ્રુઆરી મહિનામાં રૂ. ૧.૨ લાખ કરોડનો આંતરપ્રવાહ રહ્યો હતો.એમ્ફીની આંકડાકીય માહિતી અનુસાર ઈક્વિટી સંલગ્નિત સ્કીમોમાં આંતરપ્રવાહ આગલા ફેબ્રુઆરી મહિનાના રૂ. ૨૬,૮૬૬ કરોડના બાહ્ય પ્રવાહ સામે ઘટીને રૂ. ૨૨,૬૩૩ કરોડની સપાટીએ રહ્યો હતો. જેમાં માત્ર સ્મોલકેપ ફંડમાં જોવા મળેલા રૂ. ૯૪ કરોડના બાહ્યપ્રવાહને બાદ કરતાં તમામ ઈક્વિટી સેગ્મેન્ટમાં આંતરપ્રવાહ જોવા મળ્યો હતો.■

ખાંડમાં ₹ ૧૨થી ૨૨ની આગેકૂચ, નાકા ડિલિવરી ધોરણે સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તથા દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૯૦થી ૩૫૩૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે હાજરમાં સ્ટોકિસ્ટો ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેવાની સાથે અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૧૨ અને રૂ. ૨૨નો સુધારો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. આમ એકંદરે માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૨ વધીને રૂ. ૩૬૩૨થી ૩૬૮૬માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૨ વધીને રૂ. ૩૭૪૨થી ૩૭૯૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ વધીને રૂ. ૩૫૬૦થી ૩૬૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ વધીને રૂ. ૩૬૬૦થી ૩૭૧૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. ■

યુદ્ધના ભણકારા વાગતા વિશ્વ બજાર પાછળ સોનામાં આગઝરતી તેજી

સાપ્તાહિક ધોરણે ભાવમાં ₹ ૩૨૯૨નો તોતિંગ ઉછાળો

કોમોડિટી

રમેશ ગોહિલ

વિતેલા સપ્તાહ દરમિયાન અમેરિકા ખાતે ગત માર્ચ મહિનાનો ફુગાવો ૩.૫૦ ટકાની ઊંચી સપાટીએ રહ્યો હતો. આમ ફુગાવામાં બજારની અપેક્ષા કરતાં વધુ વૃદ્ધિ જોવા મળતાં ફેડરલ રિઝર્વ આગામી જૂન મહિનાથી વ્યાજદરમાં કાપ મૂકવાની શરૂઆત કરે તેવી શક્યતા ધૂંધળી બની જતાં સોનાના ભાવમાં પીછેહઠ જોવા મળી હતી. જોકે, આ ઘટાડા પશ્ચાત્ મધ્યપૂર્વના દેશોમાં તણાવ વધવાની સાથે ઈરાને ઈઝરાયલ પર નજીકના ભવિષ્યમાં હુમલો કરવામાં આવશે એવી ચેતવણી ઉચ્ચારતા સોનામાં રોકાણકારોની સલામતી માટેની પ્રબળ માગ નીકળી હતી અને વિશ્વ બજારમાં સોનાના ભાવમાં એક ટકા જેટલો ઝડપી ઉછાળો આવ્યો હતો અને એક તબક્કે ભાવ ઔંસદીઠ ૨૪૦૦ ડૉલરની સપાટી કુદાવીને પાછા ફર્યા હતા. આમ ફુગાવાની જાહેરાત પછીથી સોનાના ભાવમાં જોવા મળેલો ઘટાડો ક્ષણભંગુર નિવડ્યો હતો. એકંદરે ગત સપ્તાહે સોનાના ભાવમાં ઝડપી તેજીનો પવન ફુંકાઈ જતાં સ્થાનિક ઝવેરી બજારમાં પણ તેજીનો અન્ડરટોન જોવા મળ્યો હતો. જોકે, તેજીના આ માહોલમાં રોકાણકારો, સ્ટોકિસ્ટો, જ્વેલરી ઉત્પાદકો સહિત રિટેલ સ્તરની લેવાલી પણ તળિયે બેસી ગઈ હતી, પરંતુ ઊંચા મથાળેથી જૂના સોનામાં વેચવાલીનું દબાણ અને રિટેલ સ્તરેથી રિસાઈકલિંગના પ્રમાણમાં વધારો થયો હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

ઈન્ડિયા બુલિયન જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહ દરમિયાન ૧૧મી એપ્રિલનાં રોજ રમઝાન ઈદ નિમિત્તે એસોસિયેશન સત્તાવાર ધોરણે બંધ હોવાથી ભાવની જાહેરાત નહોતી કરવામાં આવી. ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત પાંચમી એપ્રિલના રૂ. ૬૯,૮૮૨ના બંધ ભાવ સામે સપ્તાહની નીચી રૂ. ૭૧,૦૬૪ની સપાટીએ ખૂલ્યા બાદ સપ્તાહના અંતે ઊંચી રૂ. ૭૩,૧૭૪ની સપાટીએ બંધ રહ્યા હતા. આમ ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૨૯૨ અથવા તો ૪.૭૧ ટકાનો ઉછાળો આવ્યો હતો. અત્રે ઉલ્લેનીય બાબત એ છે કે ગત સપ્તાહ દરમિયાન ડૉલર સામે રૂપિયો સાત પૈસા ગબડ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરમાં વધારો થવાથી સોનાની તેજીને ટેકો મળ્યો હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

એકંદરે અમેરિકા ખાતે ફુગાવામાં વધારો થવાની સાથે આર્થિક ડેટાઓ પણ મજબૂત આવી રહ્યા હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકવામાં ઉતાવળ ન કરે તેવી શક્યતા વધુ પ્રબળ બની હતી. વધુમાં ગત સપ્તાહે યુરોપિયન સેન્ટ્રલ બૅન્કે આગામી જૂન મહિનાથી વ્યાજદરમાં કાપ મૂકવાની શરૂઆત કરવામાં આવે તેવો અણસાર આપ્યો હતો. તેમ છતાં મધ્ય પૂર્વના દેશોમાં રાજકીય-ભૌગોલિક તણાવ વધવાને કારણે સોનામાં સલામતી માટેની પ્રબળ માગ ખૂલતાં સોનામાં એકતરફી તેજીનો માહોલ જોવા મળ્યો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ એડ્વાઈઝર્સનાં વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે અમેરિકામાં ફુગાવામાં વધારો અને રોજગારીના ડેટા મજબૂત આવ્યા હોવા છતાં ઈરાને ઈઝરાયલ પર નજીકના ભવિષ્યમાં હુમલો કરવાની ચેતવણી ઉચ્ચારતા સોનામાં એકતરફી તેજી આગળ ધપી હતી અને સતત ચોથા સપ્તાહમાં ભાવમાં સાપ્તાહિક ધોરણે ભાવ વધારો આગળ ધપ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વર્તમાન વર્ષ ૨૦૨૪માં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૧૫ ટકા જેટલો ઉછાળો આવી ગયો છે. તેમ જ રાજકીય ભૌગોલિક ચિંતા વચ્ચે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સાપ્તાહિક ધોરણે એક ટકા જેટલો ઉછાળો આવ્યો હતો અને ગત સપ્તાહે ડૉલર ઈન્ડેક્સ પાંચ મહિનાની ટોચ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો.

સામાન્યપણે ઊંચા વ્યાજદરના સંજોગોમાં વ્યાજની ઊપજ ન આપતી સોના જેવી અસ્ક્યામતોમાં રોકાણકારોની લેવાલી નિરસ રહેતી હોય છે. અમારા મતાનુસાર આગામી સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોના માટે ઔંસદીઠ ૨૨૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને ઔંસદીઠ ૨૫૦૦ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થાય તેવી શક્યતા છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૧,૫૦૦ની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને રૂ. ૭૪,૦૦૦ની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થાય તેવી શક્યતા છે.

ગત સપ્તાહના અંતે મધ્ય પૂર્વના દેશોમાં તણાવ વધવાની સાથે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૨૪૦૦ ડૉલરની સપાટી કુદાવીને ૨૪૧૯.૭૯ ડૉલર સુધી ક્વૉટ થયા બાદ સત્રના અંત આસપાસ આગલા બંધથી ૦.૮ ટકા વધીને ૨૩૫૩.૩૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૧ ટકા વધીને ૨૩૭૪.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તાજેતરની સોનાની એકતરફી તેજીને કારણે બજાર વર્તુળો કરેક્શનની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, ઈઝરાયલ પર હુમલા અંગેની ઈરાનની ચેતવણીને કારણે વિશ્વ બજારમાં સોનું વધુ ને વધુ મજબૂત થઈ રહ્યું હોવાનું સાક્સો બૅન્કના કૉમૉડિટી સ્ટ્રેટેજી વિભાગના હેડ ઓલે હાસને જણાવ્યું હતું. હાલની સોનાની એકતરફી તેજીને ધ્યાનમાં લેતાં ગોલ્ડમેન સાશે આ વર્ષના અંતે વૈશ્વિક સોનાના ભાવનો અંદાજ જે ઔંસદીઠ ૨૩૦૦ ડૉલર આસપાસ રહેવાનો મૂક્યો હતો તે વધારીને ૨૭૦૦ ડૉલરનો કર્યો હતો. ■

મ્યાનમારથી કઠોળની આયાત કરતા ટ્રેડરો માટે સરકારે ચુકવણીની યંત્રણા સરળ બનાવી

નવી દિલ્હીઃ સરકારે આજે જણાવ્યું હતું કે મ્યાનમારથી કઠોળની આયાત કરતાં ટ્રેડરો માટે પેમેન્ટ (ચુકવણી)નું મેકેનિઝમ અથવા તો યંત્રણા સરળ બનાવવામાં આવી છે.

આયાતકારોને પંજાબ નેશનલ બૅન્ક દ્વારા સ્પેશિયલ રૂપી વોસ્ટ્રો એકાઉન્ટ (એસઆરવીએ) નો ઉપયોગ કરીને રૂપિયા/ક્યાટ ડાયરેક્ટ પેમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરવા જણાવવામાં આવ્યું હોવાનું ગ્રાહક બાબતોના મંત્રાલયે એક યાદીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે સ્થાનિકમાં કઠોળની વપરાશી માગને પહોંચી વળવા માટે ભારતે આયાત પર આધાર રાખવો પડે છે અને દેશમાં તુવેર અને અડદદાળની મ્યાનમારથી આયાત કરવામાં આવે છે.

ગ્રાહક બાબતોનાં સચિવ નીધિ ખરેએ યાંગોનમાં ભારતીય મિશન સાથે મ્યાનમારથી કઠોળની આયાતને લગતા સુધારિત વિનિમય દરો અને મ્યાનમારમાં આયાતકારો દ્વારા રાખવામાં આવેલા સ્ટોક જેવાં મુદ્દાઓ અંગે ચર્ચા કરી હતી. વધુમાં મંત્રાલયે જણાવ્યું હતું કે ભારતીય મિશને સચિવને જણાવ્યું કે રૂપી/ક્યાટ સેટલમેન્ટ મેકેનિઝમ આ વર્ષની ૨૫મી જાન્યુઆરીથી શરૂ થશે જેથી સોદાના વહીવટ સરળ થાય અને પેમેન્ટની અસરકારક ચુકવણી થાય. સેન્ટ્રલ બૅન્ક ઑફ મ્યાનમારે ગત ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૪ના રોડ એસઆરવીએ હેઠળ પેમેન્ટ પ્રક્રિયા માટેની માર્ગદર્શિકા જાહેર કરી હતી.

તેમ જ ભારતીય મિશને પણ સચિવને જણાવ્યું હતું કે નવી યંત્રણા દરિયાઈ અને સરહદી માર્ગે થતાં ગૂડ્સ અને સર્વિસીસ વેપાર માટે અમલી થશે. આમ ટ્રેડરો/આયાતકારો દ્વારા નવી યંત્રણા અપનાવાતા ચલણનાં રૂપાંતરનાં ખર્ચમાં ઘટાડો થશે અને બહુવિધ ચલણોનાં રૂપાંતરણ દૂર થતાં વિનિમય દરને લગતાં ગુંચવાડા દૂર થશે, એમ મંત્રાલયે યાદીમાં જણાવતા ઉમેર્યું હતું કે વેપારી આલમમાં ખાસ કરીને કઠોળના આયાતકારોમાં આ યંત્રણા અંગેનો પ્રચાર અલગથી કરવામાં આવી રહ્યો છે, જેમાં પંજાબ નેશનલ બૅન્ક દ્વારા એસઆરવીએના માધ્યમથી રૂપિયા/ક્યાટ ડાયરેક્ટ પેમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરવા માટે અરજ કરવામાં આવી છે.

દરમિયાન સરકારે આયાતકારો અને ઉદ્યોગના સ્ટોકિસ્ટો, મિલરો અને રિટેલરો જેવાં અન્ય ખેલાડીઓને પ્રામાણિકપણે સાપ્તાહિક ધોરણે આગામી ૧૫મી એપ્રિલથી સાપ્તાહિક ધોરણે તેના સ્ટોકની વિગતો સરકારના પોર્ટલ http://fcainfoweb.Niv.in/PSP/ પોર્ટલ પર જાહેર કરવા જણાવ્યું છે. તેમ જ ચેતવણી પણ આપવામાં આવી છે કે જે કોઈપણ વાયદાના વેપાર સાથે સંકળાયેલા હશે તેની સામે આવશ્યક ચીજવસ્તુ ધારાની જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. ■

ધાતુમાં પાંખાં કામકાજો વચ્ચે મિશ્ર વલણ

મુંબઈ- આંતરરાષ્ટ્રીય સ્તરે રાજકીય-ભૌગોલિક તણાવ વધવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી ગઈકાલે લંડન મેટલ એક્સચેન્જ ખાતે ધાતુમાં મિશ્ર વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ સપ્તાહના અંતે ટીન, કોપર, બ્રાસ શીટ કટિંગ્સ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૩નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નિકલ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. પાંચ, રૂ. ત્રણ અને રૂ. એકનો સુધારો આવ્યો હતો અને માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં સપ્તાહના અંતે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. તેમાં મુખ્યત્વે ટીનના ભાવ કિલોદીઠ રૂ .૧૩ ઘટીને રૂ. ૩૦૯૭, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ .આઠ ઘટીને રૂ. ૮૪૩, કોપર કેબલ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ .પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૮૦૧ અને રૂ. ૫૪૫, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૭૯૧ અને રૂ. ૭૭૦ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૭૧૬, રૂ. ૨૪૮ અને રૂ. ૧૯૨ના મથાળે રહ્યા હતા. જોકે, આજે નિકલ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૫૩૦, રૂ. ત્રણ વધીને રૂ. ૫

ઘરની ખરીદી કરનારાઓ માટે રાહતના સમાચાર

પઝેશન મોડું મળે તો ખરીદદારને વ્યાજ આપવું પડેઃ હાઈ કોર્ટ

મુંબઈઃ ખરીદદારને ઘરનો કબજો મોડો મળે તો ડેવલપર પાસે તે વ્યાજની માગણી કરી શકે છે, એવો નિર્ણય હાઈ કોર્ટે હાલમાં જ આપ્યો છે. આને કારણે મહારાષ્ટ્ર રિયલ એસ્ટેટ ઓથોરિટી (મહારેરા) તેમ જ એપેલેટ ઓથોરિટી પાસે મોટી સંખ્યામાં પેન્ડિંગ કેસોમાં ખરીદદારોને રાહત મળી છે. હાઈ કોર્ટે આ પ્રકરણે ડેવલપરની અપીલને ફગાવીને ખરીદદારને મોડા મળેલા ફ્લેટના કબજા માટે વ્યાજ આપવાનો આદેશ આપ્યો છે. મહારેરા કાયદામાં કલમ ૧૮ અન્વયે ડેવલપરને ઘરનો કબજો મોડો આપવામાં આવ્યો હોય તો ખરીદદાર પ્રોજેક્ટમાંથી બહાર નીકળી શકે છે કે પછી કબજો મોડો મળ્યો હોય એ માટે તેને વ્યાજ આપવું ડેવલપરને ફરજિયાત છે.

મહારેરામાં પ્રોજેક્ટનું રજિસ્ટ્રેશન કરતા સમયે ડેવલપર ઘરના કબજાની નિશ્ચિત તારીખ આપે છે. જોકે મોટા ભાગના ડેવલપર નિશ્ચિત તારીખમાં પઝેશન આપતા નથી હોતા. પ્રત્યક્ષ રીતે વર્ષ કે બે વર્ષ પછી પઝેશન આપતા હોય છે. ઘરનું પઝેશન લીધા બાદ ખરીદદાર ડેવલપર પાસે મોડા મળેલા પઝેશન માટેની નુકસાનભરપાઈ માગતા હોય છે અને ત્યારે ડેવલપર હાથ ઉપર કરી દેતા હોય છે. એક વાર પઝેશન લઇ લીધા બાદ ખરીદદાર કોઇ પણ પ્રકારના લાભ માટે પાત્ર ન હોવાની દલીલ કરીને મોડું પઝેશન આપવામાં આવ્યું હોવાના સમયમાં વ્યાજ આપવા માટે ડેવલપર નકારી દે છે. આને કારણે મહારેરા તેમ જ અપીલેટ ઓથોરિટી પાસે અનેક ફરિયાદ આવી હતી. એ પૈકી અમુક ફરિયાદો મહારેરરાએ અપીલ મોડી દાખલ કરી હોવાનું જણાવીને ફગાવી દીધી હતી, જ્યારે અમુક ફરિયાદોમાં ખરીદદારોને વ્યાજ આપવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ જ પ્રકરણમાં અપીલેટ ઓથોરિટીએ પણ વ્યાજ આપવાનો આદેશ આપ્યો છે. ડેવલપરોએ આ આદેશને હાઈ કોર્ટમાં પડકાર્યો હતો, પણ હાઈ કોર્ટે પણ ડેવલપરની અપીલને ફગાવીને ખરીદદારોને રાહત આપતો આદેશ આપ્યો હતો. ■

આજે મધ્ય, હાર્બર રેલવેમાં બ્લોક

મુંબઈઃ ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ રવિવાર ૧૪ એપ્રિલે ઉજવવામાં આવવાની છે. બાબાસાહેબને અભિવાદન કરવા મુંબઈની આસપાસથી હજારો લોકો મુંબઈમાં આવવાના છે, જોકે મુંબઈના મધ્ય રેલવે દ્વારા વિવિધ કામકાજ માટે બ્લોક લેવામાં આવવાનો છે, જેથી રવિવારે લોકલ ટ્રેનનો પ્રવાસ કરનાર લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડશે.

આજે મધ્ય રેલવેના થાણે અને કલ્યાણ વચ્ચે અપ અને ડાઉન બંને લાઇનમાં સવારે ૧૧ વાગ્યાથી બપોરે ચાર વાગ્યા સુધી બ્લોક લેવામાં આવવાનો છે. થાણે-કલ્યાણ દરમિયાન લેવામાં આવતા બ્લોકને લીધે માર્ગની સ્લો લોકલ ટ્રેનોને ફાસ્ટ માર્ગ પર ડાઇવર્ટ કરવામાં આવશે, જેથી ડોમ્બિવલી, દીવા, મુંબ્રા, કલવા અને થાણે આ સ્ટેશન પર સ્લો લોકલ ટ્રેનોને ઊભી રાખવામાં આવશે અને ઠાકુર્લી, કોપર સ્ટેશન પર બ્લોક દરમિયાન કોઈપણ ટ્રેનો ઊભી નહીં રહેશે. બ્લોકને લીધે સ્લો ટ્રેનોને પણ ફાસ્ટ લાઇનમાં દોડાવતા લોકલ સેવા ૧૦-૧૫ મિનિટ સુધી મોડી પડશે, એવી માહિતી રેલવે દ્વારા આપવામાં આવી હતી.

મધ્ય રેલવેના હાર્બર લાઇનમાં કુર્લા-વાશી અપ-ડાઉન માર્ગમાં સવારે ૧૧.૧૦થી બપોરે ૪.૧૦ વાગ્યા સુધી બ્લોક લેવામાં આવવાનો છે. હાર્બર લાઇનના બ્લોકને લીધે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી પનવેલ/બેલાપુર/વાશી દરમિયાનની લોકલ સેવા પૂર્ણ પણે રદ રાખવામાં આવી છે. આ સાથે સીએસએમટી-કુર્લા અને પનવેલ-વાશી વચ્ચે પ્રવાસીઓની સગવડ માટે વિશેષ લોકલ ટ્રેનો દોડાવવામાં આવશે. પશ્ચિમ રેલવેમાં રવિવારે કોઈપણ બ્લોક લેવામાં આવવાનો નથી, એવી જાહેરાત રેલવે પ્રશાસન દ્વારા કરવામાં આવી છે. ■

મારે એટલે ટાંગો પલટી કરવો પડ્યોઃ એકનાથ શિંદે

મુખ્ય પ્રધાને ઉદ્ધવ ઠાકરે પર નિશાન તાક્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લોકસભાના પ્રચારનું વાતાવરણ મહારાષ્ટ્રમાં જામ્યું છે ત્યારે ફરી એક વખત મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ દોઢ વર્ષ પહેલાં રાજ્યમાં થયેલા સત્તા પરિવર્તનની વાત કાઢી હતી. તેમણે હિંગોલીમાં ત્યારના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેની ટીકા કરતાં કહ્યું હતું કે તેમના આવા વર્તનને કારણે ટાંગો પલટી કરાવવો પડ્યો હતો. મુખ્યમંત્રી એકનાથ શિંદેએ શનિવારે હિંગોલી લોકસભા બેઠકના ઉમેદવાર બાબુરાવ કદમની પ્રચાર સભામાં હાજરી આપી હતી. આ સમયે મુખ્યમંત્રી એકનાથ શિંદેએ ઠાકરે જૂથની ટીકા કરી હતી. મુખ્યમંત્રી એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરેને ટોણો માર્યો હતો કે દોઢ વર્ષ પહેલાં તેમનો ટાંગો પલટી કરવો પડ્યો હતો.

મુખ્યમંત્રી શિંદેએ કહ્યું હતું કે, હું એક એવા પક્ષનો કાર્યકર્તા છું જે ૮૦ ટકા સમાજકારણ અને ૨૦ ટકા રાજકારણ કરતું હતું. બાળ ઠાકરેએ અમને આ રાજકારણ શીખવ્યું હતું. સામાન્ય પરિવારમાંથી આવતો હોવા છતાં મુખ્યમંત્રી બન્યો. મારી યાત્રા બધા જાણે છે. સામાન્ય માણસ જ્યારે મોટો થાય છે ત્યારે તેને સામાન્ય લોકોની પીડા ખબર હોય છે. બાબુરાવ કદમ પણ આવા જ કાર્યકર્તા છે અને તે ઈમાનદારીથી કામ કરશે. ગઈ ચૂંટણીમાં તેમનો પરાજય થયો હતો. જો તેઓ શિવસેનાની ટિકિટ પર ઉભા રહ્યા હોત તો હાર ન થઈ હોત. તે સમયે હું તે પ્રક્રિયામાં હતો, પરંતુ પછી ફેસબુક લાઈવ કરનારાઓએ બાબુરાવ કદમની ટિકિટ કાપી નાખી હતી.

શિંદેએ વધુમાં કહ્યું હતું કે, તેઓને જમીન પરની વાસ્તવિક સ્થિતિની ખબર હોતી નથી. તેથી અમે એક વિધાનસભ્ય ગુમાવ્યા હતા. આવી અનેક ટિકિટો કપાઈ હતી. ઘણા કાર્યકરો આગળ વધવાથી વંચિત રહ્યા હતા. તેથી જ મેં દોઢ વર્ષ

(જુઓ પાનું ૪) ▶▶

સોમવારથી થાણેમાં ગેરકાયદેસર બાંધકામો સામે કાર્યવાહી

થાણેઃ થાણે મ્યુનિસિપલ વિસ્તારમાં ચાલી રહેલા ગેરકાયદેસર બાંધકામોના મુદ્દાને કારણે મ્યુનિસિપલ પ્રશાસનની ટીકા થઈ રહી હોવાથી આ મુદ્દે કમિશનર સૌરભ રાવે નારાજગી વ્યક્ત કરતાં, ૧૫ એપ્રિલથી ગેરકાયદેસર બાંધકામો દૂર કરવાની ઝુંબેશ ફરી શરૂ કરવાનો આદેશ આપ્યો હતો. તેમણે જોખમી ઈમારતોને ખાલી કરાવવા અને કટોકટીની સ્થિતિમાં નાગરિકોની વ્યવસ્થા માટે પ્રમાણભૂત ઓપરેટિંગ પ્રક્રિયાઓ તૈયાર કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

છેલ્લા ૧૫ મહિનામાં મુંબ્રા વિસ્તારમાં અનધિકૃત બાંધકામોની સંખ્યા ૪૦ હતી. તેમાંથી આઠ ઇમારતો તોડી પાડવામાં આવી હતી. ૧૪ ઈમારતોને તોડી પાડવાની કામગીરી ચાલી રહી છે. મુંબ્રામાં જૂની અને જર્જરિત ઈમારતોની સંખ્યા પણ મોટી છે. તેમાંથી, છ અત્યંત જોખમી ઇમારતો છે, જેમાંથી ચાર ઈમારતો ખાલી છે અને બે પર હજુ કબજો છે. ૧૦૦ જોખમી ઈમારતો છે જેમાંથી આઠ ઈમારતોનું સમારકામ કરવામાં આવ્યું છે. ૨૩ બિલ્ડિંગોના સ્ટ્રક્ચરલ ઓડિટ રિપોર્ટ્સ મળ્યા છે અને તેને રિપેર કરવા માટે નોટિસ આપવામાં આવી છે. ૫૭ બિલ્ડિંગોના સમારકામની કામગીરી ધીમી ગતિએ ચાલી રહી છે. તો ૯ જગ્યાએ કામ શરૂ થયું નથી. ૩ ઈમારતો ખાલી કરવામાં આવી છે. તેમજ ૩૫૦ બિલ્ડિંગો કબજામાં છે ત્યારે તેનું સમારકામ કરવાનું છે. તેથી, ૮૮૪ બિલ્ડિંગોને નાના સમારકામની જરૂર

(જુઓ પાનું ૪) ▶▶

ફડણવીસ મારી પાછળ પડયા હતા તેથી હું ભાજપમાં જોડાયોઃ નારાયણ રાણે

મુંબઇઃ કેન્દ્રીય પ્રધાન નારાયણ રાણે તેમના બેફામ નિવેદનો અને આક્રમક સ્વભાવ માટે જાણીતા છે. તેમણે હવે ભાજપમાં શા માટે જોડાયા તેનું કારણ જણાવ્યું છે. નારાયણ રાણેએ કહ્યું છે કે દેવેન્દ્ર ફડણવીસ તેમની પાછળ પડી ગયા હતા તેથી તેઓ ભાજપમાં જોડાયા હતા. નારાયણ રાણે ૩૯ વર્ષ સુધી શિવસેનામાં હતા, પરંતુ બાદમાં ઉદ્ધવ ઠાકરે અને એમની કાર્યશૈલીથી કંટાળીને તેઓ કોંગ્રેસમાં જોડાયા હતા. ત્યાર બાદ તેઓ ભાજપમાં જોડાયા હતા. હાલમાં તેમણે ભાજપમાં જોડાવાનું કારણ જણાવ્યું છે.

નારાયણ રાણેએ સિંધુદુર્ગ જિલ્લાના કુડાલ શહેરમાં મહાયુતિ કેડર સંવાદ બેઠકને સંબોધિત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે તેઓ વડા પ્રધાન મોદીનું સમર્થન કરે છે. તેમણે લોકોને પણ મોદીનું

(જુઓ પાનું ૪) ▶▶

આપખુદશાહી દેશ માટે ઘાતકઃ ઉદ્ધવ ઠાકરે

કેન્દ્રમાં ગઠબંધનની સરકારની કરી તરફેણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ શનિવારે કહ્યું હતું કે આપખુદશાહી દેશ માટે ઘાતક છે અને તેમણે કેન્દ્રમાં ગઠબંધન સરકારની તરફેણ કરતાં કહ્યું હતું કે આવી સરકારોએ ભૂતકાળમાં સારું કામ કર્યું છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે દેશનું નેતૃત્વ કરવા માટે મજબૂત નેતાની આવશ્યકતા છે, પરંતુ તેણે બધાને સાથે લઈને ચાલવું જોઈએ, એમ ઉદ્ધવ ઠાકરેએ પોતાના મુંબઈ ખાતેના નિવાસસ્થાન માતોશ્રીમાં કહ્યું હતું.

ભાજપ, ભારત રાષ્ટ્ર પાર્ટી (બીઆરએસ)

(જુઓ પાનું ૪) ▶▶

મોદી ન હોત તો અયોધ્યામાં રામ મંદિર બન્યું ન હોતઃ રાજ ઠાકરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના અધ્યક્ષ રાજ ઠાકરેએ શનિવારે એવો દાવો કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ન હોત તો સુપ્રીમ કોર્ટના આદેશ છતાં અયોધ્યામાં રામ મંદિર ક્યારેય બાંધવામાં આવ્યું ન હોત.

મુંબઈમાં પત્રકારોને સંબોધતાં તેમણે કહ્યું હતું કે મનસે મહાયુતિ માટે એવા નેતાઓની યાદી તૈયાર કરશે જેમની સાથે ચૂંટણીમાં સંકલન સાધી શકાય. જોકે, મહાયુતિના ઉમેદવારોના પ્રચાર માટે રેલીને સંબોધશે? એવા સવાલોનો રાજ ઠાકરેએ કોઈ જવાબ આપ્યો નહોતો. તેમણે કહ્યું હતું કે પાર્ટીના લોકો, પદાધિકારીઓ અને અન્ય સંગઠનોના લોકોની સાથે ચર્ચા કરી છે અને તેમને કહ્યું છે કે મહાયુતિના ઉમેદવારો માટે પ્રચાર કરવો. જોકે, સામે એવી અપેક્ષા રાખવામાં આવી છે કે મનસેના નેતાઓને યોગ્ય સન્માન આપવામાં આવશે. તેમણે કહ્યું હતું કે નરેન્દ્ર મોદી ન હોત તો સુપ્રીમ કોર્ટના આદેશ બાદ પણ રામ મંદિર ક્યારેય બંધાયું ન હોત. તે કાયમ પડતર મુદ્દો બની રહ્યો હોત. તેમણે એમ પણ કહ્યું હતું કે રામ મંદિર બાંધવાનો મુદ્દો ૧૯૯૨થી પડતર હતો. કેટલીક સારી બાબતો બની છે, જેની પ્રશંસા આવશ્યક છે. એક તરફ બિનકાર્યક્ષમ નેતૃત્વ છે અને બીજી તરફ મજબૂત નેતૃત્વ છે. આથી અમે નરેન્દ્ર મોદીને ટેકો આપવાનો નિર્ણય લીધો છે. શિવસેના યુબીટીની ટીકા કરતાં તેમણે કહ્યું હતું કે તેમને કમળો થયો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે મહારાષ્ટ્રને લગતા કેટલાક મુદ્દાઓ અંગે સમજૂતી કરવામાં આવી છે જેમાં મરાઠી ભાષાને અભિજાત ભાષાનો દરજ્જો આપવો, કિલ્લાઓનું જતન કરવું વગેરે ભાજપને જણાવવામાં આવશે. ■

ભાજપે સ્ટાર પ્રચારકોની યાદીમાંથી એકનાથ શિંદે અને અજિત પવારનું નામ હટાવ્યું

મુંબઈઃ લોકસભા ચૂંટણીમાં બધા રાજકીય પક્ષોના ચૂંટણી પ્રચારની શરૂઆત થઈ ગઈ છે. મોટા નેતાઓ તેમની પાર્ટીના ઉમેદવારોના ચૂંટણી પ્રચારના કાર્યક્રમમાં સ્ટાર પ્રચારક તરીકે જોડાય છે. જોકે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સાથે યુતિ કરનાર શિવસેના અધ્યક્ષ અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને એનસીપીના અધ્યક્ષ અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનું નામ ભાજપે તેમના સ્ટાર પ્રચારકોની યાદીમાંથી કાઢી નાખ્યું છે.

ચૂંટણી પંચ દ્વારા રાજકીય પક્ષોને બીજા પક્ષના નેતાઓના નામ તેમના પ્રચારકોની યાદીમાં સામેલ નહીં કરવાનો આદેશ આપતો પત્ર લખવામાં આવ્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદી હેઠળ ભાજપે તેમના ૪૦ સ્ટાર પ્રચારકોનો યાદી ચૂંટણી પંચને મોકલી હતી. આ યાદીમાં એકનાથ શિંદે અને અજિત પવારનું નામ પણ હતું. ભાજપની આ યાદી અંગે ચૂંટણી પંચને એક પત્ર લખ્યો હતો. આ પત્રમાં લખ્યું હતું કે 'આ યાદી મહારાષ્ટ્ર રાજ્ય માટે ચોથા અને પાંચમા તબક્કામાં થનારી ચૂંટણી માટે માન્ય ગણી શકાય, જ્યાં સુધી નક્કી કરવામાં

(જુઓ પાનું ૪) ▶▶

ખેડૂતોને રાજી કરવાનો પ્રયાસ

પાંચ લાખ મેટ્રિક ટન કાંદા ખરીદવાની કેન્દ્રની તૈયારી

નાસિકઃ વર્તમાન રવિ સીઝનમાં, કેન્દ્ર સરકાર પાંચ લાખ મેટ્રિક ટન કાંદા ખરીદશે, જેમાંથી ૯૮ ટકા મહારાષ્ટ્રમાંથી અને ૯૦ ટકા એકલા નાસિકમાંથી ખરીદવામાં આવશે, એમ સરકારી એજન્સીઓએ નાસિકમાં માહિતી આપી હતી.

લોકસભાની ચૂંટણીને પગલે નિકાસ પ્રતિબંધ લંબાવવાથી ખેડૂતોમાં નારાજગી ઓછી કરવા માટે ડુંગળી ખરીદ યોજનાને લગતા જનજાગૃતિના કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યા છે અને તેના દ્વારા શાસક પક્ષ દ્વારા આડકતરી રીતે પ્રચાર કરવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે.

સરકાર વતી ડુંગળી ખરીદતા નેશનલ કન્ઝ્યુમર કો-ઓપરેટિવ ફેડરેશન ઓફ ઈન્ડિયા (એનસીસીએફ) અને નેશનલ એગ્રીકલ્ચરલ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન (નાફેડ) દ્વારા શુક્રવારે નાસિકમાં ડુંગળીના ઉત્પાદકો માટે એક જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય દ્વારા ખેડૂતો અને ગ્રાહકોના પ્રશ્નોના નિવારણ માટે પાંચ લાખ મેટ્રિક ટન કાંદા ખરીદવાનો નિર્ણય લેવાયો છે, તે અંતર્ગત એનસીસીએફ અને નાફેડ પ્રત્યેક અઢી લાખ મેટ્રિક ટન ડુંગળીની ખરીદી કરશે. ■

પાલિકાએ રેલવેને નાળાની સફાઈ યોગ્ય રીતે કરવા કહ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મધ્ય રેલવેના સેન્ડહર્સ્ટ રોડ રેલવે સ્ટેશન પર રેલવે પાટાને લાગીને આવેલી બિલ્ડિંગોને કારણે ચોમાસા દરમિયાન અડચણ થાય નહીં તે માટે મુંબઈ મહાનગરપાલિકાએ રેલવે પ્રશાસનને અમુક પ્રકારની ઉપાયયોજના અમલમાં મૂકવાની સૂચના આપી છે. એ સાથે જ રેલવેની હદમાં આવતા નાળાઓની સફાઈ તેમ જ પાટાઓની આજુબાજુ રહેલો કચરો સાફ કરવાની સૂચના પણ આપવામાં આવી છે.

રેલવેની હદમાં આવેલા નાળાઓ તથા કલ્વર્ટસની સફાઈ યોગ્ય પ્રકારે નહીં કરવાને કારણે દર વર્ષે ચોમાસામાં પાટાઓ પર પાણી ભરાઈ જતા હોય છે અને તેને કારણે કલાકો સુધી રેલવે લાઈનઠપ્પ થઈ જતી હોય છે, ત્યારે નવ એપ્રિલ, ૨૦૨૪ના પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ અનેક સરકારી સંસ્થા સહિત રેલવે પ્રશાસન સાથે સંયુક્ત બેઠક કરી હતી, જેમાં રેલવેની હદમાં આવતા નાળાઓ અને કલ્વર્ટસની સફાઈ પર યોગ્ય પ્રકારે કરવાની રેલવેને સૂચના આપવામાં આવી હોવાનું કહેવાય છે. એ દરમિયાન રેલવે પ્રશાસન દ્વારા પશ્ચિમ રેલવેમાં મુંબઈ સેન્ટ્રલ, ચર્ની રોડ અને ગ્રાન્ટ રોડ તો મધ્ય રેલવેના સૅન્ડહર્સ્ટ રોડ રેલવે સ્ટેશનને લઈને અમુક મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા હતા.

પૂર્વ તૈયારી

ચોમાસા પહેલા નાળા સફાઈનું કામ પૂરું કરવા માટે પાલિકા સજ્જ થઈ ગઈ છે. (અમય ખરાડે)

આ મુદ્દાઓનું નિરાકરણ લાવવા માટે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સંગીતા હસનાળેએ

શનિવારે પશ્ચિમ અને મધ્ય રેલવેના સ્ટેશન પર ચોમાસા પહેલાની તૈયારીના ભાગરૂપે રેલવે પ્રશાસન સાથે સંયુક્ત

(જુઓ પાનું ૪) ▶▶

પ્રદૂષણને લગતા નિયમોનું પાલન નહીં કરનારા ૩,૪૯૮ ડિફોલ્ટરો સામે નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના પ્રદૂષણ નિયંત્રણ ૨૦૦૬ના નિયમોનું પાલન નહીં કરવા બદલ ડિફોલ્ટરો સામે ૩,૪૯૮ નોટિસ ફટકારી છે અને છેલ્લા પાંચ મહિનામાં૦ એક કરોડ રૂપિયાથી વધુ રકમનો દંડ ફટકાર્યો છે. આ કાર્યવાહી સ્વચ્છ આંગણ, કચરો બાળવા તથા બિલ્ડિંગના બાંધકામ અને કાટમાળને રસ્તા પર ફેંકવા માટે કરવામાં આવી હતી.

મુંબઈમાં હવાની ગુણવત્તા બગડયા બાદ મુંબઈ મહાનગપાલિકાએ ચાર નવેમ્બર, ૨૦૨૩થી નિયમોનું ઉલ્લંઘન કરનારા સામે કાર્યવાહી કરવાનું ચાલુ કર્યું હતું. ક્લીનનેસ એન્ડ સેનિટેશન બાયલોસ. ૨૦૦૬ મુજબ માલિક અને કબજો ધરાવતી વ્યક્તિને તેમનો પરિસર સ્વચ્છ નહીં રાખવા બદલ ૧,૦૦૦ રૂપિયાથી લઈને ૧૦,૦૦૦ રૂપિયા સુધીનો દંડ ફટકારવામાં આવે છે. પાલિકાના ડેટા મુજબ ચાર નવેમ્બર, ૨૦૨૩થી ત્રણ એપ્રિલ, ૨૦૨૪ સુધી પાલિકાએ 'સ્વચ્છ આંગન' અંતર્ગત ૨,૨૮૨ ડિફોલ્ટરોને દંડ ફટકાર્યો હતો. આ રકમ લગભગ ૫૫.૯૨ લાખ રૂપિયા છે.

તો બીજા નંબરે સૌથી વધુ ફરિયાદ ગેરકાયદે

(જુઓ પાનું ૪) ▶▶

ઇથેનોલના ઉત્પાદન પર પ્રતિબંધને કારણે ખાંડ ઉદ્યોગને ૩,૦૦૦ કરોડનો ફટકો

મુંબઈઃ ખાંડની અછતને ટાળવા માટે ખાંડ મિલોમાં શેરડીના રસમાંથી ઇથેનોલના ઉત્પાદન પર પ્રતિબંધ મૂકવાના કેન્દ્ર સરકારના નિર્ણયને કારણે ખાંડ ઉદ્યોગને આશરે રૂ.૩,૦૦૦ કરોડનું નુકસાન થયું છે. અત્યારે દેશમાં ઇથેનોલ ઉત્પાદન માટેના 'બી-હેવી મોલાસીસ'નો લગભગ સાડા પાંચ લાખ લિટર મેટ્રિક ટન જેટલો સ્ટોક બાકી છે અને જો તેને સમયસર ઇથેનોલમાં રૂપાંતરિત કરવામાં નહીં આવે તો આ સ્ટોક વેડફાઈ જશે. ઇથેનોલ ઉત્પાદન પરના નિયંત્રણોને કારણે પેટ્રોલમાં ૧૦ ટકા ઇથેનોલ ભેળવવાની નીતિ પણ જોખમમાં આવી ગઈ છે. તેથી, રાજ્ય સહકારી ખાંડ ફેક્ટરી સંઘે શેરડીમાંથી ઇથેનોલ ઉત્પાદન પરના પ્રતિબંધ અંગે તાત્કાલિક પુનર્વિચારણા કરવાની માગ કરી છે. ■

દિવ્યાંગો માટે બિલ્ડિંગમાં ખાસ વ્યવસ્થા કરવી જરૂરીઃ પાલિકા

મુંબઈઃ શહેરમાં ૨૦૦૦ વર્ગ મીટરમાં બનેલી રેસિડેન્શિયલ, પબ્લિક બિલ્ડિંગ અને ૨૦૦૦ વર્ગ મીટરથી વધુ એરિયામાં બનેલી કોમર્શિયલ બિલ્ડિંગોમાં દિવ્યાંગો માટે ખાસ વ્યવસ્થા કરવી અનિવાર્ય કરવામાં આવી છે. આ બિલ્ડિંગોમાં દિવ્યાંગો માટે વોક વે, પાર્કિંગ, લિફ્ટ, ટોઈલેટ સહિત કુલ ૧૦ સુવિધાઓ ઉપલબ્ધ કરવાનો નિર્દેશ પાલિકાએ આપ્યો છે. આવું નહીં કરનારા ડેવલપરની બિલ્ડિંગને પાલિકા ઓસી નહીં આપે.

પાલિકાના એક અધિકારીએ આ અંગે જણાવ્યું હતું કે ૨૦૦૦ વર્ગ મીટરમાં બિલ્ડઅપ એરિયા કાઉન્ટ કરવામાં આવશે, કારપેટ એરિયાને નહીં. મુંબઈમાં કદાચ જ ૨૦૦૦ વર્ગ મીટરથી ઓછા એરિયામાં કોઇ બિલ્ડિંગ બનતી હશે. આથી આ નિયમ મુંબઈમાં બનનારી તમામ બિલ્ડિંગને લાગુ થશે. અધિકારીએ જણાવ્યું હતું કે બિલ્ડિંગોમાં દિવ્યાંગ આસાનીથી લિફ્ટનો ઉપયોગ કરી શકે, પાર્કિંગ કરી શકે, ટોઈલેટનો ઉપયોગ કરી શકે, આસાનીથી બહાર જઇ શકે, એવી વ્યવસ્થા થવી જોઇએ. અધિકારીએ વધુમાં કહ્યું હતું કે મુંબઈના ડીપીમાં તેની ખાસ રૂપથી જોગવાઈ છે કે મુંબઈમાં નવી બિલ્ડિંગો, જેમાં રેસિડેન્શિયલ, પબ્લિક (કાર્યાલય) સહિત કોમર્શિયલ બિલ્ડિંગોમાં દિવ્યાંગો અને સિનિયર સિટિઝન માટે ખાસ વ્યવસ્થા હોય, જેનાથી તેઓને આવન-જાવન કે અન્ય ઉપયોગોમાં અસુવિધા ન થાય. આ માટે પાલિકાએ ઘણો અભ્યાસ કર્યો છે અને આ અંગે કમિશનરે એક સર્ક્યુલરને મંજૂરી આપી છે. પાલિકાએ રોડ અને બ્રિજ ડિપાર્ટમેન્ટને પણ નિર્દેશ આપ્યો છે કે તેઓ એવી વ્યવસ્થા કરે, જેનાથી દિવ્યાંગોને આવન-જાવનમાં સહેલાઈ થઇ રહે. ■

બોર્નવિટા, હોર્લિક્સ જેવા પીણાંને 'હેલ્થ ડ્રિંક્સ' કેટેગરીમાંથી બાકાત કરવાનો આદેશ

મુંબઈઃ બાળકોના ગ્રોથ અને શારીરિક વિકાસનો દાવો કરનાર બોર્નવિટા અને બીજા અનેક હેલ્થ ડ્રિંક્સ બજારો અને ઓનલાઇન વેબસાઇટ પર મળે છે. જોકે બાળકોના સ્વાસ્થ્ય માટે લાભદાયી હોવાનો દાવો કરનાર બોર્નવિટા સાથે બીજા દરેક હેલ્થ ડ્રિંક્સ શું ખરેખર લાભદાયી છે? એવા પ્રશ્નો આપણાં મનમાં આવે છે. જોકે હવે ભારત સરકારે હેલ્થ ડ્રિંક્સના નામે પીણાં વેચનાર કંપનીઓ સામે કડક પગલાં ભરી તેમની સામે કાર્યવાહી કરવાનું શરૂ કર્યું છે.

માર્કેટમાં બોર્નવિટા જેવા અનેક દૂધમાં ભેળવીને બાળકોને અપાતા પીણાં ઉપલબ્ધ છે. તેમ જ આ તમામ ડ્રિંક્સ બાળકોના ગ્રોથ અને શારીરિક વિકાસમાં વધારો કરે છે એવો દાવો કરીને તેની જાહેરાત કંપની દ્વારા કરવામાં આવે છે. આ હેલ્થ ડ્રિંક્સની જાહેરાત બાબતે ઉદ્યોગ મંત્રાલયે એડવાઇઝરી જાહેર કરી છે. આ આદેશ મુજબ કોઈપણ વેબસાઇટ પર હેલ્થ ડ્રિંક્સના નામે આ પીણાંનું વેચાણ કરી શકાશે નહીં. તેમ જ બોર્નવિટા

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**